नमो नमो निम्मलदंसणस्स

# आगम-कहा-कोसो
# एवं
# आगम-नाम-कोसो



卐 : कोसकत्तु : 卐

## मुनि दीपरत्नसागर

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम :

श्री आनंद-क्षमा-ललित-सुशील-सुधर्मसागर गुरूभ्यो नम :

नमो नमो निम्मलदंसणस्स

# आगम-कहा-कोसो
# एवं
# आगम-नाम-कोसो

कोसकत्तु

## मुनि दीपरत्नसागर

मूल्य : रु. २००/-

ता. ११-९-२००२ बुधवार भादरवा सुद-५

卐 श्री श्रुत प्रकाशन निधि 卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# आगम कहा एवं नाम-कोसो

ॐ ह्रीं श्री पार्श्वनाथाय नम :

-: मुद्रक :-

श्री नवभारत प्रिन्टींग प्रेस
पार्श्वनाथ कोम्पलेक्ष के पास,
घीकांटा रोड,
अहमदाबाद.
फोन : ५५०८६३१

-: टाईपसेटींग :-

जय ब्रह्माणी ग्राफीक्स
२२६३, मालीवाळा पोळ,
हलीमनी खडकी, शाहपुर,
अहमदाबाद.
फोन : ५६२१८३९

: संपर्क स्थल :

"आगम आराधना केन्द्र" शीतलनाथ सोसायटी विभाग-१
फ्लेट नं-१३, ४-थी मंझिल, व्हाईसेन्टर, खानपुर
अमदाबाद (गुजरात)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# कोस -अणुक्कमो


१. आगम-कहा-कोसो पृ.-०१२

२. आगम-नाम-कोसो पृ.-०२९

३. आगम-दृष्टांत-कोस पृ.-१८७

५. परिसिट्ठाणि पृ.-१९९


❖ तीर्थंकर

❖ गणधर

❖ प्रत्येकबुद्ध

❖ च्रकवर्ती

❖ निह्नव

❖ बलदेव

❖ वासुदेव

❖ प्रतिवासुदेव

❖ **आगम-कहा-कोसो** : મોટી કથાઓ અને મહત્ત્વની કથાઓના નામો અહીં નોંધેલ છે. તેનો અતિ સંક્ષિપ્ત પરિચય છે.
તેના આગમસંદર્ભ સ્થાનો તો "**नाम-कोस**" માં જ જોવાના છે.

❖ **आगम-नाम-कोसो** : મનુષ્યના નામોનો જ તેમાં સમાવેશ છે. ભૌગોલિક, અધ્યયનાદિ કે અન્ય નામો તેમાં સમાવેલ નથી. તેમાં મનુષ્યવાચી નામો, તે નામનો સંક્ષિપ્ત પરિચય, તે નામ મુજબની કથા કે પાત્રવર્ણન આગમમાં જ્યાં હોય તેનો સ્થળ નિર્દેશ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अनुदान-दाता

- પ.પૂ. સમયજ્ઞ આચાર્યદેવશ્રી મહાયશસાગર સૂરીશ્વરજી મ.સા.ના સદુપદેશથી શ્રી ચોપાટી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, ૩૫, સી ફેઈસ, ચોપાટી, મુંબઈ.
- શ્રી નમસ્કાર મહામંત્ર આરાધક પૂ.પં.શ્રી ભદ્રંકર વિજયજી મ.ના શિષ્ય પૂ.કરુણાસભર પં.શ્રી વજ્રસેન વિજયજી મ.ના ઉપદેશથી - શ્રી ભદ્રંકર પ્રકાશન તરફથી.
- પ.પૂ. આદેયનામકર્મધર પં. શ્રી અભયસાગરજી મ.સા.ના પ્રશિષ્ય - પરિવારીય
  - -૦- પ.પૂ. પ્રભાવક મુનિરાજ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ઓપેરા જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ.
  - -૦- પ.પૂ. શ્રુતાનુરાગી મુનિરાજ શ્રી નયચંદ્રસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી જૈન સોસાયટી જૈન સંઘ, અમદાવાદ.
- પ.પૂ. ભક્તિરત્તા સા. શ્રી મલયાશ્રીજી મ. સા.ના શિષ્યા પૂ. મિલનસાર સા.શ્રી હિતજ્ઞાશ્રીજી મ.ની પ્રેરણાથી શ્રી જૈન આરાધના મંદિરના જ્ઞાન ખાતામાંથી ખાનપુર, અમદાવાદ.
- સ્વ.પ.પૂ. રત્નત્રયશ્રીજી મ.સા. ના શિષ્યા સૌમ્ય ગુણા શ્રી મ.ની પ્રેરણાથી શ્રી ઋષભદેવ શ્વે. મૂ. જૈન સંઘ (મીરામ્બીકા જૈન સંઘ) અમદાવાદ.
- પ.પૂ.સા.શ્રી ભવ્યાનંદશ્રીજી મ.ના મૃદુભાષી શિષ્યા સા.શ્રી પૂર્ણ પ્રજ્ઞાશ્રીજી ના ઉપદેશ શ્રી માટુંગા જૈન સંઘ, મુબંઈ.
- પૂ. શતાવધાની સાધ્વીશ્રી અમીતગુણાશ્રીજીની પ્રેરણાથી શ્રી નાથીબાઈના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી પતાસાપોળ, અમદાવાદ.
- પંડિતવર્યશ્રી વીરવિજયજી જૈન ઉપાશ્રય, પતાસાપોળ, અમદાવાદ.
- શ્રી મણિનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, અમદાવાદ.
- શ્રી સુમિતનગર શ્વે.મૂ.જૈન સંઘ મૃદંગ સોસાયટી, અમદાવાદ. હ.લલીતભાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## संखेवसूची

| | | | |
|---|---|---|---|
| आया. | आयारो | आउ. | आउरपच्चक्खाणं |
| सूय. | सूयगडो | महाप. | महापच्चक्खाणं |
| ठा. | ठाणं | भत्त. | भत्तपरिण्णा |
| सम. | समवाओ | तंदु. | तंदुलवेयालियं |
| भग. | भगवई | संथा. | संथारगं |
| नाया. | नायधम्मकहाओ | गच्छा. | गच्छायारो |
| उवा. | उवासगदसाओ | गणि. | गणिविज्जा |
| अंत | अंतडदसाओ | देविं. | देविंदत्थओ |
| अनुत्त. | अनुत्तरोववाईयदसाओ | चंदा. | चंदावेज्झयं |
| पण्हा. | पण्हावागरणं | मरण. | मरणसमाहि |
| विवा. | विवागसूयं | वीर. | वीरत्थव |
| उव. | उववाइअं | निसी. | निसीहं |
| राय. | रायप्पसेणियं | बुह. | बुहत्कप्पो |
| जीवा. | जीवाजीवाभिगमं | वव. | ववहारं |
| पन्न. | पन्नवणा | दसा. | दसासुयक्खंधो |
| सूर. | सूरपन्नत्ति | जीय. | जीयकप्पो |
| चंद | चंदपन्नत्ति | महानि. | महानिसीहं |
| जंबू. | जंबूद्विवपन्नत्ति | आव. | आवस्सयं |
| निर. | निरयावलियाणं | ओहनि. | ओहनिज्जुत्ति |
| कप्प. | कप्पवडिंसियाणं | पिंडनि. | पिंडनिज्जुत्ति |
| पुप्फि. | पुप्फियाणं | दस. | दसवेयालियं |
| पुप्फ. | पुप्फचूलियाणं | उत्त. | उत्तरज्झयणं |
| वण्हि. | वण्हिदसाणं | नंदी. | नंदी |
| चउ. | चउसरणं | अनुओ. | अनुओगदाराइं |
| मू. | मूलं | चू. | चूण्णि |
| नि. | निज्जुत्ति | वृ. | वृत्ति |
| भा. | भाष्यं/भासं | अव. | अवचूरि |
| पृ. | पृष्ठांक | १. | भाग पहला |
| P. | पृष्ठांक | २. | भाग दूसरा |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કંઈક કોશ વિશે.

❖ **આગમ કથા एवं નામ કોશની જરૂર** - પીસ્તાળીશ **आगम सद्दकोस** તૈયાર કર્યો ત્યારે જ કથાઓ અને **વ્યક્તિવાચી** વિશેષ નામો ના સંદર્ભ બાકી રહેતા હતા. તેથી **नामकोस** ની જરૂર તો હતી જ. નામો એકઠા કરતા કથા પણ દૃષ્ટિ ગોચર થયા જ કરી, તેથી **कहा एवं नाम-कोसो** એ રીતે બંને તૈયાર કરાયા. જેથી ફક્ત ધર્મકથા શોધવી હોયતો **कहाकोसो** જુએ અને જો વિશેષ અભ્યાસ કરવો હોય તો **नामकोसो** પણ જોઈ શકાય.

❖ **આગમ સંદર્ભ અને નામ સંખ્યા :** આ કોશમાં ૪૫ આગમ અને વૈકલ્પિક આગમોનો સંદર્ભ લેવાયો છે. જે માટે અમારા સંપાદીત **आगमसुत्ताणि-मूलं, आगमसुताणि सटीकं** ને જ આધાર સ્થાન રૂપે લીધેલ છે. આ **कोस** માં સવા ચારસો કથા, બે હજાર સાતસો નામો અને એકસો પચીશ દૃષ્ટાંતો લેવામાં આવેલ છે.

❖ **કોશ રચના :** અમે **सद्दकोसो, विषयदर्शन** તથા ગુજરાતી અને હિન્દી અનુવાદ કરતી વેળા ફક્ત **मूल** આગમો જ લીધાં હતા. પણ કથાની મહત્તા સ્વીકારી **कहाकोसो** બનાવતી વખતે **मूल** આગમ ઉપરાંત **निर्युक्ति, भाष्य, चूर्णि** અને **वृत्ति** એ **આખી પંચાંગીની કથાઓને અહીં સ્થાન આપેલ છે.**

**कहा** સંપાદન આગમ પંચાંગીમાંથી થયું એટલે તેમાં આવતા વ્યક્તિવાચી નામો પણ સંપાદીત થયા. પરીણામે **आगम नाम कोसो** ની રચના પણ **આગમ પંચાંગીમાંથી જ થયેલ છે.**

નામો અને કથા એકઠા કરતી વેળાએ કેટલાંક દૃષ્ટાંતો નજરે પડેલા, જેમાં કાં તો મનુષ્યવાચી નામ ન હતા અથવા તો નામ વગરની મનુષ્ય સંબંધી વાતો હતી. આવા મનુષ્યેત્તર દૃષ્ટાંતો કે અનામી વ્યક્તિવાચી પ્રસંગોને સમાવવા એક ત્રીજો વિભાગ ઉમેરેલ છે. **आगम दृष्टांत कोशः** (અલબત તેમાં અમે ફક્ત **मूल** આગમનો આધાર સ્થાન લીધેલ છે. પંચાંગીનો નહીં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कहाकोसो** સંપાદન માં એક મર્યાદા પણ સ્વીકારી છે →મહત્વની કે મોટી કથાઓને જ તેમાં સ્થાન આપેલ છે. **छेदसूत्र** અને **मूलसूत्र** માં આવતા પ્રચૂર નાના દૃષ્ટાંત કે લઘુત્તમ કથાનકો ને સ્થાન આપેલ નથી. તેની વિષય અનુસાર ઉપયોગીતા સમજી ભવિષ્યમાં તેને કોઈ વિશિષ્ટ સ્વરૂપે રજૂ કરવા એવી અમારી ભાવના છે.

**કોશ ઉપયોગ પદ્ધતિ :** આ **कोस** માં ત્રણ વિભાગ છે (૧) **कहाकोसो** (૨) **(मणुज) नामकोसो,** (૩) **दृष्टांतकोशः** દરેકમાં પ્રથમ શબ્દ બોલ્ડ છે તે પ્રાકૃતમાં છે, પછી કૌંસમાં ઇટાલીક ટાઈપમાં તેનું સંસ્કૃત રૂપાંતર છે. પછી ગુજરાતીમાં તે કથા કે નામ કે દૃષ્ટાંતનો સંક્ષિપ્ત પરીચય છે.

આ કથા કે નામ કે દૃષ્ટાંત જે-જે આગમોના જે જે સૂત્રોમાં કે તેની વૃત્તિ આદિમાં હોય તેના સંદર્ભોનો પણ આ નામો નીચે ઉલ્લેખ કરેલ છે.

જ્યાં માત્ર ક્રમાંક જ હોય-જેમકે **आया.** ૪૫, તો તે ક્રમાંક ને **मूल** આગમનો સંદર્ભ સમજવો. જ્યાં જ્યાં માત્ર **मूल** આગમ સંદર્ભ જ હોય ત્યાં ત્યાં તેની **निर्युक्ति, भाष्य, चूर्णि, वृत्ति** અવશ્ય **જોઈ જવા.** જો નિર્યુક્તિ આદિનો સંદર્ભ હશે તો **आया.नि.,आया.वृ, आय.चू.,** એ રીતે નોંધેલ જ હશે. **निर्युक्ति** નો સંદર્ભ હોય તો તેની **वृत्ति** કે **चूर्णि** અવશ્ય જોવી.

*मुनि दीपरत्नसागर*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम :

नमो नमो निम्मलदंसणस्स

श्री आनंद-क्षमा-ललित-सुशील-सुधर्मसागर गुरूभ्यो नम :

# आगम-कहा-कोसो

**अइमुत्त** *(अतिमुक्त)* પોલાસપુરના રાજા विजय અને सिरी રાણીના પુત્ર તેને अतिमुत्त અને कुमारसमण પણ કહે છે. જુઓ अइमुत्त-१,अतिमुत्त તથા कुमारसमण-२. P. 29,34,60

**अंगइ** *(अङ्गजित)* શ્રાવસ્તીનો ગાથાપતિ, દીક્ષા લીધી, મૃત્યુબાદ જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર (ચંદ) થયો. P. 29,69

**अंगरिसि** *(अङ्गर्षि)* कोसिय ના શિષ્ય, તેને કર્મક્ષય થી બોધિ પ્રાપ્ત થયેલ P. 29,

**अंगारवई** *(अङ्गारवती)* રાજા पज्जोअ ની પત્ની, धुंधुमार ની પુત્રી. P.29,

**अंजू** *(अञ्जू)* વર્ધમાનપુરના धनदेव અને पियंगु ની પુત્રી, विजयमित्त ની પત્ની. પૂર્વભવમાં पुढविसिरि ગણિકા હતી.જુઓ अंजू-२, अंजूदेवी, અને पुढविसिरी P. 29,114,

**अंबड** *(अम्बड)* એક બ્રાહ્મણ પરિવ્રાજક તે अम्मड પણ કહેવાય છે. જુઓ अम्मड-२ P. 30,39,

**अंबरिसि** *(अम्बर्षि)* ઉજ્જેની નો બ્રાહ્મણ, मालुका પત્ની, निंबय પુત્ર હતો. P.30,

**अकंपिय** *(अकम्पित)* ભ૦ મહાવીર ના આઠમાં ગણધર P.30,

**अगअ** *(अगड)* રોગ-ઉપચાર પદ્ધતિ માટે પ્રસિદ્ધ એક વૈદ્ય. તેનાં अगड અને अगद એવા બે નામો છે. P.30,

**अगडदत्त** *[अगडदत्त]* ઉજ્જૈની ના રાજાના રથચાલક अमोहरह અને માતા जसमति નો પુત્ર, તેને अगलदत्त અને अगलुदत्त પણ કહે છે. P. 30,

**अगलुदत** *[अगलदत्त]* જુઓ अगडदत्त P. 73,

**अगारी** *[अगारी]* આહાર સંબંધે આ એક લઘુ કથા છે. P.30,

**अग्गिअ** *[अग्निक]* તે जमदग्गि નામે પ્રસિદ્ધ છે, જુઓ जमदग्गि P. 30,73,

**अग्गिभूइ** *[अग्निभूति]* ભ૦ મહાવીરના બીજા ગણધર જૂઓ अग्गिभूइ-१, તેને अग्गिभूति પણ કહે છે. P.31,

**अचल** *[अचल]* ભરતક્ષેત્રમાં થયેલા પહેલા બળદેવ, તેને अयल પણ કહે છે. જુઓ अचल-१,अयल-१ P. 31,39,

**अच्चंकारियभट्टा** *[अत्यंहकारिभट्टा]* क्षितिप्रतिष्ठितના વેપારી धन અને भद्दा ની પુત્રી सुबुद्धि સાથે લગ્ન થયેલા, તેને भट्टा પણ કહે છે P. 32,101,

**अच्छंदग** *[अच्छन्दक]* મોરાગ સંનિવેશ નો એક જ્યોતિષી. તેને अच्छंद પણ કહે છે. (આ કથા નક ભ૦મહાવીર કથા અંતગત્ આવે છે.) P. 32,

---

કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા **नामकोस** વિભાગમાં જોવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अजिअ** *(अजित)* આ ચોવીસના બીજા તીર્થંકર તેને **अजिय** પણ કહે છે. P.32,

**अजियसेन** *(अजितसेन)* કૌસાંબી નો રાજા. **धारिणी** રાણી **मणिप्पभ** ને દત્તક પુત્ર રૂપે ઉછેરેલ. કથા જુઓ **अजियसेन-२** P.32,

**अजियसेन** *(अजितसेन)* વસંતપુરનો રાજા, **गुणचंद**,અને **बालचंद** તેના સહાયક હતા. જુઓ अजियसेन-३- P.32,

**अज्जरक्खिय** *(आर्यरक्षित)* દશપુરના **सोमदेव** અને **रुद्दसोमा** નો પુત્ર **तोसलिपुत्त** ના શિષ્ય તેનું **रक्खिय** નામ પણ છે. P. 33,140,

**अज्जुन** *(अर्जुन)* રાજગૃહીનો એક માળી, તેની પત્ની **बंधुमई** હતી. જુઓ **अज्जुन-४** તેના **अज्जुनअ, अज्जुनग, अज्जुन-मालागार** આદિ નામો પ્રસિદ્ધ છે. P.33,

**अट्टन** *(अर्त्तन)* ઉજ્જેનીનો એક મલ્લ, તે **अट्टनमल्ल** કહેવાય છે. P.34,

**अण्णिआपुत्त** *(अर्णिकापुत्र)* એક આચાર્ય, સાધ્વી **पूप्फचूला** એ તેની સુંદર વૈયાવચ્ચ કરેલ, તેને **अण्णिकापुत्त** અને **अण्णियापुत्त** પણ કહે છે. P.34,

**अदीनसत्तु** *(अदीनशत्रु)* હસ્તિનાપુરનો રાજા, ભ० **मल्लि** કથા અંતર્ગત્ આ કથાનક છે. જુઓ **अदीनसत्तु-१** P.34,

**अद्दअ** *(आर्द्रक)* **आर्द्रपुर**ના રાજા **अद्द** નો પુત્ર.પૂર્વ ભવે તે **सामइअ** નામે ગૃહસ્થ હતો. તે **अद्दकुमार,अद्दग** નામે પણ ઓળખાય છે. P. 35,164,

**अद्धसंकासा** *(अद्धसङ्काशा)* ઉજ્જેનીના રાજા **देवलासुअ** અને રાણી **अनुरत्तालोयणा** ની પુત્રી. P.35,

**अनंग** *(अनङ्ग)* આનંદપુર ના રાજા **जितारि** અને રાણી **वीसत्था** નો પુત્ર, સ્પર્શ સંબંધિ લઘુ કથાનક છે. P.35,

**अनंगसेन** *(अनङ्गसेन)* ચંપાનગરીનો સોની, તેનું નામ **कुमारनंदि** પણ છે. મરીને **विज्जुमालि** યક્ષ થયો. P.35,

**अनंत** *(अनन्त)* આ ચોવીસીના ચૌદમાં તીર્થંકર તેનું **अनंतइ** નામ પણ છે. P.35,

**अनंतवीरिय** *(अनन्तवीर्य)* હસ્તિનાપુરના રાજા **कत्तवीरिय-१-** ના પિતા, મૃગકોષ્ઠગ ના રાજા **जियसत्तु** ના જમાઈ. P.36,

**अनाहमुनि** *(अनाथमुनि)* અનાથી મુનિ નામે પ્રસિદ્ધ કથા. P.36,

**अनियस** *(अनियस)* ભદ્દિલપુર ના **नाग** અને **सुलसा** નો પુત્ર. P.36,

**अनुज्जा** *(अनवद्या)* ભ०મહાવીર ની પુત્રી. કથા જુઓ **महावीर** અને **जमाली** P.36,

**अभअ** *(अभय)* રાજા **सेणिय** અને રાણી **नंदा** નો પુત્ર, તેનું **अभय, अभयकुमार** નામ પણ આવે છે. P.37,

**अभग्गसेन** *(अभग्नसेन)* સાલા અટવીના ચોર સેનાપતિ **विजय** અને **खंदसिरि** નો પુત્ર, પૂર્વભવમાં તે **निन्नय** હતો. કથા જુઓ **अभग्गसेन-१** P. 38,106,

**अभिनंदन** *(अभिनन्दन)* આ ચોવીસીના ચોથા તીર્થંકર. P.38,

**अम्मड** *(अम्बड)* એક બ્રાહ્મણ પરિવ્રાજક, તેનું **अंबड** પરિવ્રાજક નામ પ્રસિદ્ધ છે. જુઓ **अम्मड-१**, તે ભવિષ્યમાં **दढपइण्ण** કેવળી થઈ મોક્ષે જશે. જુઓ. **दढपइण्ण-२** P. 39,85,

**अम्मड** *(अम्बड)* ભ०મહાવીરના એક શ્રાવક, **सुलसा** શ્રાવિકાને મળેલ, ભાવિમાં તે તીર્થંકર થશે. તેને **अंबड** પણ કહે છે જુઓ **अम्मड-२** P. 39

**अयलभाया** *(अचलभ्राता)* ભ०મહાવીરના નવમા ગણધર. P.39

**अर** *(अर)* આ ચોવીસીના અઢારમાં તીર્થંકર

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સાતમાં ચક્રવર્તી P. 40

**अरहन्नअ** *(अर्हन्नक)* ચંપાનગરીનો એક ધનાઢ્ય નૌ-વાણિક ભ.મલ્લિક કથા અંતર્ગત્ આ કથાનક છે. જુઓ **अरहन्नअ-१**, તેનું **अरहन्नग** નામ પણ છે.

**अरहन्नअ** *(अर्हन्नाक)* તગર નગરીના दत्त અને भद्दा નો પુત્ર, જુઓ **अरहन्नअ-२** P. 40,

**अरहमित्त** *(अर्हन्मित्र)* ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના अरहन्नअ નો નાનો ભાઈ,જુઓ अरहमित्त-१ P. 40,

**अरिट्ठनेमि** *(अरिष्टनेमि)* આ ચોવીસીના બાવીશમાં તીર્થંકર, તેને **नेमि** પણ કહે છે. P. 40,

**अवंतिसुकुमाल** *(अवन्तिसुकुमार)* ઉજ્જૈની ની भद्दा સાર્થવાહિની નો પુત્ર તેને अवंति सोमाल, પણ કહે છે. P. 41,

**अवंतिसेन** *(अवन्तिसेन)* ઉજ્જૈની ના રાજા पज्जोअ નો પૌત્ર P. 41,

**असगडा** *(अशकटा)* એક સુંદર આભિર કન્યા તેનું નામ **भद्दकणगा** હતું. P. 41,123,

**असाडाभूइ** *(अषाढाभूति)* **धम्मरुइ** ના શિષ્ય, માયાપિંડ માટે આ દૃષ્ટાંત આવે છે. તેને 'आसाढाभूइ' પણ કહે છે. P. 41,44,

**अस्सग्गीव** *(अश्वग्रीव)* પહેલા પ્રતિવાસુદેવ P. 42,

**आनंद** *(आनन्द)* ભરત ક્ષેત્રમાં થયેલા છઠ્ઠા બળદેવ, જુઓ आनंद-१ P. 42,

**आनंद** *(आनन्द)* રાજગૃહીનો ગૃહસ્થ, ભ૦મહાવીરને પારણું કરાવેલ જુઓ आनंद-२ P. 42,

**आनंद** *(आनन्द)* વાણિજય ગ્રામનો ગાથાપતિ, ભ૦મહાવીરનો એક ઉપાસક, જુઓ आनंद-४ P. 43,

**आसड** *(आसड)* આચાર્ય भूईक्ख ના શિષ્ય, સ્વમતિથી પ્રાયશ્ચિત કરનાર. P. 43,

**आसमित्त** *(अश्वमित्र)* ચોથા નિહ્નવ, આચાર્ય कोंडिन्न ના શિષ્ય. P. 43,

**आसाढ** *(आषाढ)* ત્રીજા નિહ્નવ એવા એક આચાર્ય, જુઓ **आसाढ-१** P. 44,

**आसाढ** *(आषाढ)* એક આચાર્ય, જેને સ્વર્ગ કે નર્કના હોવા વિશે શંકા થયેલી જે તેના શિષ્યે દૂર કરી. જુઓ **आसाढ-२** P. 44,

**इंदनाग** *(इन्द्रनाग)* જિર્ણપુરનો રહીશ, એક બાલ તપસ્વી P. 45

**इंदभूइ** *(इन्द्रभूति)* જુઓ **गोयम-१** P. 45

**इक्काइ** *(एकादि)* मियापुत्त-१ નો પૂર્વભવ.તે इक्काइरट्ठकूड અને **एक्काइ** નામે પ્રસિદ્ધ છે. P. 45

**इलाइपुत्त** *(इलाचिपुत्र)* ઈલાવર્ધન નગરના ગાથાપતિનો પુત્ર, નટડી ના મોહમાં હતો, તેને इलापुत्त પણ કહે છે. P. 46,

**इसिभद्दपुत्त** *(ऋषिभद्रपुत्र)* આલભિકામાં રહેતો એવો महावीर નો શ્રાવક P. 46,

**इसुयार** *(इषुकार)* તેને 'उसुआर' કે उसुयार પણ કહે છે.उसुयार નગરીનો રાજા, તેની પત્ની **कमलावई** હતી. તેનુ મૂળ નામ **सीमंधर** હતુ. P. 46,50,145,

**उंबरदत्त** *(उदुम्बरदत्त)* પાડલિસંડના સાર્થવાહ सागरदत्त અને गंगदत्ता નો પુત્ર. પૂર્વભવમાં તે ધન્નંતરિ નામે વૈદ્ય હતો જુઓ P. 46,96,

**उज्झियअ** *(उज्झितक)* વાણિજયગ્રામના સાર્થવાહ विजयमित्त અને सुभद्दा નો પુત્ર. પૂર્વભવમાં તે गोत्तास નામે હતો. આગામિ ભવે पियसेन થશે. P. 47,67,114,

**उदयपेढालपुत्त** *(उदयपेढालपुत्र)* તેને उदअ, અને उदग પણ કહે છે. જુઓ उदअ-२, ભ.પાર્શ્વની શાખાના એક સાધુ. P. 47,

**उदाइ** *(उदायिन्)* રાજા कूणिअ અને રાણી पउमावइ નો પુત્ર.જુઓ उदाइ-३ P. 47,

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उदायन** *(उदायन)* કૌસાંબીના રાજા सतानीय અને રાણી मिगावई નો પુત્ર.તેને उदयन પણ કહે છે. P. 47,

**उदायन** *(उदायन)* સિંધુ સૌવીરના વીતીભય નગરનો રાજા, पभावती તેની પત્ની હતી જુઓ उदायन-२, તેને उदाइन અને उद्दायन પણ કહે છે. P. 47,48,

**उदिओदअ** *(उदितोदय)* પુરિમતાલનો રાજા, सिरिकंता તેની પત્ની હતી. તેના उइओद, उदिओदिअ, उदितोदय, અને ओदितोदअ નામ પણ છે. P. 48,49

**उप्पल** *(उत्पल)* ભ૦પાર્શ્વની શાખાના એક સાધુ, જે પછી થી નિમિત્તક બનેલ જુઓ उप्पल-१ P. 48,

**उसभ** *(ऋषभ)* આ ચોવીસીના પહેલા તીર્થંકર, તેનો उसह, कोसलिअ અને उसभसामि નામે પણ ઉલ્લેખ છે. P. 49,63,
- તેના વિવિધ પૂર્વભવોમાં धन અથવા वइरजंध (જુઓ धन-८), महब्बल (જુઓ महब्बल-६), ललियंग, वइरनाभ આદિ પેટા કથાઓ પણ છે. P. 49,92,132,145,146,
- ભ૦ उसभ ના કથા સાથે સંકડાયેલ પેટા કથાનક-

०**सुनंदा** *(सुनन्दा)* उसभ ની પત્ની અને सुंदरी-बाहुबली ની માતા, જેને नंदा પણ કહે છે. જુઓ नंदा-६ P. 101,174,

०**बंभी** *(ब्राह्मी)* उसभ ની પુત્રી. P. 120,

०**मरुदेवी** *(मरुदेवी)* ભ૦ उसभ ના માતા જેને मरुदेवा પણ કહે છે. P.131,

**एलासाढ** *(एलाषाढ)* ધૂર્તાખ્યાનના ચાર ધૂર્તોમાંનો એક. P. 50,

**कंडरिअ** *(कण्डरीक)* પુંડરીગીણી ના રાજા महापउम અને રાણી पउमावई નો પુત્ર તેનો कंडरीअ, कंडरीय, कोंडरीक નામે પણ ઉલ્લેખ છે. P. 50,62

**कक्कि** *(कल्किन्)* પાડલિ પુત્રમાં થનારો એક ક્રુર-રૌદ્ર રાજા P. 51

**कच्छुल्लनारय** *(कच्छुल्लनारद)* સૌરિયપુરના जण्णदत्त અને सोमजसा નો પુત્ર, આ કથા दोवई કથા અંતર્ગત્ આવે છે. તેને नारद પણ કહે છે. જુઓ नारद-१ P. 51,105,

**कट्ठ** *(काष्ठ)* એક વેપારી, તેની પત્નીનું નામ वज्जा હતું. P. 51,147,

**कण्ह** *(कृष्ण)* ભરતક્ષેત્રમાં થયેલા નવમાં વાસુદેવ. તે वासुदेव, केसव, केसि, महारह, वीससेन, हरिकुलपहु નામે પણ પ્રખ્યાત છે. P. 52,61,134,155,185
-તેના પૂર્વભવમાં તે गंगदत्त હતા. P. 65,
- ભાવિમા તે अमम તીર્થંકર થશે. P.38,

**कत्तपुन्न** *(कृतपुन्य)* રાજગૃહીના ગાથાપતી धनावह નો પુત્ર P. 53,

**कत्तवीरिय** *(कृतवीर्य)* હસ્તિનાપુરના રાજા अनंतवीरिअ નો પુત્ર. P. 53,

**कत्तिअ** *(कार्तिक)* હસ્તિનાપુરના એક શ્રેષ્ઠી, મરીને શક્રેન્દ્ર થયો. જુઓ कत्तिअ-१ P. 53,

**कमलामेला** *(कमलामेला)* बारावई ની એક રાજકુમારી, *सागरचंद* ની પત્ની P. 54,

**करकंडु** *(करकण्डु)* ચંપાનગરીના રાજા दधिवाहन અને રાણી पउमावई નો પુત્ર તેને अवकिण्णपुत्त અને अवइण्णाग પણ કહે છે. તે પ્રત્યેકબુદ્ધ થયા. P. 55,41

**कविल** *(कपिल)* કૌસાંબી ના પુરોહીત कासव અને जसा નો પુત્ર, પછીથી કપિલ કેવલી થયા. જુઓ कविल-२ P. 55,

**कविल** *(कपिल)* આર્ય सुट्ठिय ના શિષ્ય જુઓ कविल-४ P. 55,

**कविलबडुअ** *(कपिलबटुक)* ભ૦મહાવીર કથા અંતર્ગત્ આ કથાનક છે. રાજગૃહી ના એક બ્રાહ્મણનો શિષ્ય, પૂર્વ ભવમાં તે સીંહ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. P. 55,

**कामदेव** *(कामदेव)* ભ.મહાવીરના દશ ઉપાસકમાંનો બીજો ઉપાસક. ચંપાનો રહીશ, તેની પત્ની भद्दा હતી. P. 56,

**काल** *(काल)* રાજા सेणिअ અને રાણી काली નો પુત્ર. જુઓ काल-२ P. 56,

**काल** *(काल)* તેના कालसूरिय, कालसोयरिय, कालसोरिय, कालसोवरिय નામો આવે છે. તે રાજગૃહીનો એક કસાઈ હતો. જુઓ काल-३ P. 56,57,

**कालअ** *(कालक)* ધારાવાસ ના રાજા वज्जसिंह અને રાણી सुरसुंदरी નો પુત્ર. તેને कालग પણ કહે છે. જુઓ कालग-१, गद्दभिल्ल ને તેણે મારેલ P. 56,

**कालग** *(कालग)* ઉજ્જૈનીના बालमित्त અને भानुमित्त ના મામા, પર્યુષણા ની તિથિ બદલનાર. જુઓ कालग-२ P. 56,

**कालग** *(कालग)* તેને कालखमण પણ કહે છે. જુઓ कालग-३ P. 56,

**कालग** *(कालग)* તુરુવિણીના રાજા जियसत्तु નો પુત્ર, दत्त ના મામા P. 56,

**कालवेसिय** *(कालवेसिय)* મથુરાના રાજા जियसत्तु નો પુત્ર, તેને कालायवेसिय, कालासवेसिकपुत्त, जियसत्तुसुअ પણ કહે છે. P. 57,81

**काली** *(काली)* આમલકલ્પાના રાજા काल અને રાણી कालिसिरी ની પુત્રી. જુઓ काली-१ P. 57,

**काली** *(काली)* રાજા सेणिअ ની પત્ની. જુઓ काली-२ P. 57

**कालोदाइ** *(कालोदायिन्)* રાજગૃહી નજીકનો એક અન્યતીર્થિક P.58,

**कुंकणअ** *(कोङ्कणक)* કોંકણનો રહીશ, વૃદ્ધપિતા સાથે દીક્ષા લીધી. તેને कुंकणग પણ કહે છે. P. 59,

**कुंडकोलिअ** *(कुण्डकोलिक)* ભ૦મહાવીરના દસ ઉપાસમાંના એક, તેની પત્ની **पूसा** હતી. P. 59

**कुंती** *(कुन्ती)* પાંડવોની માતા, તેને कोंती પણ કહે છે. P. 59

**कुंथु** *(कुन्थु)* આ ચોવીસીના સત્તરમાં તીર્થંકર અને છઠ્ઠા ચક્રવર્તી P. 59

**कुणाल** *(कुणाल)* चंदगुत्त રાજા ના પૌત્ર असोग નો પુત્ર (कुणाल-१) P. 59

**कुमारनंदी** *(कुमारनन्दी)* ચંપાનગરીનો સોની, બીજું નામ अनंगसेन હતુ. P. 60

**कुरुदत्त** *(कुरुदत्त)* ભ૦મહાવીરના એક શિષ્ય, તે कुरुदत्तपुत्त પણ કહેવાય છે. જુઓ कुरुदत्त-१ P. 60

**कुरुदत्तसुय** *(कुरुदत्तसुत)* કુરુદત્ત રાજા નો પુત્ર. દીક્ષા લીધેલી P. 60

**कूणिअ** *(कूणिअ)* તેને कूणिय, कोणिअ, कोणिय, भिंभीसारपुत्त, असोगचंद, असोगचंदअ, विदेहपुत्त પણ કહે છે. રાજા सेणिय અને चेल्लणा નો પુત્ર P. 60

**कूलवालग** *(कूलवालग)* એક સાધુ જેને વેશ્યાએ આસક્ત બનાવેલા. P. 61,

**केसि** *(केशिन्)* ભ.પાર્શ્વની શાખાના એક સાધુ, पएसि રાજાના પ્રતિબોધક, જેને कुमारसमण પણ કહે છે. જુઓ केसि-१, कुमारसमण-१ P. 62,60

**कोंकणअ** *(कोङ्कणक)* તેને कोंकणगसाहु પણ કહે છે. જુઓ कोकणअ-३, અને कोंकणग-१, થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા સાધુ P. 62

**कोकास** *(कोकास)* સોપારગનગરનો એક સુથાર P. 62

**कोसा** *(कोसा)* પાડલિપુત્રની એક ગણિકા थुलभद्द અંતર્ગત્ કથા P. 63

**कोसिय** *(कौशिक)* કનગખલ આશ્રમના

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાપસ તે ઘણા ક્રોધી હતા તે चंडकोसिअ થયા. P. 64,69

**खंदअ** *(स्कन्दक)* મગધનો રહેવાસી એક તાપસ, પછી દીક્ષા લઈ ઉત્તમ તપસ્વી સાધુ થયા. જુઓ खंदअ-१, તેને खंदय પણ કહે છે. P. 64

**खंदअ** *(स्कन्दक)* શ્રાવસ્તી ના રાજા जियसत्तु અને રાણી धारिणी નો પુત્ર खंदअ સાધુ બન્યા, તેના ૫૦૦ શિષ્યોને पालगे ઘાણીમાં પીલ્યા. જુઓ खंदअ-२, તેને खंद, खंदग પણ કહે છે. P. 64

**खंदिल** *(स्कन्दिल)* આર્ય सीह ના શિષ્ય, માથુરી વાંચનાના મુખ્ય આચાર્ય P. 64

**खुड्डागकुमार** *(क्षुल्लककुमार)* कंडरीय અને जसमद्दा ના પુત્ર. બાલ દીક્ષિત P. 65

**गंग** *(गङ्ग)* આચાર્ય महागिरि ના પ્રશિષ્ય પાંચમાં નિહ્નવ.તે गांगेय નામે પણ ઓળખાય છે. જુઓ गांगेय-३ P. 65

**गंगदत्त** *(गङ्गदत्त)* હસ્તિનાપુરનો વેપારી, ભ૦મુનિસુવ્રત પાસે દીક્ષા લીધી. જુઓ गंगदत्त-१ P. 65

**गंगदत्त** *(गङ्गदत्त)* વાસુદેવ कण्ह નો પૂર્વભવ જુઓ गंगदत्त-२ P. 65

**गंगेय** *(गङ्गेय)* ભ૦પાર્શ્વની શાખાના એક સાધુ.જુઓ गंगेय-१ તેને गंगपासावच्चिज्ज-१३ પણ કહે છે. P. 65

**गंधव्वनागदत्त** *(गन्धर्वनागदत्त)* તેને नागदत्त પણ કહે છે. જુઓ नागदत्त-४ સંગીત વિશારદ, દીક્ષા લીધી. P. 66,104

**गग्ग** *(गर्ग)* ગર્ગકુળના એક આચાર્ય, અવિનીત શિષ્યોને છોડી દીધેલ P. 66

**गद्दभिल्ल** *(गर्दभिल्ल)* ઉજ્જૈનીનો રાજા, તે जव નો પુત્ર અને अडोलिम्रा નો ભાઈ હતો, તેને गद्दभ પણ કહે છે. P. 66,

**गयसुकुमाल** *(गजसुकुमार)* રાજા वसुदेव અને રાણી देवई ના પુત્ર, વાસુદેવ कण्ह ના ભાઈ, તેને गअ, गयसूमाल પણ કહે છે. P. 66

**गुणचंद** *(गुणचन्द्र)* સાકેત ના चंदवडेंसअ રાજા નો પુત્ર, मुनिचंद નો ભાઈ P. 67

**गोट्ठामाहिल** *(गोष्ठामाहिल)* આર્ય रक्खिय ના શિષ્ય, સાતમાં નિહ્નવ, गुट्ठमाहिल, गोट्ठामाहिल्ल પણ કહેવાય છે. P. 67

**गोयम** *(गौतम)* ભ૦ મહાવીરના પ્રથમ ગણધર. તે इंदभूइ/इंदभूति પણ કહેવાય છે. તેનો એક પૂર્વભવ कविल નામે હતો. જુઓ कविल-३ P. 67,44,55

**गोयम** *(गौतम)* રાજા अंधगवण्हि અને રાણી धारिणी ના પુત્ર गोयमकुमार જુઓ गोयम-२ P. 68

**गोविंद** *(गोविन्द)* સંબુક્ક નગર નો રહેવાસી, सुसढ કથા અંતર્ગત્ કથાનક P. 68

**गोसाल** *(गोशाल)* मंखलि ભિક્ષાચર અને भद्दा નો પુત્ર ગોશાળો. તેને मंखलिपुत्त પણ કહે છે. તેનો એક પૂર્વભવ ईसर નામે હતો. તેના એક ભાવિ ભવમાં તે महापउम થશે. જેનું देवसेन અને विमलवाहन નામ હશે. અંતિમ ભવે તે दढपइण्ण થશે. P. 68,128,46,133,90,85

**चंडपिंगल** *(चण्डपिङ्गल)* વસંતપુર નો એક ચોર. P. 69

**चंडरुद्द** *(चण्डरुद्र)* એક ક્રોધી આચાર્ય, કેવળી થઈ મોક્ષે ગયા. P. 69

**चंडवडंसअ** *(चन्द्रावतंसक)* સાકેત નગરના રાજા, તેની પત્ની धारिणी હતી, તે चंडवडिंसअ, चंदवडिंसअ, चंदवडेंसग નામે ઓળખાય છે. P. 69,70

**चंदउत्त** *(चन्द्रगुप्त)* પાડલિપુત્રનો રાજા, તે चाणक्क ની મદદથી રાજા બન્યો, चंदओत्त, चंदगुत्त પણ તેને કહે છે. P. 69

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चंदच्छाअ** *(चन्द्रच्छाय)* ચંપાનો રાજા ભ. મલ્લિ કથા અંતર્ગત્ કથાનક P. 70

**चंदना** *(चन्दना)* ચંપાનગરીના રાજા दधिवाहन ની પુત્રી, તેનું મૂળનામ वसुमई હતું. P. 70,149

**चंदप्पभ** *(चन्द्रप्रभ)* આ ચોવીસીના આઠમાં તીર્થંકર, चंदप्पह પણ કહે છે. તેને ससि નામે પણ ઓળખે છે. P. 70,149

**चाणक्क** *(चाणक्य)* चनियग्गाम નો બ્રાહ્મણ પુત્ર, રાજા चंदगुत्त નો મંત્રી P. 71

**चारुदत्त** *(चारुदत्त)* વેશ્યાપાછળ સંપત્તિ ગુમાવનાર એક ગાથાપતિ પુત્ર P. 71

**चिलाइपुत्त** *(चिलातिपुत्रा)* चिलाति દાસીનો પુત્ર, જેને चिलाअ, चिलात, चिलाय, चिलायग, चिलायपुत्त કહે છે. P. 72

**चुलनीपिता** *(चुलनिपितृ)* ભ.મહાવીરના દશ ઉપાસકોમાંનો ત્રીજો ઉપાસક, चुलनीपिया પણ જુઓ. P. 72

**चुल्लसयअ** *(चुल्लशतक)* ભ૦મહાવીર ના દશ ઉપાસકોમાંનો એક ઉપાસક, તેની પત્ની बहुला હતી. P. 72

**चेडग** *(चेटक)* વૈશાલીનો રાજા, મહાવીર ના મામા P. 73

**चेल्लणा** *(चेल्लणा)* રાજગૃહીના રાજા सेणिअ ની પત્ની, તેનો चिल्लणा, चेलणा નામે પણ ઉલ્લેખ છે. P. 72,73

**छलुअ** *(षड्लुक)* सिरिगुत्त ના શિષ્ય, તેને छउलुअ, छलुग પણ કહે છે તેનું रोहगुत्त નામ છે. તે છઠ્ઠો નિહ્નવ થયો. P. 73,143

**जउन** *(यमुन)* મથુરાનો રાજા, તેણે दंडमुनि ની હત્યા કરેલ P.73

**जंबू** *(जम्बू)* પંચમ ગણધર સુધર્માસ્વામીના પટ્ટશિષ્ય P. 73

**जमदग्गि** *(जमदग्नि)* પરસુરામના પિતા તેને अग्गिअ પણ કહે છે. P. 74

**जमालि** *(जमालि)* ભ૦મહાવીર ના શિષ્ય અને ભાણેજ, પહેલા નિહ્નવ થયા. P. 74

**जय** *(जय)* ભરતક્ષેત્રમાં થયેલા અગીયારમાં ચક્રવર્તી P. 75

**जयंती** *(जयन्ती)* રાજા શતાનીકના બહેન, ભ.મહાવીરના પરમ શ્રાવિકા જુઓ. जयंती-१ P. 75

**जयघोस** *(जयघोष)* વાણારસીના બ્રાહ્મણ, દીક્ષા લીધી. विजयघोस બ્રાહ્મણને પ્રતિબોધ કર્યો. P. 75

**जरासंध** *(जरासन्ध)* ભરતક્ષેત્રમાં થયેલાં નવમાં પ્રતિવાસુદેવ P. 75

**जव** *(यव)* ઉજ્જૈના એક રાજર્ષિ, गद्दभ ના પિતા P. 76

**जालि** *(जालि)* રાજા वसुदेव અને રાણી धारिणी નો પુત્ર. જુઓ जालि-१ P. 77

**जालि** *(जालि)* રાજા सेणिय અને રાણી धारिणी નો પુત્ર.જુઓ जालि-२ P. 77

**जिनदेव** *(जिनदेव)* बारावई ના अरहमित्त રાજા અને રાણી अनुद्धरी ના પુત્ર P. 78

**जिनपालिय** *(जिनपालित)* ચંપાના સાર્થવાહ मायंदी અને भद्दा નો પુત્ર, जिनरक्खिय તેનો ભાઈ હતો. P. 78

**जिनरक्खिय** *(जिनरक्षित)* जिनपालित અનુસાર જાણવું. P. 78

**जियसत्तु** *(जितशत्रु)* કંપિલપુરનો રાજા, ભ. मल्लि કથા અંતર્ગત્ કથાનક, P. 78

**जियसत्तु** *(जितशत्रु)* ચંપાનગરી નો રાજા धारिणी પત્ની જુઓ जियसत्तु-२ P. 78

**जियसत्तु** *(जितशत्रु)* जराकुमार નો પુત્ર જુઓ जियसुत्तु-२० P. 79

**जियसत्तु** *(जितशत्रु)* ક્ષિતિપ્રતિષ્ઠિત નો રાજા, धारिणी તેની પત્ની હતી, अच्चंकारीयभट्टा અંતર્ગત્ કથા જુઓ जियसत्तु-२३ P. 80

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जियसत्तु** *(जितशत्रु)* વસંતપુરનો રાજા, धम्मरुइ પુત્ર હતો. P. 81

**जियसत्तु** *(जितशत्रु)* દીક્ષા લઈ મોક્ષે જનાર એક રાજા, જુઓ जियसतु-३४ P. 81

**डहन** *(दहन)* પાડલી પુત્રના એક બ્રાહ્મણ નો પુત્ર, हुयासन નામ પણ છે. P. 82

**ढंढण** *(ढण्ढण)* વાસુદેવ कण्ह નો પુત્ર, અલાભ પરીષહનું દૃષ્ટાંત, તે પૂર્વભવમાં किसिपारासर નામે બ્રાહ્મણ હતો. જે पारासर પણ કહેવાતો. P. 82,58

**तामलि** *(तामलि)* એક તાપસ, જે મરીને ઈશાનેન્દ્ર થયો, તે मोरियपुत्त નામે પણ ઓળખાતો. P. 82,140

**तारअ** *(तारक)* બીજા પ્રતિવાસુદેવ P. 82

**तिविट्ठ** *(त्रिपृष्ठ)* ભરતક્ષેત્રમાં થયેલા પહેલા વાસુદેવ. ભ૦મહાવીરનો પૂર્વભવ. તેને तिविट्ठू પણ કહે છે. P. 82

**तीसअ** *(तिष्यक)* ભ૦મહાવીરના એક શિષ્ય P. 83

**तीसगुत्त** *(तिष्यगुप्त)* આચાર્ય वसु ના શિષ્ય બીજા નિહ્નવ P. 83

**तुंगीया** *(तुङ्गिका)* એક નગરી, ત્યાંના શ્રાવકોનું જીવન આદર્શરૂપ હતું. P. 83

**तेतलिपुत्त** *(तेतलिपुत्र)* તેતલિપુર નો રાજમંત્રી, તેની પત્ની पोट्टिला હતી. તેને तेतलिसुत, तेयलिपुत्त પણ કહે છે. P. 83

**थावच्चापुत्त** *(स्थापत्यापुत्र)* बारावई ના थावच्चा ગાથાપત્નીનો પુત્ર, તેને थावच्चासुय પણ કહે છે. P. 83

**थूलभद्द** *(स्थलभद्र)* सगडाल મંત્રીના પુત્ર, છેલ્લા ચૌદપૂર્વી, તેને *भद्द* પણ કહે છે. P. 83

**दंड** *(दण्ड)* એક રાજર્ષિ, જે રાજાના બાણથી વિંધાયા P. 84

**दंतचक्क** *(दन्तचक्र)* દંતપુરનો રાજા, તેને दंतचक्क પણ કહે છે. P. 84

**दढप्पहारि** *(दृढप्रहारिन्)* એક ચોર સેનાપતિ, દીક્ષા લઈ મોક્ષે ગયા, P. 85

**दढमित्त** *(दृढमित्र)* દંતપુરનો રહીશ, धनमित्त નો મિત્ર P. 85

**दत्त** *(दत्त)* ભરત ક્ષેત્રમાં થયેલા સાતમાં વાસુદેવ. જુઓ दत्त-१ P. 85

**दत्त** *(दत्त)* તુરુમણી ના રાજા जियसत्तु નો પુત્ર. આચાર્ય कालगे તેને યજ્ઞનું ફળ નરક બતાવેલ. જુઓ दत्त-५ P. 86

**दधिवाहन** *(दधिवाहन)* તેને दहिवाहन પણ કહે છે. ચંપાનો રાજા P. 86

**दसण्णभद्द** *(दशार्णभद्र)* દશાર્ણ દેશનો રાજા તેની ઋદ્ધિનો તેને ગર્વ હતો. P. 86

**दामन्नग** *(दामनक)* રાજગૃહીનો રહીશ, પૂર્વજન્મનો મચ્છીમાર P. 87

**दीवायन** *(द्वैपायन)* અન્યતીર્થિક સાધુ, જે પત્તેયબુદ્ધ થયા दीवायन-१ P.87

**दीवायन** *(दैपायन)* દ્વારિકાનો વિનાશ કરનાર એક તાપસ. જુઓ दीवायन-२, તે सुरग्गिदीवाय પણ કહેવાય છે. P. 88

**दीहसेन** *(दीर्घसेन)* રાજા सेणिय અને રાણી धारिणी ના પુત્ર. P. 88

**दुम्मुह** *(दुर्मुख)* કંપીલપુરના રાજા, તેનું મૂળ નામ जव હતુ. તે पत्तेयबुद्ध થયા. જુઓ दुम्मुह-३ P. 89

**दुव्विट्ठ** *(द्विपृष्ठ)* ભરતક્ષેત્રમાં થયેલા બીજા વાસુદેવ, જે दुव्विड्ड કહેવાય છે. P. 89

**देवई** *(देवकी)* વસુદેવની એક પત્ની, વાસુદેવ कण्ह ની માતા P. 89

**देवदत्ता** *(देवदत्ता)* રોહીતક નગરના ગાથાપતિ दत्त અને कण्हसिरी ની પુત્રી, જે પૂર્વભવે રાજા सिंहसेन નામે હતી. જુઓ. देवदत्ता-३ P. 90

**देवदत्ता** *(देवदत्ता)* વીતીભય નગરના રાજા उदायन ની પત્ની पभावती રાણીની

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુબ્જાદાસી, જેને कण्हगुलिया किण्ह-गुलिया, सुवण्णगुलिया પણ કહે છે. જુઓ देवदत्ता-५ P. 90

**देवलासुअ** *(देवलासुत)* ઉજ્જૈની નો રાજા, તેની પત્ની अनुरत्तालोयणा, પુત્રી अद्धसंकासा હતી. P. 90

**दोवई** *(द्रौपदी)* પાંડવોની પત્ની, જેના પૂર્વભવમાં नागसिरि તથા सुकुमालिका નો ભવ પ્રસિદ્ધ છે. P. 91,105,171

**धन** *(धन)* રાજગૃહીનો સાર્થવાહ, भद्दा પત્ની, देवदिन्न પુત્ર. જુઓ धन-१ P. 91

**धन्न** *(धन्य)* કાકંદીની भद्दा સાર્થવાહિની નો પુત્ર. જુઓ धन्न-१ P. 94

**धम्म** *(धर्म)* પંદરમાં તીર્થંકર P. 95

**धम्मरुइ** *(धर्मरुचि)* સ્થવીર धम्मघोष ના શિષ્ય, જુઓ धम्मरुइ-६ P. 96

**धम्मरुइ** *(धर्मरुचि)* વસંતપુરના રાજા जियसत्तु અને રાણી धारिणी ના પુત્ર, તે पत्तेयबुद्ध થયા. જુઓ धम्मरुइ-१ P. 96

**धारिणी** *(धारिणी)* રાજા सेणिय ના પત્ની मेघकुमार ના માતા. P. 98

**धारिणी** *(धारिणी)* ઉજ્જૈનીના રાજા अवंति वद्धनના ભાઈ रज्जवध्धन ની પત્ની, જુઓ धारिणी-२७ P. 99

**धूतक्खानग** *(धूर्ताख्यानक)* ચાર ધૂર્તો દ્વારા કરાયેલ કલ્પિત કથાનક. P. 100

**नंद** *(नन्द)* રાજગૃહીનો સમૃદ્ધ मणियार, જુઓ नंद-१, અને मणीयारसेट्ठी, જે મૃત્યુબાદ 'दुद्दुर' દેવ થયો. P. 100,86,130

**नंद** *(नन्द)* પાડલિપુત્રનો એક ગુલામ, પછી તે રાજા થયો. જુઓ नंद-३ P. 100

**नंद** *(नन्द)* નાસિક્ય નગરનો રહીશ, તે સુંદરીનંદ પણ કહેવાય છે. P. 100,170

**नंदन** *(नन्दन)* ભરતક્ષેત્રના સાતમાં બળદેવ, વાસુદેવ दत्त ના ભાઈ. P. 101

**नंदिनीपिया** *(नन्दिनीपितृ)* ભ૦મહાવીર ના દશ ઉપાસકોમાંનો નવમો ઉપાસક, તેની પત્ની अस्सिणी હતી. P. 102

**नंदिवद्धण** *(नन्दिवर्द्धन)* મથુરાના રાજા सिरिदाम અને રાણી बंधुसिरी નો પુત્ર, તે नंदिसेण-'१' પણ કહેવાય છે. પૂર્વભવે તે दुज्जोहण હતો. P. 102

**नंदिसेण** *(नन्दिषेण)* દશપૂર્વધર સાધુ, દીક્ષા છોડી, પુનઃ લીધી, મોક્ષ ગયા. જુઓ 'नंदिसेण-२' P. 102

**नग्गइ** *(नग्नजित्)* પુરિસપુરના રાજા, એક 'पत्तेयबुद्ध' P. 102

**नमि** *(नमि)* મિથિલાના રાજા, એક पत्तेयबुद्ध, જુઓ नमि-१, તેને वेदेहि કે वइदेहि પણ કહે છે. P. 103

**नमि** *(नमि)* ભ૦ उसभ નો પૌત્ર. भरह કથા અંતર્ગત્ કથા, જુઓ नमि-२ P. 103

**नमि** *(नमि)* આ ચોવીસીના એકવીસમાં તીર્થંકર, જુઓ नमि-३ P.103

**नहवाहन** *(नभोवाहन)* भरुयच्च નગરનો રાજા. P. 104

**नाइल** *(नागिल)* કુશસ્થળ નગરનો એક શ્રાવક, તેને सुमइ નામે ભાઈ હતો. કુશીલ સંસર્ગ ત્યાગનું દૃષ્ટાંત. P. 104

**नागज्जुन** *(नागार्जुन)* આચાર્ય हिमवत ના શિષ્ય, વલ્લભીપુર વાંચના ના મુખ્ય આચાર્ય, नागज्जुनिय જુઓ. P. 104

**नागदत्त** *(नागदत्त)* પૂર્વભવનો એક સર્પ, જેને ખાતા ખાતા કેવળજ્ઞાન થયેલ એવા સાધુ. જુઓ नागदत्त-२ P. 104

**नागदत्त** *(नागदत्त)* મણિપુરનો ગાથાપતિ પૂર્વભવે महब्बल-'४' P. 105,132

**नारयपुत्त** *(नारदपुत्र)* ભ.મહાવીર ના એક શિષ્ય, नियंठिपुत्त સાથે સંવાદ થયેલ એવા એક સાધુ. P. 105

કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા **नामकोस** વિભાગમાં જોવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नारायण** *(नारायण)* ભરતક્ષેત્રના આઠમાં વાસુદેવ, તે लक्खण પણ કહેવાય છે. જુઓ नारायण-२ P. 105,145

**निसढ** *(निषढ)* बारावई ના રાજા बलदेव અને रेवई નો પુત્ર, તે પૂર્વભવમાં રોહીડગ નગરનો वीरंगअ રાજકુમાર હતો. P. 106

**निसुंभ** *(निशुंभ)* પાંચમાં પ્રતિવાસુદેવ P. 107

**नेमि** *(नेमि)* આ ચોવીસીના બાવીશમાં તીર્થંકર, જુઓ अरिट्ठनेमि P. 107

**पउम** *(पद्म)* ભરતક્ષેત્રમાં થયેલ આઠમાં બળદેવ, તે રામ નામે પ્રસિદ્ધ છે. P. 107

**पउम** *(पद्म)* રાજા सेणिअ ના પૌત્ર, જુઓ पउम-८ P. 107

**पउमनाभ** *(पद्मनाभ)* ભરતક્ષેત્રના નવમાં ચક્રવર્તી, તેને महापउम કહે છે. P. 108

**पउमप्पभ** *(पद्मप्रभ)* આ ચોવીસીના છટ્ઠા તીર્થંકર, તે पउमप्पह, पउमाभा, सुप्पभ નામે પણ ઓળખાય છે. P. 108,175

**पउमावई** *(पद्मावती)* વાસુદેવ कण्ह ના એક પટ્ટરાણી, જુઓ पउमावई-५ P. 109

**पएसि** *(प्रदेशिन्)* સેયવિયા નો રાજા, તેની પત્ની सूरियकंता હતી. તે पदेसि રાજા નામે પ્રખ્યાત છે. મરીને सूरियाभ દેવ થયો. અંતિમભવે दढपइण्ण-'१' થઈ મોક્ષે જશે. P. 109,111,181,85

**पंडरज्जा** *(पाण्डुरार्या)* એક સાધ્વી, માયા શલ્યથી મોક્ષે ન ગયા. P. 109

**पंडव** *(पाण्डव)* રાજા पंडु અને कुंति ના પુત્રો, તે પાંચ હતા. अज्जुन, जुधिट्ठिल, नउल, भीम, सहदेव, જુઓ दोवई કથા - P. 109,33,81,100,127,162,91

**पंथग** *(पन्थग)* રાજા सेलग ના મંત્રી, રાજા સાથે દીક્ષા લીધી. P. 110

**पज्जुन्न** *(प्रद्युम्न)* વાસુદેવ कण्ह અને રાણી रुप्पिणी ના પુત્ર. P. 110

**पडिबुद्धि** *(प्रतिबुद्धि)* સાકેત નગરનો રાજા, ભ૦ मल्लि કથા અંતર્ગત્ કથા P. 111

**पभव** *(प्रभव)* આર્ય जंबू ના પટ્ટશિષ્ય ૫૦૦ ચોર સાથે દીક્ષા લીધેલ. P. 111

**पभावइ** *(प्रभावती)* રાજા चेडग ની પુત્રી, રાજા उद्दायन ની પત્ની, જુઓ पभावई-४, તેને पउमावती પણ કહ છે. P. 111,108

**पभास** *(प्रभास)* ભ૦મહાવીરના ૧૧માં ગણધર P. 111

**पयावई** *(प्रजापति)* પોતનપુરના રાજા તેને रिवुपडिसत्तु પણ કહે છે. તે तिविट्ठ વાસુદેવના પિતા P. 111

**परसुराम** *(परशुराम)* તાપસ जमदग्गि અને रेणुगा ના પુત્ર, તેને फरसुराम અને राम-'६' પણ કહે છે. P. 112,142

**पसन्नचंद** *(प्रसन्नचन्द्र)* પોતનપુરના રાજા सोमचंद અને धारिणी ના પુત્ર. દીક્ષા લઈ મોક્ષે ગયા. P. 112

**पसेनइ** *(प्रसेनजित्)* રાજા 'सेणिअ ના પિતા જુઓ 'पसेनइ-४' P. 112

**पहराअ** *(प्रह्लाद)* સાતમાં પ્રતિવાસુદેવ P. 112

**पालअ** *(पालक)* કુંભકાર નગરના રાજા दंडक નો પાપી મંત્રી, તેને पालक, पालक्क, पालग પણ કહે છે. જુઓ खंधग P. 113

**पालग** *(पालक)* વાસુદેવ कण्ह નો એક પુત્ર, જે અભવી હતો. P. 113

**पालित्त** *(पादलिप्त)* એક આચાર્ય, તેનું મૂળ નામ नागेन्द्र હતું. તે पालित्तग પણ કહેવાય છે. P. 113

**पास** *(पार्श्व)* આ ચોવીસીના તેવીસમાં તીર્થંકર P. 113

**पिंगलअ** *(पिङ्गलक)* ભ૦મહાવીરના એક સાધુ, 'खंदअ-१' અંતર્ગત્ કથા P. 114

**पुंडरीअ** *(पुण्डरीक)* પુંડરિગીણીના રાજા

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महापउम नो पुत्र, कंडरीअ नो ભાઈ, જુઓ पुंडरीअ-१ P. 114

**पुंडरीअ** *(पुण्डरीक)* સાકેતનો રાજા, જેણે પોતાના ભાઈ कंडरीय ની હત્યા કરેલી જુઓ 'पुंडरीअ-२' P. 114

**पुण्णभद्द** *(पूर्णभद्द)* મણિવતી નગરીનો ગાથાપતિ, મરીને દેવ થયો. P. 115

**पुप्फचूल** *(पूष्पचूल)* पुप्फकेतु અને पुप्फवती નો પુત્ર, બહેન पुप्फचूला સાથે લગ્ન કરેલ, પછી દીક્ષા લીધી. P. 116

**पूप्फचूला** *(पुष्पचूला)* કથા पुप्फचूल મુજબ. શુદ્ધ વૈયાવચ્ચથી કેવળી થયા. P. 116

**पुप्फदंत** *(पुष्पदन्त)* આ ચોવીસીના નવમાં તીર્થંકર, જુઓ सुविधि. P. 117

**पुरिसपुंडरीअ** *(पुरुषपुण्डरीक)* ભરતક્ષેત્ર માં થયેલા છઠ્ઠા વાસુદેવ P. 117

**पुरिससीह** *(पुरुषसिंह)* ભરતક્ષેત્રમાં થયેલા પાંચમા વાસુદેવ P. 117

**पुरिसुत्तम** *(पुरुषोत्तम)* ભરતક્ષેત્રમાં થયેલા ચોથા વાસુદેવ P. 117

**पूरण** *(पूरण)* એક તાપસ, મરીને તે ચમરેન્દ્ર થયો. જુઓ पूरण-१ P. 117

**पेढाल** *(पेठाल)* એક વિદ્યાધર, सच्चइ ના પિતા. P. 118

**पोग्गल** *(पुद्गल)* આલભિકા નો એક પરિવ્રાજક, દીક્ષા લઈ મોક્ષે ગયા. P. 118

**फग्गुरक्खिय** *(फल्गुरक्षित)* દશપુરનો એક બ્રાહ્મણ, रक्खिय ના ભાઈ P. 119

**बंभदत्त** *(ब्रह्मदत्त)* ભરતક્ષેત્રમાં થયેલ એક ચક્રવર્તી. જે પૂર્વભવમાં संभूअ संभूय નામે હતા. चित्त-'३' તેનો ભાઈ હતો. બંને ચાંડાલ પુત્ર હતા. P. 119,71

**बलदेव** *(बलदेव)* ભરતક્ષેત્રમાં થયેલ નવમાં બળદેવ, તેને बलभद्द-'२' અને राम પણ કહે છે. P. 120,142

**बलि** *(बलिन्)* છઠ્ઠા પ્રતિ વાસુદેવ P. 121

**बहस्सइदत्त** *(बृहस्पतिदत्त)* કૌસાંબીના પુરોહિત सोमदत्त અને वसुदत्ता નો પુત્ર, પૂર્વભવે તે महेसरदत्त હતો. P. 121,135,122

**बाहुबलि** *(बाहुबलिन्)* ભ૦ उसह અને सुनंदा ના પુત્ર, सुंदरी ના ભાઈ P. 123

**भट्टिदारिगा** *(भट्टिदारिका)* गोविंद બ્રાહ્મણ ની પત્નીનું સંબોધન. सुसढ કથા અંતર્ગત્ કથાનક P. 123

**भद्दनंदी** *(भद्रनन्दी)* ઋષભપુરના રાજા धनावह અને રાણી सरस्सई નો પુત્ર. જુઓ 'भद्दनंदी-१' P. 124

**भरह** *भरत)* ભરતક્ષેત્રના પહેલા ચક્રવર્તી, જુઓ भरह-१ P. 126

- सुभद्दा-भरह ની મુખ્ય પત્ની (સ્ત્રી રત્ન) विनमि વિદ્યાધરની પુત્રી P. 176

- सुसेण- ચક્રવર્તી भरह નો સેનાપતિ-રત્ન, જુઓ सुसेण-२ P. 180

**भिउ** *(भृगु)* તેને 'भिगु' પણ કહે છે. उसुयार નગરનો પુરોહીત, इषुयार રાજાની કથા અંતર્ગત્ કથા. P. 127

**भूया** *(भूता)* રાજગૃહીના ગાથાપતિ सुदंसण અને पिया ની પુત્રી. મૃત્યુબાદ सिरीदेवी રૂપે ઉત્પન્ન થઈ. P. 128

**मंकाइ** *(मङ्काति)* રાજગૃહીનો એક ગાથાપતિ P. 129

**मंगु** *(मङ्गु)* એક વિદ્વાન આચાર્ય, મૃત્યુ બાદ યક્ષ થયા. P. 129

**मंडिअपुत्त** *(मण्डितपुत्र)* ભ૦મહાવીરના છઠ્ઠા ગણધર, તેનો मंड અને मंडिय નામે પણ ઉલ્લેખ છે. જુઓ 'मंडिय-२' P. 129

**मघव** *(मघवन्)* ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા ચક્રવર્તી, मघवा પણ જોવું. P. 130

**मद्दुअ** *(मद्दुक)* ભ૦મહાવીરનો એક શ્રાવક, જે રાજગૃહીનો રહીશ હતો. P. 130

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मम्मण** *(मम्मण)* રાજગૃહીનો એક લોભી વણિક. P. 130

**मल्लि** *(मल्लि)* આ ચોવીસીના ઓગણીસમાં તીર્થંકર P. 131

- महब्बल ભ૦ मल्लि નો પૂર્વભવ. P. 108

**महब्बल** *(महाबल)* રાજા बल અને રાણી पभावई ના પુત્ર, તેનો महाबल નામે પણ ઉલ્લેખ છે. જુઓ 'महाबल-१' 'सुदंसण-२' નો પૂર્વભવનો જીવ P. 132

**महापउम** *(महापद्म)* રાજા सेणिअ નો પૌત્ર જુઓ. महापउम-६ P. 133

**महावीर** *(महावीर)* આ ચોવીસી ના ચોવસીમાં / અંતીમ તીર્થંકર તેના (વિશેષગુણ યુક્ત) નામો નો ઉલ્લેખ આ પ્રમાણે છે. कासव-'१', कुसल, जिनवीर, नात, नायपुत्त, नायमुनि, नायसुय, महातवस्सि, महाभाग, महामुनि, माहण, वड्ढमाण, वद्धमान, वद्धमानसामि, विदेहजच्च, विदेहदिन्न, विदेहसुमाल, वीर, वीरवर, वेसालिअ, समण, આદિ.

P.58,60,78,105,133,134,136,147,153,154, 155,156,160

- ભ૦ મહાવીર ના પૂર્વ ભવો

ભ૦ મહાવીરના પૂર્વભવ સંબંધિ પેટા કથાનકોના નામ આ પ્રમાણે છે.

-अग्गिज्जोअ, अग्गिभूइ-२, कोसिअ-१, -तिविट्ठ, थावर, नंदन, पियमित्त-१, पूसमित्त-२, पोट्टिल-३, भारद्दाय, मंरिचि, विस्सभूई P.30,31,63,82,84,100,114,118, 119,127,130,154

ભ૦ મહાવીર કથા સાથે સંકળાયેલા મહત્ત્વના પાત્રો, તેમની પણ કથા છે-

१ सिद्धत्थ- ભ૦ મહાવીરના પિતા, જેનું सेज्जंस-१,जसंस નામ છે. P. 142,157,50

२ तिसला- ભ. મહાવીરના માતા, જેનું पियकारिणी, विदेहजा અને विदेहिदन्ना નામ પણ છે. P. 82,114,153

३ उसभदत्त- જેની પત્ની देवानंदा ની કુક્ષીમાં મહાવીર પ્રથમ આવેલા. P. 49

४ देवानंदा- જેમની કુક્ષીમાં ભ૦મહાવીર ૮૨ દિવસ રહ્યા તે. P. 91

५ सिद्धत्थ- એક વણિક, જેણે खरग વૈદ્યની મદદથી ભ૦ મહાવીરના કાનના ખીલા ખેંચી કઢાવેલા. P. 166

६ अनुज्जा- ભ૦ મહાવીરની પુત્રી, જેના अनोज्जा, जसवई, अनोज्जगा, पियदंसणा નામો છે. તે जमालि ને પરણાવેલી હતી. P. 37,76,114,74

७ संगमअ- એક દેવ, જેણે ભ૦ મહાવીરને છ માસ ઉપસર્ગો કરેલા. P. 157

**महासतअ** *(महाशतक)* ભ૦ મહાવીરના દશ ઉપાસકમાંના આઠમા ઉપાસક, તેનું महासतग, महासयअ નામ પણ આવે છે. P.135

**महासाल** *(महाशाल)* પૃષ્ઠિ ચંપાના રાજા साल નો ભાઈ P. 135

**महुकेढव** *(मधुकैतभ)* ચોથા પ્રતિવાસુદેવ P. 136

**मागंदियपुत्त** *(माकन्दिकपुत्रा)* ભ૦મહાવીર ના એક શિષ્ય, જુઓ मायंदिय P. 136

**माणिभद्द** *(माणिभद्र)* મણિવતી નગરીનો એક ગાથાપતિ, મૃત્યુબાદ દેવ થયો. P. 136

**मिगावई** *(मृगावती)* શતાનીક રાજાની પત્ની, उदायन ની માતા, તેનો मिगावती, मियावई-१, मियावती નામથી પણ ઉલ્લેખ છે. P. 137

**मियापुत्त** *(मृगापुत्रा)* રાજા विजय અને રાણી मिया નો જન્માંધ પુત્ર, તેને मियउत्त પણ કહે છે. જુઓ मियापुत्त-१ P. 137

**मियापुत्त** *(मृगापुत्रा)* સુગ્રીવનગરના રાજા

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बलभद्द અને રાણી मिया નો પુત્ર, તેનું મૂળ નામ बलसिरी હતું. P. 137,121

**मुंडिबग** *(मुण्डिकाम्रक)* સિંબવર્દ્ધન નગરનો રાજા, તેને **मुंडिवअ मुंडिअंबय** પણ કહે છે. P. 137

मुनिचंद *(मुनिचन्द)* ભ૦ પાર્શ્વની શાખાના એક સાધુ જુઓ. मुनिचंद-३. P. 138

**मुनिसुव्वय** *(मुनिसुव्रत)* ભરતક્ષેત્રના વીસમાં તીર્થંકર P. 138

**मुरुंड** *(मुरुण्ड)* કુસુમપુરનો રાજા, આચાર્ય पालित्ते તેનું મસ્તકશૂળ નિવારેલ. P. 138

**मूलदेव** *(मूलदेव)* ધૂર્તાખ્યાનનું એક પાત્ર, બેન્નાતટ નગરનો રાજા. P. 138

**मेघमाला** *(मेघमाला)* ભ૦ વાસુપૂજ્યના શાસનના એક સાધ્વી. મન દ્વારા કરાયેલ વિરાધનાનું દૃષ્ટાંત P. 139

**मेयज्ज** *(मेतार्य)* રાજગૃહીનાં એક સાધુ, મરણાંત ઉપસર્ગ છતા ક્રૌંચ પક્ષીને બચાવ્યું. તેને मेतज्ज પણ કહે છે. P. 139

**मेयज्ज** *(मेतार्य)* ભ૦ મહાવીરના દશમાં ગણધર. જુઓ मेयज्ज-२ P. 139

**मेरअ** *(मेरक)* ભરતક્ષેત્રમાં થયેલાં ત્રીજા પ્રતિવાસુદેવ P. 139

**मेह** *(मेघ)* રાજા सेणिय અને धारिणी રાણીનો પુત્ર, જુઓ मेह-१ P. 139

**मोरिअ** *(मौर्य)* ભ૦ મહાવીરના સાતમાં ગણધર, તેને मोरियपुत्त કહે છે. P. 140

**रक्खिय** *(रक्षित)* આર્યરિક્ષત નામે પ્રસિદ્ધ એક આચાર્ય, તેનો, रक्खिअज्ज, रक्खित નામે પણ ઉલ્લેખ છે. P. 140

**रज्जा** *(रज्जा)* અગીતાર્થપણાથી ભવ ભ્રમણ વધારનાર એક સાધ્વી. P. 140

**रहनेमि** *(रथनेमि)* समुद्दविजय રાજા અને રાણી सिवा ના પુત્ર, राईमई કથા અંતર્ગત્ કથાનક P. 141

**राइमई** *(राजीमती)* રાજા उग्गसेन ની પુત્રી, તેને रायमई પણ કહે છે. P. 141

**रावण** *(रावण)* ભરતક્ષેત્રમાં થયેલ આઠમાં પ્રતિવાસુદેવ P. 142

**रुद्दअ** *(रुद्रक)* कोसि ના એક ક્રોધી શિષ્ય, પછી તે पत्तेयबुद्ध થયાં. P. 143

**रुप्पि** *(रुक्मिन्)* કુણાલ દેશનાં રાજા, ભ૦ मल्लि કથા અંતર્ગત્ કથા P. 143

**रेवई** *(रेवती)* ભ૦ મહાવીરના મુખ્ય શ્રાવિકા. તેને रेवती પણ કહે છે. તે ભાવિ ચોવીસી માં તીર્થંકર થશે. P. 144

**रोह** *(रोह)* ભ૦ મહાવીરના એક શિષ્ય જુઓ **रोह-१** P. 144

**रोहग** *(रोहग)* भरह નો પુત્ર, તે ઘણો બુદ્ધિશાળી હતો. P.144

**रोहगुत्त** *(रोहगुप्त)* ભરતક્ષેત્રમાં થયેલ છઠ્ઠા નિહ્નવ તે ષડ્લુક કહેવાય છે. P.144

**रोहिणिय** *(रौहिणिक)* રાજગૃહીમાં રહેતો એક ચોર, તેણે દીક્ષા લીધી. P. 144

**रोहिणिया** *(रोहिणिका)* રાજગૃહીના **धन-२** સાર્થવાહની પુત્રવધૂ, તે **रोहिणी-१** નામે પ્રસિદ્ધિ છે. P.145

**लक्खण** *(लक्ष्मण)* વાસુદેવ नारायण નું બીજું નામ P. 145

**लक्खणज्जा** *(लक्ष्मणार्या)* અગીતાર્થપણાના દોષથી ભયંકર ભવભ્રમણ કરનારા એક સાધ્વી, તેને लक्खणा પણ કહે છે. શલ્યયુક્ત પ્રાયશ્ચિત્તથી તેના કિલષ્ટ ભવો થયા. P.145

**-खंडोट्ठी** આર્યાલક્ષ્મણનો એક અગામી ભવ P. 145

**लेइयापिता** *(लेपितापितृ)* ભ૦ મહાવીરના દશ ઉપાસકમાંનો એક ઉપાસક, તેનું બીજું નામ सालिहीपिया છે. P. 146,165

**लेव** *(लेप)* નાલંદાનો એક ગૃહસ્થ, ભ૦ મહાવીરનો શ્રમણોપાસક P. 146

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वइर** *(वज्र)* तुंबवनना धनगिरि अने सुनंदा नो पुत्र, ते वज्रस्वामी नामे प्रसिद्ध थया. (जुओ. वइरसामि) P.146

**वइर** *(वज्र)* तेवीस चोवीसी पूर्वे थयेल एक गच्छाधिपति आचार्य, ते अंतकृत् केवळी थयेला. P.146

**वरदत्त** *(वरदत्त)* साकेतनगरना राजा मित्तनंदि अने राणी सिरिकंता पुत्र, पूर्वभवमां तेनुं नाम विमलवाहन हतुं, तेने वरदिन्न पण कहे छे. P. 148

**वररुइ** *(वररुचि)* नंदना राजा महापउम ने प्रशंसाथी रीझवनार एक ब्राह्मण.ते सगडाल मंत्रीनो वैरी हतो. P. 148

**वरुण** *(वरुण)* वैशालीनो एक श्रावक, जेने वरुणनागनत्तुअ कहे छे. P. 148

**वसुदेव** *(वसुदेव)* सौरियपुरना राजा, तेनी पत्नी धारिणी अने देवई हती. ते कण्ह वासुदेवना पिता हता. तेना पूर्वभवमां तेनुं नाम नंदिसेण-१ हतुं. जुओ नंदिसेण-६. ते भवमां नियाणुं करेल. P. 149,102

**वाउभूई** *(वायुभूति)* भ० महावीरना त्रीजा गणधर. तेने वायुभूति कहे छे. P. 149

**वारत्तग** *(वारत्राक)* वारत्तपुर ना अभग्गसेन राजा नो मंत्री. P. 150

**वासुदेव** *(वासुदेव)* जुओ. कण्ह. वासुदेवनुं मूळनाम. P. 150

**वासुपुज्ज** *(वासुपूज्य)* भरतक्षेत्रमां थयेला बारमां तीर्थंकर. P. 150

**विजय** *(विजय)* भरतक्षेत्रमां थयेल बीजा बलदेव. जुओ विजय-१ P. 150

**विजय** *(विजय)* राजगृहीनो एक गाथापति विजय-२ P. 151

**विजय** *(विजय)* एक देव, जेणे शाश्वत जिन प्रतिमानी पूजा करेली P. 151

**विण्हुकुमार** *(विष्णुकुमार)* नमुचिने मारी नांखनार लब्धिधारी साधु तेने विण्हु-५ पण कहे छे. P. 152

**विण्हुसिरी** *(विष्णुश्री)* पांचमां आराना अंते थनार एक साध्वीजी. P. 153

**विमल** *(विमल)* आ चोवीसीना तेरमां तीर्थंकर P. 153

**वियत्त** *(व्यक्त)* भ० महावीरना चोथा गणधर P.154

**विहल्ल** *(विहल्ल)* राजा सेणिअ अने राणी चेल्लणा नो पुत्र, जुओ वेहल्ल P. 154

**वेसियायन** *(वैश्यायन)* एक बाल तपस्वी, गोब्बरगामनी गोसंखी नो पुत्र P. 156

**संख** *(शङ्ख)* श्रावस्तीमां रहेतो एवो भ०महावीरनो एक श्रावक, उप्पला पत्नी हती, पोक्खलि मित्र हतो. P. 156

**संख** *(शङ्ख)* काशी देशनो राजा, भ० मल्लि कथा अंतर्गत् एक कथा P. 156

**संजय** *(संजय)* कंपिलपुरनो राजा, पछी गद्दभालि मुनि पासे दिक्षा लीधी. P. 157

**संति** *(शान्ति)* भरतक्षेत्रमां थयेला सोळमां तीर्थंकर P. 157

**संपइ** *(सम्प्रति)* राजा कुणाल नो पुत्र, पूर्व भवे दरिद्र हतो, आर्य सुहत्थि पासे दीक्षा लीधेली. P. 157

**संब** *(शाम्ब)* वासुदेव कण्ह अने जंबवई नो पुत्र P. 157

**संभव** *(सम्भव)* भरतक्षेत्रमां थयेला त्रीजा तीर्थंकर. P. 157

**सगड** *(शकट)* साहंजनीना सार्थवाह सुभद्द अने भद्दा नो पुत्र, पूर्वभवमां ते छन्निअ नामे छागलिक हतो. आगामी भवे सगड थशे. जुओ सगड. P. 158,73

**सगडाल** *(शकटाल)* पाटलीपुत्रना राजाना मंत्री, थूलभद्द ना पिता P. 159

**सगर** *(सगर)* भरतक्षेत्रमां थयेल बीजा

**कथाकोशनी दरेक कथाना आगमसंदर्भ तथा संक्षिप्तकथा नामकोस विभागमां जोवा.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રવર્તી P. 159

**सच्चई** *(सत्यकि)* વિદ્યાધર પેઢાલ અને સાધ્વી **सुजेट्ठा** નો પુત્ર, તે **महिस्सर** નામે પણ ઓળખાય છે. આગામી ચોવીસીમાં તીર્થંકર થશે. P. 159

**सद्दालपुत्त** *(सद्दालपुत्र)* ભ૦ મહાવીરના દશ ઉપાસકોમાંનો એક ઉપાસક, તેની પત્ની **अग्गिमित्ता** હતી. P. 160

**सनंकुमार** *(सनत्कुमार)* ભરતક્ષેત્રમાં થયેલા ચોથા ચક્રવર્તી P. 160

**सबल** *(शबल)* એક બળદ, તેને સંબલ પણ કહે છે. **कंबल** અને **संबल** બંને બળદે અનશન કરેલ. P. 160

**समुद्दपाल** *(समुद्रपाल)* ચંપાનગરીનો શ્રાવકપુત્ર, વધસ્તંભે લઇ જવાતા પુરુષને જોઇને દીક્ષા લીધેલી. P. 161

**सयंभू** *(स्वयम्भू)* ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા વાસુદેવ. જુઓ **सयंभू-१** P. 161

**सयानीअ** *(शतानीक)* કોશાંબીનો રાજા, મૃગાવતી તેની પત્ની, ઉદાયન પુત્ર હતો, તેને **सयानिअ**, **सयानिय**, **सयानीय** પણ કહે છે. P. 161

**सव्वंगसुंदरी** *(सर्वाङ्गसुंदरी)* ગજપુરના સાર્થવાહ શંખની પુત્રી **समुद्ददत्त** ની પત્ની, પૂર્વભવે **धनशिरी** હતી. P. 162,94

**ससअ** *(शशक)* ધૂર્તાખ્યાનના ચાર પાત્ર - માંનું એક પાત્ર. P. 162

**सागरचंद** *(सागरचन्द्र)* રાજા **निसढ** અને રાણી **पभावती** નો પુત્ર. P. 163

**सामहत्थि** *(श्यामहिस्तन्)* ભ૦ મહાવીરના એક શિષ્ય. P. 164

**सालिभद्द** *(शालिभद्र)* રાજગૃહીના શ્રેષ્ઠી **गोभद्द** અને **भद्दा** નો પુત્ર, તેને **सालभद्द** પણ કહે છે, પૂર્વભવમાં તે **संगम** ગોવાળ હતો, તેણે ધન્ન સાથેઅનશન કર્યું. P. 165

**सालिवाहन** *(शालिवाहन)* તેનો **सातवाहन**, **सायवाहन**, **सालवाहन** નામે પણ ઉલ્લેખ આવે છે. પ્રતિષ્ઠાન નગરનો રાજા, તેની વિનંતીથી આર્ય **कालगे** પર્યુષણાતિથિ પાંચમની ચોથ કરી. P. 165

**सालिहीपिया** *(सालिहीपितृ)* ભગવાન મહાવીરના દશ ઉપાસકમાંના એક, તેનું બીજું નામ **लेइयापिता** P. 165,145

**सावज्जायरिय** *(सावद्याचार्य)* અનંતાકાળ પૂર્વે થયેલ એક આચાર્ય. તેણે યથાર્થ પ્રરૂપણાથી તીર્થંકર નામકર્મ બાંધેલ, વિપરીત પ્રરૂપણાથી સંસાર વધાર્યો. તેનું મૂળ નામ **कुवलयप्पह** હતું. P. 165

**सिरिअ** *(श्रीक)* નંદિપુરના રાજા, **मित्त** નો રસોઇયો, પછીના ભવે તે **सोरियदत्त** થયો જુઓ. **सोरियदत्त-२** P. 166

**सिव** *(शिव)* હસ્તિનાપુરનો રાજા તાપસ થયો, વિભંગજ્ઞાન થયલું P. 168

**सिवभूइ** *(शिवभूति)* આચાર્ય **कण्ह** ના શિષ્ય, તે **साहस्सिमल्ल** પણ કહેવાય છે. તેણ દિગંબર મત કાઢ્યો. P. 168

**सिवा** *(शिवा)* ઉજ્જૈનીના રાજા **पज्जोअ** ની પટ્ટરાણી. જુઓ **सिवा-२** P. 168

**सीतल** *(शीतल)* આ ચોવીસના દશમાં તીર્થંકર, તેનો **सीअल**, **सीयल** નામે પણ ઉલ્લેખ છે. P. 169

**सीह** *(सिंह)* ભ. મહાવીરના એક શિષ્ય, રેવતી શ્રાવિકાને ત્યાંથી ભ૦ મહાવીર માટે બીજોરા પાક લાવેલા. P. 169

**सुअ** *(शुक)* એક પરિવ્રાજક, પછી દીક્ષા લઇ, મોક્ષે ગયા. P. 170

**सुंदरी** *(सुन्दरी)* ભ. **उसभ** અને **सुनंदा** ની પુત્રી, જુઓ સુંદરી-૧ P. 170

**सुकुमालिया** *(सुकुमालिका)* રાજા **जराकुमार**ની પૌત્રી **ससअ**, **भसअ** ની

**કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા नामकोस વિભાગમાં જોવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહેન. જુઓ सकुमालिया-२ P. 171

**सुजेट्ठा** *(सुज्येष्ठा)* રાજા चेडग ની પુત્રી, सच्चइ વિદ્યાધરની માતા P. 172

**सुज्जसिरी** *(सूर्यश्री)* सुज्जसिव ની પત્ની सुसढ ની માતા P. 172

**सुज्जसिव** *(सूर्यशीव)* સંબુક્ક નગરનો બ્રાહ્મણ, सुज्जसिरी સાથેનું અકાર્ય થયાનું જાણી દીક્ષા લીધી. P. 172

**सुदंसण** *(सुदर्शन)* ભરત ક્ષેત્રમાં થયેલ પાંચમાં બળદેવ P. 172

**सुदंसण** *(सुदर्शन)* વાણિજયગ્રામનો એક ધનાઢ્ય વેપારી, પૂર્વભવે મહાબલકુમાર હતો. જુઓ सुदंसण-२ P. 172

**सुदंसण** *(सुदर्शन)* રાજગૃહી નો શ્રેષ્ઠી, અર્જુનમાળી ના ઉપદ્રવ છતાં ભગવંત ના વંદને ગયો. જુઓ सुदंसण-४ P. 173

**सुदंसण** *(सुदर्शन)* ચંપાનગરીનો એક શ્રાવક,પૂર્વજન્મમાં તે ગોવાળ હતો જુઓ सुदंसण-६ P. 173

**सुधम्म** *(सुधर्मन्)* ભ.મહાવીરના પાંચમાં ગણધર, જુઓ सुहम्म, सोहम्म P. 173

**सुनंद** *(सुनन्द)* રાજગૃહીનો ગાથાપતિ ભ૦ મહાવીરને પારણું કરાવેલ P. 173

**सुनक्खत्त** *(सुनक्षत्र)* ભ.મહાવીરના શિષ્ય, ગોશાળાએ તેને બાળી નાંખેલ P. 174

**सुनक्खत** *(सुनक्षत्र)* કાકંદીની भद्दा સાર્થવાહિની નો પુત્ર, દીક્ષા લીધી, મૃત્યુબાદ અનુત્તર વિમાને ગયો. P. 174

**सुपास** *(सुपार्श्व)* આ ચોવીસીમાં થયેલ સાતમાં તીર્થંકર P. 174

**सुप्पभ** *(सुप्रभ)* ભરતક્ષેત્રમાં થયેલા ચોથા બળદેવ P. 175

**सुबाहु** *(सुबाह)* હસ્તિશીર્ષના રાજા अदीनसत्तु અને धारिणी નો પુત્ર, દીક્ષા લીધી પૂર્વભવે सुमुह હતો. P. 175

**सुबुद्धि** *(सुबुद्धि)* ચંપાનગરીના जियसत्तु રાજાનો મંત્રી, રાજાને તેણે પ્રતિબોધ પમાડેલો. P. 175

**सुभद्दा** *(सुभद्रा)* વાણારસીના સાર્થવાહ भद्द ની પત્ની, દીક્ષા લીધી बहुपुत्तिया દેવી થઈ. આગામી જન્મમાં सोमा નામે બ્રાહ્મણપુત્રી થશે.જુઓ सोमा-२,सुभद्दा-७ P.176,183

**सुभद्दा** *(सुभद्रा)* ચંપાના जिनदत्त સાર્થવાહની પુત્રી, તેણે જીભવડે સાધુની આંખમાં પડેલ કણું કાઢેલ. P. 176

**सुभूम** *(सुभूम)* ભરતક્ષેત્રમાં થયેલ આઠમાં ચક્રવર્તી P. 177

**सुमइ** *(सुमति)* આ ચોવીસીના પાંચમા તીર્થંકર, તેને सुमति પણ કહે છે. P. 177

**सुमह** *(सुमति)* મગધના કુશસ્થળનો શ્રાવક नाइल નો ભાઈ, તીર્થંકર વચન પરત્વે અશ્રદ્ધા કરી, વિકૃષ્ટ ભવભ્રમણ કર્યું. P. 177

**सुमुह** *(सुमुख)* बारावई ના बलदेव રાજા અને રાણી धारिणी નો પુત્ર. જુઓ सुमुह-१ P. 178

**सुरादेव** *(सुरादेव)* ભ.મહાવીરના દશ ઉપાસકો માંનો એક ઉપાસક, धन्ना તેની પત્ની હતી. P. 178

**सुलस** *(सुलस)* કાલસોરિયનો પુત્ર અહિંસામાં, શ્રદ્ધાવાન્ જીવ P. 179

**सुलसा** *(सुलसा)* ભદ્દિલપુરના ગાથાપતિ नाग ની પત્ની,જુઓ सुलसा-१ P. 179

**सुलसा** *(सुलसा)* ભ૦મહાવીર પ્રત્યે સમર્પિત શ્રાવિકા, नाग સારથીની પત્ની, આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. P. 179

**सुव्वय** *(सुव्रत)* સુદર્શનપુરના सुसुनाग અને सुजसा નો પુત્ર. P. 179

**सुसढ** *(सुषढ)* જયણા પાલન ન કરવાથી ભવભ્રમણ વધારેલ સાધુ P. 179

**सूरियाभ** *(सूर्याभ)* સૂર્યાભવિમાનનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિપતિ દેવ, જે પૂર્વભવમાં **पएसि** નામે રાજા હતો. P. 181

**सेज्जंभव** *(शय्यम्भव)* એક પ્રભાવી આચાર્ય, મનગ નો પિતા, તેનો **सज्जंभव**, **सिज्जंभव** નામ પણ છે. P. 181

**सेज्जंस** *(श्रेयांस)* આ ચોવીસીના ૧૧માં તીર્થંકર P. 182

**सेज्जंस** *(श्रेयांस)* ભ૦ **उसभ** ના મુખ્ય શ્રાવક અને પ્રથમ ભિક્ષા દાતા તેને ભ૦ **उसभ** સાથે સાત ભવોનો સંબંધ હતો. તેને **सिज्जंस** પણ કહે છે. P. 182

- તેના એક પૂર્વભવમાં તે **सुजस** હતો.
- એક પૂર્વભવે **संयंपभा** દેવી હતી તે પૂર્વે **निन्नामिया** હતી. P. 161,106

**सेणिअ** *(सेणिय)* રાજગૃહીનો રાજા, ભ૦ મહાવીરના અનન્ય ઉપાસક, ભાવી તીર્થંકર **महापउम** તેને **भंभसार**, **भंभिसार** કે **भिंभीसार** પણ કહે છે. જુ ઓ **सेणिअ/सेणिय-१** P. 182

- **सुमंगल** - રાજા **सेणिय** નો પૂર્વભવ, જુઓ **सुमंगल-३** P. 177
- **महापउम** રાજા **सेणिय** આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે, તેનું **देवसेन** અને **विमलवाहन** નામ હશે. P. 134,90,154

**सेयणय** *(सेचनक)* રાજા **सेणिय** નો હાથી. જુઓ **सेयनग** P. 182

**सेलअ** *(शैलक)* શૈલકપુરનો રાજા, પદ્માવતી તેની પત્ની હતી. દીક્ષા લીધી. સંયમમાં સ્થિર થઇ મોક્ષે ગયા. P. 182

**सोदास** *(सोदास)* જીહ્વારસથી મૃત્યુ થવાનું દૃષ્ટાંત-એક રાજા જે માંસ ખાવાનો બહુ શોખીન હતો. P. 182

**सोम** *(सोम)* વાણારસીનો બ્રાહ્મણ, દેવના પ્રતિબોધથી શ્રાવક થયો, મરીને **सुक्क** દેવ થયો તેને **सोमिल** પણ કહે છે જુઓ **सोम-४**, **सोमिल-३**, P. 183,184

**सोमदत्त** *(सोमदत्त)* કૌસાંબીના **जन्नदत्त** નો પુત્ર, **सोमदेव** નો ભાઈ. P. 183

**सोमिल** *(सोमिल)* વાણિજયગ્રામનો એક બ્રાહ્મણ. જુઓ **सोमिल-१** P. 184

**सोरियदत्त** *(शौर्यदत्त)* શૌરિકપુરનો મચ્છીમાર, **समुद्दत्त-समुद्दत्ता** નો પુત્ર, જુઓ **सोरियद्दत्त-२**, પૂર્વભવમાં તે **सिरिअ** નામે રસોઈયો હતો. P. 184

**हरिएसबल** *(हरिकेशबल)* ચાંડાલકુલમાં જન્મેલ, દીક્ષા લીધી. યજ્ઞ કરતાં બ્રાહ્મણો ને બોધ આપ્યો, તેને **बल** પણ કહે છે. જુઓ **बल-८** P. 185,121

**हरिणेगमेसि** *(हरिणेगमेसिन्)* શક્રેન્દ્રનો એક પદાતિ અધિકારી દેવ. P. 185

**हरिसेण** *(हरिषेण)* ભરતક્ષેત્રમાં થયેલ દશમાં ચક્રવર્તી P. 185

**हेमकुमार** *(हेमकुमार)* રાજા *हेमकुड* નો પુત્ર અતિ કામભોગથી મર્યો P. 186

*(મોટી અને મહત્ત્વની કથાઓની આ નોંધ છે. નાના-નાના દૃષ્ટાંતો તો છેદ અને મૂલ સૂત્રોમાં ઘણાં જ છે)*

કથાકોશની દરેક કથાના આગમસંદર્ભ તથા સંક્ષિપ્તકથા **नामकोस** વિભાગમાં જોવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# आगम-नाम-कोसो

**अइपास** *(अतिपार्श्व)* જંબૂદ્વીપ ના ઐરવત ક્ષેત્રની આ ચોવીસીના સત્તરમાં તીર્થંકર
सम-३५०;

**१-अइबल** *(अतिबल)* જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં થનાર પાંચમાં વાસુદેવ.
सम.१५८; आव.चू.१-पृ -१६५;

**२-अइबल/अतिबल** *(अतिबल)* ભરત ચક્રવર્તી પછી મોક્ષે જનારા આઠ યુગપ્રધાન પુરુષોમાંના એક.
ठा.७२७; आव.नि.३६३;
आव.चू.१-पृ.३१४च

**अइभद्दा** *(अतिभद्रा)* ભ૦મહાવીરના અગીયાર માં ગણધર **'पभास'** ના માતા
आव.नि. ६४९, आव.चू. १-पृ.३३८;

**१- अइमुत्त** *(अतिमुक्त)* પોલાસપુર નગર ના રાજા **विजय** અને **सिरी** રાણીના પુત્ર, તેણે બાલ્યવયમાં દીક્ષા લીધી. પાત્રને નાવ રૂપે તરાવવાનો એક બાલ્ય અપરાધ કર્યો. તે જ ભવે વિપુલ પર્વતે મોક્ષે ગયા.
सूय.चू.पृ-३२५; भग.२२८;
अंत. २५,३९;

**२- अइमुत्त** *(अतिमुक्त)* રાજા **कंस** ના નાના ભાઈ એવા એક સાધુ ભગવંત, જેણે કૃષ્ણ વાસુદેવની માતા દેવકીને કહેલ કે તે આઠ સુંદરતમ બાળકોને જન્મ આપશે.
अंत.१३; आव.चू.१-पृ.३५७;

**अइरा** *(अचिरा)* સોળમાં તીર્થંકર **'संति'** શાંતિનાથના માતા અને ગજપુરના રાજા **'विस्ससेन'** ની પત્ની (રાણી)
सम.२७०; आव.नि. ३९८;

**अगइ** *(अङ्गजित)* શ્રાવસ્તી નગરીનો એક ગાથાપતિ, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. સુંદર ચારિત્રપાળી, અનશન કરી મૃત્યુ બાદ જ્યોતિષ્ક ઇન્દ્ર, **चंद** થયો.
ठा.वृ ९७५; पुप्फि.३;

**अंगय** *(अङ्गक)* **'अंगरिसि'** પ્રમાણે છે.
आव.चू.२-पृ.१९३;

**अंगरिसि** *(अङ्गर्षि)* ચંપાનગરીના **कोसिय** ના શિષ્ય, કર્મક્ષયથી તેને બોધિ પ્રાપ્ત થયેલ
आव.नि.१२८८;
आव.चू.१-पृ ४६०;
२-पृ ७९, १९३ ;
आव.वृ. (नि.८४४,१२९३ नी-वृ.)

**अंगारवई** *(अङ्गारवती)* રાજા **'पज्जोअ'** ની પત્ની (રાણી), રાજા **'घुंधुमार'** ની પુત્રી, તેણીએ ભ૦મહાવીર પાસે દીક્ષા લીધેલી.
आव.नि.१२९८;
आव.चू.१-पृ.८७,९१;
२-पृ-१९१;
आव.वृ (नि.८७,१३०३नी वृ)

**अंजुया** *(अज्जुका)* સતરમાં તીર્થંકર ભ૦કુંથુ નાથના પ્રથમ શિષ્યા.
सम.३१०;

**१-अंजू** *(अञ्जू)* હસ્તિનાપુરના **'पउम'** ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુ બાદ શક્રેન્દ્રની અગ્રમહિષી બની.
ठा.७२३; भग. ४८९; नाया.२३७;

**२-अंजू** *(अञ्जू)* વર્ધમાનપુરના સાર્થવાહ **धनदेव** અને **पियंगू** ની પુત્રી, તેના લગ્ન રાજા **विजयमित्त** સાથે થયા, તેને યોનિ શૂળ થતા શરીર સુકાઈ ગયું. મરીને તે નરકે ગઈ, પૂર્વભવમાં તે **पुढविसिरि** ગણિકા હતી.
ठा.वृ ९६८; विवा. ३,२४;

**अंजूदेवी** *(अञ्जूदेवी)* જુઓ **'अंजू-२'**
विवा.३४;

**अंधकवन्हि** *(अन्धकवृष्णि)* જુઓ अंधगवण्हि
अंत.३;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंधगवण्हि *(अन्धकवृष्णि)* बारवई નામક નગરીના રાજા, તેની પત્ની 'धारिणी' હતી. તેના गोयम, समुद्द આદી આઠ પુત્રો તથા अक्खोभ सागर આદિ આઠ પુત્રોએ ભ૦અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધેલી. જુઓ वण्हि પણ.

अंत. ३,६,७; दस.१३; उत्त.८३९;

अंबड *(अम्बड)* એક બ્રાહ્મણ પરિવ્રાજક. જુઓ अम्मड-१

ठा.८७१; सम. ३६४;

अंबरिसि *(अम्बर्षि)* ઉજ્જેનીનો એક બ્રાહ્મણ, તેની પત્નીનું નામ मालुका હતું. निंबय તેન પુત્ર હતો. मालुका ના મૃત્યુબાદ अंबरिसि અને निंबय બંને એ દીક્ષા લીધી.

आव.नि.१३००+वृ. आव.चू.२-पृ.१९६;

अकंपिय *(अकम्पित)* ભ૦મહાવીરના આઠમાં ગણધર. તે મિથિલામાં જન્મેલ. તેના પિતાનું નામ देव અને માતા जयंति હતા. તેને નરકના અસ્તિત્વની શંકા હતી. ભ૦મહાવીરે શંકા દૂર કરતા તેણે ભ૦ મહાવીર પાસે પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.

सम. १९,१५७;

आव.नि.५९५,६२७, ६४५,६४८,६४९;

नंदी.२९

अक्खपाद *(अक्षपाद)* તર્ક અને પાસંડિત્ પદ્ધતિના સ્થાપક

सूय.वृ (नि.२८-नी-वृ) निसी.भा.५५३०-चू. आव.वृ (नि.१४४-वृ)

१-अक्खोभ *(अक्षोभ)* રાજા 'अंधगवण्हि' અને રાણી 'धारिणी' ના પુત્ર, ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. બાર વર્ષ ચારિત્ર પાળી શત્રુંજય તીર્થે મોક્ષે ગયા.

अंत.२,६;

२-अक्खोभ *(अक्षोभ)* જુઓ अक्खोभ-१, ફર્ક માત્ર એ છે કે આ अक्खोभ નો ચારિત્ર પર્યાય સોળ વર્ષનો હતો.

अंत-८;

अगअ *(अगड)* જુઓ अगद

आव.नि.९४१;

अगड *(अगड)* જુઓ अगद

आव.चू.२-पृ.६१;

अगडदत्त *(अगडदत्त)* ઉજ્જૈનીના રાજા जियसत्तु ના રથચાલક अमोहरह નો પુત્ર તેની માતાનું નામ जसमति હતું. પિતાના મૃત્યુ બાદ તે કોસાંબીના दढप्पहारि પાસે અસ્ત્રવિદ્યા શીખવા ગયેલ. રાજા તેની આવડતથી ખુશ થયો. એક વખત તેણે એક ચોરને કૌશલ્યપૂર્વક હણ્યો. રાજાએ તેનાથી ખુશ થઈને પોતાની પુત્રી પરણાવેલ. अगलदत्त ને अगलुदत्त પણ કહે છે.

वव.वृ.(भा.२६५५-वृ) आव.चू.१- पृ.५४२; उत्त.वृ.(मू.१२१-वृ).

अगद *(अगद)* રોગ-ઉપચાર પદ્ધતિ માટે પ્રસિદ્ધ એક વૈદ્ય. એક વખત રાજા દુશ્મનોથી ઘેરાઈ ગયેલ. દુશ્મન સૈન્ય ઘણું મોટું હતું. ત્યારે अगद વૈદ્યે તેને થોડું ઝેર આપ્યું. તે સહસ્રવર્ધી ઝેર હતું. થોડી માત્રાથી હજારો માનવીના મોત થાય તેવું. રાજા अगद ના ઉપચારથી ઘણો ખુશ થયો.

आव.नि. ९४१; आव.चू. १-पृ.५५४;

अगलदत्त *(अगडदत्त)* જુઓ अगडदत्त

उत्त.वृ (मू.१२१-वृ)

अगलुदत्त *(अगडदत्त)* જુઓ अगडदत्त

आव.चू.१-पृ.४५२,

अगारी *(अगारी)* આહાર સંબંધે આ એક દૃષ્ટાંત છે. अगारी એ એક પરિવ્રાજિકા પાસે ચોખા લીધા, જે અભિમંત્રીત હોવાથી પરઠવી દીધા..ઈત્યાદિ.માટે સાધુએ આવો આહાર ન લેવો.

ओहनि. ९३२,९३३;

अग्गिअ *(अग्निक)* जमदग्गि નું બીજું નામ

आव.चू.१-पृ.५१८; आव.वृ.(नि.९१८-वृ)

अग्गिउत्त *(अग्निपुत्र)* જંબૂદ્વીપના ઐરવત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રની ચોવીસીના ત્રેવીશમાં તીર્થંકર
सम. ३५१;
**अग्गिज्जोअ** *(अग्निद्योत)* ભ૦મહાવીરના જીવનો એક પૂર્વભવ, તે ચૈત્ય નગરીનો એક બ્રાહ્મણ હતો. જે પૂર્વભવમાં **मरीइ** હતો. ત્યાંથી તે ઈશાન દેવલોકે ઉત્પન્ન થયો.
आव.नि.४४१;
आव.चू.१-पृ.२२९;
१.**अग्गिभूइ** *(अग्निभूति)* ભ૦મહાવીર ના બીજા ગણધર. તેનુ ગૌત્ર ગૌતમ હતું. તેને પણ ભગવંતે **गोयम** કહી સંબોધેલ, તે ગોબર ગ્રામના વતની હતા. **वसुभूइ** અને **पुहवी** ના પુત્ર હતા. તેને કર્મ ના વિષયમાં શંકા હતી. ભ૦મહાવીરે તેની શંકાનું નિવારણ કર્યું. તે ભગવંત પાસે દીક્ષા લીધી. ચુંમોતેરમે વર્ષે તેણે મોક્ષે ગયા.
सम.१९,१२५,१५२; भग. १५२-१५६, आव.नि.५९४,६४४,६४८,६४९; नंदी.२०
२-**अग्गिभूइ** *(अग्निभूति)* ભ૦મહાવીર ના જીવનો એક પૂર્વભવ. જે પૂર્વે **मरीइ** હતો,
आव.नि. ४४३; आव.चू.१-पृ. २२९, २३०;
**अग्गिभूति** *(अग्निभूति)* જુઓ अग्गिभूइ-१,
भग.१५४,१५५,
**अग्गिमित्ता** *(अग्निमित्रा)* પોલાસપુરના એક શ્રાવક **सद्दालपुत्त** ના પત્ની, ભ૦મહાવીર ની પાસે વ્રત લઈ શ્રાવિકા બનેલ.
उवा.४१,४४,४५, ६३;
१-**अग्गियअ** *(अग्निक)* ઇન્દ્રપુરના રાજા इंददत्त નો એક ગુલામ
आव. नि. १२९२+वृ.
उत्त.वृ (नि.१६०-वृ).
२-**अग्गियअ** *(अग्निक)* વસંતપુરનો એક બાળક, જે तापस जम દ્વારા ઉછેરાયો, તે जमदग्गि સમાન છે.
आव. चू. १-पृ. ५१८, ५१९;
**अग्गिवेसायन** *(अग्निवेश्यायन)* ગોશાળાના છ દિશાચરમાંનો પાંચમા કથા જુઓ **गोसाल**
भग. ६३७,६४४
**अग्गिसीह** *(अग्निसिंह)* વર્તમાન અવસર્પિણી ના સાતમાં વાસુદેવ **दत्त** અને સાતમાં બળદેવ **नंदन** ના પિતા
ठा. ८१२; सम. ३२२;
आव.नि. ४११;
१.**अग्गिसेन** *(अग्निसेन)* જંબૂદ્વીપ ના ઐરવત ક્ષેત્રમાં ચાલુ ચોવીસીના ત્રીજા તીર્થંકર
सम.२४७;
२.**अग्गिसेन** *(अग्निसेन)* જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં ચાલુ ચોવીસીના બાવીસમાં તીર્થંકર, તે **महासेन** નામે પણ ઓળખાય છે.
सम. ३५१; सम.वृ.(मू.३४७.वृ).
१.**अचल** *(अचल)* ભરતક્ષેત્રના નવમાંના પ્રથમ બળદેવ અને **तिविठ्ठ** વાસુદેવના ભાઈ જુઓ 'अयल', પોતનપુરના રાજા **पयावइ** અને રાણી भद्दा ના પુત્ર. તેનું પૂર્વ ભવમાં **विस्सनंदी** નામ હતું.
ठा. ८७२; सम. ३२२,३२५,३२८,३३२;
आव.भा.४१; आव.चू. १.-पृ.२३२;
२.**अचल** *(अचल)* ભ૦**मल्लि** નો જીવ, જે પૂર્વભવમાં **महब्बल** કુમાર હતો તે વખતનો એક મિત્ર, જેણે **महब्बल** કુમાર સાથે દીક્ષા લીધેલી, કથા જુઓ **मल्लि**.
नाया.७६;
३-**अचल** *(अचल)* જુઓ 'अयल-२', ફર્ક એટલો કે આ अचल નો દીક્ષા પર્યાય ૧૬ વર્ષનો હતો.
अंत. ८;
४-**अचल** *(अचल)* **बारावई** ના રાજા **अंधगवण्हि** અને રાણી **धारिणी** નો પુત્ર ભ૦ અરિષ્ટનેમી પાસે દીક્ષા લીધી. શત્રુંજય પર્વત પર મોક્ષે ગયા.
अंत. २,६;
५-**अचल** *(अचल)* ઉજ્જૈનીના એક સમૃદ્ધ વેપારીનો પુત્ર, તેને ઉજ્જૈનીની ગણિકા **देवदत्ता** ને કારણે **मूलदेव** સાથે ઝઘડો થયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दस.चू.पृ १०५; उत्त.वृ (मू.१२२-वृ).

६-अचल *(अचल)* વિદેહક્ષેત્ર ના નવ બલદેવમાંના એક બલદેવ, જે વીતસોગા નગરીના રાજા जियसत्तु અને રાણી धारिणी નો પુત્ર, તેણે દીક્ષા લીધી મરીને દેવ થયો

आव.चू. १-पृ. १७७;

**अचला** *(अचला)* સાકેતના 'पउम' ગાથા - પતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ શક્રેન્દ્રની અગ્રમહિષી બની.

ठा. ७२३; भग.४८९;

नाया. २३७;

**अच्चंकारियभट्टा** *(अत्यंहकारिभट्टा)* ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરના વેપારી धन અને भद्दा ની પુત્રી. તે ઘણી સુંદર હતી, તેનું નામ भट्टा હતું. પણ તેને કોઈ એક શબ્દ કહે તો પણ સાંભળી શકતી ન હતી. તેથી લોકો તેને अच्चंकारियभट्टा કહેવા લાગ્યા. जियसत्तु રાજાના મંત્રી सुबुद्धि સાથે તેના લગ્ન થયેલા

सूय.चू.पृ. १०५; गच्छा.वृ.(मू.९९वृ). निसी.भा.३१९४-९६;निसी.चू.(भा. મુજબ) दसा. नि.१०९-११०; दसा-चू.(नि.મુજબ)

१-अच्चिमाली *(अर्चिमालिन्)* અરક્ષુરી નગરીના એક ગાથાપતિની પુત્રી.ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સૂર્યની અગ્રમહિષી બની.

नाया.२३५;

२-अच्चिमाली *(अर्चिमालिन्)* મથુરાનગરી ના એક ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ચંદ્રની દેવી બની.

नाया.२३६;

**अच्छंद** *(अच्छन्द)* જુઓ अच्छंदग

आव.नि.४६५;

**अच्छंदग** *(अच्छन्दक)* મોરાગ સંનિવેશનો એક જ્યોતિષી, એક વખત ભ૦મહાવીર પાસે જઈ પોતે કહેલ ફળકથન વિશે પૂછ્યું. ભગવંત ધ્યાનમાં હોવાથી સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું તું ખોટો પડીશ. શક્રેન્દ્રએ અવધિ જ્ઞાનથી આ વાત જાણી ત્યારે તેણે વજ્ર ફેંકીને अच्छंदग ની આંગળી કાપી નાંખી

आव.नि. ४६४,४६५;+वृ.

आव.चू. १-पृ, २७५,२७६;

**अच्छरा** *(अप्सरा)* સાંકેતના 'पउम' ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુ બાદ શક્રેન્દ્રની દેવી બની.

भग. ४८९; नाया. २३७;

**अच्छिद्द** *(अच्छिद्र)* ગોશાળાના છ દિશા - ચરમાંનો કથા જુઓ 'गोसाल'

भग. ६३७, ६४४;

**अजिअ** *(अजित)* જુઓ 'अजिय', વર્તમાન ચોવીસીના બીજા તીર્થંકર,

आव.नि.१०८७;

**अजिआ** *(अजिता)* વર્તમાન ચોવીસીના ચોથા તીર્થંકર ભ૦અભિનંદન ના મુખ્ય સાધ્વી

सम.३०

**अजित/अजिय** *(अजित)* વર્તમાન ચોવીસી ના બીજા તીર્થંકર, અયોધ્યાના રાજા जियसत्तु અને રાણી विजया ના પુત્ર, દેહનો વર્ણ સુવર્ણ હતો. ૧૦૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી, તેને ૯૦ ગણ અને ૯૦ ગણધર થયા વગેરે-

सम. २६३-३२१; आव.४,४१;

आव.नि.२२४,२५६,२६०,२६६,२७२,२७८, ३०३; आव.चू.१-पृ.३९,४८७;

**अजियसामि** *(अजितस्वामिन्)* જુઓ 'अजिय'

आव.चू.१-पृ.३९,४८७;

१-अजियसेन *(अजितसेन)* મૂળ શ્રાવસ્તીના રહેવાસી એવા સાધુ, खुड्डगकुमार ના ગુરુ.

आव.नि.१२८८+वृ. आव.चू.२-पृ.१९१;

२-अजियसेन *(अजितसेन)* કોસાંબી નગરીનો રાજા, તેની પત્ની (રાણી) નું નામ धारिणी હતું. તેણે એક પુત્ર દત્તક લીધેલ. તે પુત્ર ઉજ્જેનીના રાજા पज्जोअ ના પુત્ર पालअ ના પુત્ર रज्जवद्धन નો પુત્ર मणिप्पभ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની માતાએ ચારિત્ર રક્ષણ માટે દીક્ષા લીધી, પુત્ર જન્મ થતાં એકાંત જગ્યાએ રાખી·દીધેલ, તેને રાજા **अजियसेन** લઈ ગયા અને ઉછેર્યો.
आव.चू.२-पृ.१८९,१९०;
आव.वृ.(नि.१२८६- वृ).

३-**अजियसेन** *(अजितसेन)* વસંતપુરનો રાજા, **गुणचंद** અને **बालचंद** તેના સહાયક હતા. તે બંનેની તલવાર ખોવાઈ ગયેલ, જે વાત ગુણચંદ્રે કબૂલ કરી, બાલચંદ્રએ કબુલ ન કરી, રાજા ગુણચંદ્ર પ્રત્યે ઘણો ખુશ થયો.
पन्न.वृ.(मू.५२८-वृ).

४-**अजियसेन** *(अजितसेन)* ઐરવત ક્ષેત્રની આ ચોવીસીના નવમાં તીર્થંકર
सम.३४८;

**अज्जरक्खिय** *(आर्यरक्षित)* ઉજ્જૈનીમાં તેણે અચેલકત્વ પરિસહ સહન કર્યો. વિશેષ જુઓ रक्खिय
मरण.४९०;

१-**अज्जुन** *(अर्जुन)* ગોશાળાના છ દિશાચર માંનો છઠ્ઠો દિશાચર કથા જુઓ 'गोसाल' તેનું આખું નામ 'अज्जुनगोमायुपुत्त' છે.
भग.६३७,६४४;

२-**अज्जुन** *(अर्जुन)* ગોશાળાના કહેવા પ્રમાણે ગોશાળાના આત્માએ તેના શરીરમાં પ્રવેશ કરેલો. 'अज्जुनगोयमपुत्त' તેનું પુરું નામ હતું.
भग. ६४८;

३-**अज्जुन** *(अर्जुन)* હસ્તિનાપુરના પાંડુરાજા ના પાંચ પુત્રોમાંના ત્રીજાપુત્ર, તેણે દીક્ષા લીધી. મોક્ષે ગયા
नाया.१७०,१८२; पण्हा.वृ.(मू.२०-वृ)
निसी.चू. (भा.९३-चू.)

४-**अज्जुन** *(अर्जुन)* રાજગૃહી નગરીનો એક માળી, તે अज्जुनमालागार નામે પ્રસિદ્ધ હતો. તેની પત્ની નું નામ **बंधुमई** હતું. તે મુદ્‌ગરપાણિ યક્ષની ભક્તિ કરતો હતો. એક વખત છ મિત્રોએ યક્ષમંદિરમાં અર્જુનને બાંધી તેની પત્ની બંધુમતી સાથે ભોગ વિલાસ કર્યો. યક્ષ વિશેની શ્રદ્ધા ચલિત થતા યક્ષે તેના શરીરમાં પ્રવેશ કરી છ મિત્રો અને બંધુમતીને મારી નાંખ્યા. પછી રોજ સાતની હત્યા કરતો હતો. **सुदंसण** ના પ્રભાવે યક્ષ ચાલ્યો ગયો. **अज्जुन** ભ૦મહાવીરની દેશના સાંભળવા ગયો. દીક્ષા લીધી. કેવળ પામી, મોક્ષે ગયો.
अंत. २७; मरण. ४९५;
उत्त.वृ (नि. ११०-वृ).

५-**अज्जुन** *(अर्जुन)* સુઘોષ નગરનો રાજા તેની પત્ની (રાણી) નું નામ तत्तवई હતું. અને भद्दनंदी-२ તેનો પુત્ર હતો.
विवा.४४;

६-**अज्जुन** *(अर्जुन)* એક ચોર, જેણે સૌંદર્યની વાસનામાં પોતાની જીંદગી ગુમાવી
आया.चू.पृ.१०६; आया.वृ.(मू.११० वृ.)
वव.भा. २१३;

**अज्जुनअ** *(अर्जुनक)* જુઓ 'अज्जुन-४'
अंत.२७; उत्त.चू.पृ.७०;

**अज्जुनअमालागारअ** *(अर्जुनकमालाकार)* જુઓ 'अज्जुन-४'
अंत.२७;

**अज्जुनग** *(अर्जुनक)* જુઓ 'अज्जुन-४'
उत्त.नि.११० + वृ.

**अज्जुनग गोयमपुत्त** *(अर्जुनक गौतमपुत्र)* જુઓ 'अज्जुन-२'
भग. ६४८;

**अज्जुन गोमायपुत्त** *(अर्जुनगोमायपुत्र)* 'अज्जुन-१'
भग-६३७;

**अज्जुनगोयमपुत्त** *(अर्जुनगौतमपुत्र)* જુઓ 'अज्जुन-२'
भग-६४८;

**अज्जुनमालागार** *(अर्जुनमालाकार)* જુઓ अज्जुन-४.
अंत-२७;

**अज्जुनमालार** *(अर्जुनमालाकार)* જુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अज्जुन-४.
अंत-२७;

**अज्जुनय** *(अर्जुनक)* જુઓ 'अज्जुन-६'
आया.चू. पृ. १०६;

**अज्जुनयचोर** *(अर्जुनकचौर)* જુઓ अज्जुनय
आया. चू.पृ. १०६;

**अज्जुन्न** *(अर्जुन)* જુઓ 'अर्जुन-१'
भग.६२७;

**अज्जुन्न गोमायपुत्त** *(अर्जुनगोमायपुत्र)* જુઓ 'अज्जुन-१'
भग. ६३७;

**अज्जुन्नराया** *(अर्जुनराजा)* જુઓ 'अज्जुन-५'
विवा.४४,

**अट्टन** *(अर्तन)* ઉજ્જેનીનો એક મલ્લ, સોપારગનો રાજા सिंहगिरि દર વર્ષે એક સ્પર્ધા યોજતો अट्टन તે સ્પર્ધા જીતી જતો. સિંહગિરિ રાજાને કોઈ બીજા દેશનો માણસ સ્પર્ધા જીતે તે પસંદ ન હતું. વેરવાળવા તેણે એક મલ્લ તૈયાર કર્યો બીજે વર્ષે अट्टन સ્પર્ધા હારી ગયો. अट्टन सुराष्ट्र જતા રસ્તામાં फलिहमल्ल નામના ખેડુત ને જોયો. તેણે તેને સ્પર્ધા માટે તૈયાર કર્યો અને બીજા વર્ષે फलिहमल्ल દ્વારા તે સ્પર્ધા જીતી ગયો.
आव.नि.१२७४; आव.चू.र-पृ.१५२;
आव.वृ (नि.१२७८-वृ).
उत्त.मू.११६-वृ.

**अट्टनमल्ल** *(अर्त्तनमल्ल)* જુઓ अट्टन
आव.चू.२.पृ.१५२;

**अडोलिया** *(अडोलिका)* जव ની પુત્રી અને ઉજ્જેનીના गद्दभ રાજાની બહેન, તેના અતિ સૌંદર્યથી આકર્ષિત થઈ गद्दभ રાજાએ તેની સાથે અયોગ્ય વર્તણુંક કરી
बुह.भा.११५५-५६ + वृ.

**अणाढिअ** *(अणाढ्य)* કાકંદી નગરીનો એક ગાથાપતિ, તેણે દીક્ષા લીધી. મૃત્યુબાદ દેવ થયો. ભ૦મહાવીર સન્મુખનાટ્ય વિધિ દેખાડી. વંદના કરી.
पुप्फि २,११;

**अण्णिआपुत्त/अन्निआपुत्त** *(अर्णिकापुत्र)* એક આચાર્ય. પુષ્પચુલા સાધ્વીજીએ તેની સુંદર વૈયાવચ્ચ કરેલી. આચાર્ય ભગવંત નાવ દ્વારા ગંગા ઉતરતા હતા ત્યારે લોકો એ તેને ગંગા નદીમાં ધકેલી દીધા ત્યારે સંથારો સ્વીકારી, સમાધિકરણ પ્રાપ્ત કર્યું.
संथा. ५६,५७;

**अण्णिका/अण्णिया** *(अर्णिका)* આચાર્ય अण्णिकापुत्त ની માતા, જે મથુરાના એક વેપારીની પુત્રી હતી.
आव.चू.२.पृ. १७७;
आव.वृ. (नि.१२८४-वृ.)

**अण्णिकापुत्त/अण्णियापुत्त** *(अर्णिकापुत्र)* જુઓ अण्णिआपुत्त
निसी.(भा.१५५७-चू)आव.नि.११९०-९१
आव.चू.१.पृ.५५९, २-पृ ३६,१७७;
आव.वृ. (नि. ९४९-वृ.)

**अतिमुत्त** *(अतिमुक्त)* જુઓ 'अइमुत्त-१'
सूय.चू.पृ.३२५; अंत. २५,३९;
आव.चू. १-पृ. ३५७;

**अतिवालयवायग** *(अजापालकवाचक)* જુઓ अयावालगवायग
बुह.भा.४५३५;

**अत्तेय** *(आत्रेय)* જૂનો ખોરાક ન પચ્યો હોય ત્યાં સુધી નવો ખોરાક ન લેવો.'એવા સિદ્ધાંતના સ્થાપક એક ઋષિ.
आव.नि.८६६; आव.चू. १-पृ. ४९८;

**१-अदीनसत्तु** *(अदीनशत्रु)* હસ્તિનાપુરનો રાજા, ભ૦મલ્લિપાસે દીક્ષા લીધી. કેવળી થઈ મોક્ષે ગયા. કથા જુઓ 'मल्लि'.
ठा.६६४; नाया.८१,९१;

**२-अदीनसत्तु** *(अदीनशत्रु)* ચંપાનગરીનો રાજા जियसतु અને રાણી धारिणी નો પુત્ર જે પછી રાજા થયો. કથા જુઓ 'जियसत्तु-२'
नाया-१४३,१४४;

**३-अदीनसत्तु** *(अदीनशत्रु)* હસ્તિશીર્ષનગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो રાજા, તેને **धारिणी** આદિ ૧૦૦૦ રાણીઓ હતી. **सुबाहकुमार** તેનો પુત્ર હતો. કથા જુઓ **'सुबाहु-२'**
**विवा.३७;**

**४-अदीनसत्तु** *(अदीनशत्रु)* વર્તમાન ચોવીસીના તીર્થંકર ભ०**नमि** નો પૂર્વભવ
**सम.२७५;**

**अद्द** *(आर्द्र)* આર્દ્રપુરનો રાજા અને **अद्दअ** (આર્દ્ર કુમાર) ના પિતા
**सूय.नि.१८७; सूय.चू.पृ.४१३-४१७;**

**अद्दअ** *(आर्द्रक)* આર્દ્રપુરના રાજા **अद्द** નો પુત્ર. અભયકુમારે મોકલેલ ઋષભદેવની પ્રતિમા જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પૂર્વજન્મમાં વસંતુપરમાં રહેતો **सामइअ** નામે ગૃહસ્થ હતો. તેણે પત્ની સહિત દીક્ષા લીધી. જુદા જુદા વિચરણ કરતા હતા. એક વખત તેની દીક્ષા લીધેલ પત્ની જોઈને તેના તરફ પુનઃલાગણી જન્મી. મૃત્યુ બાદ **सामइअ** દેવ થયો. તેની પત્ની દેવી થઈ ત્યાંથી **सामइअ** આર્દ્રકુમાર થયો તેની પુત્ની વસંતપુરના એક ગાથાપતિની પુત્રી થઈ. આર્દ્ર મુનિ ધ્યાનમાં હતા. પેલી કન્યાએ તેને જોતા તેની સાથે લગ્નનો વિચાર આવ્યો. આર્દ્રકુમાર ગૃહસ્થાવાસમાં પાછા ગયા, ફરી દીક્ષા લીધી.

તે **अद्द, अद्दअ,** આર્દ્રકુમાર આદિ નામે ઓળખાતા હતા. તેના ગોશાળા, બોદ્ધો, એકદંડી અને હસ્તિતાપસ સાથે ચર્ચા થયેલ.
**सूय.७३८-७९१; सूय.नि.१८७-२००;**
**सूय.चू.पृ. ४१३-४१७,४४३,४४४;**
**सूय.वृ.(नि.१८०-वृ); वव.(भा.६३)वृ,**
**दस.चू.पृ.४४;**

**अद्दकुमार** *(आर्द्रकुमार)* જુઓ **'अद्दअ'**
**सूय.चू.पृ.४१५**

**अद्दग** *(आर्द्रक्)* જુઓ **'अद्दग'**
**सूय.नि. १९९; सूय.चू.पृ ४१५,४१७;**

**अद्धसंकासा** *(अर्द्धसङ्काशा)* ઉજ્જેનીના રાજા દેવલાસુअ અને રાણી **अनुरत्तलोयणा** ની પુત્રી. માતાનું તત્કાળ મૃત્યુ થયું. અન્ય સ્ત્રીવર્ગ દ્વારા તેનો ઉછેર થયો. **देवलासुअ** તાપસ થઈ ગયેલા, જયારે **अद्धसंकासा** યુવાન અને સુંદર બની ત્યારે તાપસ રાજાના જોવામાં આવતા રાજા તેના તરફ આકર્ષાયો પોતાની ભૂલ સમજાઈ છેલ્લે રાજા મોક્ષે ગયા. **अद्धसंकासा** એ પણ સંસારનો ત્યાગ કર્યો.
**आव.नि. १३०९+वृ.**
**आव.चू.२-पृ-२०३;**

**अनंग** *(अनङ्ग)* આનંદપુરના રાજા **जितारि** અને રાણી **वीसत्था** ના પુત્ર. તેને બચપણમાં ચક્ષુશૂળ ઉત્પન્ન થયેલ. તે દર્દને ઓછું કરવા તેની માતા હળવેથી દબાવતી હતી. રોજના આ કૃત્યથી વારંવાર જાતીય અંગોનો સ્પર્શ થતા તેમને આનંદ થતો અને તે શાંત થઈ જતો. **जितारि** ના મૃત્યુ બાદ માતા - પુત્ર પતિ-પત્નીની માફક રહેવા લાગ્યા.
**गच्छा. (मू.८४)वृ. निसी.भा. (३६९८)चू.**
**बुह.भा. ५२१८-५२२०;**

**अनंगसेन** *(अनङ्गसेन)* ચંપાનગરીનો એક સોની તે **कुमारनंदी** નામે ઓળખાતો હતો તેને સુંદર કન્યાનો બહુમોહ હતો. ઘણું મૂલ્ય આપીને પણ તે કન્યા સાથે લગ્ન કરતો. એ રીતે ૫૦૦ પત્નીઓ થઈ એક વખત **विज्जुमालि** યક્ષની પત્ની **हासा** અને **पहासा** ને જોઈ. તેમને પ્રાપ્ત કરવા સોની બળી મર્યો. પછી તે **हासा-पहासा** નો પતિ યક્ષદેવ થયો.
**निसी. (भा.३१८२-८४ नी)चू.**
**बुह.भा.५२२५+वृ.**
**आव.चू.१-पृ.३९७-४००;**

**अनंगसेना** *(अनङ्गसेना)* કૃષ્ણ વાસુદેવની હજારો ગણિકાઓમાંની મુખ્ય ગણિકા
**नाया.६३; अंत-३;**
**वण्हि. ३; आव.चू. १-पृ.३५६;**

**अनंत** *(अनन्त)* ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના ચૌદમાં તીર્થંકર. અયોધ્યાના રાજા **सींहसेन** અને રાણી **सुजसा** ના પુત્ર, તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહનો વર્ણ સુવર્ણ હતો. ૧૦૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી. તેમને ૫૪ ગણ અને ૫૪ ગણધર હતા. ૩૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું.
ठा. ४४७; सम.२६३-३११,३७७;
आव ५,४२;
आव.नि. २२५, २५६, २६८, २७२-३०५, ३७१, ३७७; नंदी.१९;

**अनंतइ** *(अनन्तजित)* ચૌદમાં તીર્થંકર ભ૦ अनंत નું બીજું નામ, જુઓ 'अनंत'
आव.नि.३७१,३७९;

**अनंतय** *(अनन्तक)* વર્તમાન અવસર્પિણી કાળમાં જંબૂદ્વીપ ના ઐરવત ક્ષેત્રના ચૌદમાં તીર્થંકર, વૃત્તિકાર તેને **सिंहसेन** કહે છે.
सम.३४९;

**अनंतविजय** *(अनन्तविजय)* ભરતક્ષેત્રમાં થનારા ચોવીસમાં ભાવિ તીર્થંકર.
सम. ३५८;

**अनंतवीरिय** *(अनन्तवीर्य)* હસ્તિનાપુરના રાજા **कृतवीर्य** ના પિતા. મૃગકોષ્ઠગના રાજા **जियसत्तु** ના જમાઈ, એક વખત તેણે **जमदग्गि** ની પત્ની તથા **परसुराम** ની માતા અને પોતાની પત્નીની બહેન એવી **रेणुगा** સાથે સંભોગ કર્યો. પરશુરામે ગુસ્સે થઈ તેને મારી નાંખ્યો.
आया.चू.पृ.४९, आया.(मू.६३) वृ,
सूय.(मू.४२०)वृ. आव.चू.१-पृ.५२०
आव.(नि.९१८)वृ.

**अनंतसेन** *(अनन्तसेन)* ભદ્દીલપુરના નાગ ગાથાપતિ અને **सुलसा** નો પુત્ર, ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. મોક્ષે ગયા.
अंत. १०;

**अनंध** *(अनन्ध)* અંધપુરનો રાજા. તે નગરના અંધજનોની સર્વ પ્રકારે સેવા કરતો હતો કાળક્રમે અંધજનો સુખી થયા. કોઈ હલકા માણસની જાણમાં આ વાત આવી. તે બધાં અંધજનોને લાલચ આપી સાથે લઈ ગયો, રસ્તામાં તેમને લુંટી લીધા.
निसी.(भा.३७००)चू. बुह.भा १३८९;

**अनादिट्ठि** *(अनार्दष्टि)* જુઓ अनाहिट्ठि
अंत.१०,१४;

**अनाहमुनि** (अनाथमुनि) (ખરેખર આવું કોઈ નામ નથી) જગતમાં 'અનાથી મુની' થી પ્રસિદ્ધ કથાનક છે.)

राजा सेणिअ મુનિને જોઈ વિસ્મીત થયો, કરુણા ભાવે તેના નાથ થવા આશ્વાસન આપ્યું. મુનિએ તેને અનાથતાનો મર્મ સમજાવ્યો. મૂળ કૌસાંબી નો રાજવી, તેને આંખમાં ભયંકર વેદના થઈ, કોઈ મટાડી ન શક્યું. ત્યારે અનાથતા સમજાઈ. દીક્ષા ગ્રહણ કરી, વેદના શાંત થઈ ગઈ. **सेणिअ** ને **महानिग्गंथी** અધ્યયન કહી બોધ પમાડ્યો
उत्त. ७१३-७७२;

**अनाहिट्ठि** *(अर्नादृष्टि)* **बारावई** ના એક રાજા **वसुदेव** અને રાણી **धारिणी** નો પુત્ર ભ૦અરિષ્ટ નેમિ પાસે દીક્ષા લીધી. શત્રુંજયે મોક્ષે ગયા. તેનું નામ '**अनाधिट्ठि**' પણ છે.
अंत. १०,१४;

**अनिय** *(अनिय)* **बारावई** ના એક રાજા **बलदेव** અને રાણી રેવઇ નો પુત્ર. ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા.
वण्हि २,४;

**अनियट्टि** *(अनिवर्तिन्)* ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનારા વીસમાં તીર્થંકર, જે મૂળ 'दीवायन' નો જીવ હતો.
सम. ३५८,३६३;

**अनियस** *(अनियस)* જુઓ 'अनीयस'
अंत. १०

**अनिरुद्ध** *(अनिरुद्ध)* પિતા **पज्जुण** અને **वेदब्भी** નો પુત્ર. ભ૦અરિષ્ટનેમિપાસે દીક્ષા લીધી. શત્રુંજયે પર્વતે મોક્ષે ગયા.
अंत. १६,१७

**अनिल** *(अनिल)* ઉજ્જેની ના રાજા 'जव' ના પિતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुह (भा.११५६-) वृ.

**अनिहय** *(अनिहत)* ભદ્દિલપુરના ગાથાપતિ નાગ અને સુલસા નો પુત્ર ભ૰ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. શત્રુંજયે મોક્ષે ગયા.
अंत.१०;

**अनीयस** *(अनीयशस्)* ભદ્દિલપુરના ગાથાપતિ અને સુલસા નો પુત્ર. શેષ अनिहय મુજબ
अंत.१०;

**अनुज्जा** *(अनवद्या)* ભ૰ મહાવીરની પુત્રી पियदंसणा નું બીજું નામ, તે जमालि ની પત્ની હતી તેની પુત્રીનું નામ जसवती હતું. अनुज्जा ને अनोज्जगा પણ કહે છે.
आया.५११; आव.(नि.७८३) भा.१२६+वृ
आव.चू. १-पृ. २४५;

**अनुद्धरी** *(अनुद्धरी)* જુઓ अनुधरी
आव.(नि.१३०८-)वृ.

**अनुधरी** *(अनुधरी)* દ્વારાવતી નગરીના अरहदेव ની પત્ની અને जिनदेव ની માતા
आव.नि.१३०८;
आव.चू.२-पृ २०२;

**अनुमतिया** *(अनुमतिका)* ઉજ્જેનીના રાજા देवलासुअ ની ગુલામ સ્ત્રી, તે રાજાના વિશેષ સંબંધમાં હતી.
आव.चू.२-पृ.२०३;

**अनुरत्तलोयणा** *(अनुरक्तलोचना)* ઉજ્જેનીના રાજા देवलासुअ ની પત્ની (રાણી) अद्धसंकासा તેની પુત્રી હતી.
आव नि.१३०९+वृ. आव.चू.२-पृ.२०३;

**अनुवालअ** *(अनुपालक)* ગોશાળાના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક ઉપાસક
भग. ४०३;

**अनोज्जगा** *(अनवद्यका)* જુઓ अनुज्जा
आव.चू. १-पृ.२४५;

**अनोज्जा** *(अनवद्या)* જુઓ अनुज्जा
आया. ५११; आव. भा. १२६+ वृ.

**अन्नवालअ** *(अन्यपालक)* कालोदाई વગેરે સાંથે વસતો એક અન્યતીર્થિક, જે પછીથી ભ૰ મહાવીરના માર્ગનો અનુસરનાર બન્યો
भग. ३७७;

**१-अपराइय** *(अपराजित)* અચલપુરના રાજા जियसत्तु ના પુત્ર, તેણે 'राहायरिय' પાસે દીક્ષા લીધી. તેણે ઉજ્જેનીમાં સાધુ વિરોધી એક રાજાને ભીક્ષા આપેલી.
उत्त.चू.पृ.६२;

**२-अपराइय** *(अपराजित)* આ ચોવીસીના આ ચોવીસીના તીર્થંકર ભ૰'अइ' ના પ્રથમ ભિક્ષાદાતા
सम.२९२; आव.नि.३२९;

**१-अपराइया** *(अपराजिता)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી, ભ૰પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની અગ્રમહિષી બની. તેનું 'फुडा' એવું પણ નામ આવે છે.
ठा. २८७; भग. ४८९;
नाया. २३२;

**२-अपराइया** *(अपराजिता)* આઠમા બલદેવ पउम ની માતા અને दसरह ની પત્ની.
सम. ३२६; आव.नि.४१०;

**अप्पडिहअ** *(अप्रतिहत)* સોગંધિકા નગરીનો રાજા, જેની सुकण्णा પત્ની (રાણી) હતી. તેનો પુત્ર महचंद હતો. जिनदास પૌત્ર હતો.
विवा.४१;

**अभअ** *(अभय)* શ્રેણિક રાજાની રાણી નંદા નો પુત્ર, તેનો જન્મ બેનાતટ નગરે થયેલો अभयकुमार નામથી તે પ્રસિદ્ધ હતો. બુદ્ધિ પ્રધાનતા માટે તેનું નામ જૈન શાસનમાં પ્રસિદ્ધ છે. રાજા શ્રેણિકે તેને મુખ્યમંત્રી બનાવેલ. તેના લગ્ન सेणा સાથે થયેલા.

તેની લઘુમાતા चेल्लणा ને રાજા सेणिअ નું માંસ ખાવાની ઇચ્છા થઈ ત્યારે પોતાની બુદ્ધિ વડે अभअ કુમારે તે ઇચ્છા પૂર્ણ કરેલી. આર્દ્રકુમાર ને દીક્ષા માટે પણ તે નિમિત્ત બનેલા. તેણે પોતે પણ દીક્ષા માટે રાજ્યનો ત્યાગ કરેલો. લઘુમતા धारिणी ના અકાળ મેઘવર્ષા માટેના દોહદ પણ પૂર્ણ કરેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभअ દીક્ષા લઈ, મૃત્યુબાદ અનુતર વિમાનમાં ગયા. મહાવિદેહે મોક્ષે જશે.
सूय.चू.पृ. ७८,२१९,३६२,४१५;
सूय.(नि.५९,१९६,२४७,७३८) वृ.
ठा.(मू.३६०-)वृ. नाया.१०,२०-२३;
अनुत्त. १,२; निर.९,१०;
बुह.भा.१७२-वृ. वव.भा.६३,१२९१-वृ.
आव.नि.९४३; आव.चू.१-पृ.११४,४६८.५४७ ५५७,५५८; २-पृ.६१, १५९-१६२,१६५,१६०,१७१
आव.नि.-१३४,८४७,९४९,१२८४-वृ.
दस.चू.४४,४५,५३,८३,८४;
दस.(नि.२-१८५)वृ. नंदी.मू.-९८,१०७ वृ.

**१-अभग्गसेन** *(अभग्गसेन)* સાલા અટવીના ચોર સેનાપતિ विजय અને खंदसिरि નો પુત્ર તે ૫૦૦ ચોરોનો સેનાપતિ બન્યો પુરિમ તાલના રાજા महब्बल દ્વારા કૂટનીતિથી પકડાયો. રાજાએ તે ચોરને કુંટુંબ સહિત મારી નાંખેલ. પૂર્વ ભવમાં તે निन्नाअ નામે ઇંડાનો વ્યાપારી હતો.
ठा. (मू.९६८-)वृ. विवा.३,२१-२३

**२-अभग्गसेन** *(अभग्गसेन)* વારત્તપુરનો રાજા, वारत्तग તેનો મંત્રી હતો. अभग्गसेन નો अभयसेन નામે પણ ઉલ્લેખ છે.
निसी (भा.५८९०-)चू. आव.नि.१२९८;
आव.चू. २-पृ. १९९;

**अभय** *(अभय)* જુઓ 'अभअ'
नाया.२२; आव.चू.१-पृ-५४७;

**अभयकुमार** *(अभयकुमार)* જુઓ अभअ
सूय.चू.पृ.४१५;
नाया. २२, अनुत्त.१,

**अभयघोस** *(अभयघोष)* પભંકરાનગરીના એક ગાથાપતિનો પુત્ર सेज्जंस નો પૂર્વભવ
आव.चू. १-पृ.१७९;

**अभयसेन** *(अभयसेन)* अभग्गसेन નું બીજું નામ, વારત્તપુરનો રાજા
बुह.(भा.४०६६)वृ. आव.नि.१३०३+वृ.
पिंडनि. ६७०-वृ.

**अभया** *(अभया)* ચંપાનગરીની રાણી, રાજા दधिवाहन ની પત્ની.
आव.चू.१-पृ.३१५;

**१-अभिचंद** *(अभिचन्द)* ભ૦ મલ્લિનો જીવ જે પૂર્વભવમાં महब्बल કુમાર હતો, તે વખતનો એક મિત્ર જેણે महब्बल સાથે દીક્ષા લીધી. કથા જુઓ मल्लि.
नाया.७६;

**२-अभिचंद** *(अभिचन्द)* રાજા अंधगवण्हि અને રાણી धारिणी નો પુત્ર ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, સોળ વર્ષ નો સંયમ પાળી મોક્ષે ગયા.
अंत.८;

**३-अभिचंद** *(अभिचन्द)* આ અવસર્પિણી માં ભરતક્ષેત્રમાં થયેલા પંદર કુલકરમાંના દશમાં કુલકર-જેના શાસનમાં मक्कार દંડનીતિ હતી. पडिरूवा તેની પત્ની હતી.
ठा. ५६९,६४९; सम.१८८,२६०;
आव.नि. १५५,१५६;

**अभिनंदन** *(अभिनन्दन)* ભરતક્ષેત્રની આ ચોવીસી ના ચોથા તીર્થંકર, વિનીતા નગરીના રાજા संवर અને રાણી सिद्धत्था ના પુત્ર. તેના દેહનો વર્ણ સુવર્ણ હતો. ૧૦૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી. તેને ૧૧૬ ગણ અને ૧૧૬ ગણધર હતા. ૫૦ લાખ પૂર્વનું આયુષ્ય હતુ. સમ્મેત શીખરે મોક્ષે ગયા. વગેરે.....વગેરે...
सम.२६३-३११; आव ४.४१;
आव.नि.२२५,२५६,२६०,२६९,२८०,३०३,३०७, ३२७,३७६,३८२-३८६ ;

**अमीति** *(अमिति)* જુઓ अभीयिकुमार
ठा.(मू.७३२)वृ. भग. ५८७,५८८;

**अमीयिकुमार** *(अमीतिकुमार)* વીતીભયનગર ના રાજા ઉદાયન અને રાણી પદ્માવતી / પ્રભાવતીનો પુત્ર. ઉદાયને ભાણેજ केसी ને રાજ્ય આપતા अभीयि રાજા कूणिय પાસે ચંપાનગરી ગયો, પછી દીક્ષા લીધી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્યુબાદ અસુરકુમાર દેવ થયો. કથા જુઓ. उद्दायन
भग. ५८७, ५८८;

**अमम** *(अमम)* કૃષ્ણ વાસુદેવનો જીવ જે આવતી ચોવીસીમાં શતદ્વાર નગરમાં જન્મ લઈ, ભાવિ બારમાં તીર્થંકર થશે તે अमम. (समवाओ આગમમાં આ ક્રમ તેરમો છે.)
ठा. ८७०; ठा.(मू. ७३८)वृ.
सम. ३५७, ३६२; अंत. २०;

**अमयघोस** *(अमृतघोष)* કાકંદી નગરીનો રાજા, તેણે દીક્ષા લીધી. વિચરતા ફરી કાકંદીનગરી આવ્યા ત્યારે પૂર્વવૈરી चंडवेग રાજાએ શસ્ત્ર પ્રહારથી હણ્યા, તો પણ સમાધિ જાળવી ઉત્તમાર્થ સાધ્યો.
संथा. ७६-७८;

**अमरवइ** *(अमरपति)* ભ૰મલ્લિ પાસે દીક્ષા લેનાર એક જ્ઞાતકુમાર.
नाया. १०७;

**अमरसेन** *(अमरसेन)* ભ૰મલ્લિ પાસે દીક્ષા લેનાર એક જ્ઞાતકુમાર.
नाया. १०७;

**अमियतेय** *(अमिततेज)* એક ચારણ મુનિ
आव.चू. १-पृ. १७१;

**अमोहरह** *(अमोघरथ)* ઉજ્જૈનીના રાજા जियसत्तु નો સારથી, તેની પત્ની जसमती હતી. તેનો પુત્ર अगडदत्त હતો.
उत्त.(मू.१२१-)वृ.

**१- अम्मड** *(अम्बड)* એક બ્રાહ્મણ પરિવ્રાજક, તે વેદ-આદિમાં પારંગત હતો. વિવિધ વિષયનો જ્ઞાતા હતો. તેને ઘણા વ્રત-નિયમો હતા. ભ૰ મહાવીરના માર્ગ અનુસાર જીવન વ્યતીત કરતો હતો. તેને ૭૦૦ શિષ્યો હતા. કંપિલપુર થી પુરિમતાલ જતા માર્ગમાં પાણી ખલાસ થયું. अदत्त ન લેવાનો નિયમ હોવાથી તરસની વેદના ભોગવતા બધાં મૃત્યુ પામ્યા પણ પચ્ચકખાણ ન ભાંગ્યુ. મરીને બ્રહ્મલોકમાં દેવ થયા. મહાવિદેહ ક્ષેત્રમાં दढपइण्ण નામે કેવલી થઈ મોક્ષે જશે, તેનું अंबड (પરિવ્રાજક). નામ પ્રસિદ્ધ હતું.
भग. ६२६,६२७, उव.४५,४९,५०;

**२-अम्मड/अंबड** *(अम्बड)* ભ૰મહાવીરના એક શ્રાવક, ભગવંતે તેને सुलसा શ્રાવિકાને ધર્મલાભ જણાવવા કહેલ. અંબડે પહેલા सुलसा શ્રાવિકાની પરીક્ષા કરી, તેણીની સમ્યકૃત્વ દઢતા જાણી, પ્રસંશા કરી. આ अम्मड ભરતક્ષેત્રમાં ભાવિ ચોવીસીમાં તેવીસમાં તીર્થંકર થશે.
ठा. ८७१; सम. २६४,;
पन्न. (मू.१८९)वृ. निसी. (भा.३२-)चू.
दस.चू. पृ.९६; दस.(नि.१८३) वृ.

**अम्मया** *(अमृता)* પાંચમાં વાસુદેવ पुरिससीह ની માતા
सम. ३२४. आव.नि. ४०९;

**अयंपुल** *(अयम्पुल)* ગોશાળાનો ઉપાસક એવો શ્રાવસ્તી નગરીનો એક ધનાઢ્ય ગૃહસ્થ.
भग. ६५२

**१-अयल** *(अचल)* જુઓ अचल-१,
सम.३२१-३३७,३४४,३४५;

**२-अयल** *(अचल)* રાજા अंधगवण्हि અને રાણી धारिणी ના પુત્ર, ભ૰અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. બાર વર્ષ ચરિત્રવાળી શત્રુંજયે મોક્ષે ગયા.
अंत-२,६;

**अयलभाया** *(अचलमातृ)* ભ૰ મહાવીરના નવમાં ગણધર. તે કોસાંબીના वसु અને नंदा ના પુત્ર હતા. તેને શુભ-અશુભ કર્મ સંબંધે સંશય હતો. ભ૰ મહાવીરે તેના સંશયને દૂર કરતા તેણે પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. બોંતેરમેં વર્ષે તે મોક્ષે ગયા. તે अयल નામથી પણ ઓળખાય છે.
सम. १५०; आव.नि. ५९५,६३१
६४५, ६५२-६५६; नंदी-२१;

**अयावालगवायग** *(अजापालकवाचक)* એક વડીલ સાધુ જે પોતાના વ્રતમાંથી ચલિત થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બકરીઓ ઉછેરવામાં પ્રવૃત્ત થયા.
बुह.भा.४५३५-४५३८+वृ.

**अर** (अर) ભરતક્ષેત્રની વર્તમાન ચોવિસીના અઢારમાં તીર્થંકર, તે આ અવસર્પિણી ના બાર ચક્રવર્તીમાંના સાતમાં ચક્રવર્તી પણ હતા. ગજપુરના રાજા **सुदंसण** અને રાણી **देवी** ના પુત્ર હતા. **सूरसिरी** તેની મુખ્ય રાણી હતી. તેનો દેહ સુવર્ણ વર્ણનો હતો. ૧000 પુરુષ સાથે દીક્ષા લીધી. તેને ૩૩ ગણ અને ૩૩ ગણધર હતા. ૮૪000 વર્ષ આયુષ્ય ભોગવી મોક્ષે ગયા વગેરે વગેરે..
ठा. ४४७; सम. २६३-३२०;
आव. ६,४३; आव.नि.२२३-२२५, २३८, २५८-२६३, २६८, २७२-३०५, ३०७, ३२८, ३७१, ३७५, ३७७, ३८०, ३८३, ३९३, ३९८, ३९९, ४१८, ४२१, १०९५;

**अरहदत्ता** *(अर्हदत्ता)* સોગંધિક નગરીના રાજા **अप्पडिहअ** ના પુત્ર **महचंद** કુમારની પત્ની જેને **जिनदास** નામે પુત્ર હતો.
विवा.४१;

**अरहन्न** *(अर्हन्न)* જુઓ 'अरहन्नअ-२' તગર નગરીના **दत्त** અને **भद्दा** નો પુત્ર
आव.चू. २-पृ.९६;

**१- अरहन्नअ** *(अर्हन्नक)* જુઓ **अरहन्नग**
नाया. ८७-८८;

**२-अरहन्नअ** *(अर्हन्नक)* તગર નગરીના **दत्त** અને **भद्दा** નો પુત્ર તેના માતા-પિતા સાથે તેણે દીક્ષા લીધી. **अरिहमित्त** ના શિષ્ય બન્યા. તેના પિતાસાધુના મૃત્યુ થતાં તેને ભિક્ષા લેવા જવાનું થયું. ગરમી સહન ન થઈ, દીક્ષા છોડી કોઈ સ્ત્રી સાથે રહેવા લાગ્યો. તેની માતાની શીખામણ થી ફરી સાધુ થઈ ધગધગતી શીલા ઉપર અનશન કર્યું.
मरण. ४७८,४९०; वव.भा.१७०२;
जिय भा.८१८; आव.चू.२-पृ. ९३;
उत्त.नि. ९२+वृ.

**३-अरहन्नअ** *(अर्हनक)* ક્ષિતિપ્રતિષ્ઠિતના **अरहमित्त** ના મોટાભાઈ, તેની પત્ની તેના નાના ભાઈના પ્રેમમાં હતી. તેણીએ **अरहन्नअ** ને મારી નાંખેલ
आव.चू.१-पृ ५१५; आव(नि.९१८)वृ.

**अरहन्नग** *(अर्हन्नक)* ચંપાનગરીનો એક ધનાઢ્ય નૌ-વાણિક, તે ઘણો શ્રદ્ધાળુ હતો. એક વખત લવણ સમુદ્રમાં દેવે પિશાચરૂપ લઈ ઉપદ્રવ કર્યો. અર્હન્નક શ્રાવકે અરિહંત શરણ લઈ કાયોત્સર્ગ કર્યો. દેવ પ્રસન્ન થયો અને દિવ્ય કુંડળ ભેટ આપ્યા. જે તેણે **मल्लि** ને ભેટ આપ્યા. કથા જુઓ 'मल्लि'.
ठा. (मू.६६४-) वृ. नाया.८७,८८,

**१-अरहमित्त** *(अर्हन्‌मित्रा)* ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના **अरहन्नअ** નો નાનો ભાઈ **अरहन्नअ** ની પત્ની તેના પ્રેમમાં હતી. **अरहमित्त** ને પ્રાપ્ત કરવા **अरहन्नअ** ની પત્ની એ પતિને મારી નાખ્યા **अरहमित्त** આ બનાવથી દુ:ખી થયો અને તેણે દીક્ષા લીધી. પેલી સ્ત્રી મરીને વ્યંતરી થઈ **अरहमित्त** ને ખૂબ પરેશાન કર્યા.
गच्छा.(मू.८२-)वृ. आव. चू १-पृ ५१४;
आव. (नि.९१८)वृ.

**२-अरहमित्त** *(अर्हन्‌मित्रा)* બારામતીનો એક વેપારી, **अनुधरी** તેની પત્ની હતી અને **जिनदेव** તેમનો પુત્ર હતો.
आव.चू. २-पृ २०२; आव.(नि.१३०८)वृ.

**३-अरहमित** *(अर्हन्‌मित्रा)* તગરનગરી માં થયેલુ જુઓ 'अरहन्नअ-२'
उत्त.नि.९२३+वृ.

**अरिट्ठ** *(अरिष्ट)* ભરતક્ષેત્રની આ ચોવીસીના પંદરમાં તીર્થંકર **धम्म** ના પહેલા શિષ્ય
सम. ३०६;

**अरिट्ठनेमि** *(अरिष्टनेमि)* ભરતક્ષેત્રની આ ચોવીસીના બાવીશમાં તીર્થંકર જે **नेमिनाथ** નામથી પ્રસિદ્ધ છે. જુઓ 'नेमि' તે હરિવંશ કુળના હતા. સૌરીયપુરના રાજા **समुद्दविजय** અને રાણી **सिवा** ના પુત્ર હતા. **रहनेमि**, **सच्चनेमि** આદિ તેના ભાઈ હતા. દેહનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણશ્યામ હતો. તેમને ૧૮ ગણ ૧૮ગણધર થયા ૧૦૦૦ વર્ષ આયુપાળી મોક્ષે ગયા.

बारावई નગરીના વિચરણ દરમિયાન गजसुकुमाल ની, ગૌતમઆદિ અનેક કુમારો ની, કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણી ઓની એવી અનેક દીક્ષાઓ થઈ તેના राईमई સાથે વિવાહ નક્કી થયેલા પણ હોમ માટેના પશુઓને જોઈને જાન પાછી વાળી, રૈવતગિરિ પર દીક્ષા લીધી. પછી થી राईमई એ પણ દીક્ષા લીધી.

કૃષ્ણ વાસુદેવને बारावई નગરીના વિનાશની વાત કરેલી ભાવિ ચોવીસીમાં કૃષ્ણ તીર્થંકર થશે તે પ્રસંગ પણ પ્રસિદ્ધ છે.

आया.(मू.३४५-)वृ. ठा.(६८९) वृ.
सम.२६३-२११; नाया. ६४,१८२;
अंत. ३,५,१३,१७,२०-२२; वण्हि-३;
आव.६,४३;
आव.नि.२२५,३२९,३७७,३८०,३८६-३८९;
आव चू. १-पृ.१५९,२२०;
आव (नि.७२४-) वृ.
दस.चू पृ.८७ उत्त.नि.४४४+ वृ.
नंदी. १९;

**अरिहमित्त** *(अर्हन्मित्रा)* જુઓ 'अरहमित्त-३'
उत्त.(नि.५२-)वृ.

**अलक्ख** *(अलथी)* ભંવાણારસીનો રાજા મહાવીર પાસે દીક્ષા લીધી.મોક્ષે ગયા.
अंत. २५,४०;

**अवइण्णग** *(अवकीर्णक)* જુઓ 'अवकिण्णपुत्त' (करकण्डु નું બીજું નામ)
आव.(भा.२०५-) वृ.

**अवंतिवद्धन** *(अवन्तिवर्द्धन)* ઉજ્જૈનીના રાજા पज्जोअ ના પુત્ર पालअ નો પુત્ર, તેણે તેના નાના ભાઈ रज्जवद्धन ને મારી નાંખેલ
आव.नि.१२८७+वृ. आव.चू.२-पृ.१८९,१९०

**अवंतिसुकुमाल** *(अवन्तिसुकुमार)* ઉજ્જૈનીના રહેવાસી भद्दा સાર્થવાહીનો પુત્ર તેને બત્રીશ પત્નીઓ હતી. આર્ય सुहत्थि પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈ પાદપોપગમ અનસન સ્વીકારેલ શિયાલણીએ તેનું આખું શરીર ત્રણ પ્રહર સુધી ખાધા કર્યુ તો પણ શુભધ્યાનમાં રહ્યા ને કેવળપામી મોક્ષે ગયા.
आया.(मू.२४८-)वृ, भत्त.१६०;
संथा.६५,६६; मरण ४३६-४४०;
वव भा.४४२२+वृ. जिय.भा. ५३६;
आव.चू.२.पृ.१५७,२९०, आव.(नि.१२८३) वृ

**अवंतिसेन** *(अवन्तिसेन)* ઉજ્જૈનીના રાજા पज्जोअ ના પુત્ર रज्जवद्धन નો પુત્ર. કોસાંબીમાં તેને मणिप्पभ સાથે યુદ્ધ થયેલ. धम्मजस થી પ્રતિબોધ પામી દીક્ષા લીધી. અનશન કરી, અંતિમ સાધના કરી.
मरण.४७५-४७८; निसी (भा.१३२-) चू.
बुह.(भा.३८६४-)वृ. आव.नि.१२८७+वृ
आव.चू.२-पृ १९०;

**अवंतिसोमाल** *(अवन्तिसुकुमार)* જુઓ 'अवंतिसुकुमाल'
निसी. चू.२-पृ.९०

**अवकिण्णपुत्त** *(अवकीर्णपुत्रा)* જુઓ 'अवइण्णग' જુઓ करकंडू
आव.चू.२-पृ २०४-२०७, आव(भा.२०५-) वृ.

**अवविह** *(अवविढ)* ગોશાળના બાર મુખ્ય ઉપાસકો માંનો એક ઉપાસક.
भग.४०३;

**असगडताअ** *(अशकटातात)* જ્ઞાન પરિસહ વિષયમાં 'असगडा' નામની આભિર કન્યાના પિતાનું દૃષ્ટાંત
मरण. ५०३;

**असगडा** *(अशकटा)* એક સુંદર આભિર કન્યા જે આ નામથી પ્રસિદ્ધ બની. તે બળદગાડું ચલાવતી હતી. કેટલાંક યુવાનો તેની સુંદરતા જોઈ પાગલ બન્યા. તેઓ આ કન્યાના ગાડાની સમાંતર પોતાના ગાડાને ચલાવવા લાગ્યા. માર્ગની વિષમતાને લીધે તે બધાના ગાડાં ભાગી ગયા. તેથી આ કન્યા असगडा નામે ઓળખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निसी. भा.१५; वव. (भा.६४-) वृ.
दस.चू.पृ.१००; उत्त.(नि.१२१-) वृ.

**अंससेन** *(अश्वसेन)* જુઓ आससेन, ભ૦પાર્શ્વના પિતા.
आव.नि. ३८२,

**असाडाभूइ** *(असाढाभूति)* જુઓ आसाढाभूइ
जिय.भा. १३९८;
पिंडनि.५१२-५१८;

**१-असोग** *(अशोक)* જુઓ 'असोगललिअ'
सम.३३२;

**२-असोग** *(अशोक)* चंदगुत्त ના પુત્ર बिंदुसार નો પુત્ર અને कुणाल ના પિતા. તે પાટલિપુત્રનો રાજા હતો.
निसी.(भा.२१५४-) चू.
बुह.भा. २९२-२९४ + वृ.

**असोगचंद** *(अशोकचन्द्र)* રાજા सेणिअ ના પુત્ર कूणिअ નું બીજું નામ.
आव.चू.१-पृ. ५६७, २-पृ १६७;
आव. (नि.१२८४-) वृ.

**असोगचंदअ** *(अशोकचन्द्रक)* જુઓ 'असोगचंद'
आव.चू.२.पृ.१७४,आव(नि.९५१,१२८४-)वृ.;

**असोगदत्त** *(अशोकदत्त)* સાકેતનગર નો એક ગાથાપતિ, समुद्दत्त અને सागरदत्त તેના પુત્રો હતા.
आव.चू.१-पृ.५२७, आव.(नि.९१८-)वृ.

**असोगललिअ** *(अशोकललित)* વર્તમાન ભરતમાં થયેલા ચોથા બલદેવના પૂર્વભવનું નામ તે 'सेज्जंस' સાધુ પાસે ધર્મ પામ્યો. (જો કે असोग અને ललिअ બંને અલગ નામ હોવા જોઈએ તો નવ બળદેવ થઈ શકે)
सम.३३२,

**असोगसिरि** *(अशोकश्रि)* જુઓ 'असोग-२'
बुह.भा. ३२७६;

**अस्सग्गीव** *(अश्वग्रीव)* વર્તમાન અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં નો પ્રથમ 'पडिसत्तु' (પ્રતિવાસુદેવ) તેને घोडगगीव પણ કહે છે.
सम.३४१,

**अस्ससेन** *(अश्वसेन)* સનત્ ચક્રવર્તીના પિતા
आव.नि.३८९,३९९;

**अस्सिणि** *(अश्विनी)* શ્રાવસ્તીના શ્રાવક नंदिनीपिया ની પત્ની અને વ્રતધારી શ્રાવિકા
उवा. ५७,६३;

**अहरदत्त** *(अर्हद्दत्त)* આત્મવિરાધનાના સંદર્ભમાં જેમનં દૃષ્ટાંત અપાય છે તેવા એક સાધુ વૃત્તિકાર તેનું નામ अरहन्नक લખે છે.
आया.चू.पृ.१८१; आया.(मू.१६९-) वृ.

**अहिलिया** *(अहिन्निका)* જેના માટે એક લડાઈ થઈ હતી તેવી સ્ત્રી, વૃતિકાર તેનું નામ अहिन्निका જણાવે છે.
पण्हा २०+वृ

**१-आइच्चजस** *(आदित्ययशस्)* આ અવસર્પિણીમાં થયેલા પહેલા ચક્રવર્તી 'भरह' નો પુત્ર. महाजस તેનો પુત્ર હતો. भरह પછી આઠ મહાપુરુષો મોક્ષે ગયા તેમાં પ્રથમ.
ठा. ७२७; ठा.(मू.२५४,९८२-) वृ.
आव.नि.३६३; आव.चू.१.पृ.२२८;
नंदी. (मू.१५०-) वृ.

**२-आइच्चजस** *(आदित्ययशस्)* ચારણમુનિ
आव.चू.१-पृ.२७१;

**आदिच्चजस** *(आदित्ययशस्)* જુઓ 'आइच्चजस-१'
ठा.७२७+वृ. आव.चू. १-पृ १७१;

**१-आनंद** *(आनंन्द)* ભરતક્ષેત્રના આ અવસર્પિણીના નવમાંના છઠ્ઠા બલદેવ. વાસુદેવ પુરિસપુંડરિઅ ના ભાઈ ચક્રપુરના રાજા महासिव અને રાણી वेजयंति ના પુત્ર
सम. ३३१-३३५, ३४४,३४५;
आव.नि. ४०३,४१४;

**२-आनंद** *(आनन्द)* રાજગૃહી નગરીનો એક ગૃહસ્થ વ્યાપારી, ભ૦મહાવીરે જેને ત્યાં બીજા માસક્ષમણનું પારણું કર્યું. ત્યારે પંચ દિવ્ય પ્રગટ થયેલા.
भग.६३९; आव.नि.४७४,४९७;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आव.चू.१-पृ.२८२,३००;

**३-आनंद** *(आनन्द)* ભ૦ મહાવીરના એક શિષ્ય. ગોશાળાએ તેને લોભી વાણિકના દૃષ્ટાંત થી પોતાની શક્તિની વાત કરી
ठा. (मू.१०००-) वृ. भग.६४६-६४८,

**४-आनंद** *(आनन्द)* વાણિજ્યગ્રામ નગરનો એક અતિ ધનાઢ્ય ગાથાપતિ. તેની પત્નીનું નામ **सिवानंदा** હતું. ભ.મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી તેણે શ્રાવકના બારે વ્રતો અંગીકાર કરેલા. શ્રાવકની અગિયાર પ્રતિજ્ઞા વહન કરી. ભ૦ મહાવીરના દશ ઉપાસકોમાંનો પહેલો ઉપાસક હતો. તેને અવધિજ્ઞાન થયેલું. ગૌતમ સ્વામીને શંકા થઈ. ભ.મહાવીર ના વચને શંકા દૂર થતા આનંદ શ્રાવકની ક્ષમાયાચના કરી. આનંદે છેલ્લે અનશન કર્યું. તે સમાધિમૃત્યુ મેળવીને સૌધર્મ દેવલોકે ગયો
ठा. (मू.३४५-)वृ. उवा.३,५-१९,६९,
आव. चू.१-पृ. ४५२;

**५-आनंद** *(आनन्द)* રાજા **सेणिअ** ના પુત્ર '**पिउसेनकण्ह** નો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુ બાદ પ્રાણકલ્પે દેવ થયો.
कप्प १,५;

**६-आनंद** *(आनन्द)* ભરતક્ષેત્રની આગામી ઉત્સર્પિણીમાં થનાર છઠ્ઠા બલદેવ.
सम.३७०;

**७-आनंद** *(आनन्द)* વર્તમાન ચોવીસીના દશમાં તીર્થંકર ભ૦'**सीअल**' ના પ્રથમ શિષ્ય
सम.३०६;

**८-आनंद** *(आनन्द)* વાણિજ્ય ગ્રામનો એક શ્રાવક ભ.મહાવીરના કેવળજ્ઞાન પૂર્વે તેને અવધિજ્ઞાન થયેલ તેણે જ્ઞાન વડે કહેલું કે ભ.મહાવીરને તુરંતમાં કેવળજ્ઞાન થશે. (તે आनंद-४ કરતા ભિન્ન છે. કેમકે आनंद-४ ને ભ૦ના કેવળજ્ઞાન પછી અવધિ થયું.)
आव.नि.४९५; आव.चू. १-पृ.३००;

**९-आनंद** *(आनन्द)* '**सानुलट्ठी**' ગામનો એક ગાથાપતિ '**बाहुलिया**' તેની નોકરાણી હતી.
आव.चू. १-पृ. ३००;

**आनंदरक्खिय** *(आनन्दरक्षित)* ભ૦પાર્શ્વની શાખાના એક સ્થવિર સાધુ-જેણે તુંગિકા નગરીના શ્રાવકની શંકાનું સમાધન આપેલ.
भग. १३३+वृ.

**आयवा** *(आतपा)* અરક્ષુરીનગરીના એક ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સૂર્યની અગ્રમહિષી બની
नाया. २३५.

**आवाड** *(आपात)* (આ વ્યક્તિનું નહીં પણ જાતિનું નામ છે.) ઉત્તર ભારતમાં સિંધુનદીને કાંઠે વસેલી એક **चिलाय** જાતિ. ચક્રવર્તી ભરતના લશ્કરના અગ્રભાગને તેણે છિન્નભિન્ન કરી નાંખેલ. છેલ્લે હારીને શરણે ગયા.
जंबू. ८०-९५;

**आसग्गीव** *(अश्वग्रीव)* આ અવસર્પિણીતા પ્રથમ પ્રતિવાસુદેવ જુઓ '**अस्सग्गीव**'
सूय.चू.पृ.३४१ आव.चू.१-पृ.२३३,२३४;

**आसड** *(आसड)* માયા પ્રપંચ અને દંભથી ચાર ગતિમાં ભ્રમણ કરનાર એક સાધુ તે **भूईक्ख** આર્યના શિષ્ય હતા. વિષય પીડા ઉત્પન્ન થઈ ત્યારે સૂત્ર-અર્થની વિચારણા કરી સ્વમતિથી ઘોર પ્રાયશ્ચિત કરેલ. શલ્યયુક્ત તપને કારણે વાણવ્યંતર દેવ થયો. ઘણાં દારુણ ભવો કરી મથુરા માં નિર્વાણ પામશે.
महानि. ८९४-१००९;

**आसत्थाम** *(अश्वस्थामन्)* હસ્તિનાપુરનો રહેવાસી, જેને **दोवई** ના સ્વયંવર માં નિમંત્રેલ મળેલ
नाया. २७०.

**आसमित्त** *(अश्वमित्रा)* સાત નિહ્નવમાંનો ચોથો નિહ્નવ. તેણે **समुच्छेय** સિદ્ધાંતની સ્થાપના કરી, તે મુજબ પ્રત્યેક વસ્તુ ક્ષણિક છે. પ્રત્યેક સમયે પરિવર્તનશીલ છે. તે **महागिरि** ના શિષ્ય **कोडिन्न** ના શિષ્ય હતા. **अनुप्पवादपुव्व** ના અભ્યાસ દરમિયાન એક સૂત્રપાઠમાંથી તેણે આ નિહ્નવમત સ્થાપીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો. જે પછીથી છોડી દીધેલ.
ठा. ६८८; निसी भा.५६००;
आव.भा.१३२; आव.चू.१.-पृ ४२२;
उत्त.नि.१६५, १७०+वृ.

**आससेन** *(अश्वसेन)* વારાણસીના રાજા અને તેવીસમાં તીર્થંકર ભ.પાર્શ્વના પિતા તેની પત્ની (રાણી) નું નામ **वामा** હતુ. તેમનું **अस्ससेन** નામ પ્રસિદ્ધ છે.
सम. २६६; आव.नि.३८२;

**आसागर** *(आश्वाकर)* સાતમાં બલદેવ 'नंदन' અને સાતમાં વાસુદેવ 'दत्त' ના પૂર્વભવના ધર્માચાર્ય તેને 'सागर' પણ કહે છે.
सम. ३३४;

**१.आसाढ** *(आषाढ)* ભ૦મહાવીરના શાસનમાં થયેલ ત્રીજા નિહ્નવ. તેણે જ્ઞાનની અચોક્કસતાનો સિદ્ધાંત સ્થાપેલો. આચાર્ય **आसाढ** નું અચાનક મૃત્યુ થયું. તે **नलिनीगुम्म** વિમાને ઉત્પન્ન થયા. તેઓ શિષ્ય પ્રત્યેની કરુણાને લીધે દેવલોકથી આવી તુરંતજ માનવશરીરમાં પ્રવેશ કર્યો. શિષ્યોના અધુરા યોગદ્વહન પુરા કરાવ્યા. પછી શિષ્યોને સાચી વાત કરી વંદના કરાવ્યા બદલ ક્ષમા માંગી સ્વર્ગે પાછા ગયા. ત્યાર પછી શિષ્યોમાં પરસ્પર અવિશ્વાસ ઉત્પન્ન થયો. તેઓએ સિદ્ધાંત સ્થાપ્યો કે કોઈના વિષયમાં ચોક્કસ જ્ઞાન (માહિતી) મળી શકે નહી. રાજા **बलभद्द** દ્વારા મત છોડવા સમજાવ્યું.
ठा. ६८८; आव.नि. ७८०;
आव भा.१२९,१३० आव. चू.१-पृ ४२९;
उत्त.नि. १६५+वृ.

**२-आसाढ** *(आषाढ)* એક આચાર્ય. તેમનાજે શિષ્ય મૃત્યુ પામે તેમની પાસે વચન લેતા કે સ્વર્ગમાં ગયા પછી શિષ્યએ ફરી મળવા આવવું, પણ કોઈ મળવા ન આવ્યું. તેને લીધે આચાર્ય 'आसाढ' ને શંકા થઈ કે સ્વર્ગ અને નરક હશે કે નહીં ? તેના એક શિષ્યએ દેવ લોકથી આવી છ માસ સુધી નાટક દેખાડ્યા, અંતે દેવતાએ તેમને સત્ય સમજાવ્યું.
सम.(मू.२२२-)वृ, निसी.(भा.३२-चू.)
दस.चू.पृ. ९६-१०३, उत्त.(नि.१२३-) वृ.

**आसाढभूइ** *(आषाढाभूति)* **धम्मरुइ** ના શિષ્ય, એક વખત પ્રખ્યાત નટ વિશ્વકર્મા ને ઘેર ગૌચરી માટે ગયા. સ્વાદીષ્ટ લાડવો મળ્યો, તેને થયું કે આ લાડવો તો આચાર્ય લઈ લેશે, તેમણે મુખાકૃતિ વગેરે બદલી-બદલી ફરીફરી લાડુ મેળવ્યા. પેલા નટે આ જોઈને વિચાર્યુ કે આ સાધુ નટકળામાં બહુ ઉપયોગી છે. પોતાની બંને સુંદર પુત્રીને કહ્યુ આ સાધુ ને આકર્ષિત કરો અંતે **आसाढाभूइ** એ દીક્ષા છોડી નટકન્યા સાથે વિવાહ કર્યો. નટોનો અધિપતિ બન્યો. છેલ્લે **भरह** ચક્રવર્તીનું નાટક કરતા કેવળી થઈ મોક્ષે ગયા
सूय.चू.पृ.३६३, सूय (मू.१४८-) वृ.
मरण.५०३. वव.(भा.११४५-)वृ.
जिय भा १३९८-१४११, पिंडनि ५१२-५१८+वृ

**आसिल** *(आसिल)* એક અન્યતીર્થિ સાધુનું લઘુ દૃષ્ટાંત-તે સચિત્ત પાણી-બીજ આદિનો ઉપયોગ કરતા હતા..
सूय. २२७+वृ.

**आसुरी** *(आसुरी)* 'कविल' ના શિષ્ય. દેવરૂપે જન્મ્યા પછી **कविले** તેને ષષ્ઠીતંત્ર ભણાવેલ
आव.चू. १-पृ २२९;

**इंगालमद्दग** *(अङ्गारमर्दक)* વ્રતપાલનમાં અસમર્થ એવા આચાર્ય.
ठा.(मू. ६१-) वृ.

**इंद** *(इन्द्र)* ભ૦મલ્લિના પ્રથમ શિષ્ય.
सम.३०६;

**इंदजसा** *(इन्द्रयशा)* કંપિલપુરના રાજા **बंभ** ની એક પત્ની (રાણી)
उत्त.नि.३३८+वृ.

**१-इंददत्त** *(इन्द्रदत्त)* ઇન્દ્રપુર નગરનો રાજા તેના નગરમાં **पुढविसिरी** ગણિકા હતી.
विवा.३४;

**२-इंददत्त** *(इन्द्रदत्त)* મણિપુરના ગાથાપતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नागदत्ते જેને પારણે શુદ્ધ આહારનું દાન કર્યું તેવા એક ઉગ્ર તપસ્વી સાધુ. આ સાધુ इंदपुत्त પણ કહેવાય છે.
विवा.४३;

**३-इंददत्त** *(इन्द्रदत्त)* મથુરાનો એક રાજકુમાર જેને પગછેદન કષ્ટ થયેલ.
मरण.५०२; उत्त.(नि.११८-)वृ.

**४-इंददत्त** *(इन्द्रदत्त)* એક બ્રાહ્મણ ગુરુ અને कविल ના પિતાનો મિત્ર.
उत्त.नि.२५३+वृ.

**५-इंददत्त** *(इन्द्रदत्त)* બારમાં તીર્થંકર ભ૦ વાસુપૂજ્ય નો પૂર્વભવ.
सम. २७३;

**६-इंददत्त** *(इन्द्रदत्त)* गिरिफुल्लिग નગરનો એક ગાથાપતિ
निसी.भा.४४४६ -४४५२,

**७-इंददत्त** *(इन्द्रदत्त)* એક ધનાઢ્ય ગાથાપતિનો પુત્ર જેણે રાજકુમારી સાથે લગ્ન કરેલા
आया.चू.पृ.१८६; आया.(मू.१७२-) वृ.

**८-इंददत्त** *(इन्द्रदत्त)* ઇંદ્રપુરનો રાજા તેને અલગ અલગ રાણીઓથી બાવીશ પુત્રો હતા તેમાં તેને सुरिंददत्त નામનો પુત્ર હતો. (કદાચ इंददत्त-१ અને ८ એક પણ હોય)
वव.भा.२६५५+वृ. आव.नि. १२९१;
आव.चू.१-पृ. ४४८; आव. (नि.८३२, ९९८, १२९२-)वृ. उत्त.(नि.२६०-)वृ.

**इंदनाग** *(इन्द्रनाग)* જિર્ણપુરનો એક રહેવાસી. તે બાલતપસ્વી તરીકે પ્રખ્યાત હતો. ગૌતમ સ્વામી તેને મળેલા.
आया.चू.पृ.१२,१३४,१३९;
आया.(मू.१३९-)वृ. आव.नि. ८४७+वृ.
आव.चू. १. पृ. ४६६;

**इंदपुत्त** *(इन्द्रपुत्र)* જુઓ 'इंददत्त-२'
विवा-४३;

**इंदभूइ** *(इन्द्रभूति)* ભ૦મહાવીર ના પ્રથમ શિષ્ય, જેનું ગૌત્ર ગૌતમ હતું. સર્વત્ર 'गोयम' નામથી પ્રસિધ્ધ થયેલ. જુઓ 'गोयम'

આગમોમાં અનેક સ્થાને તેની દૈનિક સંયમ ચર્યા, દેહ તથા તપ-બ્રહ્મ ચર્યાદિ ગુણોનું વર્ણન આવે છે. તત્ત્વ નિર્ણય માટે વિવિધ પ્રશ્નોની પૃચ્છા પણ આવે છે. જીવ વિષયક શંકાનું નિવારણ થતા તેણે ભ૦મહાવીર પાસે દીક્ષા લીધેલી

ગોબ્બરગામના वसुभूइ અને पुढवी ના પુત્ર, ૯૨ વર્ષ આયુ ભોગવી મોક્ષે ગયા.
सम.१७१,३०६; भग.१३४,३७७;
विवा. ६; उव.४४;
आव.नि.५९४, ६४४, ६४९;
आव.चू. १-पृ. ३३५,३८३;

**इंदभूति** *(इन्द्रभूति)* જુઓ 'इदभूइ'
भग.८,९; सूर. २;
चंद.२१;

**१-इंदसम्म** *(इन्द्रसर्मन्)* અસ્થિકગ્રામનો એક બ્રાહ્મણ, તે શૂલપાણી યક્ષનો ભક્ત હતો.
आव.नि. २६४;
आव.चू.१-पृ. २७२;

**२-इंदसम्म** *(इन्द्रशर्मन्)* મોરાગ સન્નિવેશ નો એક ગાથાપતિ
आव.नि.४६६;

**इंदसिरी** *(इन्द्रश्री)* बंमदत्त ચક્રવર્તીના પિતા बंम ની એક રાણી
उत्त.नि. ३३८+वृ.

**इंदा** *(इन्द्रा)* વાણારસીના એક ગૃહપતિની પુત્રી. દીક્ષા લીધી. મૃત્યુબાદ ધરણેન્દ્રની અગ્રમહિષી બની.
नाया. २२६;

**इंदुवसु** *(इन्दुवसु)* बंभदत्त ચક્રવર્તીના પિતા बंभ ની એક રાણી.
उत्त.नि. ३३८+वृ.

**इक्काइ** *(एकादि)* જુઓ 'एक्काई' मियापुत्त-१ નો પૂર્વભવનો જીવ. જેનું વૃત્તિ માં इक्काइ નામ છે અને મૂલ માં एक्काइ તરીકે પણ ઉલ્લેખ છે. વિજયવર્દ્ધમાન ખેટકનો વહીવટદાર, તે ઘણોક્રુર હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विवा.९;

**इक्काहरट्ठकूड** *(एकादिराष्ट्रकूट)* જુઓ 'इक्काई' विवा ७,९;

**इल** *(इल)* વાણારસી નગરીનો ગાથાપતિ, જેની પત્ની इलसिरी અને પુત્રી इला હતા.
नाया. २२६;

**इलसिरी** *(इलश्री)* વાણારસીના એક ગાથાપતિ इल ની પત્ની અને इला ની માતા
नाया. २२६;

**इला** *(इला)* વાણારસીના ગાથાપતિ इल અને इलसिरि ની પુત્રી. ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ધરણેન્દ્રની દેવી બની.
भग. ४८९; नाया. २२६;
पुप्फ-२; आव. चू.१-पृ.४८४;

**इलाइपुत्त** *(इलाचिपुत्र)* ઈલાવર્ધન નગરના એક ગાથાપતિ નો પુત્ર, તે કોઈ નટડીના મોહમાં પડયો. લાંબો સમય તેની સાથે રહ્યો. એક વખત વાંસ વડે નૃત્ય કરતો હતો ત્યારે કોઈ મુનિને જોઈને બોધ પામ્યો, ત્યાંજ કેવળજ્ઞાન થયું, મોક્ષે ગયા.
सूय.चू.पृ. २११,

**इलादेवी** *(इलादेवी)* સૌધર્મ કલ્પની એક દેવી ભ.મહાવીર સન્મુખ નાટ્ય વિધિ દેખાડી, વંદના કરી, પૂર્વ જન્મમાં તે ગાથાપતિપુત્રી હતી. ભ.પાર્શ્વના શાસનમાં દીક્ષા લીધેલી.
नाया. २२६; पुप्फ - २;

**इलापुत्त** *(इलापुत्र)* જુઓ 'इलाइपुत्त' મુનિ
सूय.(मू.४२४-)वृ. मरण.४८४;
आव.नि.८४७,८६६,८७९+वृ.
आव.चू. १-पृ. ४८४,४९८;

**इसिदास** *(क्रिषदत्त)* રાજગૃહીના भद्दा સાર્થવાહીનો પુત્ર, ભ० મહાવીર પાસે દીક્ષા લીધી . સર્વાર્થસિદ્ધ વિમાને ઉત્પન્ન થયા.
अनुत्त. ८,१३;

**इसिदिन्न** *(ऋषिदत्त)* વર્તમાન અવસર્પિણીમાં જંબૂદ્વીપ ઐરવતક્ષેત્રમાં થયેલ પાંચમાં તીર્થંકર
सम. ३४७;

**इसिभद्दपुत्त** *(ऋषिभद्रपुत्र)* આલભિકામાં રહેતો એવો. ભ० મહાવીરનો એક શ્રાવક, વ્રત-નિયમ-તપ સહિતનું જીવન જીવી સૌધર્મકલ્પે દેવતા થયો.
भग. ५२५-५२७;

**इसिवाल** *(ऋषिपाल)* પાંચમાં વાસુદેવ पुरिससीह નો પૂર્વભવ નો જીવ.
सम.३२८,३३०,३३४,३३७,३३९;

**इसिवुड्ढि** *(ऋषिवृद्धि)* ચક્રવર્તી बंभदत्त ની આઠ પટ્ટરાણી ઓમાંની એક
उत्त.नि.३४३+वृ.

**इसुयार** *(इषुकार)* જુઓ 'उसुयार'
उत्त.नि. ३३५+वृ.

**ईसर** *(ईश्वर)* પ્રત્યેકબુદ્ધ મળ્યા ત્યારે પણ અગીતાર્થતા લીધે તથા શાસન, શ્રમણ પણું અને શ્રુતજ્ઞાનની પ્રત્યનીકતાથી સાતમી નરકે ગયો. અનેક દુઃખદાયક ભવોમાં ભ્રમણ કરી ગોશાળો થયો. વિશેષ કથા જુઓ 'गोसाल'
महानि. १०९०-११३८;

**उइओद** *(उदितोद)* જુઓ 'उदिओदअ'
आव. नि. १५४५;

**उंबरदत्त** *(उदुम्बरदत्त)* પાડલિસંડના સાર્થ - વાહ सागरदत्त અને गंगदत्त નો પુત્ર. તેના કુલક્ષણોને કારણે ઘરથી બહાર કાઢી મુકેલ તેને સોળ રોગો ઉત્પન્ન થયા. પૂર્વભવમાં તે વિજયપુરના રાજા कनगरथ નો ધન્વંતરી નામે વૈદ્ય હતો.
विवा.३,३१;

**उक्करड** *(उत्करत)* જુઓ 'उक्कुरुड'
आव.चू. १-पृ. ६०१;

**उक्कुरुड** *(उत्कुरुट)* કુણાલ નગરીના એક ગુરુ જે સાકેત નગરે મરણ પામ્યા.
आव.चू.१-पृ.६०१; आव.(नि.१०२३)-वृ.
उत्त.चू.पृ. १०८;

**उग्गसेन** *(उग्रसेन)* કૃષ્ણ વાસુદેવના આધિપત્યમાં રહેલા ૧૬૦૦૦ રાજઓમાં મુખ્ય રાજા, જે મથુરાના રાજા હતા. कंस તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્ર હતો. नभसेन તેનો પૌત્ર હતો. राईमई અને सच्चभामा તેની પુત્રી હતી.
नाया-६३, १६९; अंत.३;
वण्हि.३; आव.चू. १-पृ ३५५,
दस.चू.पृ.३१०;

**उज्झियअ** *(उज्झितक)* વાણિજ્ય ગ્રામના સાર્થવાહ विजयमित्त અને सुभद्दा નો પુત્ર તે દુરાચારી અને વ્યસની હતો कामज्झया ગણિકામાં સાસક્ત હતો मित्त રાજાએ પોતાના મહેલમાં ગણિકાને રાખેલી ત્યારે कामज्झया સાથે ખાનગીમાં ભોગાસક્ત બનેલા તેને રાજાએ ભયંકર સજા કરી. પૂર્વ ભવમાં તે गोत्तास નામે ક્રુર પુરુષ હતો.
ठा.(मू.९६८-)वृ. विवा.३,१२-१७;

**उज्झिया** *(उज्झिता)* રાજગૃહીના 'धन-२' સાર્થવાહ ના પુત્ર 'धनपाल-१' ની પત્ની
नाया.७५,

**उडंक** *(उडङ्क)* એક ઋષિ, જેની સુંદર પત્ની પર इंद એ બળાત્કાર કરેલ.
निसी.(भा.४०७-)वृ. बुह(भा.१८५६-)वृ.

**उत्तमा** *(उत्तमा)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી, ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ વ્યંતરેન્દ્ર ની અગ્રમહિષી બની.
ठा. २८७; भग ४८९;
नाया. २३०;

**उत्तरा** *(उत्तरा)* આચાર્ય सिवभूइ ની બહેન, તેના ભાઈના મતને અનુસરીને તેણે પણ નગ્નતા ધારણ કરેલી પછીથી શરીર પર એક વસ્ત્ર ધારણ કર્યું.
उत्त.नि.१८१; उत्त.(नि.१७८, भा.१-)वृ.

**१-उदअ** *(उद्दक)* ગોશાળાનો શ્રાવક
भग.४०३;

**२-उदअ** *(उद्दक)* ભ० પાર્શ્વના શાસનના એક સાધુ જેને ગૌતમસ્વામી સાથે પચ્ચક્ખાણ વિષયમાં વિસ્તૃત સંવાદ-ચર્ચા થયેલ તેમણે ભ. મહાવીરનો માર્ગ સ્વીકાર્યો તે पेढालपुत्त, उदग અને उदयपेढालपुत નામથી પણ પ્રસિદ્ધ છે. આગામી ચોવીસીમાં તીર્થંકર થશે.
सूय. ७९६-८०६; सूय.चू.पृ. ४५१;
ठा. ८७१+वृ. सम. ३६१;
आव.नि. ११८६;

**३-उदअ** *(उदक)* ભરતક્ષેત્રની આવતી ચોવીસમાં થનારા સાતમાં તીર્થંકર.
सम.३५६;

**४-उदअ** *(उदक)* રાજગૃહીનો એક અન્યતીર્થિક ગાથાપતિ, જે પછી ભ.મહાવીર નો અનુયાયી બન્યો
भग. ३७७;

**उदग** *(उदक)* જુઓ 'उदअ-२'
सूय. ८०६;

**उदयन** *(उदायन)* જુઓ उदायन-१
विवा. २७,२८;
आव.चू.१.पृ.६१५;

**अदयपेढालपुत्त** *(उदयपेढालुपत्रा)* જુઓ उदअ-१.
सूय.७९६-८०६; ठा. ८७१;

**१-उदाइ** *(उदायिन्)* ગોશાળાના કહેવા. પ્રમાણે તેનો સાતમો શરીરાંતર પ્રવેશ. તે કૌડિન્યાયન ગોત્રનો એક પુરુષ હતો.
भग. ६४८;

**२-उदाइ** *(उदायिन्)* રાજા कूणिअ અને રાણી पउमावई નો પુત્ર. कूणिअ ના મૃત્યુ બાદ તેણે ચંપાનગરી છોડીને પાડલિપુત્રને मगध ની રાજધાની બનાવી उदाइमारग દ્વારા તેનું પૌષધમાં મૃત્યુ થયું.
आव.चू. २-पृ.१७१,१७७,१८०;

**३-उदाइ** *(उदायिन)* ભ.મહાવીરના તીર્થમાં તીર્થંકર નામગોત્ર કર્મ બાંધનાર
ठा. ८७०;

**उदाइन** *(उदायन)* જુઓ 'उदायन-२'
आव. चू. २-पृ. ३६;

**१-उदायन** *(उदायन)* કૌસાંબી ના રાજા શતાનિક અને રાણી મૃગાવતીનો પુત્ર. તેની પત્નીનું નામ પદ્માવતી હતું. सयानिअ ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मृत्यु બાદ તે રાજા બન્યો. તેને રાજા पज्जोअ એ કેદ કરેલો તેણે पज्जोअ ની પુત્રી वासवदत्ता સાથે લગ્ન કર્યા.
भग.५३४,५३५; विवा.२७,२८;
आव.चू.१-पृ ६१५, २-पृ.१६२;
उत्त.नि. १४८+वृ.

**२-उदायन** *(उदायन)* સિંધુસૌવીરના વીતીભય નગરનો રાજા, તેની પત્ની (રાણી) चेडग રાજાની પુત્રી पभावती હતી. अभीईकुमार તેનો પુત્ર હતો. તેણે પોતાના પુત્રને બદલે ભાણેજ केसी ને રાજય સોંપેલ उदायन મુનિ વિચરતા વીતીભય નગર આવ્યા ત્યારે તેને દહીંમા ઝેર ભેળવી મારી નાંખેલ.

उदायन ને રાજા पज्जोअ સાથે યુદ્ધ થયેલ. તેણે पज्जोअ ને કેદ કરેલો. પર્યુષણ પર્વને નિમિત્તે पज्जोअ ને છોડી દીધેલ. દીક્ષા લેનારા તે છેલ્લા રાજા હતા.
सूय.चू.पृ.२८; ठा.(मू.७३२-)वृ.
भग.५८७; निसी (भा.२१८५-)चू.
आव. चू. १-पृ ४०१, २-पृ, ३६, १६८, १७१
दस.चू.पृ. ६१;

**उदायि** *(उदायिन)* 'उदाइ-२'
आव.चू.२-पृ.१७७,

**उदिओदअ** *(उदितोदय)* જુઓ उदिओदिअ- पुरिमताल નો રાજા सिरिकंता તેની પત્ની હતી. વાણા રસીના રાજા धम्मरुइ એ તેના પર હુમલો કરેલ
आव.नि. ९४३,१५४५; आव चू.१-पृ.५५९;
आव.(नि.९४९-)वृ. नंदी (मू.१६९-)वृ.

**उदिओदिअ** *(उदितोदित)* જુઓ ઉપર
विवा.२०; आव चू.१-पृ ५५९;

**दीहबाहु** *(दीर्घबाहु)* આઠમાં તીર્થંકર ભ० 'चंदप्पभ' ના પૂર્વભવનો જીવ
सम. २७३;

**१-दीहसेन** *(दीर्घसेन)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** ના પુત્ર, ભ०મહાવીર પાસે દીક્ષા લીધી. મત્યુબાદ અનુત્તર વિમાને ગયા.
अनुत्त. ४,६;

**२-दीहसेन** *(दीर्घसेन)* ઐરવત ક્ષેત્રની આ ચોવીસીમાં થયેલા આઠમાં તીર્થંકર **समवाओ** માં તેનું નામ जुत्तिसेन જણાવે છે.
सम.३४८+वृ.

**३-दीहसेन** *(दीर्घसेन)* ઐરવતક્ષેત્રની આ ચોવીસીમાં થયેલ સોળમાં તીર્થંકર **समवाओ** માં તેનું નામ गुत्तिसेन જણાવે છે.
सम. ३४८+वृ.

**दुइज्जंतग** *(दुर्यन्तक)* જુઓ 'दूइज्जंतग'
आव.नि.४६३;

**दुज्जोधन** *(दुर्योधन)* જુઓ 'दुज्जोहन'
आव.नि.८३५+वृ.

**१-दुज्जोहन** *(दुर्योधन)* હસ્તિનાપુરનો એક રાજકુમાર, જેને બીજા ૯૯ ભાઈઓ હતા તેઓએ હસ્તિશીર્ષ ના રાજા અને પછી મુનિ બનેલા 'दमदंत' ને ઉપસર્ગ કરેલ.
नाया.१७०; आव.चू.१-पृ.४९२;

**२-दुज्जोहन** *(दुर्योधन)* સીહપુરના રાજા 'सीहरह' નો કારાગૃહ રક્ષક જે અતિ ક્રુર અને ઘાતકી હતો. મરીને નરકે ગયો. ત્યાંથી રાજા **सिरिदाम** અને રાણી **बंधुसिरी** નો પુત્ર नंदिवध्धण થયો. કથા જુઓ 'नंदिवद्धण'
ठा.(मू.९७५-)वृ. विवा.२९,३०;

**दुद्दंत** *(दुर्दान्त)* રાજા दुमरिस નો પુત્ર, તેના પૂર્વભવમાં ललियंग દેવ હતો તેમ તેણે કહેલ.
आव.चू.१-पृ.५७५;

**दुप्पसह** *(दुप्रषभ)* આ ભરતક્ષેત્રમાં પાંચમાં આરાને અંતે થનાર ગચ્છાચાર્ય, જેમના કાળ સુધી ગચ્છમર્યાદા પ્રવર્તવાની છે તે, તે યુગ પ્રધાન આચાર્ય અને ક્ષાયિક સમકિતી થશે.
महानि.७९७,८११; वव(भा.४१७१-)वृ.

**दुब्बलियपुस्समित्त** *(दुर्बलिकापुष्यमित्रा)* આર્ય रक्खिय ના શિષ્ય, તેને નવપૂર્વનું જ્ઞાન હતું. તેના સમયે 'गोट्ठामाहिल' નિહ્નવ થયો.
आव.भा.१४२; आव.चू.१-पृ.४०९-४११;
आव.(नि.७७६-) वृ.

**दुब्बलियपूसमित्त** *(दुर्बलिकापुष्यमित्रा)* જુઓ 'दुब्बलियपुसमित्त'
आव.चू.१-पृ४०९; आव.(नि.७७६-)वृ.

**दुब्बलियापुस्समित्त** *(दुर्बलिकापुष्पमित्रा)* જુઓ 'दुब्बलियपुस्समित्त'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुह.भा. ३५६;

**दुम** *(द्रुम)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** નો પુત્ર. ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી. અનુત્તર વિમાને દેવ થયા.
अनुत्त. ४,६;

**दुमरिस** *(दुमर्ष)* 'दुद्दंत' ના પિતા
आव.चू.१-पृ-.१७५;

**१-दुमसेन** *(द्रमुसेन)* રાજા **सेणिअ** અને રાણી '**धारिणी**' નો પુત્ર, ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ અનુત્તર વિમાને ગયા.
अनुत्त. ४,६;

**२-दुमसेन** *(द्रुमसेन)* આ અવસર્પિણીનાં ભરતક્ષેત્રના નવમાં બળદેવ **राम** અને નવમાં વાસુદેવ **कण्ह** ના પૂર્વભવના ધર્માચાર્ય
सम.३३४;

**दुमुह** *(द्विमुख)* જુઓ 'दुम्मुह-२'
महानि. ८७७-८७९;

**१-दुम्मुह** *(दुर्मुख)* **बारावई** ના એક રાજા **बलदेव** અને રાણી **धारिणी** ના પુત્ર. કૃષ્ણ વાસુદેવ સાથે **दोवई** ને છોડાવવા અવરકંકા ગયેલા. ભ૦અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ શત્રુંજયતીર્થે મોક્ષે ગયા.
नाया. १७४; अंत.१०,१४;

**२-दुम्मुह** *(दुर्मुख)* એક સોની, જે ગણિકાને ત્યાં ગયેલ **नंदिसेण** મુનિ દીક્ષા છોડીને ગણિકાને ત્યાં હતા ત્યારે આ દુર્મુખ ના પ્રશ્નથી પ્રભાવીત થયેલા, પુનઃ ચારિત્ર લીધેલુ.
महानि. ८७७-८७९;

**३-दुम्मुह** *(दुर्मख)* પંચાલના કંપીલપુર નો રાજા, તેનું મૂળનામ 'जव' હતુ. તેના ચહેરાનો વર્ણ બદલાયેલ જોઈને **दुम्मुह** કહેવાયો. તેણે રાજા '**पज्जोअ**' સાથે યુદ્ધ કરેલ, **इंदखंभ** ની બદલાતી સ્થિતિ જોઈ દીક્ષા લીધી. તે **पत्तेयबुद्ध** કહેવાયા.
आव.बा.२०८; आव.चू.२.पृ.२०७,२०८
उत्त.६०५; उत्त.नि.२६४+वृ.
उत्त.चू.पृ.१७८

**दुवय** *(द्रुपद)* પંચાલ ના કપિલપુરનો રાજા તેની પટ્ટરાણી '**चुलणी**' હતી, '**घट्ठज्जुण**' તેનો પુત્ર અને પુત્રી **दोवई** હતી
नाया. १६८-१७२; पण्हा (मू.२०-) वृ.

**दुव्विट्ठ** *(द्विपृष्ठ)* ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી માં થયેલા બીજા વાસુદેવ, તેના ભાઈ બળદેવનું નામ '**विजय**' હતું. તે **बारावई** ના રાજા **बंभ** અને રાણી **उमा** ના પુત્ર હતા. મરીને છટ્ઠી નરકે ગયા.
सम.३२१;

**२-दुव्विट्ठू** *(द्विपृष्ठ)* જુઓ '**दुव्विड**'
सम.३२१-३४५; आव.नि.४०८-४१३,

**दूइज्जतंग** *(दुर्यन्तक)* ભ.મહાવીરના પિતાના એક મિત્ર. તે મોરાગ સંનિવેશમાં રહેતા હતા. ભ.મહાવીર તેના આશ્રમમાં રહેલા.
आव.नि.४६१+वृ. आव.चू.१.पृ.२७१;

**दूसगणि** *(दूष्यगणिन्)* આચાર્ય **लोहिच्च** ના શિષ્ય
नंदी.४५+वृ. नंदी. चू.पृ.९;

**देवई** *(देवकी)* '**वसुदेव**' ની એક પત્ની વાસુદેવ '**कण्ह**' ની માતા, તેના છ પુત્રોને હરિણેગમેષી દેવે '**सुलसा-१**' ને ત્યાં મુકેલ દેવકીના કહેવાથી કૃષ્ણ વાસુદેવે આરાધના કરી અને આઠમાં પુત્ર '**गजसुकुमाल**' નો જન્મ થયો. દેવકી અને વસુદેવ '**बारावई**' નગરીનો દરવાજો પડતા દટાઈને મૃત્યુપામ્યા દેવકી આગામી ચોવીસીમાં અગિયારમાં તીર્થંકર **मुनिसुव्यय** થશે.
सम. ३५३,३६२; अंत.१३;
पण्हा.१९; निसी.(भा.२९४-)वृ.
आव.चू.१.-पृ.३५६-५८; उत्त. ७९८;

**देवउत्त** *(देवपुत्र)* આગામી ચોવીસીમાં ઐરવતક્ષેત્રમાં થનારા સોળમાં તીર્થંકર
सम. ३७८;

**१-देवगुत्त** *(देवगुप्त)* સૂત્ર ના જિર્ણોદ્ધારને બહુ માન્ય કરનાર એક વિદ્વાન આચાર્ય
महानि. ५९१;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२-देवगुत्त *(दैवगुप्त)* એક બ્રાહ્મણ તાપસ
उव. ४५;

देवजस *(देवयशस्)* ભદ્દિલપુરના ગાથાપતિ નાગ અને 'सुलसा' નો પુત્ર ભ.અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ. શત્રુંજયે મોક્ષે ગયા.
अंत. ९०; आव.चू.१-पृ.५३६;

१-देवदत्ता *(देवदत्ता)* ચંપાનગરીની એક ગણિકા, जिनदत्तपुत्त અને सागरपुत्त સાથે તેણે ભોગ સુખ ભોગવેલ. મોરનીના ઈંડાના કથાનક માં આ વાત આવે છે.
नाया. ५७-५९;

२-देवदत्ता *(देवदत्ता)* ચંપાનગરીની એક ગણિકા. જેની સાથે લલિતા ગોષ્ઠીમંડળી ના પાંચ પુરુષો ને કામભોગ ભોગવતા જોઈ 'सुकुमालिया' એ પાંચપુરુષની પત્ની થવાનું નિદાન કરેલ.
नाया. १६६;
(देवदत्ता ૧ અને ૨ બંને એક હોઈ શકે)

३-देवदत्ता *(देवदत्ता)* રોહીતક નગરના ગાથાપતિ दत्त અને कण्हसिरी ની પુત્રી જેના લગ્ન ત્યાંના રાજકુમાર पूसनंदि સાથે થયેલા, તેણીએ તેની સાસુ राणी सिरिदेवी ને મારી નાંખેલ, જેથી पूसनंदि રાજાએ તેણીને મારી નાંખવા આજ્ઞા કરેલી પૂર્વભવમાં તે સુપ્રતિષ્ઠ નગરના सिंहसेन રાજાનો જીવ હતો. જેણે તેની ૪૯૯ પત્ની અને તેઓની ૪૯૯ માતાને મારી નાંખેલ
ठा.(मू.९७५-)वृ. विवा.३,३३;

४-देवदत्ता *(देवदत्ता)* ઉજ્જૈનીની મુખ્ય ગણિકા, તેની માતા તેને ધનાઢ્ય સાર્થવાહ 'अयल' ને પસંદ કરવાનું કહેતી હતી. પણ તે मूलदेव ને ચાહતી હતી. અંતે તેણીના લગ્ન मूलदेव સાથે થયા.
दस.चू.पृ.१०५; दस.(नि.१९३-)वृ.
उत्त.चू.पृ.११८,११९ उत्त.(मू.१२२-)वृ.

५-देवदत्ता *(देवदत्ता)* વીતીભયનગરના રાજા उदायन ની પત્ની (રાણી) पभावती ની એક કુબ્જાદાસી. રાણીના મૃત્યુબાદ તેણીએ ભ૦મહાવીરની જીવિત પ્રતિમાની ભક્તિ કરી. ગાંધારનો કોઈ શ્રાવક તે પ્રતિમાજીની પૂજા કરવા આવેલ તેણે देवदत्ता ને ઇચ્છાપૂર્તિ ગુટીકા આપેલ, જેના પ્રભાવે તેણી સુંદર બની ગઈ રાજા पज्जोअ ની રાણી બની. તેનું બીજું નામ कण्हगुलिया હતું.
पण्हा.(मू.२०-) वृ. निसी.(भा.३१९३-)वृ
आव.चू.१.पृ.३९९,४००, उत्त.नि.९४+वृ.

६-देवदत्ता *(देवदत्ता)* એક ગણિકા જેને ગમે તેવો ઉમદા અને ધનિક પુરુષ પણ સ્વભાવથી પસંદ ન હતો. છતા તે એક સાર્થવાહ પ્રત્યે આકર્ષાયેલી
दस.चू.पृ. १०४;

देवदिन्न *(देवदत्त)* રાજગૃહના સાર્થવાહ 'धन-१' અને 'भद्दा' નો પુત્ર, જેને 'विजय' ચોરે લુંટીને મારી નાંખેલ. કથા જુઓ 'धन-१'
नाया.४७-५१;

देवरइ *(देवरति)* સાકેતનગરનો રાજા, પોતાની રાણીમાં અતિ આસક્ત હતો, પરીણામે નદીમાં ડુબી મર્યો.
भत्त. १२२;

देवलासुअ *(देवलासुत)* ઉજ્જૈનીનો એક રાજા. તેની પત્ની अनुरत्तालोयणा અને अद्धसंकासा નામે પુત્રી હતી. अनुमतिया તેની દાસી હતી. રાજાને માથામાં સફેદવાળ દેખાતા તેણે તેના નોકર संगतअ સહિત સંસારનો ત્યાગ કર્યો.
आव.नि.१३०९+वृ आव.चू.२-पृ.२०२,२०३

देववायग *(देववाचक)* વાચક दूसगणि ના શિષ્ય नंदीसुत्र ના કર્તા.
नंदी.चू.पृ.१०; नंदी.(मू.१,४५,५२-)वृ.

देवसमनय *(देवश्रमणक)* અચલગ્રામનો એક ગાથાપતિ, 'सुरइय' વગેરે સાથે દીક્ષા લીધી.
मरण. ४५०,४५१;

१-देवसम्म *(देवशर्मन)* ઐરવત ક્ષેત્રના આ ચોવીસીના અગીયારમાં તીર્થંકર, તેનું બીજું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ દેવસેન પણ છે.
सम.३४८+वृ.

**२-देवसम्म** *(देवशर्मन्)* એક બ્રાહ્મણ કે જે कइ ની પત્ની वज्जा સાથે પ્રેમમાં હતો.
आव.चू.१-पृ.५५८;

**१-देवसेन** *(देवसेन)* શ્રેણિકના જીવના ભાવિ તીર્થંકરપણાનું એક નામ, જેનું બીજું નામ महापउम અને विमलवाहन પણ છે.
ठा. ८७२;

**२-देवसेन** *(देवसेन)* ગોશાળાના આગામી ભવનું નામ, જે 'महापउम' અને विमल वाहन એવા બે નામે પણ પ્રસિદ્ધ છે.
भग. ६५७;

**देवस्सुय** *(देवश्रुत)* ભાવિ ચોવીસીમાં થનાર છઠ્ઠા તીર્થંકર કે જે कत्तिय નો જીવ છે. તે देवउत्त નામે પણ ઓળખાય છે.
सम.३५५,३६१;

**देवानंदा** *(देवानन्दा)* માહણકુંડ ગ્રામના 'ऋषभदत्त' બ્રાહ્મણની પત્ની, ભ.મહાવીર જેની કુક્ષીમાં પહેલા અવતરેલા

તેણી શ્રમણો પાસિકા બની, એક વખત ભ૰ મહાવીરના વંદનાર્થે ગયા (વંદન ગમનનું સુંદર વર્ણન છે.) ધર્મ સાંભળી, દીક્ષા લઈ મોક્ષે ગયા.
सम.(मू.२१३-)वृ. भग.४६०-४६२;
भग.(मू.२२७-)वृ. आव.नि. ४५८;
आव.भा.४९; आव.चू.१-पृ.२३६;

**देविल** *(देविल)* એક અન્યતીર્થિ સાધુનું લઘુ દૃષ્ટાંત
सूय.२२७+वृ. सूय. चू.पृ.१२०;

**देविलासत्त** *(देविलासत्व)* જુઓ 'देवलासुय'
आव.चू.२.पृ.२०२;

**१-देवी** *(देवी)* આ અવસર્પિણી માં ભરતક્ષેત્રના દશમાં ચક્રવર્તી हरिसेण ની પત્ની
सम. ३२०;

**२-देवी** *(देवी)* અઢારમાં તીર્થંકર ભ૰'अर' કે જે સાતમાં ચક્રવર્તી પણ છે તેની માતા
सम. २७०,३१५; आव.नि.३९८;

**दोण** *(द्रोण)* 'दोवई' ના સ્વયંવરમાં તેને ઉપસ્થિતિ રહેવા નિમંત્રણ મળેલ
नाया. १७०;

**दोवई** *(द्रोपदी)* પંચાલ ના કંપિલપુરના રાજા 'दुवय' અને રાણી 'चुलणी' ની પુત્રી પૂર્વભવોમાં 'नागसिरि' પરંપરાએ 'सुकुमालिया' રૂપે ઉત્પન્ન થઈને પછી દેવલોકે જઈ 'दोवई' રૂપે જન્મી, તેણીએ સ્વયંવરમાં યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવોને પતિ રૂપે પસંદ કરેલ, તેણીનું અપહરણ થયું, વાસુદેવ कण्ह એ છોડાવી, છેલ્લે તેણે સુવ્રતા આર્યા પાસે દીક્ષા લીધી. બ્રહ્મલોકે દેવરૂપે ઉત્પન્ન થઈ.
भग.(मू.३२-)वृ. नाया. १६७-१८३;
पण्हा.(मू.२०-)वृ.

**दोसिनाभा** *(ज्योत्सानाभा)* મથુરાનગરીના એક ગાથાપતિની પુત્રી, ભ૰પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ચંદ્રની અગ્રમહિષી બની
नाया.२३६;

**धट्ठज्जुन** *(धृष्टार्जुन)* પાંચાલના કંપિલપુરના ના રાજા दुवय અને રાણી चुलनी ના પુત્ર અને दोवई ના ભાઈ. કથા જુઓ 'दोवई'
नाया. १६८-१७२; पण्हा (मू.२०-)वृ.

**१-धन** *(धन)* રાજગૃહીનો એક સાર્થવાહ તેને भद्दा નામે પત્ની હતી. देवदिन्न પુત્ર હતો. જેને विजय ચોરે મારી નાંખેલ. धन સાર્થવાહે દીક્ષા લીધી. મૃત્યુબાદ સ્વર્ગે ગયો.
नाया. ४३-५४;

**२-धन** *(धन)* રાજગૃહીનો એક સાર્થવાહ તેને भद्दा નામે પત્ની હતી, धनपाल,धनदेव, धनगोव અને धनरक्खिय નામે ચાર પુત્રો હતા. તેણે ચાર પુત્રવધૂઓની બુદ્ધિની પરીક્ષા કરવા ડાંગર ના પાંચ દાણા આપેલા.
नाया. ७५; वव. (भा.१०७३+वृ.)

**३-धन** *(धन)* ચંપાનગરીનો એક સાર્થવાહ, તે ઘણાં લોકોને લઈને અહિચ્છત્રા નગરીએ વેપાર કરવા ગયેલો, પાછા આવીને દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધી મૃત્યુપામી સ્વર્ગે ગયો.
नाया. १५७;

**४-धन** *(धन)* રાજગૃહી નો એક સાર્થવાહ, તેની પત્ની **भद्दा** હતી. તેને પાંચ પુત્રો હતા. **धन**, **घनपाल**, **घनदेव**, **घनगोव**, અને **घनरक्खिय**, **सुंसमा** નામે એક પુત્રી હતી. કથા જુઓ **'चिलाअ'** તેણે છેલ્લે દીક્ષા લીધી, મૃત્યુ બાદ સ્વર્ગે ગયો. **'घन्न'** પણ જોવું.
नाया.२०८-२१२; आव.नि.९४३;
आव.चू.१.पृ.४९७ नंदी. १०७+वृ

**५-धन** *(धन)* રાજગૃહીના સાર્થવાહ **धन/घन्न** ના પાંચ પુત્રોમાંનો પહેલો પુત્ર
नाया. २०८;

**६-धन** *(धन)* **क्षितिप्रतिष्ठित** નગરનો એક સાર્થવાહ, તેને **भद्दा** નામે પત્ની હતી. **अच्चंकारियभट्टा** નામે પુત્રી હતી.
निसी.भा.३१९४+चू.

**७-धन** *(धन)* **वइरजंघ** નું બીજું નામ, લોહાર્ગલ શહેરનો રાજા, તેની પત્ની (રાણી) નું નામ **सिरिमती** હતું.
आव.चू.१-पृ.१७६;

**८-धन** *(धन)* ક્ષિતિપ્રતિષ્ઠ નગરનો સાર્થવાહ, ભ.**उसभ** નો પૂર્વભવનો જીવ, તેણે તેના સાર્થમાં સાધુઓને શુદ્ધ આહારદાન કરેલ.
पन्न. (मू.४४१-)वृ. आव.नि.१७१;
आव.चू.१-पृ.१३१;

**९-धन** *(धन)* ચંપાનગરીનો એક ધનાઢ્ય સાર્થવાહ
आव.चू.१-पृ.५३१;

**१०-धन** *(धन)* શ્રાવસ્તી નગરીનો એક સાર્થવાહ તેને સવારમાં આશીર્વાદ આપવા આવનાર પ્રથમ પુરુષ ને તે હંમેશા બે સોનામહોર આપતો હતો.
उत्त.नि. २५३+वृ.

**११-धन** *(धन)* પાડિલપુત્રનો એક ધનિક સાર્થવાહ, તેની પુત્રીએ આચાર્ય **'वइर'** સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરેલી.
आव.चू.१-पृ.३९५

**१-धनंजय** *(धनञ्जय)* શૌરિય નગરનો એક સાર્થવાહ **'सुभद्दा'** તેની પત્ની હતી. તેણે સુરંદર યક્ષ પાસે પ્રતિજ્ઞા કરેલ કે જો તેને પુત્ર થશે તો ૧૦૦ પાડાઓનું બલિદાન આપશે પુત્ર થયો ત્યારે તે શ્રાવક બની ગયો હોવાથી લોટના બનાવેલા પાડા યક્ષને અર્પણ કર્યા.
आव.नि.१२८९; आव.चू.२-पृ. १९३;

**२-धनंजय** *(धनञ्जय)* મૂયા નગરીનો રાજા તે **पियमित्त** ચક્રવર્તી ના પિતા હતા. **धारिणी** તેની પત્ની હતી.
आव.नि.४५०; आव.चू.१-पृ.२३५;
आव.(नि.६२८-)वृ.

**धनगिरि** *(धनगिरि)* તુંબવન સન્નિવેશનો એક સાર્થવાહ. તે આચાર્ય **'वइर'** ના પિતા અને સુનંદા ના પતિ હતા. તેણે **सिंहगिरि** આચાર્ય પાસે દીક્ષા લીધી.
आव.चू.१-पृ.३९०; उत्त.नि.२९५+वृ.

**धनगुत्त** *(धनगुप्त)* આચાર્ય **महागिरि** ના શિષ્ય અને નિહ્નવ **'गंग'** ના ગુરુ
ठा.(मू.६८८-)वृ. निसी.भा.५६०१;
आव.नि.१३२०+वृ. आव.भा. १३४;
आव.चू.१.पृ.४२३;

**१-धनगोव** *(धनगोप)* રાજગૃહીના **'धन-२'** સાર્થવાહના ચાર પુત્રોમાંનો ત્રીજો પુત્ર, તેની પત્નીનું નામ **'रक्खिया'** હતુ.
नाया.७५;

**२-धनगोव** *(धनगोप)* રાજગૃહીના સાર્થવાહ **घन/घन्न** ના પાંચપુત્રો માંનો ચોથો પુત્ર
नाया. २०८;

**१-धनदत्त** *(धनदत्त)* આ અવસર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા વાસુદેવ **'सयंभू'** નો પૂર્વ ભવનો જીવ. તેને **घनमित्त** કહે છે.
सम. ३३०,३३४,३३७,३३९,३४१

**२-धनदत्त** *(धनदत्त)* જુઓ **'धन-४'**
आव.नि.९४९+वृ, नंदी.(मू.१०७-)वृ.

**१-धनदेव** *(धनदेव)* રાજગૃહીના **'धन-२'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર્થવાહ ના ચાર પુત્રોમાંનો બીજો. પુત્ર તેની પત્નીનું નામ 'भोगवइया' હતું.

२-**धनदेव** *(धनदेव)* રાજગૃહીના સાર્થવાહ **धन/धन्न** ના પાંચ પુત્રોમાંનો ત્રીજો પુત્ર
नाया. २०८;

३-**धनदेव** *(धनदेव)* વર્ધમાનપુરનો એક સાર્થવાહ તેને 'पियंगू' નામે પત્ની હતી 'अंजू' નામે પુત્રી હતી.
ठा.(९७५-)वृ. विवा. ३४;

४-**धनदेव** *(धनदेव)* એક સાર્થવાહ, જેને કુકડાના યુદ્ધનો શોખ હતો.
उत्त.नि.३४१+वृ.

५-**धनदेव** *(धनदेव)* ભ૦ મહાવીરના છઠ્ઠા ગણધર मंडिय ના પિતા. તેની પત્નીનું નામ विजयदेवा હતું.
आव.नि.६४५-६५०;

६-**धनदेव** *(धनदेव)* એક સાર્થવાહ જેણે વર્ધમાન સંનિવેશની વેગવતી નદીમાંથી શ્રેષ્ઠ બળદોની મદદ વડે ૫૦૦ ગાડાં પસાર કરેલા જે મૃત્યુબાદ શૂલપાણી યક્ષ થયો.
आव.नि.४६४; आव.चू.१-पृ २७२;

७-**धनदेव** *(धनदेव)* રાજા उग्गसेन નો પુત્ર (કાદચ તે नभसेन પણ હોઈ શકે)
मरण.४३४; बुह.(भा.१७२-)वृ.
आव.चू. १-पृ.११२;

**धनपति** *(धनपति)* ઋષભપુર નગરનો રાજા, તેની પત્ની (રાણી) નું નામ **सरस्सई** હતુ. પુત્ર भद्दनंदी હતો.
विवा. ३८;

१-**धनपाल** *(धनपाल)* રાજગૃહ ના સાર્થવાહ 'धन-२' ના ચાર પુત્રોમાંનો પહેલો પુત્ર તેની પત્નીનું નામ उज्झिया હતું
नाया. ७५;

२-**धनपाल** *(धनपाल)* રાજગૃહના સાર્થવાહ धन/धन्न ના પાંચ પુત્રોમાંનો બીજો પુત્ર
नाया. २०८;

३-**धनपाल** *(धनपाल)* કૌસાંબીનો રાજા, જેણે वेसमणभद्द સાધુને શુદ્ધ આહારદાન થકી મનુષ્યાયુ બાંધ્યુ, પછી सुवासव કુમાર થયો.
विवा. ४०;

**धनप्पभ** *(धनप्रभ)* જુઓ **वेसमणप्पभ**
भग.(मू.२०८-) वृ.

१-**धनमित्त** *(धनमित्र)* ઉજ્જેનીનો એક સાર્થવાહ, તૃષ્ણા પરીષહ સહન કરતા સમાધિ મૃત્યુ પામ્યો.
मरण. ४८७; उत्त.नि.९०+वृ.
उत्त.चू.पृ. ५५;

२-**धनमित्त** *(धनमित्र)* ચંપાનગરીનો એક સાર્થવાહ, धनसिरि તેની પત્ની હતી. 'सुजात' તેનો પુત્ર હતો.
आव.नि.१२९७; आव.चू.२-पृ.१९७;

३-**धनमित्त** *(धनमित्र)* દંતપુરનો એક સાર્થવાહ તેને **धनसिरी** અને **पउमसिरी** બે પત્નીઓ હતી
निसी.(भा.६५७५-)चू. वव.(भा.५१८-)वृ.
आव.नि. १२७५ आव.चू.२-पृ २५३,१५४;

४-**धनमित्त** *(धनमित्र)* ભ. મહાવીરના ચોથા ગણધર 'वियत्त' ના પિતા
आव.नि.६४८;

१-**धनरक्खिय** *(धनरक्षित)* રાજગૃહીના સાર્થવાહ 'धन-२' ના ચારપુત્રોમાંનો ચોથો પુત્ર,તેની પત્ની रोहिणी હતી.
नाया. ७५;

२-**धनरक्खिय** *(धनरक्षित)* રાજગૃહીના સાર્થવાહ **धन/धन्न** ના પાંચ પુત્રોમાંનો પાંચમો પુત્ર
नाया. २०८;

१-**धनवइ** *(धनपति)* શતદ્વાર નગરનો રાજા
विवा.७;

२-**धनवइ** *(धनपति)* **कुबेर** નું બીજું નામ તેને **वेसमण** પણ કહે છે.
ठा.(मू.७३८-)वृ. अंत. ३;

३-**धनवइ** *(धनपति)* કનકપુરના રાજા पियचंद ના પુત્ર **वेसमण** અને પૂત્રવધૂ सिरीदेवि નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્ર. ભ.મહાવીર પાસે શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા. પછી દીક્ષા લીધી. પૂર્વભવમાં તે મણિપદા નગરીમાં मित्त નામનો રાજા હતો. જેણે संभूतिविजय સાધુને શુદ્ધ આહારદાન કરી મનુષ્યાયુ બાંધેલ, પછી धनवइ થયો
विवा.३६,४२;

**धनवई** *(धनवती)* 'धन' ની પત્ની राइमई નો પૂર્વભવ, જયારે अरिट्ठनेमि 'धन' હતા.
आव.नि.१२७६; आव.चू.२-पृ १५४;

**धनवति** *(धनपति)* જુઓ 'धनवइ-३'
विवा.३६;

**धनवसु** *(धनवसु)* ઉજ્જૈનીનો એક વેપારી તે કોઈ ધંધાકીય કામે ચંપાનગરી ગયેલ.
आव.नि.१२७६; आव.चू.२.पृ.१५४;

**धनवह** *(धनवह)* જુઓ 'धनावह'
आव.नि.५२१;

**धनसम्म** *(धनशर्मन्)* ઉજ્જૈનીના धनमित्त નો પુત્ર, તેણે તેના પિતા સાથે સાધુપણુ સ્વીકાર્યું, એક વખત માર્ગે ચાલતા તરસથી તેનું મૃત્યુ થયું,
उत्त.नि.९०+वृ. उत्त.चू.पृ.५५;

**१-धनसिरी** *(धनश्री)* ચંપાનગરીનો ગાથાપતિ धनमित्त ની પત્ની, सुजात ની માતા
आव.नि.१२९७; आव.चू.२-पृ.१९७;

**२-धनसिरी** *(धनश्री)* દંતપુરના સાર્થવાહ धनमित्त ની બે પત્નીઓમાંની એક પત્ની
निसी.(भा.६५७५-)चू, वव.(भा.५१८-)वृ.
आव.नि. १२७५; आव.चू.२-पृ. १५४;

**३-धनसिरी** *(धनश्री)* વસંતપુરના धनावह અને जियवत्ति ની બહેન, તે બાળવિધવા હતી, તેના ભાઈઓને તેના ઉપર બેહદ લાગણી હતી. તે ત્રણેએ धम्मधोस આચાર્ય પાસે દીક્ષા લીધી. પછીનો જન્મ सव्वंगसुंदरी નામે થયો.
आव.चू.१-पृ.५२६.५२७;

**धना** *(धना)* વાણારસીના એક ગાથાપતિની પુત્રી, તેણીએ દીક્ષા લીધી. મૃત્યુબાદ ધરણેન્દ્રના અગ્રમહિષી બન્યા.
नाया. २२६;

**१-धनावह** *(धनावह)* કૌસાંબીનો એક વેપારી તેની પત્નીનું નામ 'मूला' હતું. તેણે चंदना ને દાસી રૂપે ખરીદેલ.
आव.नि.५२१; आव.चू.१-पृ.३१६;

**२-धनावह** *(धनावह)* ઋષભપુરનો રાજા તેની પત્ની (રાણી) सरस्सई હતી, भद्दनंदी તેનો પુત્ર હતો.
विवा. ३८;

**३-धनावह** *(धनावह)* રાજગૃહીનો વેપારી, તેની પત્ની भद्दा હતી, પુત્ર कतपुन्न હતો.
आव. चू.१-पृ.४६७;

**४-धनावह** *(धनावह)* વસંતપુરનો એક વેપારી તેને जियवत्ति ભાઈ धनसिरि બહેન હતી.
आव.चू.१-पृ. ५२६;

**धनु** *(धनुष्)* કંપિલપુરના રાજા बंभ નો મંત્રી અને वरधनुं નો પિતા.
वव.(भा.११७२-)वृ. उत्त.नि. ३३५+वृ.

**धनुद्धय** *(धनुर्द्धत)* ભાવિ ચોવીસીના પહેલા તીર્થંકર ભ૦महापउम પાસે દીક્ષીત થનારા આઠ રાજાઓમાંના એક રાજા.
ठा.७३७;

**धन्न** *(धन्य)* કાકંદી નગરીની भद्दा સાર્થવાહિનીઓ પુત્ર, બત્રીશ સુંદર કન્યા સાથે લગ્ન થયેલા ભ૦મહાવીરની ધર્મદેશનાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, દીક્ષા લીધી છઠ્ઠને પારણે અભિગ્રહ-આંબેલ નો નિરંતર તપ કર્યો. ગૌચરીની સવિધિ ગવેષણા કરતા તેનું શરીર સુકાઈ ગયું, ભગવંતે તેને દુષ્કર તપસ્વી કહ્યા. છેલ્લે અનશન કરી સવાર્થ સિદ્ધ વિમાને દેવતા થયા.
आया.चू.पृ.२२१; अनुत्त. ८-१२;

**२-धन्न** *(धन्य)* વૈભારગિરિની ધગધગતી શીલા ઉપર सालिभद्द ની સાથે અનશન કરનાર એક સાધુ ભગવંત, તેઓ મૃત્યુબાદ અનુત્તર વિમાને ઉત્પન્ન થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ठा.(मू.८७८-)वृ. मरण. ४४५-४४८;

**३-धन्न** *(धन्य)* જુઓ 'धन-४'
नाया.२०८-२१२;

**४-धन्न** *(धन्य)* તેવીસમાં તીર્થંકર ભ.પાર્શ્વ ના પ્રથમ ભિક્ષા દાતા.
सम.२९२; आव.नि. ३२९;

**५-धन्न** *(धन्य)* જુઓ धन-२,
वव.(भा.१९०७-)वृ.

**६-धन्न** *(धन्य)* વસંતપુરનો એક સાર્થવાહ
आव.चू.१-पृ.५०९;

**७-धन्न** *(धन्य)* જુઓ 'धन-१'
नाया. ४३-५४;

**१-धन्नंतरि** *(धन्वन्तरि)* વિજયપુરના રાજા कनगरह નો એક વૈદ્ય. જે આયુર્વેદ સંબંધિ આઠ અંગોમાં નિષ્ણાત હતો. માંસ મદિરાના અતિ સેવનથી તેણે ઘણું પાપકર્મ ઉપાર્જન કરેલ. મરીને પછીથી उंबरदत्त નામે જન્મ્યો.
ठा.(मू.९७५-)वृ. विवा.३१;

**२-धन्नंतरि** *(धन्वन्तरि)* बारावई નો વૈદ્ય.
आव.नि.१३०० आव.चू.१.-पृ.४६०,४६१;

**३-धन्नंतरि** *(धन्वन्तरि)* આયુર્વેદ ના સ્થાપક એવા એક વૈદ્ય
निसी.भा.४८१८,६५०७ + चू.
बुह (भा.९५९-) वृ.

**धन्ना** *(धन्या)* વાણારસીના શ્રાવક सुरादेव ની પત્ની, તેણીએ બારવ્રત ગ્રહણ કરેલા ઉપસર્ગથી ચલિત થયેલ सुरादेव ને પુનઃધર્મમાં સ્થિર કરેલ. કથા જુઓ सुरादेव
उवा. ३२,३३,६३;

**धन्निया** *(धनिका)* ગોબ્બરગામના એક વાણંદની નોકરાણી
बुह.भा.६०९६+वृ.

**धम्म** *(धर्म)* ભરતક્ષેત્રની આ ચોવીસીના પંદરમાં તીર્થંકર, रयणपुर ના રાજા भानु અને રાણી सुव्वया ના પુત્ર. તેના દેહનો વર્ણ સુવર્ણ હતો ૧૦૦૦ પુરુષો સહિત દીક્ષા લીધી, તેમને ૪૮ ગણ અને ૪૮ ગણધર હતા. દશ લાખ વર્ષનું આયુ ભોગવી મોક્ષે ગયા.
ठा. ४४७,९३०; सम. २६३-३११;
आव.नि. २२५,२५६,२६७,२९२-३०५,३७१, ३७७,३७९,३८३,३८६,३८८,१०९४;
नंदी.१९;

**धम्मगणि** *(धर्मगणिन्)* એક આચાર્ય, જેણે સાધુ, સાધ્વી સંબંધિ વ્રત નિયમો ના પુનરુદ્ધાર નું કાર્ય કર્યું.
बुह.(भा.२५८०-) वृ.

**१-धम्मघोस** *(धर्मघोष)* ભ०विमल ના પ્રશિષ્ય, તેમણે महाबल કુમારને પ્રતિબોધ કરી દીક્ષા આપેલ. કથા જુઓ 'महाबल-१'
भग. ५२३,६५७;

**२-धम्मघोस** *(धर्मघोष)* એક સ્થવિર સાધુ, જેણે રાજગૃહીમાં ઉપદેશ આપ્યો ત્યારે 'घन-१' સાર્થવાહ વૈરાગ્ય પામી દિક્ષિત થયો.
नाया. ५३;

**३-धम्मघोस** *(धर्मघोष)* એક સ્થવિર, જેને ૫૦૦ શિષ્યો હતા. જ્યારે ભ० મલ્લિ નો જીવ પૂર્વભવમાં महब्बल કુમાર રૂપે હતો ત્યારે આ धम्मघोस સ્થવિર પાસે છ મિત્રો સાથે દીક્ષા લીધેલ કથા જુઓ 'मल्लि'
नाया. ७६;

**४-धम्मघोस** *(धर्मघोष)* પરિવાર યુક્ત એક સ્થવિર સાધુ જેને धम्मरुइ નામક શિષ્ય હતા.
नाया. १५९,१६०;

**५-धम्मघोस** *(धर्मघोष)* હસ્તિનાપુર પધારેલા એક સ્થવિર ભગવંત, જેને सुदत्त નામના શિષ્ય હતા.
विवा. ३७;

**६-धम्मघोस** *(धर्मघोष)* મહાઘોષ નગરનો એક ગાથાપતિ, જેણે 'धम्मसीह' સાધુને શુદ્ધ આહારદાન થકી મનુષ્યાયુ ઉપાર્જન કર્યુ પછી તે 'भद्दनंदि-२' થયો.
विवा.४४;

**७-धम्मघोस** *(धर्मघोष)* આચાર્ય धम्मवसु ના એક શિષ્ય, જે 'धम्मवग्गु' પણ કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેને धम्मजस સાથે ચોમાસુ મોકલ્યા, માસક્ષમણ તપ કર્યો. ગંગાનદી પાર કરતી વખતે ઘણી જ તરસ છતાં પાણી ન પીધું
आव.नि.१२८१,१३०६;
आव.चू.२-पृ.१८९,२०४;

८-**धम्मघोस** *(धर्मधोष)* ચંપાના રાજા 'मित्तप्पभ' નો મંત્રી 'धनमित्त' ના દેખાવડા પુત્ર सुजात ને મારી નાંખવા તેણે યોજના બનાવેલ. પછીથી તેણે દીક્ષા લીધી. તેણે વારત્તપુર ના મંત્રી वारत्त ને દીક્ષા આપેલી.
आव.नि.१२९७ आव.चू.२-पृ१९७-१९९;
पिंडनि. (३७०-) वृ.

९-**धम्मघोस** *(धर्मधोष)* સાર્થવાહ धनवसु સાથે ઉજ્જેનીથી ચંપાનગરી જતાં સાથે વિહાર કરનાર એક સાધુ લુંટારાને કારણે આખો સાર્થ વિખેરાઈ ગયો, સાધુ ભગવંત કેટલાંક લોકો સાથે જંગલમાં ગયા, ત્યાં તેને ભિક્ષા ન મળી, તેથી તેણે સંલેખના સ્વીકારી, મોક્ષે ગયા.
आव.नि.१२७६; आव.चू.२-पृ. १५४,१५५;

१०-**धम्मघोस** *(धर्मधोष)* એક આચાર્ય, રાજા 'जियसत्तु-४०' તેના શ્રાવક હતા.
आया.चू.पृ.३८ आया.(मू.५७-) वृ.

११-**धम्मघोस** *(धर्मधोष)* મથુરાના વેપારીને સાધુતાના પાઠ શીખવનાર એક આચાર્ય.
आव.चू.१-पृ.४७३;

१२-**धम्मघोस** *(धर्मधोष)* धनसिरी ને દીક્ષા આપનાર એક આચાર્ય.
आव.चू.१-पृ.५२६;

१३-**धम्मघोस** *(धर्मधोष)* ચંપાનગરીના રાજા जियसत्तु ના પુત્ર 'सुमनभद्द' જેના શિષ્ય બન્યા તેવા એક આચાર્ય
उत्त.नि. ९३+वृ.

१-**धम्मजस** *(धर्मयशस्)* આચાર્ય 'धम्मवसु' ના શિષ્યને धम्मवग्गु પણ કહે છે. વચ્છગ પર્વતે સંલેખના કરી, मणिप्पभ અને अवंतिसेन દ્વારા તેની ભક્તિ કરાઈ હતી.
मरण.४७६-४७८; आव.नि.१२८१;
आव.चू.२-पृ १८९,१९०;

२-**धम्मजस** *(धर्मयशस्)* ભ૦મહાવીરના એક શિષ્ય
आव.नि.१२८९; आव.चू.२-पृ.१९३;

**धम्मज्झय** *(धर्मध्वज)* આગામી ચોવીસીમાં ઐરવત ક્ષેત્રમાં થનાર પાંચમાં તીર્થંકર
सम.३७५;

**धम्मण्णग** *(धर्मविज्ञ)* કોઈ એક આચાર્યના અતિ વિનીત શિષ્યોમાંના એક
वव.(भा.१७०२) वृ.

**धम्ममित्त** *(धर्ममित्र)* છઠ્ઠા તીર્થંકર पउमप्पभ ના પૂર્વભવનો જીવ
सम.२७२;

१-**धम्मरुइ** *(धर्मरुचि)* ધર્મઘોષ સ્થવિરના શિષ્ય ચંપાનગરીમાં માસક્ષમણને પારણે વહોરવા નીકળેલા नागसिरी બ્રાહ્મણીએ કડવા તુંબડાનું શાક વહોરાવ્યુ. ગુરુના આદેશથી પરઠવવા ગયા. તે શાક ના તેલનું એક બિંદુ પડતા કીડીઓને મરણ પામેલી જાણી, વિધિપૂર્વક બધું જ શાક વાપરી જતા સમાધિમરણ પામ્યા. સર્વાર્થસિદ્ધે દેવ થયા.
नाया.१५९,१६०; जिय.भा.८५५;
आव.नि.१३१३; आव.चू.२-पृ.९५,२११;

२-**धम्मरुइ** *(धर्मरुचि)* એક ઉગ્ર તપસ્વી સાધુ, જેને શતદ્વાર નગરે विमलवाहन રાજા એ પારણે શુદ્ધ આહાર કરી મનુષ્યાયુ બાંધેલ
विवा.४६;

३-**धम्मरुइ** *(धर्मरुचि)* વાણારસીનો રાજા, તેણે उदिओदअ રાજાની પત્ની सिरिकंता ને મેળવવા યુદ્ધ કરેલ.
आव.नि.९४३,१५४५,
आव.चू.१-पृ.५५९
नंदी (मू.१०७-) वृ.

४-**धम्मरुइ** *(धर्मरुचि)* મુનિ आसाढाभूइ ના આચાર્ય (ધર્મગુરુ)
पिंडनि. ५१२+वृ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५-धम्मरुइ *(धर्मरुचि)* नंद नाविके ઉપસર્ગ કરતા તેને બાળી નાખનાર એવા એક સાધુ
• आव.चू.१-पृ. ५१६;

६-धम्मरुइ *(धर्मरुचि)* વસંતપુરના રાજા जियसत्तु અને રાણી धारिणी નો પુત્ર, તેણે પિતા સાથે દીક્ષા લીધી. તે पत्तेयबुद्ध થયા
आया.(मू.४-)वृ. आव.नि.८६६,८७८; आव.चू.१-पृ. ४९८;

७-धम्मरुइ *(धर्मरुचि)* એક સાધુ, જંગલમાંથી વિહાર કરતા જતા હતા. તેને ઉપવાસને પારણે એક દેવે ભિક્ષા માટે નિમંત્રણ કર્યું તે તેણે સ્વીકારેલ ન હતું.
ओहनि. ७१५-७२३+वृ.

धम्मरुचि *(धर्मरुचि)* જુઓ 'धम्मरुइ-२'
विवा.४६;

धम्मरुचि *(धर्मरुचि)* જુઓ 'धम्मरुइ-५'
आव. चू.१-पृ. ५१६;

धम्मवग्गु *(धर्मवल्गु)* જુઓ 'धम्मवसु' બંને એક બીજના પર્યાય નામો છે.
आव.चू. २-पृ १८९

धम्मवसु *(धर्मवसु)* એક આચાર્ય, જેને धम्मघोस અને धम्मजस નામે બે શિષ્યો હતા
आव.नि.१२८१;

घम्मवीरिय *(धर्मवीर्य)* એક ઉગ્રતપસ્વી સાધુ, જેને તિગિંછી નગરીમાં जियसत्तु રાજાએ શુદ્ધ આહારદાન કરેલ.
विवा. ४५;

घम्मसिरि *(धर्मश्री)* ભ૦ઋષભદેવ પૂર્વે ના અનંતાકાળ પૂર્વે થયેલ ચોવીસીના એક તીર્થંકર, તેમના નિર્વાણ બાદ અસંયતીની પૂજા-સત્કાર વધેલા.
महानि. ८३७;

१-धम्मसीह *(धर्मसिंह)* એક તપસ્વી સાધુ જેને મહાઘોષ નગરમાં धम्मघोस ગાથાપતિએ શુદ્ધ આહારદાન કરેલ
विवा.४५;

२-धम्मसीह *(धर्मसिंह)* પાટલીપુત્ર નો એક રહીશ, તે વખતે રાજા चंदगुत्त હતો. તેણે દીક્ષા લીધી. ફોલ્લપુર નગરે અનશન કરી, ગૃદ્ધપૃષ્ઠ પચ્ચક્ખાણ કર્યું, જંગલમાં હજારો પશુઓ દ્વારા શરીર ચુંથાવા છતાં તેણે સમાધિ જાળવી ઉત્તમાર્થ ને સાધ્યો.
संथा.७०-७२;

३-धम्मसीह *(धर्मसिह)* પંદરમાં તીર્થંકર ભ૦ धम्म ના પ્રથમ ભિક્ષા દાતા.
सम.२९०; आव.नि. ३२४,३२८;

४-धम्मसीह *(धर्मसिंह)* ચોથા તીર્થંકર ભ૦ अभिनंदन ના પૂર્વભવનો જીવ.
सम.२७२;

१-धम्मा *(धर्मा)* વાણારસી ના ગાથાપતિ राम ની પત્ની.
नाया. २४०

२-धम्मा *(धर्मा)* રાજગૃહીના ગાથાપતિ राम ની પત્ની.
नाया. २४०

३-धम्मा *(धर्मा)* શ્રાવસ્તીના ગાથાપતિ राम ની પત્ની
नाया. २४०;

४-धम्मा *(धर्मा)* કોસાંબીના ગાથાપતિ राम ની પત્ની
नाया. २४०;

१-धम्मिल *(धर्मिल)* ભ૦ મહાવીરના પાંચમાં ગણધર 'सुहम्म' ના પિતા. તે કોલ્લાગ સન્નિવેશ ના રહીશ હતા.
आव.नि.६४८;

२-धम्मिल *(धर्मिल)* वसुदेवहिंडि ગ્રંથમાં આવતું એક પાત્ર.
आव.नि.१६१४ आव.चू.२-पृ. ३२४;
दस.चू.पृ.३२८;

धम्मिल्ल *(धर्मिल)* જુઓ 'घम्मिल-२'
सूय.चू.पृ.३९०; आव.नि. १६१४;

१-धर *(धर)* ઐરવત ક્ષેત્રની આ ચોવીસીના બાવીસમાં તીર્થંકર.
सम. ३५०+वृ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२-धर *(धर)* છઠ્ઠા તીર્થંકર ભ૦ 'पउमप्पभ' ના પિતા.
सम.२६४;

३-धर *(धर)* મથુરાના રાજા 'दोवई' ના સ્વયંવરમાં તેને નિમંત્રણ મળેલ.
नाया. १७०;

१-धरण *(धरण)* ભ૦ મલ્લિનો જીવ, જે પૂર્વભવ માં महब्बल કુમાર હતો તે વખતનો એક મિત્ર, જેણે महब्बल સાથે દીક્ષા લીધી.
नाया. ७६;

२-धरण *(धरण)* રાજા अंधगवण्हि અને રાણી धारिणी ના પુત્ર ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. સોળ વર્ષ ચારિત્ર પાળી મોક્ષે ગયા.
अंत. ८;

धरणि *(धरणि)* બારમાં તીર્થંકર ભ૦ विमल ના પ્રથમ શિષ્યા.
सम.२६५;

धारणी *(धारिणी)* बारावई ના એક રાજા वसुदेव ની પત્ની, પ્રસિદ્ધ નામ घारिणी છે
अंत. १३;

१-धारिणी *(धारिणी)* હસ્તિનાપુરના રાજા सिव ની પત્ની, 'सिवभद्द' ની માતા
भग. ५०६; आव.चू.१-पृ.४३९;

२-धारिणी *(धारिणी)* રાજા सेणिअ ની પત્ની અને મેઘકુમારની માતા. તેણીને ગર્ભના પ્રભાવે ઈચ્છા ઉત્પન્ન થઈ જે અભયકુમારે પૂર્ણ કરાવી. દીક્ષાની અનુમતી માટે મેઘકુમાર ને તેણીની સાથે ઘણો સંવાદ થયો. તેણીના પુત્રો जालि આદિ સાત, दीहसेन આદિ તેર દીક્ષા લઈ, અનુત્તર વિમાને ગયા
नाया. ११-२५,३१; अनुत्त-१,२,६;

३-धारिणी *(धारिणी)* વીતશોકા નગરીના રાજા बल ની પત્ની (રાણી) અને महाबल ની માતા
नाया. ७६;

४-धारिणी *(धारिणी)* કુણાલ દેશના રાજા रुक्मि ની પત્ની (રાણી) અને 'सुबाहु' ની માતા કથા જુઓ 'मल्लि'
नाया.८९;

५-धारिणी *(धारिणी)* કંપિલપુરના રાજા 'जियसत्तु' ની પત્ની (રાણી) જે ૧૦૦૦ રાણીઓમાં મુખ્ય રાણી હતી.
नाया. ९२;

६-धारिणी *(धारिणी)* ચંપાનગરીના રાજા 'जियसत्तु' ની પત્ની (રાણી) અને 'अदिनसत्तु' ની માતા કથા જુઓ 'जियसत्तु-२'
नाया. १४३;

७-धारिणी *(धारिणी)* बारावई ના રાજા अंधगवण्हि ની પત્ની (રાણી) તેના गोयम આદિ આઠ, सगर આદિ આઠ પુત્રો હતા.
अंत ३,६,७;

८-धारिणी *(धारिणी)* बारावई ના એક રાજા वासुदेव ની પત્ની, જેના सारण, दारक, अनाहिट्ठि આદિ પુત્રો ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ મોક્ષે ગયા. धारिणी નું धारणि નામ પણ આવે છે.
अंत.१२,१४,१७;

९-धारिणी *(धारिणी)* बारावई ના એક રાજા बलदेव ની પત્ની, તેના सुमुख, दुर्मुख, कूवअ ત્રણ પુત્રો દીક્ષા લઈ મોક્ષે ગયા.
अंत.१४;

१०-धारिणी *(धारिणी)* ચંપાનગરીના રાજા कोणिअ ની પત્ની (રાણી)
पण्हा.१; उव.७;
दसा.५४;

११-धारिणी *(धारिणी)* સુપ્રતિષ્ઠ નગરના રાજા 'महसेन' ની ૧૦૦૦ રાણીઓમાં મુખ્ય રાણી, सीहसेन તેનો પુત્ર હતો.
विवा. ३३;

१२-धारिणी *(धारिणी)* હસ્તિશીર્ષ નગરના રાજા 'अदीनसत्तु' ની ૧૦૦૦ રાણીઓમાં મુખ્ય રાણી કથા જુઓ 'सुबाहु-२'
विवा.३७;

१३-धारिणी *(धारिणी)* આમલકલ્પા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરીના રાજા सेअ ની પત્ની (રાણી)
राय-४;
**१४-धारिणी** *(धारिणी)* મિથિલાનગરીના રાજા 'जियसत्तु' ની પત્ની (રાણી) તે વખતે ભ. મહાવીરનું શાસન હતું.
सूर. १;  चंद.२०;  जंबू. १;
**१५-धारिणी** *(धारिणी)* વાણિજ્યગ્રામ નગરના રાજા'जियसत्तु' ની પત્ની (રાણી) ભ.મહાવીરના દર્શન-વંદનાર્થે ગયેલ
दसा.१६;
**१६-धारिणी** *(धारिणी)* ચંપાનગરીના રાજા दधिवाहन ની चंदना
आव.चू.१-पृ.३२०
**१७-धारिणी** *(धारिणी)* પૂર્વવિદેહના રાજા वारिसेण ની પત્ની (રાણી) ભ०उसभ ના એક પૂર્વભવની માતા જ્યારે उसभ નો જીવ 'वइरनाभ' નામે હતો. આ धारिणी ને मंगलावती પણ કહે છે.
आव. चू.-पृ.१३३,१८०;
**१८-धारिणी** *(धारिणी)* રાજા घनंजय ની પત્ની (રાણી) ભ. મહાવીરના पियमित्त ચક્રવર્તી વાળા ભવની માતા
आव.चू.१-पृ-२३५;
**१९-धारिणी** *(धारिणी)* રાજગૃહીના રાજા 'विसाहभूति' ની પત્ની (રાણી) અને ભ० મહાવીરના પૂર્વભવ 'विस्समूति' ની માતા
आव.चू.१-पृ.२३०;
**२०-धारिणी** *(धारिणी)* અગીયારમાં તીર્થંકર ભ०'सेज्जंस' ના પ્રથમ શિષ્યા
सम.३०९;
**२१-धारिणी** *(धारिणी)* કોસાંબીના રાજા अजियसेनની પત્ની (રાણી)
आव.चू.२-पृ.१८९;
**२२-धारिणी** *(धारिणी)* સાકેતનગરના રાજા चंदवडेंसअ ની પત્ની (રાણી) અને गुणचंद તથા मुनिचंद ની માતા
आव.चू.१-पृ. ४९२;
**२३-धारिणी** *(धारिणी)* ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા 'जियसत्तु' ની પત્ની (રાણી)
निसी.(भा.३१९४-)वृ.
**२४-धारिणी** *(धारिणी)* વસંતપુરના રાજા ની 'जियसत्तु' પત્ની, 'धम्मरुइ' ની માતા
आया.(मू.४)वृ.  आव.चू.१-पृ.४९८;
**२५-धारिणी** *(धारिणी)* શ્રાવસ્તીના રાજા 'जियसत्तु' ની પત્ની (રાણી) 'खंदअ' તથા 'पुरंदजसा' ની માતા
बुह.(भा.३२७२-)वृ.  उत्त.नि.१११+वृ.
उत्त. चू.पृ.७३;
**२६-धारिणी** *(धारिणी)* ચંપાનગરીના રાજા 'मित्तप्पम' ની પત્ની (રાણી)
आव.चू.२-पृ.१९७;
**२७-धारिणी** *(धारिणी)* ઉજ્જૈનીના રાજા अवंतिवद्धन ના ભાઈ रज्जवद्धन ની પત્ની, જ્યારે તેણીને પ્રાપ્ત કરવા માટે अवंतिवद्धन રાજાએ તેણીના પતિને મારી નાંખેલ, તેણીએ શીલરક્ષા માટે દીક્ષા લીધી.
आव.नि.१२८७  आव.चू.२-पृ.१८९;
**२८-धारिणी** *(धारिणी)* પોતનપુરના રાજા सोमचंद ની પત્ની (રાણી)
आव.चू. १-पृ. ४५६;
**२९-धारिणी** *(धारिणी)* રાજા 'चंदवडेसअ' ની પત્ની (રાણી) मुनिचंद તેનો પુત્ર હતો. (धारिणी २२ અને २९ બંને એક પણ હોઈ શકે, પરંતુ 'मुनिचंद' ની કથાની ભિન્નતા જોઈ અહીં અલગ-અલગ આવેલ છે.)
उत्त.नि.३३३+वृ,  उत्त.चू.पृ, २१३;
**धिइ** *(धृति)* રાજગૃહીના સાર્થવાહની પુત્રી જેણીએ ભ. પાર્શ્વના શાસનમાં पुप्फचूला સાધ્વી પાસે દીક્ષા લીધેલ. મૃત્યુબાદ તે સૌધર્મકલ્પની દેવી થયા. ભ.મહાવીર સન્મુખ તેણે નાટ્યવિધિ દેખાડી, વંદના કરી.
पुप्फ-२;
**धिइहर** *(धृतिधर)* કાગંદી નગરનો એક ગાથાપતિ, ભ० મહાવીર પાસે દીક્ષા લીધી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विपुलपर्वत ઉપર મોક્ષે ગયા.
अंत. २४,३०;

**धुंधुमार** *(धुन्धुमार)* સુંસુમાર પુરનો રાજા, તેને अंगारवती નામે પુત્રી હતી.
आव.नि. १३०३+वृ आव.चू.२-पृ.१९९

**धुतक्खानग** *(धूर्ताख्यानक)* (*ખરેખર આ કોઈનું નામ નથી પણ દૃષ્ટાંત છે.) ચાર ધૂર્તોદ્વારા કરાયેલ કલ્પિત વાતો છે **ससग**, एलासाढ, मूलदेव, **खंडपाणा** નામની સ્ત્રી એ ચાર ઉજ્જેનીના ઉદ્યાનમાં રહેલા. વર્ષાઋતુ હતી, ચારે ને ભૂખ લાગી. તેઓએ નિર્ણય કર્યો કે બધાં એ પોતાનો અનુભવ કે સાંભળેલી વાત કહેવી. જે સૌથી મોટું જુઠાણું ચલાવે તેને ખાવા આપવાનું. रामायण આદિ ગ્રંથોના દૃષ્ટાંત આપે તેને કશું આપવું નહીં.
निसी.(भा.२९४,५२११-) चू.
बुह. (भा.२५६४-) वृ.

**नउल** *(नकुल)* હસ્તિનાપુરના રાજા पांडु ના પાંચ પુત્રોમાં નો એક, દીક્ષા લઈ મોક્ષે ગયા.
नाया. १७०,१८२;

**१-नंद** *(नन्द)* રાજગૃહીનો એક સમૃદ્ધ मणियार ભ૦મહાવીર નો શ્રાવક, તેને ક્રમશઃ મિથ્યાત્વ વૃદ્ધિ પામતા એક સુંદર વાવ બનાવડાવી, તેમાં જ મોહ પામી મરીને ત્યાં દેડકો થયો, દેડકાના ભવમાં જાતિ સ્મરણ થતા પુનઃ વ્રત ધારણ કર્યા, દેડકાના જ ભવે તપશ્ચર્યા કરી દેવ થયો नंद ને नंदमणियार કે **मणियारसेट्ठि** નામે પણ ઓળખે છે.
नाया. १४५-१४७; भत्त. ७५;

**२-नंद** *(नन्द)* ક્રોધ ને કારણે હણાયો.
भत्त. १५३

**३-नंद** *(नन्द)* પાડલિપુત્રનો એક ગુલામ, कूणिअ ના પુત્ર उदाइ ના મૃત્યુ પછી તે રાજા થયો, ત્યાર પછી ત્યાં રાજાઓની ઓળખ नंद ના નામે જ થવા લાગી. નવમો 'नंद' રાજા જેનું 'महापउम' નામ હતુ. તે चंदउत्त સાથે લડતા હાર્યો. नंद વંશનો તે છેલ્લો રાજા થયો.
आया.चू.पृ.६४ आव.चू.२-पृ.१७९-१८२;
आव.(नि.९५०-)वृ, दस. चू. पृ, ५२;

**४-नंद** *(नन्द)* પાડલિપુત્રનો એક ગાથાપતિ, જે ઘણો લોભી હતો. કોઈ ગુન્હાના બદલામાં ત્યાંના રાજાએ તેને મૃત્યુદંડ આપેલો
आव.(नि.९१८-)वृ.

**५-नंद** *(नन्द)* સિદ્ધાર્થપુરનો એક રહેવાસી, તેણે અગિયારમાં તીર્થંકર ભ.'**सेज्जंस**' ને પ્રથમ ભિક્ષાદાન કર્યું.
सम.२९१ आव.नि.३२४,३२८;

**६-नंद** *(नन्द)* બંભણગામનો રહેવાસી ભ૦ મહાવીરે એક વખત તેના પાસેથી ભિક્ષા ગ્રહણ કરેલી. उवनंद તેનો ભાઈ હતો.
आव.नि.४७६; आव.चू.१-पृ २८३;

**७-नंद** *(नन्द)* આગામી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનારા પ્રથમ વાસુદેવ
सम. ३६९;

**८-नंद** *(नन्द)* આગામી ચોવીસીમાં થનારા આઠમાં તીર્થંકર ભ. पेढालपुत्त નો પૂર્વભવ
सम. ३६१;

**९-नंद** *(नन्द)* નાસિક્ય નગરનો રહીશ, તે सुंदरी નો પતિ હોવાથી 'सुंदरीनंद'નામે પણ ઓળખાતો હતો, તે તેની સુંદર પત્નીમાં ઘણોજ આસક્ત હતો, તેણે તેના ભાઈ સાધુના પ્રયત્ન થી દીક્ષા લીધી. પારિણામિક બુદ્ધિમાં તેનું દૃષ્ટાંત છે.
आव.नि.९५०+वृ. आव.चू.१.पृ. ५५१;
नंदी. १०८+वृ.

**१०-नंद** *(नन्द)* ભ. અરિષ્ટ નેમિના મુખ્ય શ્રાવક
आव.चू.१-पृ.१५९;

**११-नंद** *(नन्द)* એક નાવિક, જેણે **धम्मरुइ** સાધુને પોતાની હોળીમાં નદી પાર કરાવવા અનુમતી આપી, પણ સાધુ ભગવંતે ભાડું ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપતા તેને ઘણા હેરાન કરેલા, તેથી ક્રોધથી તે મુનિએ નંદ ને બાળી નાંખેલ
आव.चू.१-पृ.५१६ आव.(नि.९१८-)वृ.
(કદાચ નંદ-૨ અને ૧૧- એક હોઈ શકે)

**१२-नंद** *(नन्द)* ભ.મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજકુમાર
नाया. १०७;

**नंदग** *(नन्दक)* ચંપાનગરીનો એક રહીશ સાધુ જુગુપ્સાનું દૃષ્ટાંત છે. પછી नंदगे कोसाबीમાં જન્મ લઈ દીક્ષા લીધી.
मरण. ५०१;

**नंदगोव** *(नन्दगोप)* લાખો ગાયો ધરાવતો એક ગોવાળ
बुह.भा.७७; वव.भा.१५३०+वृ.

**१-नंदन** *(नन्दन)* આ અવસર્પિણી માં ભરતક્ષેત્રમાં થયેલા સાતમા બળદેવ, 'दत्त' વાસુદેવના ભાઈ, તે વાણારસીના રાજા अग्गिसीह અને રાણી जयंती નો પુત્ર હતો, દીક્ષા લઈ મોક્ષે ગયા.
सम.३३१-३४२; आव.नि.४०३-ढ४१४;
आव.भा. ४१;

**२-नंदन** *(नन्दन)* રાજા सेणिअ ના પુત્ર महासेनकण्ह નો પુત્ર. ભ. મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ અચ્યુત દેવલોકે ઉત્પન્ન થયો., મહાવિદેહે મોક્ષે જશે
कप्प १,२;

**३-नंदन** *(नन्दन)* આગામી ઉત્સર્પિણી કાળે ભરતક્ષેત્રમાં થનારા સાતમાં बलदेव
सम. ३७०;

**४-नंदन** *(नन्दन)* કોશલાપુરનો એક ગાથાપતિ તેને सिरिमति પુત્રી હતી.
आव.चू.१-पृ.५२७;

**५-नंदन** *(नन्दन)* छात्तग्गा નગરના રાજા जियसत्तु અને રાણી भद्दा નો પુત્ર ભ.મહાવીર ના પૂર્વભવનો જીવ, તેણે દીક્ષા લીધી. સ્થવિર पुट्टिल ના શિષ્ય બન્યા. તીર્થંકર નામ કર્મ બાંધ્યુ.
सम.२७५; सम.(मू.२१३-)वृ.
आव.नि.४५०-४५२; आव.चू. १-पृ.२३५;

**६-नंदन** *(नन्दन)* ભ. મલ્લિનો પૂર્વભવ
सम.२७५;

**नंदमती/नंदवई** *(नन्दवती)* રાજા सेणिय ની રાણી મહાવીર પાસે દીક્ષા લઈ મોક્ષે ગયા.
अंत. ४२,४५;

**१-नंदमित्त** *(नन्दमित्र)* આગામી ઉત્સર્પિણી માં ભરતક્ષેત્રમાં થનારા બીજા વાસુદેવ
सम.३६९;

**२-नंदमित्त** *(नन्दमित्र)* ભ॰ મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજકુમાર
नाया. १०७;

**नंदसेणिया** *(नन्दसेनिका)* રાજા सेणिय ની એક પત્ની (રાણી) ભ॰મહાવીર પાસે દીક્ષા લીધી મોક્ષે ગયા.
अंत. ४२,४५;

**१-नंदा** *(नन्दा)* રાજા सेणिय ની એક પત્ની (રાણી) તેને अभअ કુમાર નામે પુત્ર હતો. ભ॰ મહાવીર પાસે દીક્ષા લીધી, મોક્ષે ગયા. (તેણીને सुनंदा પણ કહે છે)
नाया.१०; अंत. ४२,४४;
अनुत.२; निर. ९;
निर.(मू.५)वृ. आव.चू. २-पृ.१७१;

**२-नंदा** *(नन्दा)* ભદ્દિલપુરના રાજા 'दढरह' ની પત્ની (રાણી), દશમાં તીર્થંકર ભ॰सीयल ની માતા.
ठा.(मू.४४९-)वृ. सम.२३९;

**३-नंदा** *(नन्दा)* વાણારસીના भदसेन ની પત્ની અને सिरिदेवी ની માતા
आव.चू.२-पृ.२०२;

**४-नंदा** *(नन्दा)* ભ॰મહાવીર ના નવમાં ગણધર अयलभाया ના માતા.
आव.नि.६४९;

**५-नंदा** *(नन्दा)* કોસાંબીના રાજા सयानीय ના મંત્રી सुगुत्त ની પત્ની, તે રાણી मियावई ની સખી હતી. ભ॰મહાવીર તેને ત્યાં એક વખત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર અર્થે ગયેલા
आव.नि.५२०-५२२, आव.चू.१-पृ.३१६,३१७

**६-नंदा** *(नन्दा)* ભ. उसभ ની બે પત્નીઓમાં ની એક પત્ની તે सुनंदा નામથી પ્રસિદ્ધ છે.
आव.नि.१९१, आव.चू.१-पृ.१५२;

**१-नंदि** *(नन्दि)* નંદીગામમાં રહેતો એવો, ભ૦ મહાવીરના પિતાનો એક મિત્ર
आव.नि.५२०; आव.चू.१-पृ.३१६;

**२-नंदि** *(नन्दि)* 'महिस्सर' ના બે મિત્રમાંનો એક મિત્ર.
आव.चू.२-पृ.१७५;

**१-नंदिनी** *(नन्दिनी)* એક ગણિકા,જેને વધુ પડતા શારીરિક સુખ માણવાથી રોગો થયા.
आया.चू.पृ.७१;

**२-नंदिनी** *(नन्दिनी)* ભ૦ પાર્શ્વના મુખ્ય શ્રાવિકા,
તેનો सुनंदा નામથી પણ ઉલ્લેખ મળે છે.
आव.चू.१-पृ.१५९;

**नंदिनीपिया** *(नन्दिनीपितृ)* શ્રાવસ્તી માં રહેતો એક ધનાઢ્ય શ્રાવક, જે ભ૦ મહાવીરના દશ ઉપાસકોમાં નવમાં ઉપાસક હતો. તેની પત્નીનું નામ 'अस्सिणी' હતુ, તેણે શ્રાવકની અગીયાર પ્રતિમાનું વહન કર્યુ. અનશન કરી સમાધિ મૃત્યુ પામી સૌધર્મકલ્પે ગયા.
उवा. ३,५७;

**नंदिल** *(नन्दिल)* આચાર્ય मंगु ના શિષ્ય, नागहत्थि ના ધર્મગુરુ
नंदी ३१,३२+वृ.

**१-नंदिवद्धन** *(नन्दिवर्द्धन)* ભ.મહાવીરના મોટા ભાઈ, તેની પત્નીનું નામ **जेट्ठा** હતુ
आया. ११२; आव.चू.१-पृ.२४५,२५० २-पृ.१६४,१७७;

**२-नंदिवद्धन** *(नन्दिवर्द्धन)* મથુરાના રાજા **सिरिदाम** અને રાણી **बंधुसिरी** નો પુત્ર, તે 'नंदिसेण-१' નામે પણ પ્રસિદ્ધ છે. તેણે તેના પિતાને મારી નાંખવા કાવતરું ઘડેલ પણ પકડાઈ જતા રાજા **सिरिदामे** તેને મરાવી નાંખ્યો. પૂર્વભવમાં તે दुज्जोहण નામનો ક્રુર અને ઘાતકી જેલર હતો.
विवा.३,२९,३०;

**३-नंदिवद्धन** *(नन्दिवर्द्धन)* મગધના નંદી-ગ્રામના રહીશ नंदिसेण ના ધર્મગુરુ
आया.चू.पृ.३०७; जिय.भा.८३१;

**१-नंदिसेण** *(नन्दिषेण)* જુઓ 'नंदिवद्धण-२' તે બંને નામે પ્રસિદ્ધ છે.
विवा. २९,३०;

**२-नंदिसेण** *(नन्दिषेण)* દશપૂર્વધર અને મહાયશવાળા એક સાધુ, જે દીક્ષા છોડી ગણિકા ને ત્યાં રહ્યા. તેણે દીક્ષા ન છોડવા અને સંયમની રક્ષા માટે ઘણાં ઉપાયો કરેલા ઉગ્રતપ અને આત્મહત્યાના પ્રયત્નો કરેલા, સૂત્રાર્થનું વારંવાર રટણ કરેલું, નિર્જન સ્થળોમાં ગયેલા, ચારિત્ર મોહનીયના ઉદયે દીક્ષા છોડીને પણ ઘોર અભિગ્રહ કરેલો કે રોજ દશને પ્રતિબોધ ન કરું ત્યાં સુધી ભોજન-પાન-સ્થંડીલ-માત્રુ બધું ત્યાગ. ગણિકાને ત્યાં પણ શાસ્ત્રાનુસાર શ્રાવક પણું પાળતા હતા. પુનઃદીક્ષા લઈ તેજ ભવે મોક્ષે પણ ગયા.
आया.चू.पृ.१७३, महानि.८४६-८५५;

**३-नंदिसेण** *(नन्दिषेण)* ઐરવતક્ષેત્રની આ ચોવીસીના ચોથા તીર્થંકર
सम.३४७;

**४-नंदिसेण** *(नन्दिषेण)* ભ૦પાર્શ્વના શાસનના એક આચાર્ય, જે વિચરણ કરતા 'तंबाअ' ગામ પહોંચ્યા. ત્યાં એક ચોરે તેને મારી નાંખેલ.
आव.नि.४८५; आव.चू.१.-पृ.२९१;

**५-नंदिसेण** *(नन्दिषेण)* રાજા सेणिअ નો પુત્ર તેણે ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી. તેણે તેના એક શિષ્યને વ્રત પાલનમાં દૃઢ કરેલ
आव.नि.९४९; आव.चू.१-पृ.५५९; २-पृ.१७१; नंदी. १०७+वृ.

**६-नंदिसेण** *(नन्दिषेण)* મગધના નંદિગ્રામ બીજા મતે શાલિગ્રામ નો એક રહીશ, તેની સાથે લગ્ન કરવા કોઈ તૈયાર ન હતું. તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખી થઈ છેલ્લે 'नंदिवद्धण' મુનિ પાસે દીક્ષા લીધી. તે સાધુ વૈયાવચ્ચ માટે ઘણાંજ તત્પર રહેતા હતા. સ્ત્રીવલ્લભ થવા માટે નિયાણું કર્યું. પછી તે वसुदेव થયા કે જે वासुदेवकण्ह ના પિતા હતા.

ठा.(मू.८९८-)वृ. दसा.(नि.९२-)चू. जिय.भा.८२५-८४६; आव.चू.२-पृ.९४;

**नंदीसर** *(नन्दीश्वर)* महिस्सर ના બે મિત્રમાંનો એક મિત્ર

आव.चू.२-पृ.१७५;

**नंदुत्तरा** *(नन्दोत्तरा)* રાજા 'सेणिय' ની એક પત્ની (રાણી) ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી, મોક્ષે ગયા.

अंत. ४२,४५;

१-**नग्गइ** *(नग्नजित)* ગંધારના પુરિસપુરનો એક રાજા, 'पत्तेयबुद्ध' થયા. સ્વયંદીક્ષા લીધી.

आव.चू.२-पृ.२०८; उत्त.६०५; उत्त.नि.२६४+वृ.

२-**नग्गइ** *(नग्नजित)* એક ક્ષત્રિય પરિવ્રાજક

उव.४७;

**नभसेन** *(नभसेन)* રાજા उग्गसेन નો પૌત્ર, જેણે सागरचंद ને મારી નાંખેલ, ( नभसेन घनदेव નામ પણ જણાય છે.)

मरण.४३४; आव.चू.१-पृ.११२; आव.(नि.१३४-)वृ.

१-**नमि** *(नमि)* વિદેહના મિથિલા નગરીના એક રાજા, તેઓ 'प्रत्येकबुद्ध' થયા પૂર્વજન્મની સ્મૃતિથી દીક્ષા લીધી. રાજપાટ રાણી આદિનો ત્યાગ કર્યો. ઈન્દ્રએ બ્રાહ્મણ ના રૂપે ઘણાં પ્રશ્નો કર્યા, તેના તેમણે વૈરાગ્ય ભાવવાહી અને બુધ્ધિયુક્ત ઉત્તારો આપી સમાધાન કર્યા

सूय.२२६; सूय. चू.पृ.१२०; आव.भा.२०८,२१४; आव.चू.१-पृ.७५, २-पृ.२०७,२०८; उत्त. २२९-२९०,६०४,६०५; उत्त.नि.२६४-+वृ. उत्त चू.११७-१८५;

२-**नमि** *(नमि)* ભ. उसभ ના પુત્ર कच्छ નો પુત્ર, નાગકુમાર ધરણેન્દ્રએ તેને ઘણી વિદ્યા આપેલી. તેણે विनमि સાથે વૈતાઢ્યમાં ઘણાં નગર વસાવેલા. છેલ્લે ભરત ચક્રવર્તી સાથે યુદ્ધ કર્યુ અને શરણે ગયા.

जंबू, १०३; आव.नि.३१७; आव.चू.१.पृ.१६०-१६२, २-पृ.२००,२०१;

३-**नमि** *(नमि)* ભરતક્ષેત્રની આ ચોવીસીના એકવીસમાં તીર્થંકર...મિથિલા ના રાજા विजय અને રાણી वप्पा ના પુત્ર, તેનો દેહ સુવર્ણ વર્ણનો હતો. ૧૦૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી. તેમને ૧૭ ગણ અને ૧૭-ગણધર થયા.૧૦૦૦૦ વર્ષ આયુ પાળી મોક્ષે ગયા

ठा.४४८,९३०; सम.२६३-३११; आव.६,४३; आव.नि.२२५,२५८,२६९; २७२-३०५,३२९,३७१,३७७,३८०,३८६ ३८९,४१९; नंदी १९;

**नमिया** *(नमिता)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વપાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની અગ્રમહિષી બની. તે 'नवमिया' નામે પણ ઓળખાય છે.

नाया.२३१;

**नमुदअ** *(नमुदय)* ગોશાળાના મુખ્ય બાર ઉપાસકો માંનો એક ઉપાસક.

भग. ४०३;

**नरदत्त** *(नमुदत्त)* ભ. અરિષ્ટનેમિના મુખ્ય શિષ્ય, તેનુ બીજું નામ 'वरदत्त' હતું.

सम. ३०६ आव.चू.१.पृ.१५९;

**नरवाहन** *(नरवाहन)* એક પ્રસિદ્ધ કથા.

आया.चू.पृ.१८७, निसी.चू.२-पृ.४१९

**नलदास** *(नलदाम)* રાજા चंदउत्त ના રાજ્યમાં चाणक्क દ્વારા નિયુક્ત કોટવાળ

ठा.(मू.२६०-)वृ. वव(भा.९०८-)वृ. दस.चू.पृ.५२;

**नलिन** *(नलिन)* આવતી ચોવીસમાં થનારા પ્રથમ તીર્થંકર 'महापउम' ની પાસે દીક્ષા લેનારા આઠ રાજાઓ માંના એક રાજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ठा. ७३७;

**१-नलिनिगुम्म** *(नलिनगुल्म)* રાજા सेणिअ ના પુત્ર रामकण्ह નો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. સહસ્રારકલ્પે દેવ થયા. મહાવિદેહે મોક્ષે જશે.
कप्प. १,२;

**२-नलिनिगुम्म** *(नलिनगुल्म)* આવતી ચોવીસી માં થનારા પ્રથમ તીર્થંકર 'महापउम' પાસે દીક્ષા લેનારા આઠ રાજાઓમાંના એક રાજા
ठा. ७३७;

**नवग** *(नवक)* વસંતપુરનો એક સાર્થવાહ
आव.(नि.१३६-)वृ.

**१-नवमिया** *(नवमिका)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની દેવી બની.
नाया. २३१;

**२-नवमिया** *(नवमिका)* કંપિલ્લપુરના 'पउम' ગાથાપતિની પુત્રી, ભ.પાર્શ્વપાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ શક્રેન્દ્ર ની દેવી બની.
नाया. २३७;

**नहवाहन** *(नभोवाहन)* भरुयच्च નગરનો રાજા, पइट्ठाण ના રાજા सालवाहन દ્વારા તેની ઉપર કેટલીક વખત હુમલા થયા પણ તે હારી ગયો છેલ્લે नहवाहना ના મંત્રીની મદદથી सालवाहन જીતી ગયો.
बुह.(भा.१७१-)वृ. वव.भा.१४०८+वृ.
आव.नि.१३०३+वृ. आव.चू.१-पृ.१०९, २.पृ.२००;

**१-नाइल** *(नागिल)* મગધદેશના કુશસ્થળ નગરનો એક શ્રાવક તેને सुमइ/सुमतिનામે એક ભાઈ હતો. નિર્ધન થતા બંને ભાઈ દેશાંતર જવા નીકળ્યા, માર્ગમાં સાધુનો સાથ મળતા બંને સાથે ચાલ્યા પણ સાધુના આચરણમાં કુશીલતા જોઈ नाइले તેનો સાથ છોડવા વિચાર્યુ, सुमइ ને સમજાવ્યો પણ તે માન્યો નહીં, ભગવંત વચનાનુસાર नाईल ને કુશીલ સંસર્ગમાં રહેવું યોગ્ય ન લાગ્યું, ભ૦અરિષ્ટનેમિની દેશના સાંભળી, અંતકૃત્ કેવળી થઈ મોક્ષે ગયા.
महानि. ६५४-६७७,६८३;

**२-नाइल** *(नागलि)* ચંપાનગરીનો એક શ્રાવક તે कुमारनंदि સોનીનો મિત્ર હતો, મૃત્યુ બાદ नाइल અચ્યુતકલ્પે દેવતા થયો.
निसी.(भा.३१८४-) चू.
आव.चू.१-पृ.३९७,३९८;

**१-नाग** *(नाग)* ભદ્દિલપુરનો એક ગાથાપતિ, તેની પત્નીનું નામ सुलसा હતુ, તેના अनियस આદિ છ પુત્રો હતા. (વાસ્તવમાં તે देवई ના પુત્રો હતા.सुलसा એ તેને ઉછેરેલા)
अंत.१०,१३; आव.चू.१-पृ.३५७;

**२-नाग** *(नाग)* રાજા पसेनइ નો સારથી તેની પત્નીનું નામ 'सुलसा' હતું.
ठा.(मू.८७०-)वृ. आव.चू.२-पृ.६४;

**नागजसा** *(नागयशा)* ચક્રવર્તી 'बंभदत्त' ની એક રાણી અને 'पंथग' ની પુત્રી
उत्त.नि.३३९+वृ.

**नागज्जुन** *(नागार्जुन)* આચાર્ય 'हिमवत' ના શિષ્ય અને 'भूयदिन्न' ના ગુરુ. વલ્લભીપુરમાં देवड्ढिगणि ની નિશ્રામાં થયેલ વાંચનાના મુખ્ય આચાર્ય, તેથી તે વાચના नागज्जुनिय પણ કહેવાતી હતી.
आया.चू.२०७,२१९,२३२,२३७,२४४,३१३
आया(मू.२७२-) वृ. दस चू.पृ.२०४
उत्त.चू. पृ.१४९; उत्त.(मू.१०७-)वृ.
नंदी ३७-४१; नंदी.चू.पृ.१०;

**नागज्जुनिय** *(नागार्जुनीक)* જુઓ 'नागज्जुन'
आया.चू.पृ.११३ आया.(मू.२७२-)वृ.
उत्त.चू. पृ.१४९;

**१-नागदत्त** *(नागदत्त)* મણિપુરનો એક ગાથાપતિ જે महब्बल કુમારનો પૂર્વભવનો જીવ હતો. તેણે इंदपुत्त અણગારને શુદ્ધ આહાર દાન દ્વારા મનુષ્યાયુ બાંધેલ.
विवा.४३;

**२-नागदत्त** *(नागदत्त)* એક રાજકુમાર કે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વભવમાં નાગ હતો. તેણે સંસાર છોડી નાની વયે દીક્ષા લીધી, તેને વારંવાર ભુખ લાગતી, આખો દિવસ ખાવા જોઈતું. તેને પોતાના ક્રોધ ઉપર ઘણો જ કાબુ હતો, તેને ખાતા-ખાતા જ સમભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલું.
ठा.(मू.२६०-)वृ. दस.चू.पृ.४१,४२;

**३-नागदत्त** *(नागदत्त)* पइट्ठान ना ગાથાપતિ नागवसु નો પુત્ર, તેણે સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી. જિનકલ્પીપણું સ્વીકાર્યુ પણ પુરા સફલ ન થયા.
आव.नि.१२८५; आव.चू.२.पृ.१८८;

**४-नागदत्त** *(नागदत्त)* એક ગાથાપતિ પુત્ર તે गंधव्वनागदत्त કહેવાતો, તેણે દીક્ષા લીધી અને મોક્ષે ગયા.
आव.नि.१२४९-१२६७, आव. चू.२-पृ. ६५

**नागदत्ता** *(नागदत्ता)* ચક્રવર્તી बंभदत्त એક રાણી અને जक्खहरिल ની પુત્રી
उत्त.नि.पृ.३७९;

**नागनत्तुअ** *(नागनप्तृक)* વરુણનું બીજું નામ
भग. ३७५,३७६;

**नागवसु** *(नागवसु)* पइट्ठान નો એક ગાથાપતિ તેનો પુત્ર नागदत्त હતો.
आव.नि.१२८५+वृ. आव.चू.२.पृ.१८८;

**१-नागसिरि** *(नागश्री)* ચંપાનગરીના 'सोम' १-બ્રાહ્મણની પત્ની, દ્રોપદીનો પૂર્વભવનો જીવ. તેણીએ ધર્મરુચિ અણગારને કડવા તુંબડાનું શાક વહેરાવેલ, મૃત્યુ પછી તે છઠ્ઠી નરકે ગઈ. તેણી એ ઘણાં જ વિકૃષ્ટ ભવોમાં ભ્રમણ કર્યું.
नाया. १५८-१६०;

**२-नागसिरि** *(नागश्री)* पइट्ठान ના नागवसु ગાથાપતિની પત્ની અને नागदत्त ની માતા
आव.नि.४७१; आव.चू.२-पृ. १८८;

**नागसेन** *(नागसेन)* ઉત્તરવાચાલનો એક ગાથાપતિ જેણે. ભ०મહાવીર ને ભીક્ષા આપેલ
आव.नि.४७१; आव.चू.१-पृ.२७९;

**नागहत्थि** *(नागहस्तिन्)* આચાર્ય नंदिल ના શિષ્ય
आव.चू.१-पृ.५८५; नंदी. ३३+वृ. नंदी.चू.पृ. ९;

**नात** *(ज्ञात)* ભ० મહાવીરનું કુળજન્ય નામ
आया. ५१३;

**नाभि** *(नाभि)* આ અવસર્પિણીમાં ભરત ક્ષેત્રના ચૌદમાં કુલકર તે मरुदेव અને सिरिकांता ના પુત્ર હતા. તેના શાસનમાં धिक्कार દંડનીતિ હતી, તેની યુગલિની અને પત્નીનું નામ मरुदेवा હતુ, પ્રથમ તીર્થંકર 'उसभ' તેના પુત્ર હતા.
ठा.६४९,६५१; सम.२६०,२६२;
उव.(मू.६०-)वृ. जंबू. ४१-४३;
आवनि.१५०,१५५,१५६,१६०,१७१;
आव.(नि.१८४-)वृ.

**नामुदअ** *(नामोदय)* ગોશાળાના મુખ્ય બાર ઉપાસકોમાંનો એક, જે પછી ભ० મહાવીરનો અનુયાયી બનેલ.
भग.३७७,४०२;

**नायपुत्त** *(ज्ञातपुत्रा)* ભ० મહાવીરનું બીજું નામ કથા જુઓ 'महावीर'
आया.५१३; आया.चू.पृ.२७;
सूय. ३७२,३७५; सूय.चू.पृ.९७;
भग. ३७७,६४५,७५६; दस.२४२;
दस.चू.पृ.२२१; दस.(मू.२४५-)वृ.

**नायमुनि** *(ज्ञातमुनि)* ભ० મહાવીરનું એક બીજું નામ, તે नाय કુળના હોવાથી नायमुनि કહેવાયા
पण्हा. ३५,३७;

**नायसुय** *(ज्ञातसुत)* ભ० મહાવીરનું એક નામ
सूय. ३५३ नाया.२२०;

**१-नारद** *(नारद)* શોરિયપુરના जण्णदत्त અને सोमजसा નો પુત્ર,જુઓ 'कच्छुल्लनारय'
आव.चू.२.पृ.१९४;

**२-नारद** *(नारद)* આગામી ચોવીસીમાં થનારા બાવીશમાં તીર્થંકરનો પૂર્વજન્મ
सम.२६३;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३-नारद** *(नारद)* એક બ્રાહ્મણ પરિવ્રાજક અને તેના અનુયાયી.
उव.४५;

**नारयपुत्त** *(नारदपुत्र)* ભ૦ મહાવીરના એક શિષ્ય જેને નિર્ગ્રન્થીપુત્ર અણગાર સાથે પુદ્‌ગલ સંબંધે સંવાદ થયો.
भग. २६२;

**१-नारायण** *(नारायण)* એક અન્યતીર્થિ સાધુનું લઘુ દષ્ટાંત, જેણે મોક્ષ પ્રાપ્ત કર્યો.
सूय.२२६+वृ. सूय.चू.पृ.१२०;

**२-नारायण** *(नारायण)* ભરતક્ષેત્રના આઠમાં વાસુદેવ, તે लक्खण નામે પણ ઓળખાય છે. તે રાજા दसरह અને રાણી केगमई ના પુત્ર હતા. તેના ભાઈ બલદેવ 'पउम' (રામ) હતા. તેણે પ્રતિવાસુદેવ रावण ને હણેલ. તે મરીને ચોથી નરકે ગયા.
सम.३२१-३४२; आव.नि.४०३-४१३;
आव.भा. ४०-४३;

**निंबअ** *(निम्बक)* अंबरिसि નો પુત્ર
आव.नि.१३००+वृ. आव.चू.२.पृ.१९६

**निक्कसाय** *(निष्कषाय)* આગામી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થનાર ચૌદમાં તીર્થંકર કે જે નવમા बलदेव નો જીવ છે.
ठा.८७१; सम.३५७,३६२;

**निक्खित्तसत्थ** *(निक्षिप्तशस्त्र)* જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રની આ ચોવીસીના બારમાં તીર્થંકર
सम.३४८;

**निन्नय** *(निर्णय)* પુરિમતાલ નગરનો એક અતિ ધનાઢ્ય એવો ઇંડાનો વ્યાપારી, તેણે વ્યાપાર અને ખાનપાનથી તીવ્ર પાપકર્મો ભેગા કર્યા, નરકે ગયો. ત્યાંથી अभग्गसेन તરીકે ઉત્પન્ન થયો.
ठा.(मू.९७५-)वृ. विवा.२०,२१;

**निन्नामिया** *(निर्नामिका)* ललियंग દેવની અગ્રમહિષી सयंपभा નો પૂર્વભવ, તે નંદિ ગ્રામમાં ગરીબ કુટુંબમાં જન્મેલી.
आव. चू.१-पृ.१७२-१७४;

**निप्पुलाअ** *(निष्पुलाक)* આવતી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થનારા પંદરમાં તીર્થંકર કે જે रोहिणीનો જીવ છે
ठा.८७१; सम.३५७,३६२;

**निम्मम** *(निर्मम)* આગામી ચોવીસીમાં ભરત ક્ષેત્રમાં થનારા સોળમાં તીર્થંકર, કે જે 'सुलसा' નો જીવ છે
ठा.८७१; सम.३५७,३६२;

**नियंठिपुत्त** *(निर्ग्रन्थिपुत्र)* ભ૦ મહાવીરના એક શિષ્ય, જેને નારદપુત્ર અણગાર સાથે પુદ્‌ગલ સંબંધે પ્રશ્નોત્તર થયેલા.
भग.२६२;

**निरंगण** *(निरंगण)* કોસાંબીનો એક મલ્લ, જે ઉજ્જૈનીના अट्टनमल्ल સામે હારી ગયો
उत्त.चू.पृ. १०९;

**निरंभा** *(निरम्भा)* શ્રાવસ્તીના એક ગૃહસ્થની પુત્રી. દીક્ષા લીધી મૃત્યુ પામી, બલીન્દ્ર ની એક મુખ્ય દેવી થઈ
नाया.२२५;

**निरुंभा** *(निरुम्भा)* જુઓ 'निरंभा'
नाया. २२५;

**निव्वाण** *(निर्वाण)* ઐરવતક્ષેત્રની આગામી ચોવીસીમાં થનારા ત્રીજા તીર્થંકર
सम. ३७५;

**निव्वुइ** *(निर्वृत्ति)* મથુરાના રાજા जियसत्तु ની પુત્રી તેના રાજા इंददत्त ના પુત્ર सुरिंददत्त સાથે લગ્ન થયેલા
आव.नि.१२९१+वृ. आव.चू.१-पृ.४४९;

**निसढ** *(निषध)* बारावई નગરીના એક રાજા बलदेव અને रेवई રાણીનો પુત્ર. પચાસ રાજકન્યા સાથે વિવાહ થયેલા, ભ૦ અરિષ્ટનેમિની વાણીથી વૈરાગ્ય પામી શ્રાવકના વ્રત લીધા, પછી દીક્ષા લીધી. અનશન કરી, સમાધિ મૃત્યુ પામી, સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા. પૂર્વભવમાં તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रोहिडअ નગરે वीरंगअ રાજકુમાર હતો.
वण्हि.२,३; आव.चू. १-पृ.११२;

**निसुंभ** *(निशुम्भ)* આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા પાંચમાં પ્રતિવાસુદેવ પુરિસસિંહ દ્વારા હણાયા
सम. ३४१;

**निसुंभा** *(निशुम्भा)* શ્રાવસ્તી નગરીના એક ગાથાપતિની પુત્રી, દીક્ષા લીધી. મૃત્યુબાદ બલીન્દ્રની એક અગ્રમહિષી બની.
नाया. २२५;

**नेमि** *(नेमि)* જુઓ 'अरिट्ठनेमि'
ठा.४४८; सम.२७१;
जबू.६९; आव.नि.३७१,४२१;
आव.चू.२-पृ. १९;

**नेमिचंद** *(नेमिचन्द)* મહાનિસીહ સૂત્રના જિર્ણોદ્ધારને બહુમાન્ય કરનાર એક વિદ્વાન્ આચાર્ય.
महानि.५९१;

**पइगा** *(प्रतिका)* ચક્રવર્તી बंभदत्त ની એક પત્ની (રાણી) અને पज्जुन्नसेन ની પુત્રી
उत्त.नि.३४३+वृ.

**पइट्ठ** *(प्रतिष्ठ)* સાતમાં તીર્થંકર ભ. 'सुपास' ના પિતા
सम.२६४;

**पईव** *(प्रदीप)* એક યાદવ રાજકુમાર
नाया. १७४;

**१-पउम** *(पद्म)* આગામી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનારા આઠમાં બલદેવ.
सम.३७०;

**२-पउम** *(पद्म)* ભરત ક્ષેત્રમાં થયેલા આઠમા બળદેવ 'नारायण' વાસુદેવના ભાઈ, તે રાજા दसरह અને રાણી अपराइया ના પુત્ર હતા. 'राम'નામે ઓળખાતા દીક્ષા લઈ. મોક્ષે ગયા.
सम.३२१-३४२; आव.नि.४०३-४१४
६०२-६१६; आव.भा. ४१;

**३-पउम** *(पद्म)* આગામી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનાર આઠમાં ચક્રવર્તી.
सम. ३६७;

**४-पउम** *(पद्म)* શ્રાવસ્તી નગરીનો ગાથાપતિ તેની પત્ની विजया, પુત્રી पउमा હતી
नाया.२३७;

**५-पउम** *(पद्म)* નાગપુરનો એક ગાથાપતિ તેને पउमा નામે પુત્રી હતી.

**६-पउम** *(पद्म)* આગામી ચોવીસીમાં થનાર પ્રથમ તીર્થંકર 'महापउम' પાસે દીક્ષીત થનારા આઠ રાજાઓમાંના એક રાજા.
ठा.७३७;

**७-पउम** *(पद्म)* વિજયપુરનો એક રહીશ, જેણે આ ચોવીસીના પાંચમાં તીર્થંકર ભ० 'सुमइ' ને પ્રથમ ભિક્ષાદાન કરેલ
सम.२९१; आव.नि.३२३,३२७;

**८-पउम** *(पद्म)* રાજા सेणिअ ના પુત્ર काल કુમાર અને પુત્રવધુ 'पउमावई' નો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. ઉત્કૃષ્ટ તપ કરી શરીરે કૃશ થયા ત્યારે અનશન કર્યુ. સૌધર્મકલ્પે દેવ થયા.
कप्प १;

**९-पउम** *(पद्म)* રાજા सेणिअ નો જીવ જે આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થશે જુઓ 'महापउम'
महानि.१२३४, १२४०;

**१०-पउम** *(पद्म)* હસ્તિનાપુરનો ગાથાપતિ
नाया.२३७;

**११-पउम** *(पद्म)* કંપિલપુરનો એક ગાથાપતિ
नाया.२३७;

**१२-पउम** *(पद्म)* સાકેતનગરનો ગાથાપતિ
नाया.२३७;

**१-पउमगुम्म** *(पद्मगुल्म)* રાજા सेणिअ ના પુત્ર सुकाल અને પુત્રવધુ महापउमा નો પુત્ર ભ० મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ લાંતકકલ્પે દેવ થયો. મહાવિદેહે મોક્ષે જશે.
कप्प.१,२;

२.**पउमगुम्म** *(पद्मगुल्म)* આગામી ચોવીસીમાં થનારા પ્રથમ તીર્થંકર 'महापउम'પાસે દીક્ષિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થનારા આઠ રાજાઓમાંના એક રાજા.
ठा.७३७;

१.पउमनाभ *(पद्मनाभ)* ધાતકીખંડના દક્ષિણાર્દ્ધ ભરતની અપરકંકા નગરીનો રાજા તેને સુનાભ નામે પુત્ર હતો. તે રાજાએ દ્રોપદીનું અપરણ કરેલ, કૃષ્ણ વાસુદેવ સાથે લડાઈમાં હારીને દ્રોપદીને પાછી સોંપી.
ठा.(मू.१०२-)वृ; नाया.१७५-१७८; पण्हा(मू.२०)वृ. दस.(नि.१९३)वृ.

२.पउमनाभ *(पद्मनाभ)* આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા નવમાં ચક્રવર્તી, તે 'महापउम' નામે પણ ઓળખાય છે.
सम.३१८; आव.नि.३९७,४१९;

**पउमद्धय** *(पद्मध्वज)* આગામી ચોવીસીમાં થનારા પ્રથમ તીર્થંકર 'महापउम' પાસે દીક્ષિત થનારા આઠ રાજાઓમાંના એક રાજા.
ठा.७३७;

**पउमप्पभ** *(पद्मप्रभ)* ભરતક્ષેત્રની આ ચોવીસીના છઠ્ઠા તીર્થંકર, કોસાંબીના રાજા અને રાણી सुसीमा ના પુત્ર, તેના દેહનો વર્ણ લાલ હતો, તેમણે ૧૦૦૦ પુરુષ સહિત દીક્ષા લીધી. તેઓને ૧૦૭ ગણ અને ૧૦૭ ગણધર હતા. ૩૦ લાખ પૂર્વ આયુ ભોગવી મોક્ષે ગયા.
ठा.४४५; सम.२६३-३११; आव.४,५१; आव.नि.२२४,२२५ २४१,२६६,२७०-३०६, ३२३, ३२७,३७६, ३७८, ३८२-३८७, १०८९;

**पउमप्पह** *(पद्मप्रभ)* જુઓ 'पउमप्पभ'
ठा.४४५,४४६; आव.४;

**पउमभद्द** *(पद्मभद्र)* રાજા सेणिअ ના પુત્ર सुकण्ह નો પુત્ર ભ૦ મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ બ્રહ્મલોક કલ્પે દેવતા થયા.
कप्प.१,२;

१.पउमरह *(पद्मरथ)* ઉજ્જૈનીનો રાજા, તેના પિતાનું નામ देवलासुय હતુ.
आव.नि.१३०९+वृ. आव.चू.२.पृ.२०३;

२.पउमरह *(पद्मरथ)* મિથીલાનો રાજા, તે દઢ શ્રદ્ધાવાન્ હતો.
आव.चू.१.पृ.५१९; आव.(नि.९१८)वृ.

१.पउमसिरी *(पद्मश्री)* દંતપુરના વેપારી धनमित ની બે પત્નીઓમાંની એક તેને આરસનો મહેલ બનાવવાની ઈચ્છા હતી
निसी.(भा.६५७५)चू. वव.(भा.५१८)वृ. आव.नि.१२८०; आव.चू.२.पृ.१५४

२.पउमसिरी *(पद्मश्री)* ચક્રવર્તી 'सुभुम' ની પત્ની (સ્ત્રીરત્ન) महारह વિદ્યાધરની પુત્રી
सम.३२०; आव.चू.१-पृ.५२१;

**पउमसेन** *(पद्मसेन)* રાજા सेणिअ ના પુત્ર महाकण्ह પુત્ર, ભ૦ મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ મહાશુક્ર કલ્પે દેવતા થયો.
कप्प.१,२;

१.पउमा *(पद्मा)* આ ચોવીસીના ચૌદમાં તીર્થંકર ભ૦ अनंत ના મુખ્ય શિષ્યા
सम.३१०;

२.पउमा *(पद्मा)* નાગપુરના એક ગાથાપતિ पउम ની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુપામીને એક વ્યંતરેન્દ્રની દેવી બની.
नाया. २३०;

३.पउमा *(पद्मा)* શ્રાવસ્તીના पउम ગાથાપતિ ની પુત્રી ભ.પાર્શ્વપાસે દીક્ષા લીધી. મૃત્યુ બાદ તેણી શક્રેન્દ્રની અગ્રમહિષી બની
नाया.२३७;

**पउमाभा** *(पद्माभा)* જુઓ पउमप्पभ, આ ચોવીસીના છઠ્ઠા તીર્થંકર ભગવંત
आव.नि.१०८९;

१.पउमावई *(पद्मावती)* સેલક રાજર્ષિના પત્ની (રાણી) મંડુકકુમારની માતા
नाया.६६;

२.पउमावई *(पद्मावती)* સાકેતનગરના રાજા 'पडिबुद्धि' ની પટ્ટારાણી, તેણે નાગપૂજા ઉત્સવ યોજેલો. કથા જુઓ 'मल्लि'
नाया.८६;

३.पउमावई *(पद्मावती)* તેતલિપુરના રાજા 'कनगरथ-१' ની પત્ની (રાણી) તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનગજ્સય નામનો પુત્ર હતો.
नाया.१४८,१४९; आव.चू.१-पृ.४९९;

४.**पउमावई** *(पद्मावती)* મહાવિદેહની પુષ્કલાવતી વિજયની પુંડરિકીણીનગરી ના 'महापउम' રાજા ની પટ્ટરાણી. पुंडरीअ અને 'कंडरीअ' ની માતા
नाया.२१३, उत्त.(नि.२९६-)वृ.

५.**पउमावई** *(पद्मावती)* વાસુદેવ 'कण्ह' ની આઠ પટ્ટારાણીઓમાંની એક રાણી ભ૦ અરિષ્ટનેમિના મુખે દ્વારિકા વિનાશની વાત સાંભળી વૈરાગ્ય થયો, મહોત્સવ પૂર્વક દીક્ષા લીધી. કેવળી થઈ. મોક્ષે ગયા.
ठा.७३८+वृ. अंत.१९,२०;
पण्हा.२०+वृ.

६.**पउमावई** *(पद्मावती)* કૌશાંબીના રાજા 'सयानिअ' ના પુત્ર 'उदयन' ની પત્ની. તેની સાથે 'बहस्सईदत्त' નામનો પુરોહીત ભોગ ભોગવતા પકડાયો.
विवा. २७,२८;

७.**पउमावई** *(पद्मावती)* રાજા **सेणिअ** ના પુત્ર **कूणिअ** ની પત્ની **कूणिअ** નાભાઈ 'वेहल्ल' કુમાર પાસે સેચનક હાથી હતો તે મેળવવા તેણીએ જીદ પકડી, તેથી મહાયુદ્ધ થયું.
भग.(मू.३७३-)वृ. निर.५,१७,२०;
काप्प १,२ आव.चू.२.पृ.१७१,१७२

८.**पउमावई** *(पद्मावती)* રાજા **सेणिअ** ના પુત્ર काल ની પત્ની, તેને 'पउम' કુમાર પુત્ર હતો. કથા જુઓ 'पउम'
कप्प.१;

९.**पउमावई** *(पद्मावती)* રોહિડગના રાજા 'महब्बल' ની રાણી, તેને **वीरंगअ** પુત્ર હતો.
वण्हि.३;

१०.**पउमावई** *(पद्मावती)* રાજગૃહીના રાજા **सुमित्त** ની પત્ની (રાણી) વીસમાં તીર્થંકર **मुनिसुव्वय** ની માતા
सम.२७०; आव.नि.२२९;

११.**पउमावई** *(पद्मावती)* વૈશાલીના રાજા ચેડગ ની પુત્રી અને ચંપાના રાજા **दधिवाहन** ની પત્ની તેના પુત્રનું નામ **करकंडु** હતું.
**निसी**.(भा.१५५७-)चू. बुह.भा.५०९९;
आव.चू.२-पृ.२०४,२०५ उत्त.(नि.२७५-)
वृ

१२.**पउमावई** *(पद्मावती)* **भरुयच्च** ના રાજા **नहवाहन** ની પત્ની (રાણી) તેણી આચાર્ય **वइरभूति** ની કાવ્યશક્તિથી ખૂબ જ પ્રભાવીત થયેલી પણ તેમના કદરૂપાપણાંથી નિરાશ થયેલી
वव.भा.१४०८+वृ.

**पउमावती** *(पद्मावती)* વીતીભય નગરના રાજા **उदायन** ની પત્ની તેને અભીચી નામે પુત્ર હતો. તેણીનો **पभावती** નામથી પણ ઉલ્લેખ છે. કથા જુઓ 'उद्दायन'

**पएसि** *(प्रदेशिन्)* સેયવિયા નગરીનો રાજા, તેની પત્ની **सूरियकंता** અને પુત્ર **सूरियकंत** હતો. પહેલા તે ઘણો ક્રુર, અધાર્મિક, શ્રદ્ધાહીન હતો. જીવના અસ્તિત્વ વિશે તેને શંકા હતી. તેનો સારથી 'चित्त' તેને 'केसि' સ્વામી પાસે લઈ ગયો. જીવના અસ્તિત્વ વિશે ઘણી ચર્ચા થઈ, છેલ્લે તેણે જીવનું અસ્તિત્વ સ્વીકાર્યુ, શ્રાવક બન્યો, શુદ્ધ ધર્મારાધના શરૂ કરી. રાણી **सूरियकंता** ને તેનું ધર્મીપણું ન ગમતા રાજાને ઝેર આપી મારી નાંખેલ સમાધિમય મૃત્યુ પામીને સૂરિયાભ દેવ થયો.
राय. ४८-५२, ५६-८२;
आव.नि.४६८+वृ. आव.चू.१-पृ.२७९;

**पंचाल** *(पञ्चाल)* એક પૂર્વ ઋષિ, તે કામવિદ્યાના વિજ્ઞાનમાં ખ્યાતિ પામેલ, તેનો મત હતો કે સ્ત્રીઓ સાથે મૃદુતા રાખવી.
आव.चू.१-पृ.४९८;

**पंडरभिक्खुअ** *(पाण्डुरमिक्षुक)* ગોશાળાના શિષ્યો. આજીવકોનું બીજું નામ
निसी.(भा.४४२०-)चू.

**पंडरज्जा** *(पाण्डुरार्या)* એક સાધ્વી, જે તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્ત્રો આદિ અતિ સાફ સુથરા રાખતા હતા તેની સૌંદર્યકળા માટે વિખ્યાત હતા. પણ તે આ વાતને ગુપ્ત રાખતા હતા. એ માયાને કારણે તેને મોક્ષ ન મળ્યો પણ તેણે एरावण દેવની અગ્રમહિષી બન્યા.
भत्त.१५३; गच्छा.(मू.९९-) वृ.
निसी.३१९८+चू. दसा. (नि.१११-)चू.
आव.चू. १-पृ.५२२;

**पंडव** *(पाण्डव)* પાંડુરાજાના પાંચ પુત્રો યુધિષ્ઠીર, ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવનું સામુહીક નામ, તેમની માતા કુંતિ હતી. દ્રોપદી તેની પત્ની હતી. પાંચે પાડંવો એ દીક્ષા લીધી. અનશન કર્યું, મોક્ષે ગયા.
नाया.१७२-१८२; मरण.४५८-४६५;
आव.चू.२-पृ. १९७,३०६;

**पंडितिया** *(पण्डितिका)* ચક્રવર્તી 'वारिसेण' ની પુત્રી 'सिरिमती' ની પરિચારીકા
आव.चू.१-पृ.१७२;

**पंडु** *(पाण्डु)* જુઓ पंडुराय (પાંડવો ના પિતા)
मरण. ४६५

**पंडुनराहिव** *(पाण्डुनराधिप)* જુઓ 'पंडुराय'
मरण. ४५८;

**पंडुराय** *(पाण्डुराज)* હસ્તિનાપુરનો રાજા, તેની પત્નીનું નામ 'कुंति' હતુ, યુધિષ્ઠીર આદિ પાંચ પાંડવો તેના પુત્રો હતા.
ठा.(मू.९८२-)वृ. नाया.१७०-१७९;

**पंडुसेन** *(पाण्डुसेन)* પાંડવ અને દ્રોપદીનો પુત્ર, પાંડવોની દીક્ષા બાદ તે પાંડુ મથુરા નો રાજા બન્યો. કથા જુઓ 'दोवई'

**१-पंथग** *(पन्थक)* રાજગૃહીના સાર્થવાહ 'धन' નો એક નોકર જે બાળકોને રમાડવામાં કુશળ હતો. કથા જુઓ 'घन-१'
नाया. ४४,४८-५२;

**२-पंथग** *(पन्थक)* સેલગપુરના રાજા 'सेलग' ના પાંચસો મંત્રીઓમાં મુખ્યમંત્રી, તેણે सेलअ સાથે દીક્ષા લીધી. શેલક રાજર્ષિ જ્યારે શિથીલ બન્યા ત્યારે સંયમમાં સ્થિર કર્યા, મોક્ષે ગયા.
सम.(मू.२२२-)वृ. नाया. ६६-७३;

**३-पंथग** *(पन्थक)* ચંપાનગરીની जोइजसा નો પુત્ર
आव.नि. १२९३+वृ.

**४-पंथग** *(पन्थक)* ચક્રવર્તી 'बंभदत्त' નીપત્ની नागजसा ના પિતા.
उत्त.नि.३३९+वृ.

**पंथय** *(पन्थक)* જુઓ 'पंथग-१'
नाया.४४;

**पगइ** *(प्रकृति)* રાજા बलदेव અને રાણી रेवई નો પુત્ર, કથા જુઓ 'निसढ' મુજબ.
वण्हि. २,४;

**पगति** *(प्रकृति)* જુઓ 'पगइ'
वण्हि.२;

**पगल्भा** *(प्रगल्भा)* ભ૦પાર્શ્વના ના એક સાધ્વી
आव.नि.४८५;

**पज्जुन्न** *(प्रद्युम्न)* વાસુદેવ कण्ह ના પુત્ર, સાડા ત્રણ કરોડ કુમારોમાં મુખ્યકુમાર, તેમની માતાનું નામ રાણી रुप्पिणी હતું, છેલ્લે તેણે ભ૦અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. શત્રુંજય પર્વતે મોક્ષે ગયા.
ठा.(मू.७३८-)वृ. अंत.१६,१७;
पण्हा. १९; वण्हि.२;
आव.चू.१.पृ.३५५;

**पज्जुन्नखमासमण** *(प्रद्युम्नक्षमाश्रमण)* ચૂર્ણિકાર जिनदासगणिमहत्तर દ્વારા વંદન અને સ્મરણ કરાયેલ એક આચાર્ય.
निसी.पीठिका.गा.२;

**पज्जुन्नसेन** *(प्रद्युम्नसेन)* ચક્રવર્તી 'बंभदत्त' ની પત્ની (રાણી) 'पइगा' ના પિતા.
उत्त.नि.३४२+वृ.

**पज्जोअ** *(प्रद्योत)* ઉજ્જૈનીનો રાજા, તે महसेन તથા चंडपज्जोअ બંને નામે ઓળખાય છે. તેને सिवा વગેરે આઠ પત્ની (રાણી) હતી, રાજા धुंधुमार સાથે યુદ્ધ કરી 'अंगारवई' નામની પત્ની મેળવેલી, તેના पालअ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गोपालअ નામે પુત્રો તથા वासवदत्ता નામે પુત્રી હતી, 'खंडकण्ण' નામે મંત્રી હતો, नलगिरि નામનો એક મહાન્ હાથી તેની પાસે હતો, શતાનીક રાજાની પત્ની मिगावई ને મેળવવા તેણે ચઢાઈ કરેલી વગેરે....
आया.चू.पृ.६४,८७; सूय.(मू.६६७-)वृ.
ठा.(मू.३६०,७३२-)वृ. भग.५८७;
पण्हा.(मू.२०-)वृ. निसी.भा.३१८४+चू.
बुह.भा.४२२०+वृ. वव.भा.७८३+वृ.
दसा. (नि.९८-) चू.
आव.चू.१-पृ.८८,९१,२४९,४००,४०१, १९९,२००,२७०; दस.नि.८२+वृ.
दस.चू.पृ.५३; उत्त. (नि.९४-)वृ.
नंदी. (मू.१०७-)वृ.

**पज्जोयन** *(प्रद्योतन)* જુઓ 'पज्जोअ'
आव.चू.२-पृ.२७०

**पडिबुद्ध** *(प्रतिबुद्ध)* સાકેતનગરનો રાજા, તેની પત્ની (રાણી)નું નામ पउमावई હતું. 'पडिबुद्धि'.
नाया. ८६;

**पडिबुद्धि** *(प्रतिबुद्धि)* સાકેતનગરનો રાજા, ભ૦મલ્લિ પાસે દીક્ષા લીધી, મોક્ષે ગયા.
नाया. ८१,८६;

**पडिरूवा** *(प्रतिरुपा)* આ અવસર્પિણીકાળમાં ભરતક્ષેત્રમાં થયેલા ચોથા કુલુકર अभिचंद ની પત્ની.
ठा. ६४९,६५१; सम.२६०,२६२;

**पडिस्सुई** *(प्रतिश्रुती)* આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા બીજા કુલકર, જેના શાસનમાં हक्कार દંડનીતિ હતી.
जंबू. ४१,४२;

**पदेसि** *(प्रदेशिन्)* જુઓ 'पएसि'
आव.(नि.४६८-)वृ.

**१-पभंकरा** *(प्रभङ्करा)* અરક્ષુરી નગરીના એક ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સૂર્યની દેવી બની.
नाया. २३५;

**२-पभंकरा** *(प्रभङ्करा)* મથુરાના ગાથાપતિની પુત્રી ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ તે ચંદ્રની અગ્રમહિષી બની.
नाया. २३६;

**पभव** *(प्रभव)* આર્ય जंबू ના શિષ્ય (પટ્ટધર), તે કચ્છાયન ગોત્રના હતા. ૫૦૦ ચોરોનો સરદાર હતા. પણ પછીથી દીક્ષા લીધી.
निसी.(भा.२१५४-)चू. दस.चू.पृ.६;
नंदी.२३; नंदी.चू.पृ.२६;

**पभाकर** *(प्रभाकर)* જુઓ 'पभास-२'
आव.चू.२-पृ. १९५;

**१-पभावई** *(प्रभावती)* હસ્તિનાપુરના રાજા 'बल' ની પત્ની, મહાબલકુમારની માતા.
भग. ५१८-५२२;

**२-पभावई** *(प्रभावती)* મિથિલાના રાજા बल ની પત્ની (રાણી), ભ.મલ્લિની માતા કથા જુઓ 'मल्लि' તેને 'पभावती' કહે છે.
ठा.(मू.६६४-)वृ. सम.२७०;
नाया. ८१,१०६;

**३-पभावई** *(प्रभावती)* 'निसढ' ની પત્ની અને 'सागरचंद' ની માતા.
आव.चू.१-पृ. ११२;

**४-पभावई** *(प्रभावती)* વીતભય નગરના રાજા उद्दायन ની પત્ની (રાણી), चेडग રાજાની પુત્રી, ભ૦મહાવીરની જીવિત પ્રતિમાની પૂજા કરતી હતી, તેણીએ સુંદર મોટું જિનાલય બંધાવેલ देवदत्ता નામે દાસી હતી, એક વખત કોઈ દાસીનું તેના હાથે મૃત્યુ થતાં, દીક્ષા લીધી.
भग. ५८७; पण्हा.(मू.२०-)वृ.
निसी.(भा.३१८३-)वृ. आव.चू.१.पृ.३९९, ४००; २-पृ.१६४; उत्त.नि.९५+वृ.

**१-पभावती** *(प्रभावती)* જુઓ 'पउमावती'
भग.५८८;

**२-पभावती** *(प्रभावती)* જુઓ 'पभावई-२'
नाया.८१;

**१-पभास** *(प्रभास)* ભ.મહાવીરના અગીયારમાં ગણધર, તે રાજગૃહીના बल

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને अइभद्दा ના પુત્ર હતા. તે એક વિદ્વાન્ બ્રાહ્મણ હતાં. તેને મોક્ષે છે કે નહીં ? તે શંકા હતી ભ.મહાવીરે આ શંકા નિર્મૂળ કરતા તેણે દીક્ષા લીધી. ચાલીશમે વર્ષે મોક્ષે ગયા.
सम.१९; आव.नि.५९५-५९८;

**२-पभास** *(प्रभास)* સાકેતનગરનો એક ચિત્રકાર. તે તેની કળા માટે પ્રસિદ્ધ હતો, રાજા महब्बल તેની કળાથી ઘણો પ્રસન્ન થયો.
आव.नि.१२९२; आव.चू.२.-पृ.१९४,१९५;

**पयावइ** *(प्रजापति)* પોતનપુરના રાજા रिवुपडिसतु નું બીજું નામ, તેની પત્ની भद्दा હતી, તેનાથી अयल અને मियावई નો જન્મ થયો. રાજાએ પોતાની જ પુત્રી मियावई સાથે લગ્ન કર્યા. ભ.મહાવીર જ્યારે तिविट्ठ નામે વાસુદેવ થયા ત્યારે તે पयावई રાજા અને રાણીના मियावई પુત્ર હતા.
ठा.८१२; सम.३२२;
आव.नि.४४८; आव.चू.१-पृ २३३;

**परसुराम** *(परशुराम)* તાપસ जमदग्गि અને रेणुगा ના પુત્ર, તેનું મૂળ નામ राम હતું परसु (કુહાડી) ચલાવવામાં નિષ્ણાંત હોવાથી તે परसुराम કહેવાયા. તેની માતા रेणुगा એ પોતાના જ બનેવી अनंतवीरिय સાથે સંભોગ કર્યો અને એક પુત્ર થયો.परसुरामे ગુસ્સે ભરાઈ ત્રણેને મારી નાંખ્યા. सुभूम ચક્રવર્તીએ પરશુરામને મારી નાંખ્યા.
आया.चू.पृ.४९; आया.(मू.६३)वृ.
सूयचू.पृ.२०९; सूय.(मू.४२०-)वृ.
जीवा. १०५+वृ. भत्त. १५३;

**परासर** *(पराशर)* એક બ્રાહ્મણ તાપસ અને તેના અનુયાયી
उव.४५;

**पव्वयअ** *(पर्वतक)* બીજા વાસુદેવ 'दुविट्ठ' નો પૂર્વજન્મ, તેના ધર્માચાર્ય सुभद्द હતાં
सम. ३२८,३३०,३३३; सम.३३०-वृ.

**पसन्नचंद** *(प्रसन्नचन्द्र)* પોતનપુરના રાજા, તે सोमचंद અને धारिणी ના પુત્ર હતા તેણે દીક્ષા લીધી. એક વખત તે ધ્યાન માં સ્થિત હતાં. તેમના પુત્રની સ્થિતિ સાંભળી મન ક્રોધીત થયું. મનથી યુદ્ધ શરૂ કર્યું પણ પછી પોતે સાધુ છે તે ખ્યાલ આવતા પશ્ચાતાપ થયો, કેવળજ્ઞાન પામી, મોક્ષે ગયા.
आया.चू.पृ.१७९; ठा.(मू.६१-)वृ;
निसी.(भा.५४२४-)चू.
आव.नि.११६२ ; आव.चू.१-पृ.४५६;

**१-पसेनइ** *(प्रसेनजित्)* રાજા 'अंधगवण्हि' અને રાણી 'धारिणी' ના પુત્ર ભ૦ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, શત્રુંજયતીર્થે મોક્ષે ગયા.
अंत.२,६;

**२-पसेनइ** *(प्रसेनजित्)* આ અવસર્પિણીના બારમાં કુલકર, જેના શાસનમાં धिक्कार દંડ નીતિ હતી.
ठा.६४९; सम.२६०;
जंबू. ४१,४२; आव.नि.१५५,१५६;

**३-पसेनइ** *(प्रसेनजित्)* શ્રાવસ્તીનો રાજા
उत्त.नि.२५३+वृ.

**४-पसेनइ** *(प्रसेनजित्)* કુશાગ્રપુરનો રાજા, તે सेणिअ ના પિતા હતા. ભ૦પાર્શ્વ ના અનુયાયી હતા. તેની પુત્રી पभावती ના 'पास' સાથે લગ્ન થયેલા.
आव.चू.१.-पृ.५४६, २-पृ. १५८;
नंदी.(मू.९८-)वृ.

**पसेनइय** *(प्रसेनजित्)* જુઓ 'पसेनइ-२'
सम.२६०; आव.नि. १५५;

**पह** *(प्रभ)* જુઓ पभास (તેનું બીજું નામ)
आव.नि.१२९२;

**पहराअ** *(प्रह्लाद)* આ અવસર્પિણીમાં થયેલ ભરતક્ષેત્રના સાતમાં પ્રતિવાસુદેવ, જે વાસુદેવ 'दत्त' ના હાથે મરાયા.
सम.३४१; आव.नि.४२;

**पाणिनि** *(पाणिनि)* એક વૈયાકરણી, दसवेयालियचूण्णि માં તેના સૂત્રો નોંધાય છે. તેણે प्राकृतलक्षण પણ બનાવેલ.
वव.(भा.प-)वृ. पिंडनि.(२०,३४,१३८-वृ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दस.चू.पृ.६१-६४,१३३-१३६,१९२-१९३;

**१-पारासर** *(पाराशर)* એક અન્યતીર્થિ સાધુ
सूय.२२७+वृ.

**२-पारासर** *(पाराशर)* જુઓ 'किसि पारासर'
उत्त.नि.११४+वृ.

**१-पालअ** *(पालक)* કુંભકારનગરના રાજા दंड/दंडक નો પાપી મંત્રી, એક વખત **खंधअ/खंधग** દ્વારા વાદમાં હાર્યો. જ્યારે खंधग આચાર્ય બન્યા ત્યારે તેને ૫૦૦ સાધુ સહિત ઘાણીમાં પીલી નાંખેલ.
संथा. ५८-६०;

**२-पालअ** *(पालक)* જુઓ 'पालग'-२
आव.नि.१११२; आव.चू.२-पृ.१८९;

**पालक** *(पालग)* જુઓ 'पालअ-१'
उत्त.(नि.११२-)वृ.

**पालक्क** *(पालक)* જુઓ 'पालअ-१'
जिय.भा.५२८;

**१-पालग** *(पालक)* જુઓ 'पालअ-१'
सूय. (मू.५७६-)वृ. निसी.(भा.५७५१-)वृ. वव.(भा.४४१४-)वृ. जिय.भा.५२८; उत्त.नि.११२+वृ. उत्त.चू.पृ.७३;

**२-पालग** *(पालक)* ઉજ્જૈની નો રાજા, તે રાજા **पज्जोअ** નો પુત્ર અને **गोपालअ** નો ભાઈ હતો, તેના પુત્રનું નામ '**अवंतिवद्धन**' અને '**रज्जवद्धन**' હતું.
आव.नि.१२८५; आव.चू.२-पृ.१८९;

**३-पालग** *(पालक)* વાસુદેવ 'कण्ह' નો એક પુત્ર, જે અભવીનો જીવ હતો.
निसी.(भा.१३-)चू. आव.नि. १११२; आव.चू.२.पृ.१९;

**४-पालग** *(पालक)* कालसोयरिय નો પુત્ર અને 'अभय' કુમારનો મિત્ર.
आव.(नि.१२८४-)वृ.

**पालित्त** *(पादलिप्त)* એક આચાર્ય, જ્યારે રાજા मुरुंड ને મસ્તકશૂળ ઉત્પન્ન થયું, બધાં વૈદ્યો નિષ્ફળ ગયા, ત્યારે આચાર્ય पालित्ते મંત્ર શક્તિથી રાજાનું દર્દ મટાડેલ, તેઓ મંત્ર સિદ્ધ હતા. તેના ચમત્કારો જાણી રાજાએ તેને **कालज्ञान** તથા **जोइसकरंडक** ની વૃત્તિ લખવા વિનંતી કરેલ. આચાર્યશ્રીનું મૂળ નામ **नागेन्द्र** હતું, આઠ વર્ષની ઉંમરે તેણે આચાર્ય **संगमसिंह** પાસે દીક્ષા લીધેલી.
जीवा.(मू.१०५-)वृ. सूर.(मू.३५-)वृ. चंद.(मू.३९-)वृ. निसी.(भा.४४६०-चू) बुह.भा.४९१५+वृ. वव.(भा.४४६-)वृ. जिय.भा. १४४४; आव.चू.१-पृ. ५५४; पिंडनि. ५३६,५३७; नंदी. (मू.१०२-)वृ.

**पालित्तग** *(पादलिप्तक)* જુઓ 'पालित्त'
बुह.भा.४९१५; आवचू.२-पृ.५५४; पिंडनि.५३६;

**पालिय** *(पालित्त)* ચંપાનગરીનો એક વણિક તે ભ.મહાવીરનો શ્રાવક હતો, **समुद्दपाल** તેનો પુત્ર હતો.
उत्त.७७३; उत्त.चू.पृ.२६१;

**पास** *(पार्श्व)* ભરતક્ષેત્રની આ ચોવીસીના તેવીસમાં તીર્થંકર, વાણારસીના રાજા '**अस्ससेन**' અને રાણી '**वामा**' ના પુત્ર. તેણે રાજકુમાર અવસ્થામાં લાકડું ચીરાવી સર્પ બચાવ્યાની વાત પ્રસિદ્ધ છે. તેના દેહનો વર્ણ લીલો હતો, ૩૦૦ પુરુષો સાથે દીક્ષા લીધી. તેઓને આઠગણ અને આઠ ગણધર હતા. ૧૦૦ વર્ષ આયુ પાળી મોક્ષે ગયા.
ठा.२४३,४३०,४४८,५७१,७२८;
सम.८,१३,४१,९९,११४,१८४,१८८,१९२,२०५, २६३-३११;
भग.२६८,४३५; नाया.२२०-२२६,२३३;
आव.६,४३; आवा.नि.२२१-२३४; २५२-२५४,२९९,३७१,३७७,३८४-३८९,१०९८;
आव.भा.१६२; आव.चू.१-पृ.१५१,२-२०२
उत्त.चू.पृ.२३,२६४; नंदी. १९;

**पिउदत्त** *(पितृदत्त)* શ્રાવસ્તીનો એક ગાથાપતિ, તેની પત્ની **सिरिभद्दा** હતી.
आव.नि.४८०; आव.चू.१-पृ.२८;

**पिउसेनकण्ह** *(पितृषेणकृष्ण)* રાજા **सेणिअ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને રાણી **पिउसेनकण्हा** નો પુત્ર, રાજા ✦**चेडग** સાથે યુદ્ધમાં હણાઈને નરકે ગયો.
निर. ४,२१;

**पिउसेनकण्हा** *(पितृषेणकृष्णा)* રાજા **सेणिअ** ની પત્ની. ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી, વિવિધ તપો કર્યા. અનશન કરી મોક્ષે ગયા.
अंत. ४७,५८;

१.**पिंगलअ** *(पिङ्गलक)* ભ.મહાવીરના એક સાધુ જેણે **खंदअ** પરિવ્રાજકને કેટલાંક પ્રશ્નો પૂછેલ, જેને **खंदअ** ઉત્તર આપી ન શક્યા.
भग. ११२;

२-**पिंगलअ** *(पिङ्गलक)* એક તાપસ, તે તેની જ સુચનાનો ભોગ બનેલ.
ठा.(मू.३६०-)वृ. दस.चू.पृ.५३;

**पिंगला** *(पिङ्गला)* ચક્રવર્તી 'बंभदत्त' ની એક પત્ની (રાણી)
उत्त.नि.३५३+वृ.

**पिट्ठिमाइअ** *(पृष्ठिमात्रक)* વાણિજયગ્રામની **भद्दा** સાર્થવાની નો પુત્ર. ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સર્વાર્થસિદ્ધ ગયા.
अनुत्त. ८,११;

**पिढर** *(पिथर)* કંપિલપુરનો રાજા, તેની પત્નીનું નામ **जसवई** હતું, **गागलि** તેનો પુત્ર હતો
आव.चू.१.पृ.३८१; आव.(नि.९६४-)वृ. उत्त.(नि.२८४-)वृ.

१-**पियंगु** *(प्रियङ्गु)* વર્ધમાનપુરના સાર્થવાહ **घनदेव** ની પત્ની. **अंजू** ની માતા.
विवा.३४;

२-**पियंगु** *(प्रियङ्गु)* ચંપાના રાજા 'मित्तप्पभ' ના મંત્રી, **धम्मघोस** ની પત્ની, તેણી એ જ નગરના વેપારી **धनमित** ના પુત્ર **सुजात** પ્રતિ ઘણી આકર્ષાયેલી.
आव.नि.१२९७; आव.चू.२-पृ.१९७;

**पियकारिणी** *(प्रियकारिणी)* ભ.મહાવીરની માતા ત્રિશલાનું બીજું નામ જુઓ 'तिसला'
आया. ५११;

**पियचंद** *(प्रियचन्द)* કનકપુરનગરનો રાજા જેની પત્ની **सुभद्दा** હતી, તેના પુત્રનું નામ **वेसमण** હતું. પૌત્ર **धनवई** હતો.
विवा. ४२;

**पियदंसणा** *(प्रियदर्शना)* ભ૦મહાવીરની પુત્રી. જેનું બીજું નામ 'अनोज्जा' છે. જુઓ 'अनोज्जा' તેનું **जसवई** નામ પણ છે.
आव.भा.८०, आव.चू.१.पृ.२४५,४१६,४३८

१-**पियमित्त** *(प्रियमित्र)* ભ.મહાવીરનો એક પૂર્વભવ. તે **मूया** નગરીના રાજા **धनंजय** અને રાણી **धारिणी** ના પુત્ર હતા. તેઓ ચક્રવર્તી હતા અને **पुट्टिल** પાસે દીક્ષા લીધી.
आव.नि.४२५,४४९,४५० आव.चू.१-पृ.२३५

२-**पियमित्त** *(प्रियमित्र)* આ અવસર્પિણીના છઠ્ઠા વાસુદેવ **पुरिसपुंडरीअ** નો પૂર્વભવ. તેણે પત્ની પ્રેમને કારણે નિયાણું કરેલ.
सम.३२८,३३०;

**पियसेन** *(प्रियसेन)* ઈન્દ્રપુર નગરની કોઈ ગાણિકાનો પુત્ર. જેને બચપણમાંજ નપુંસક કરાયો હતો. **उज्झियअ** નો આગામીભવ
विवा.१७;

**पिया** *(प्रिया)* ભ૦પાર્શ્વના શાસન સમયે રાજગૃહીના એક ગાથાપતિ **सुदंसण** ની પત્ની, તેને 'भूया' નામ પુત્રી હતી.
ठा.(मू.९७५-)वृ. पुप्फ.३;

**पीढ** *(पीठ)* પુંડરીગિણી નગરીના રાજા **वारिसेण** નો પુત્ર, તેના ભાઈ ચક્રવર્તી **वइरनाभ** જે ભ.**उसभ** નો પૂર્વભવ હતો.
आव.नि.१७६; आव.चू.१-पृ.१३३,१८०;

**पीढर** *(पीठर)* જુઓ. 'पिढर'
आव.चू.१-पृ.३८२;

१-**पुंडरीअ/पुंडरीय** *(पुण्डरीक)* મહાવિદેહની પુષ્કલાવતી વિજયની પુંડરિકીણી નગરીના રાજા 'महापउम' નો પુત્ર. જેને **कंडरीय** નામનો ભાઈ હતો. કંડરીકે દીક્ષા લીધી, પુંડરીકરાજાએ શ્રાવક પણું સ્વીકાર્યુ, કંડરીક જ્યારે શિથીલ બની પાછા આવ્યા ત્યારે તેને રાજ્ય સોંપી પુંડરીકે સાધુપણું અંગીકાર કર્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શારીરિક વેદના સહન કરી, સમાધિ મૃત્યુ પામી, સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.
आया.चू.पृ.५८; आया.(मू.७३-)वृ. नाया. २१३-२१८; मरण. ६३८; आव.चू. १-पृ.३८४-३८९;

२-**पुंडरीय** *(पुण्डरीक)* સાકેતનગરનો રાજા, નાના ભાઈ **कंडरीय** ની પત્ની મેળવવા માટે તેણે **कंडरीय** ને મારી નાંખેલ.
आव.नि.१२८३-८४; आव.चू.२-पृ.१९१-९२;

**पुट्टसाल** *(पोट्टशाल)* જુઓ **पोट्टसाल**.
उत्त.नि.१७२+वृ.

१-**पुट्टिल** *(पोट्टिल)* ભ૦મહાવીર તેના પૂર્વભવમાં જયારે તે ચક્રવર્તી **पियमित्त** હતા, તે વખતના તેના ધર્માચાર્ય.
आव.नि.४५०; आव.चू.१-पृ.२३५;

२-**पुट्टिल** *(पोट्टिल)* ભ૦મહાવીર જયારે પૂર્વભવમાં **नंदन** નામે હતા તે વખતના તેમના દીક્ષાદાતા આચાર્ય.
आव.नि.४५१; आव.चू. १-पृ.२३५;

३-**पुट्टिल** *(पोट्टिल)* આગામી ઉત્સર્પિણીમાં થનારા ચોથા તીર્થંકર ભ૦ **सयंपभ** નો પૂર્વભવ જેણે મહાવીર પાસે દીક્ષા લીધેલી.
ठा.८७०+वृ. सम.३५५,३६१;

**पुट्टिल** *(प्रोष्ठिल)* હસ્તિનાપુરની **भद्दा** સાર્થવાહિનીનો પુત્ર ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ સર્વાર્થસિદ્ધે દેવ થયા.
ठा.८७०+वृ. अनुत्त.९,१३;

**पुढवीसिरी** *(पृथ्वीश्री)* ઈન્દ્રપુરનગરની એક ગણિકા, જે ચૂર્ણાદિ પ્રયોગથી વશીકરણ કરતી અને ભોગ ભોગવતી, જે મરીને નરકે ગઈ, ત્યાંથી વર્ધમાનપુરમાં **अंजू** તરીકે જન્મી,

**पुणनंद** *(पूर्णनन्द)* જુઓ. 'पुण्णनंद'
आव.नि.३२८;

**पुण्णकलस** *(पूर्णकलश)* ભ૦મહાવીરને શેતાન સમજીને તેના પર તલવાર વડે આક્રમણ કરનાર, શક્રેન્દ્રએ તેને મારેલ.
आव.नि.४८३; आव.चू.१-पृ.२९०;

**पुण्णनंद** *(पूर्णनन्द)* જુઓ. 'नंद' ભ.'सेज्जंस' ના પ્રથમ ભિક્ષા દાતા.
सम.२९१;

१-**पुण्णभद्द** *(पूर्णभद्र)* વાણિજ્યગ્રામનો એક ગાથાપતિ, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, વિપુલ પર્વત પર મોક્ષે ગયા.
अंत. २५,३५;

२-**पुण्णभद्द** *(पूर्णभद्र)* મણિવતી નગરીનો એક ગાથાપતિ, સ્થવિર ભગવંત પાસે દીક્ષા લીધી. એક માસની સંલેખના સ્વીકારી મૃત્યુબાદ સૌધર્મકલ્પે **पुण्णभद्द** દેવ થયો. ભ.મહાવીર પાસે આવી નાટ્ય દેખાડેલ.
पुप्फि.९;

**पुण्णसेन** *(पूर्णसेन)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** નો પુત્ર, ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી મૃત્યુબાદ અનુત્તર વિમાને દેવ થયા.
अनुत्त.५,६;

**पुण्णा** *(पूर्णा)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ એક વાણવ્યંતરેન્દ્રની અગ્રમહિષી બની.
नाया.२३०;

**पुत्थी** *(पुस्ति)* ચક્રવર્તી **बंभदत्त** ની એક રાણી.
उत्त. (३५३-)वृ.

१-**पुनव्वसु** *(पुनर्वसु)* રિષ્ટપુરનો એક રહીશ, જે દશમાં તીર્થંકર '**सीयल**' ના પ્રથમ ભિક્ષા દાતા હતા.
सम.२९१; आव.नि.२३४,३२८;

२-**पुनव्वसु** *(पुनर्वसु)* આઠમાં વાસુદેવ '**नारायण**' (લક્ષ્મણ) ના પૂર્વ જન્મનો જીવ '**समुद्द**' તેના ધર્માચાર્ય હતા..
सम. ३२८,३३०,३३४,३३७

**पुप्फकेउ** *(पुष्पकेतु)* પુષ્પભદ્રનગરનો રાજા, તે **पुप्फसेन** પણ કહેવાય છે. તેને **पुप्फचूल** અને **पुप्फचूला** નામે પુત્ર-પુત્રી હતાં. **पुप्फचूला** તેની પત્ની (રાણી) હતી.
बुह.(भा.१३४९-)वृ. आव.चू.१-पृ. ५५९; २-पृ.१७७; आव.(नि.९४९-)वृ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१-पुप्फचूल** *(पुष्फचूल)* પુષ્પપુરનો રાજા, તે પુप्फकेतु અને पुप्फवती નો પુત્ર હતો, તેના લગ્ન તેની બહેન पुप्फचुला સાથે થયેલા. તેણે દીક્ષા લીધી, એક દેવે पुप्फचूला નું રૂપ લઈ તેના ધ્યાન ભંગ કરવા પ્રયત્ન કરેલ, પણ તે નિશ્ચલ રહ્યા.

बुह.भा.१३४९-१३५१+वृ.

**२-पुप्फचूल** *(पुष्पचूल)* ચંપાનગરીનો રાજા અને ચક્રવર્તી 'बंभदत्त' નો મિત્ર.

उत्त.नि.३३६+वृ.

**१-पुप्फचूला** *(पुष्पचूला)* ભ.પાર્શ્વના મુખ્ય સાધ્વી, જેની પાસે काली,राइ વગેરે તથા भूया વગેરેએ દીક્ષા લીધેલ

सम.३११; नाया. २२०,२४०;
पुप्फ.२; आव.चू.१-पृ.१५९;

**२-पुप्फचूला** *(पुष्पचूला)* હસ્તિશીર્ષનગરના રાજા 'अदीनसत्तु' ના પુત્ર सुबाहु કુમારની ૫૦૦ પત્નીઓમાં મુખ્ય (રાજવધૂ) પત્ની

विवा.३७;

**३-पुप्फचूला** *(पुष्पचूला)* પુષ્પભદ્રનગરના રાજા पुप्फकेतु અને રાણી पुप्फवती ની પુત્રી, તેના ભાઈ पुप्फवई સાથે તેના લગ્ન થયેલા રાણી पुप्फवई ને તે ન ગમ્યું. તેણી દીક્ષા લઈ, મૃત્યુબાદ દેવ થઈ ત્યારે તેણીના પ્રતિબોધથી पुप्फचूला એ દીક્ષા લીધી अण्णियापुत्त આચાર્યની શુદ્ધ વૈયાવચ્ચ થકી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

ठा.(मू.८९८-)वृ. बुह.भा.१३४९-५१;
आव.नि. ११९४; आव.चू. १-पृ.५५९;
२-पृ. ३६,१७७,१७८; नंदी(मू.१०७-)वृ.

**पुप्फदंत** *(पुष्पदन्त)* 'सुविधि' નામથી પ્રસિધ્ધ એવા આ ચોવીસીના નવમાં તીર્થંકર. કાગંદીના રાજા सुग्गीव અને રાણી रामा ના પુત્ર જુઓ. 'सुविहि'.

सम.२६५-२७३,२७८,२८६-२७८,३०५;
आव.४-४१; आव.नि.२२५,२५४;
२५७,२६१,२६६,३०२,३०७,३२४,३२८,३७६,
३७८,३८५,३८८,१०९१; नंदी.१८;

**पुप्फदत्त** *(पुष्पदन्त)* એક સાધુ, જેને उसभदत्त ગાથાપતિએ શુદ્ધ આહાર દાન કરી મનુષ્યાયુ બાંધેલ કથા જુઓ 'सुजात'

**१-पुप्फवई** *(पुष्पवती)* જુઓ 'पुप्फवती'

बुह.भा.१३५१; आव.(नि.९४९-)वृ.

**२-पुप्फवई** *(पुष्पवती)* આ ચોવીસીના વીસ માં તીર્થંકર ભ૦ 'मुनिसुव्यय'ના પ્રથમ શિષ્યા

सम.३१०;

**३-पुप्फवई** *(पुष्पवती)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુ બાદ એક વ્યંતરેન્દ્રની દેવી બની.

नाया.२३१;

**पुप्फवती** *(पुष्पवती)* પુષ્પપુરના રાજા पुप्फकेउ ની પત્ની તેણીએ દીક્ષા લીધી, મૃત્યુબાદ દેવ બની, પુત્રી पुप्फचुला ને પ્રતિબોધ કરી સાચો માર્ગ દેખાડ્યો.

बुह.भा.१३५१+वृ. आव.चू.१.पृ.५५९;
२-पृ.१७७,१७८; नंदी.(मू.१०७-)वृ.

**१-पुप्फसाल** *(पुष्पशाल)* વસંતપુરનો વિખ્યાત ગાયક, भद्दा નામની એક ગાથાપતિ પત્ની તેના સંગીતમાં એટલી તલ્લીન બની કે તે ઉપલા માળેથી પડીને મૃત્યુ પામી.

आया.(मू.११०-)वृ. आव.चू.१-पृ.५२९-३०
आव.(नि.९१८-)वृ.

**२-पुप्फसाल** *(पुष्पशाल)* ગોબ્બર ગામનો એક ગાથાપતિ.

आव.चू.१-पृ.४६९;

**पुप्फसालसुअ** *(पुष्पशालसुत)* ગોબ્બરગામના ગાથાપતિ पुप्फसाल નો પુત્ર, તે ઘણાં દયાળુ અને સેવાભાવી હતો.

आया.चू.पृ.१२०; आव.नि.८४७;
आव.चू.१-पृ.४६९;

**पुप्फसेन** *(पुष्पसेन)* पुप्फकेउ નું બીજું નામ

आव.चू.१.पृ.५५९; आव.(नि.९४९-)वृ.

**पुरंदरजसा** *(पुरन्दरयशा)* રાજા जियसत्तु ની પુત્રી खंदअ ની બહેન दंडगी રાજાની પત્ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેણીએ ભ. मुनिसुव्वय દીક્ષા લીધી .
निसी.(भा.५७५१-)चू.बुह.(भा.३२७२-)वृ. वव.(भा.४४१४-)वृ, उत्त.नि.१११-११२+वृ. उत्त.चू.पृ.७३;

**पुरिसपुंडरीअ** *(पुरुषपुण्डरीक)* આ અવસર્પિણી માં ભરતક્ષેત્રના છઠ્ઠા વાસુદેવ, છઠ્ઠા બળદેવ 'आनंद'ના ભાઈ ચક્રપુરના રાજા 'महासिव' અને રાણી लच्छिमई ના પુત્ર તેણે પ્રતિ વાસુદેવ बालि ની હત્યા કરી હતી.
सम.३२८,३३०,३३४,३३७,३४०;
आव.नि.४०३-४१३; आव.भा.४०,४१;

**पुरिससीह** *(पुरुषसिंह)* ભરતક્ષેત્રમાં થયેલા પાંચમાં વાસુદેવ, બલદેવ सुदंसण ના ભાઈ अस्सपुर ના રાજા सिव અને રાણી अम्मया ના પુત્ર, તેણે निसुंभ પ્રતિવાસુદેવને મારેલ.
ठा. ९३०; सम.३२१-३४५;
आव.नि.४०३-४१३; आव.भा.४०,४१;

**१-पुरिससेन** *(पुरुषसेन)* રાજા वसुदेव અને રાણી धारिणी નો પુત્ર ભં.અરિષ્ટનેમિપાસે દીક્ષા લીધી. શત્રુંજયે મોક્ષે ગયા.
अंत. १६,१७;

**२-पुरिससेन** *(पुरुषसेन)* રાજા सेणिअ અને રાણી धारिणी નો પુત્ર, દીક્ષા લઈ અનુત્તર વિમાને ગયા.
अनुत्त.१,२;

**पुरिसुत्तम** *(पुरुषोत्तम)* ભરતક્ષેત્રમાં થયેલા ચોથા વાસુદેવ, બળદેવ 'सुप्पभ' ના ભાઈ बारावई રાજા सोम અને રાણી सीया ના પુત્ર, મરીને છઠ્ઠી નરકે ગયા.
ठा.९३०; सम.३२१-३४५;
आव.नि.४०३-४१३; आव.भा.४०,४१;

**पुस्स** *(पुष्य)* સેયપુરનો રહીશ, જેણે નવમાં તીર્થંકર सुविहि ને પ્રથમ ભિક્ષા આપેલી
सम. २९१; आव.नि.३२४,३२८;

**पुस्सभूति** *(पुष्यभूती)* જુઓ 'पूसभूति'
बुह.भा.६२९०; वव.भा.२०४;
वव.(भा.११८८-)वृ.

**पुस्समित्त** *(पुष्यमित्रा)* જુઓ पूसमित्त
आया.चू.पृ.२;

**१-पुहई** *(पृथिवी)* पइट्ठ રાજાની પત્ની (રાણી) અને સાતમાં તીર્થંકર 'सुपास' ની માતા.
सम.२६९; आव.नि.३८५;

**२-पुहई** *(पृथिवी)* આ અવસર્પિણીના ત્રીજા વાસુદેવની 'सयंभू' માતા.
सम.३२४; आव.नि.४०९;

**३-पुहई** *(पृथिवी)* ભ.મહાવીરના પ્રથમ ત્રણ ગણધરના માતા, 'वसुभूइ' ની પત્ની.
आव.नि.६४८,६४९;

**४-पुहई** *(पृथिवी)* રાજા सालवाहन ની પત્ની એક વખત તેણીએ પોતાના પતિ જેવા વસ્ત્રો પહેરી તેની જેમજ પ્રવૃત્તિ કરેલી.
वव.भा.२६४१+वृ.

**पूतना** *(पूतना)* महासउनि ની પત્ની, એક વિદ્યાધરી, વાસુદેવ-બળદેવ તેના વૈરી હતા.
पण्हा.१९+वृ.

**१-पूरण** *(पूरण)* બેભેલ સંનિવશનો એક ધનાઢ્ય ગૃહસ્થ, જેણે તાપસ દીક્ષા લીધેલી, અનશન કરી, મૃત્યુબાદ ચમરેન્દ્ર થયો, તેણે ચમરેન્દ્ર રૂપે શક્રેન્દ્રની શોભા ભ્રષ્ટ કરવા ઉત્પાત મચાવ્યો. ભ.મહાવીરનું શરણ લેતા. શક્રેન્દ્રએ તેને મુક્ત કર્યો.
भग.१७२;

**२-पूरण** *(पूरण)* ભ.મલ્લિનો જીવ જે પૂર્વ ભવમાં 'महब्बल' કુમાર હતો, તે વખતનો એક મિત્ર જેણે महब्बल સાથે દીક્ષા લીધેલી
नाया.९६;

**३-पूरण** *(पूरण)* રાજા अंधगवण्हि અને રાણી धारिणी નો પુત્ર. ભ.અરિષ્ટ પાસે દીક્ષા લીધી. ૧૬ વર્ષ ચારિત્ર પાળી મોક્ષે ગયા.
अंत.८;

**पूस** *(पुष्य)* એક નિમિત્તજ્ઞ-જ્યોતિષ જેણે ભ.મહાવીર ના પગની છાપમાં ચક્રવર્તી ના લક્ષણ જોયેલા, પગલાને આધારે તે थूणाग સંનિવેશ પહોંચ્યો ત્યારે જોયું કે આ તો સાધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તે પોતાના જ્ઞાન વિશે શંકાશીલ બન્યો. શક્રેન્દ્રએ તેની શંકા દૂર કરી.
आव.नि.४७३; आव.चू.४-पृ.३८२;

**पूसनंदि** *(पुष्यनन्दि)* રોહીતકનગરના રાજા **वेसमणदत्त** અને રાણી **सिरिदेवी** નો પુત્ર, તેના વિવાહ **देवदत्ता** સાથે થયેલ,
ठा.(मू.९७५-)वृ. विवा.३३;

**पूसभूति** *(पुष्यभूति)* આચાર્ય **पूसमित्त** ના ધર્મગુરુ. તે ધ્યાનમાં નિષ્ણાંત હતા. **सिंबवद्धन** ના રાજા '**मुंडिअ**' ને તેણે પ્રભાવીત કરેલા.
बुह.भा.६२९०; वव.(भा.११७२,११८०-)वृ.
आव.नि.१३१७+वृ. आव.चू.२-पृ.२१०;

**१-पूसमित्त** *(पुष्यमित्र)* **पूसभूति** ના શિષ્ય તે એક એવા સાધુ હતા. જે **पूसभूति** દ્વારા ગ્રહણ કરાયેલા ગહન ધ્યાન વખતે તેના બાહ્ય લક્ષણો સમજી શકતા હતા.
आव.नि.१३१७+वृ. आव.चू.२.-पृ.२१०;

**२-पूसमित्त** *(पुष्यमित्र)* ભ.મહાવીરનો એક પૂર્વભવ, તે થૂણાનગરીના બ્રાહ્મણ હતા.
आव.नि.४४२; आव.चू.१-पृ.२२९;

**३-पूसमित्त** *(पुष्यमित्र)* એક આચાર્ય જે શિસ્ત વ્યવહારના પાલન અને નિરીક્ષણમાં માનતા
वव.(भा.१७०२-)वृ.

**४-पूसमित्त** *(पुष्यमित्र)* આચાર્ય **रक्खिय** ના ત્રણ શિષ્યો હતા, જેના નામને અંતે **पूसमित्त** શબ્દ આવતો હતો. જેમકે. **दूब्बलियपूसमित्त**
आया.चू.पृ.२; सूय.चू.पृ.५;
निसी.भा.५६०७; आव.भा.१४२;
आव.चू.१-पृ.४०९;

**पूसा** *(पुष्या)* કંપિલપુરના શ્રાવક કુંડકોલિક ના પત્ની અને બારવ્રતધારી શ્રાવિકા,
उवा. ३७,६२;

**पेढाल** *(पेढाल)* અનેક વિદ્યાઓનો જ્ઞાતા એવો એક પરિવ્રાજક, પોતાની વિદ્યા કોઈ સુપાત્રને આપવા તેણે ભ્રમરરૂપ ધારણ કરી પોતાનું વીર્ય **सुजेट्ठा** સાધ્વીની યોનિમાં દાખલ કર્યું. એક પુત્ર ઉત્પન્ન થયો, તેનું નામ **सच्चइ** પાડેલ, તેણે જ **पेढाल** ને મારી નાંખેલ
आया.चू.पृ.९७; आया.(मू.१०६-)वृ.
ठा.(मू.८७४-)वृ. निसी.(भा.३७४४-)वृ.
आव.चू.२-पृ.१७४,१७५;
आव.(नि.१२८४-)वृ.

**१-पेढालपुत्त** *(पेढालपुत्र)* જુઓ '**उदअ-१**'
सूय. ७९६-८०६;

**२-पेढालपुत्त** *(पेढालपुत्र)* વાણિજ્યગ્રામની **भद्दा** સાર્થવાહિનીનો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ સર્વાર્થ સિદ્ધે ગયા.
अनुत्त.९,१३;

**३-पेढालपुत्त** *(पेढालपुत्र)* ભરતક્ષેત્રની આગામી ચોવીસીમાં થનારા આઠમાં તીર્થંકર જે પૂર્વ ભવમાં '**नंद**' નામે હતા.
ठा.८७१; सम. ३५६,३६१;

**पेल्लअ** *(प्रेरक)* રાજગૃહીના **भद्दा** સાર્થવાહિની નો પુત્ર. ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સર્વાર્થસિદ્ધ વિમાને ઉત્પન્ન થયા.
अनुत्त.८,१३;

**पोक्खलि** *(पुष्कलिन्)* શ્રાવસ્તીનગરીમાં રહેતો ભ.મહાવીરનો એક શ્રાવક અને '**संख**' શ્રાવકનો મિત્ર કથા જુઓ. '**संख**'
ठा.(मू.८७०-)वृ. भग.५३१;

**पोग्गल** *(पुद्गल)* આલભિકાનગરીનો એક પરિવ્રાજક, તે વેદ આદિનો જ્ઞાની હતો, તેને વિભંગજ્ઞાન થયું. ભ.મહાવીર પાસે શંકાનું સમાધાન થતા દીક્ષા લીધી. મોક્ષે ગયા.
भग.५२८;

**पोट्ट** *(पोट्ट)* જુઓ '**पोट्टसाल**'
आव.चू.१-पृ.४२४;

**पोट्टसाल** *(पोट्टशाल)* જંબૂદ્વીપનો એક વિદ્વાન પરિવ્રાજક તે તેના પેટ ઉપર એક લોઢાંનો પટ્ટો બાંધી રાખતો. જેથી જ્ઞાનને કારણે તેનું પેટ ફાટી ન જાય, તે '**रोहगुत्त**' સાથે વાદમાં હાર્યો ગયો.
ठा.(मू.६८८-)वृ. निसी.भा.५६०२;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुह (भा.७५६-)वृ. आव.नि.२९५२-५५;
आव.चू.१-पृ.४२४; उत्त.(नि.१७२-)वृ.

**१-पोट्टिल** *(पोट्टिल)* તેનું વૃત્તિમાં 'पुट्टिल' નામ છે. જુઓ. 'पुट्टिल'
अनुत्त.९,१३;

**२-पोट्टिल** *(पोट्टिल)* આગામી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થનારા નવમાં તીર્થંકર જે सुनंद જીવ છે.
सम. ३५६,३६१;

**३-पोट्टिल** *(पोट्टिल)* ભ૦મહાવીરનો એક પૂર્વભવ તેણે દશલાખ વર્ષ સાધુપણું પાળેલ.
सम. २१३;

**४-पोट्टिल** *(पोट्टिल)* મંત્રી तेयलिपुत्त ની પત્ની જે पोट्टिला હતી, તે મૃત્યુબાદ દેવ થઈ તે,
नाया. १५४;

**५-पोट्टिल** *(पोट्टिल)* એક સાધુ सयंपभ નો પૂર્વભવ. તે ભ.મહાવીરના શાસનમાં થયા.
ठा.८७०;

**पोट्टिला** *(पोट्टिला)* તેતલિપુરના સોની कलाद ની સુંદર પુત્રી, જેના લગ્ન રાજયના મંત્રી तेतलिपुत्त સાથે થયેલા, सुव्रता સાધ્વી પાસે તેણે દીક્ષા લીધી, મૃત્યુ પામી દેવ થયા, તે દેવે तेतलिपुत्त ને પ્રતિબોધ કરી દીક્ષા લેવડાવી
सूय.चू.पृ.२८; नाया.१४८-१५४;
विवा.(मू.३४-)वृ. आव.चू.१-पृ.४४९;

**पोत्तपूसमित्त** *(पोतपुष्यमित्र)* આચાર્ય रक्खिय ના એક શિષ્ય, તેના પાસે એક એવી૪ વિદ્યા હતી, જેના વડે તે ઈચ્છે ત્યારે વસ્ત્રો ઉત્પન્ન કરી શકતા હતા.
आव.भा.१४२; आव.चू.१-पृ.४०९;
आव.(नि.७७५-७७६-)वृ.

**फग्गु** *(फाल्गु)* ભ.अजिय ના પ્રથમ શિષ્યા
सम. ३०९;

**फग्गुणी** *(फाल्गुनी)* શ્રાવસ્તી નગરીના શ્રમણોપાસક 'लेइयापिता' (सालिहीपिता) ની પત્ની, તે વ્રતધારી શ્રાવિકા હતા.
उवा. ५८,६३;

**फग्गुरक्खिय** *(फल्गुरक्षित)* દશપુરના એક બ્રાહ્મણ सोमदेव નોપુત્ર, આચાર્ય रक्खिय ના નાના ભાઈ, તેની માતાએ रक्खिय ને ઘેર પાછા લાવવા મોકલેલ, પણ તેણે દીક્ષા લઈ લીધી
ठा.(मू.१६५,३८२-)वृ. आव.नि.७७६;
आव.चू.१-पृ.४०१,४०४; उत्त.(नि.९६-)वृ.

**फग्गुसिरी** *(फल्गुश्री)* ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં પાંચમાં આરાને અંતે થનાર એક શ્રાવિકા, જે ગુણવાન્ હશે. મૃત્યુ બાદ સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે.
महानि. ८११;

**फरसुराम** *(परशुराम)* જુઓ 'परसुराम' માન કરવાથી દુઃખી થયેલ.
भत्त. १५३;

**फलहिमल्ल** *(फलधिमल्ल)* જુઓ 'फलिहमल्ल'
वव.(भा.३८३५-)वृ.आव.चू.२-पृ.१५२,१५३;
उत्त.चू.पृ.१०९;

**फलिहमल्ल** *(फलिहमल्ल)* એક પ્રસિદ્ધ મલ્લ, તે પહેલા भरुयच्च નગર પાસેના કોઈ ગામમાં રહેતો હતો. अट्टन નામનો મલ્લ તેને ઉજ્જૈની લઈ ગયો. ત્યાં તેણે સોપારગ ના मच्छियमल्ल ને હરાવેલ.
वव.(भा.३८३५-)वृ. आव.नि. १२७४;
आव.चू.२-पृ.१५२,१५३; उत्त.चू.पृ.१०९;
उत्त.(मू.११६-)वृ.

**फुडा** *(स्फुटा)* જુઓ 'अपराइया-१'
नाया.२३२;

**१-बंधुमई** *(बन्धुमती)* ભ.મલ્લિના ૫૫૦૦૦ સાધ્વીઓમાં મુખ્ય સાધ્વી. કથા જુઓ 'मल्लि'
सम.३१०; नाया. १०८;

**२-बंधुमई** *(बन्धुमती)* 'अज्जुनमालागार' ની સૌંદર્યવતી પત્ની કથા જુઓ 'अज्जुन-४'
अंत.२७;

**बंधुमती** *(बन्धुमती)* ગોબ્બર ગામના गोसमुखि ખેડુતની પત્ની.
आव.चू.१.पृ.२९७;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बंधुसिरी** *(बन्धुश्री)* મથુરાના રાજા सिरिदाम ની પત્ની, नंदिवध्धण તેનો પુત્ર હતો.
विवा.२९,३०;

**१-बंभ** *(ब्रह्मन्)* કંપિલપુરનો રાજા, ચક્રવર્તી बंभदत्त ના પિતા, તેને ચાર રાણીઓ હતી. इंदसिरी, इंदजसा, इंदवसु, અને चूलनी
उत्त.३३६+वृ. उत्त.चू.पृ.२१४;

**२-बंभ** *(ब्रह्मन्)* बारावई નોરાજા, બીજા વાસુદેવ दुविठ्ठ અને બીજા બળદેવ विजय ના પિતા. તેને उमा અને सुभद्दा નામની બે પત્ની(રાણી) હતી.
ठा. ८१२; सम. ३२२;
आव.नि.४०९-४११;

**बंभचारि** *(ब्रह्मचारिन्)* ભ૦પાર્શ્વના આઠ ગણધરોમાંના એક ગણધર
ठा. ७२८; सम. ९;

**१-बंभदत्त** *(ब्रह्मदत्त)* ભરત ક્ષેત્રમાં થયેલ એક ચક્રવર્તી, રાજા बंभ અને રાણી चूलनी નો પુત્ર, તે પૂર્વ ભવે કરેલ નિદાનના કારણે ચક્રવર્તી થયો, પૂર્વ ભવે તેનું નામ संभूत હતું.चित्त તેને ભાઈ હતો, જેની સાથે તેને પાંચભવનો સંબંધ હતો, તેને चित्त મુનિએ ધર્મારાધના માટે ઘણી પ્રેરણા કરી, પણ તે ધર્મી ન બની શક્યો. કામભોગ ન છોડવાથી સાતમી નરકે ગયો.
आया.चू.पृ.१९,७४,१२१,१९७,३८१;
ठा. १२०,३३७,६६३; सम.३१२-३२०;
जीवा.१०५; मरण. ३७७;
निसी.चू.(भा.५७२)चू.
आव.नि.३७५,३९३,३९८-४००,४१९;
आव.चू.१-पृ.२१५,३६६,४४६;
दस.चू.पृ.१०५,३२८; उत्त.४०७-४४०;
उत्त.नि.३५३+वृ. उत्त.चू.पृ.२१४;

**२-बंभदत्त** *(ब्रह्मदत्त)* અયોધ્યાનો એક રહીશ, બીજા તીર્થંકર 'अजिय' ને પ્રથમ ભિક્ષા આપેલ.
सम.२९०; आव.नि.३२३,३२७;

**३-बंभदत्त** *(ब्रह्मदत्त)* રાજગૃહીનો એક રહીશ તેણે વીસમાં તીર્થંકર ભ.મુનિસુવ્વય ને પ્રથમ ભિક્ષા આપેલ તને उसमसेन કહે છે.
सम.२९१; आव.नि.३२५,३२९;

**बंभी** *(ब्राह्मी)* ઋષભદેવ (उसभ) અને सुमंगला ની પુત્રી, ભગવંતે તેને સૌ પ્રથમ લિપિ શીખવી, જે बंभीलिपि કહેવાયછે. તેણીએ દીક્ષા લીધી. ત્રણ લાખ સાધ્વીઓમાં મુખ્ય સાધ્વી બન્યા, તેણે सुंदरी બહેન સાધ્વી સાથે જઈને ભાઈ बाहुबली ને બોધ પમાડેલ, છેલ્લે મોક્ષે ગયા.
ठा.४७३; सम.१६३,३०९;
भग.(मू.२-)वृ. जंबू.४४;
निसी.भा.१७१६; बुह.भा.३७३८,६२०१;
आव.भा.१३ आव.चू.१-पृ.१५२,१५६, १५८,१८२,२११;

**१-बल** *(बल)* હસ્તિનાપુરનો રાજા, રાણી પ્રભાવતી તેની પત્ની હતી. महाबल કુમાર પુત્ર હતો.
भग. ५१८-५२२;

**२-बल** *(बल)* વીતશોકા નગરીનો રાજા, તેને धारिणी આદિ ૧૦૦૦ રાણીઓ હતી, महाबल કુમાર નામે પુત્ર હતો.
नाया. ७६;

**३-बल** *(बल)* મહાપુર નગરનો રાજા, તેની પત્ની सुभद्दा હતી.महब्बल પુત્ર હતો.
विवा. ४३;

**४-बल** *(बल)* હસ્તિનાપુરનો એક ગાથાપતિ દીક્ષા લીધી. દેવ થયો. ભ.મહાવીર સન્મુખ નાટ્યવિધિ દેખાડી,વંદના કરી.
पुप्फि २,११;

**५-बल** *(बल)* એક યક્ષ જે પૂર્વભવમાં સર્પ હતો. જિનવચન શ્રદ્ધા થી યક્ષ દેવ થયેલો.
मरण. ५२२,५२३;

**६-बल** *(बल)* ભ.મહાવીરના અગીયારમાં ગણધર 'पभास' ના પિતા
आव.नि.६४८;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७-बल *(बल)* એક બ્રાહ્મણ, જેણે ભ૦ મહાવીરને પ્રથમ ભિક્ષા આપી. તેને बहुल પણ કહે છે.
आव.चू.१.पृ.२२०;

८-बल *(बल)* જુઓ 'हरिएसबल'
उत्त.चू.पृ.२२०;

९-बल *(बल)* એક ક્ષત્રિય પરિવ્રાજક
उव.४५;

१०-बल *(बल)* બળદેવનું ટુંકું નામ
आव.नि.४०२;

बलकोट्ट *(बलकोटय)* હરિકેશ જાતિના મુખિયા,हरिएसबल ના પિતા, गौरी તથા गंधारी ના પતિ.
उत्त नि.३२५+वृ. उत्त.चू.पृ.२०२;

बलदेव *(बलदेव)* ભરતક્ષેત્રમાં થયેલા નવમાં બળદેવ, વાસુદેવ કૃષ્ણના ભાઈ, રાજા वासुदेव અને રાણી रोहिणी ના પુત્ર, પાંચ મહાન્ વીર માંના મુખ્ય વીર, તેની પત્નીનું નામ धारिणी હતું. તેના सुमुख, द्विमुख અને कूवअ ત્રણપુત્રો દીક્ષા લઈ મોક્ષે ગયા, તેની रेवई નામની પત્નીથી निसढ નામ પુત્ર પણ હતો. તેનું બીજું નામ राम પણ છે તેમના ઋદ્ધિ સામર્થ્ય,ધજાનું ચિન્હ, દેખાવ આદિનું સુંદર વર્ણન पण्हावागरणं આવે છે. દ્વારિકાના દહન વખતે તે કૃષ્ણ વાસુદેવ સાથે દ્વારિકા છોડી ગયા. પછી દીક્ષા લીધી.
ठा.८१२,८१३; सम. ३२२-३३६;
नाया. ६३,१६९ अंत. ३,६४,२०;
पण्हा. १९;वण्हि.३ मरण४९८;
बुह. (भा.१७२-)वृ. आव.भा.४१;
आव.चू.१-पृ.११२,३५५; उत्त.चू.पृ.९५;
उत्त. (मू.८०-)वृ.

१-बलभद्द *(बलभद्र)* ભ૦મલ્લિ જયારે પૂર્વભવમાં महब्बल કુમાર હતા, તે महब्बल અને कमलसिरि નો પુત્ર.
नाया. ७६;

२-बलभद्द *(बलभद्र)*જુઓ 'बलदेव'
मरण.४९८;

३-बलभद्द *(बलभद्र)* સુગ્રીવનગરનો રાજા તેની પત્ની (રાણી) નું નામ 'मिया'હતું.તેનો પુત્ર बलसिरि જે मियापुत्त નામે પ્રસિદ્ધ હતો.
उत्त. ६१४,६१५; उत्त. नि.४०७+वृ.

४-बलभद्द *(बलभद्र)* ચક્રવર્તી 'भरह' પછી દીક્ષા લઈ મોક્ષે જનારા આઠ યુગપુરુષ રાજાઓમાંના એક, તે 'महब्बल' નામે પણ ઓળખાય છે. તે 'अइजसा' ના પુત્ર હતા.
ठा.७२७; आव.नि.३६३;
आव.चू.१-पृ.२६४;

५-बलभद्द *(बलभद्र)* રાજગૃહીના मूरिय વિસ્તારનો એક રાજા, તે શ્રાવક હતો. આચાર્ય आषाढ ના શિષ્ય કે જેણે 'अव्वत्त' મત કાઢેલો તે નિહ્નવ ને પાઠ ભણાવી માર્ગે વાળેલ
ठा.मू.६८८-)वृ. निसी.भा.५५९९;
आव.भा.१३०; आव.चू.१.-पृ४२१;
उत्त.नि.१६९+वृ.

६-बलभद्द *(बलभद्र)*૫૦૦ ચોરોનો સરદાર કપિલકેવલી દ્વારા પ્રતિબોધ પામી દીક્ષા લીધી.
उत्त.नि.२५८+वृ.

बलभानु *(बलभानु)* ઉજ્જૈનીના बलमित्त અન भानुमित्त ની બહેન भानुसिरि નો પુત્ર. તે આચાર્ય कालग દ્વારા બોધ પામ્યો.
नीसी.(भा.३१५३-)चू.

१-बलमित्त *(बलमित्र)* ઉજ્જૈનીનો રાજા, भानुमित्त તેનો નાનો ભાઈ હતો, भानुसिरी બહેન હતી.
निसी.(भा.३१५३-)चू. दसा.(नि.७०-)चू.

२-बलमित्त *(बलमित्र)* ભ.મલ્લિ પાસે દીક્ષા ગ્રહણ કરનાર એક રાજકુમાર.
नाया.१०७;

बलमेत्त *(बलमित्र)* જુઓ 'बलमित्त-१'
दसा.(नि.७०-)चू.

बलवीरिय *(बलवीर्य)* बलभद्द નો પુત્ર, જેનું બીજું નામ 'तेयवीरिय' હતું.
ठा.७२७; आव.नि.३६३;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आव.चू.१-पृ.२१४;

**૧-बलसिरी** *(बलश्री)* વીરપુરના રાજા 'वीरकण्हमित्त' ના પુત્ર, સુજાતકુમારની ૫૦૦ પત્નીમાં મુખ્ય પત્ની કથા જુઓ 'सुजात'

विवा.३९;

**૨-बलसिरी** *(बलश्री)* સુગ્રીવનગરના રાજા બલભદ્દ અને રાણી 'मिया' નો પુત્ર જે मियापुत्त નામે પ્રસિદ્ધ હતો.

उत्त. ६१५;

**૩-बलसिरी** *(बलश्री)* અંતરંજિતા નગરનો રાજા, જેના દરબારમાં सिरिगुत्त ના શિષ્ય रोहगुत्त ને पोट्टसाल સાથે વાદ થયેલો.

निसी.भा.५६०२; आव.भा.१३६;

आव.चू.१-पृ.४२४; उत्त.नि.१७२+वृ.

**बलि** *(बलिन्)* ભરતક્ષેત્રમાં થયેલા છઠ્ઠા પ્રતિવાસુદેવ, તે વાસુદેવ पुरिसंपुंडरीय દ્વારા હણાયા.

सम. ३४१

**बहस्सइदत्त** *(बृहस्पतिदत्त)* કૌસાંબીના પુરોહિત सोमदत्त અને वसुदत्ता નો પુત્ર, તે उदयन નો મિત્ર હતો. उदयन રાજા બનતા તે પુરોહીત બન્યો. તે રાજાનો વિશ્વાસુ હોવાથી અંતઃપુરમાં આવાગમન કરી શકતો હતો. તે उदयन ની રાણી पउमावई સાથે ભોગ ભોગવતા પકડાયો ત્યારે રાજાએ તેનો વધ કરાવ્યો. પૂર્વભવમાં તે महेसरदत्त નામનો પુરોહીત હતો.

विवा. ३,२७,२८;

**૧-बहुपुत्तिया** *(बहुपुत्रिका)* નાગપુરના કોઈ ગાથાપતિની પુત્રી, ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની દેવી બની.

नाया.२३०;

**૨-बहुपुत्तिया** *(बहुपुत्रिका)* સૌધર્મકલ્પની એક દેવી. ભ.મહાવીર સન્મુખ ઘણાં બાળક-બાલિકા વિકુર્વી નૃત્ય થી ભક્તિ કરી, પૂર્વભવમાં તે भद्द સાર્થવાહની सुभद्दा નામે પુત્રી હતી. આગામી જન્મમાં सोमा નામક બ્રાહ્મણપુત્રી થશે.

पुप्फि.२,८;

**बहुमित्तपुत्त** *(बहुमित्रपुत्र)* મથુરાના રાજાના सिरिदाम મંત્રી सुबंधु નો પુત્ર

विवा. २९;

**बहुरुवा** *(बहुरूपा)* નાગપુરના કોઈ ગાથાપતિ ની પુત્રી, ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ તે પિશાચેન્દ્રની દેવી બની.

नाया. २२९;

**૧-बहुल** *(बहुल)* કોલાગ સંનિવેશનો ધનાઢ્ય અને બ્રાહ્મણ શાસ્ત્રોનો પારંગત એક બ્રાહ્મણ, ભ.મહાવીરે તેને ત્યાં ચોથા માસ- ક્ષમણનું પારણું કર્યુ. પંચ દિવ્યો પ્રગટ થયા.

भग.६३९; आव.नि.४७५;

आव.चू.१-पृ.२८३;

**२-बहुल** *(बहुल)* આચાર્ય મહાગિરિના શિષ્ય

नंदी.२५+वृ. नंदी.चू.पृ.८;

**३-बहुल** *(बहुल)* કોલ્લાગ સંનિવેશનો એક રહીશ, જેણે ભ.મહાવીર ને પ્રથમ ભિક્ષા આપી, તે बल નામે પણ ઓળખાય છે.

सम. २९२; आव.नि.३२५,३२९,४६२;

**बहुला** *(बहुला)* આલભીક નગરીના શ્રાવક 'चुल्लसयअ' ની પત્ની, તેણી વ્રતધારી શ્રાવિકા હતી, चुल्लसयअ ને ઉપસર્ગ થયો ત્યારે તેણીએ સ્થિર કરેલ.

उवा. ३४-३६,६३;

**૧-बहुलिया** *(बहुलिका)* શાણુલષ્ઠિ ગામના ગાથાપતિ आनंद ની નોકરાણી

आव.चू.१-पृ.३००;

**२-बहुलिया** *(बहुलिका)* જુઓ 'बाहुलि'

उत्त. (नि.१६०-)वृ.

**बहुली** *(बहुली)* ઇન્દ્રપુરનો એક ગુલામ.

आव.नि.१२८७; उत्त.(नि.१६०-)वृ.

**बालचंदानन** *(बालचन्द्रानन)* ઐરવત ક્ષેત્રની આ ચોવીસીના પ્રથમ તીર્થંકર, તેને चंदानन

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામે પણ ઓળખે છે.
सम. ३४७;

***बालवयंसय** *(बालवयस्क)* આ ખરેખર કોઈનું નામ નથી. પણ वरुण-नागनत्तुअ નો બાલ્યમિત્ર છે. જે રથમુસલ સંગ્રામમાં હતો, અને સમાધિમરણ પામેલ
भग. ३७५,३७६;

**बाहु** *(बाहु)* ભ. वइरसेन નો પુત્રઅને ચક્રવર્તી वइरनाभ નામ ના ભાઈ, પછી તે ભ.'उसह' ના પુત્ર ચક્રવર્તી भरत નામે જન્મ્યો, बाहु નું બીજું નામ कनगनाभ હતું.
आव.नि.१७६, आव.चू.१-पृ.१३३,१५३,१८०

**बाहुअ** *(बाहुक)* એક અન્તીર્થિ સાધુનું લધુ દૃષ્ટાંત
सूय.२२६+वृ. सूय.चू.पृ.१२०;

**बाहुबलि** *(बाहुबलिन्)* ભ. उसह ના બીજા પુત્ર, તેની માતા सुनंदा હતી. सुंदरी તેની જોડીયાબહેન હતી. તે बहली દેશનો રાજા હતો. રાજા भरह સાથે તેને મહાયુદ્ધ થયેલ, છેલ્લે बाहुबली એ તેને પોતાનો મોટો ભાઈ સમજી મુદ્ઠીપ્રહાર કરવાને બદલે પોતાનાજ વાળનો લોચ કરી, સંસાર છોડી દીધો, એક વર્ષ કાયોત્સર્ગમાં રહ્યા, કેવળજ્ઞાન થયું.
आया.(मू.९०-)वृ. ठा.४७३;
सम. १६३; आव.नि.३४९;
आव.भा.४,३२-३५;
आव.चू.१-पृ.१६०,१८०,२१०,२-पृ.२४९;

**बिंदुसार** *(बिन्दुसार)* ચંદ્રગુપ્તનો પુત્ર, તેનો પુત્ર असोग અને પૌત્ર कुणाल હતો.
निसी.भा.५७५+चू. बुह.भा.२९४,३२९६;
दस.चू.पृ.८१;

**बिभीसण** *(बिभीषण)* અવરવિદેહની વીતસોગા નગરીના રાજા जियसत्तु અને રાણી केकयी નો પુત્ર, એક વાસુદેવ, बलदेव 'अयल' નો ભાઈ.
आव.चू.१.पृ.१७७;

**बिभेलग** *(बेभेलक)* બિભેલ સંનિવેશ નો રહીશ
भग. ४८७;

**बुक्कस** *(बुक्कस)* જુઓ बोक्कस
आव.नि.२६; उत्त. चू.पृ.७६;
उत्त.(मू.९९-)वृ.

**बुद्ध** *(बुद्ध)* બૌદ્ધ ધર્મના સ્થાપક, તે सुद्धादन ના પુત્ર હતા.
आया.च.पृ.८२; सूय.चू.पृ.४१७,४२९;
आव.चू.१-पृ.५४२;

**बुद्धि** *(बुद्धि)* સૌધર્મકલ્પની એક દેવી, ભ૦ મહાવીર સન્મુખ નાટ્ય વિધિ દેખાડી વંદના કરી. પૂર્વભવમાં કોઈ ગાથાપતિની પુત્રી, ભ.પાર્શ્વના શાસનમાં દીક્ષા લીધેલી.
पुप्फ.२;

**बोक्कस** *(बोक्कस)* (ખરેખર આ કોઈ વ્યક્તિનું નામ નથી) निसाद જાતિના પુરુષ અને अम्बह्न અથવા सुद्र જાતિની સ્ત્રીના સંયોગથી થયેલ વર્ણશંકર પુરુષ (કે જાતિ)
आया.चू.पृ.२६; आया. (मू.१-)वृ.
सूय.चू.पृ.२१८; सूय(मू.४३८-)वृ.
उत्त.चू.पृ.९६;

**भंभसार** *(भम्भसार)* રાજા सेणिअ નું બીજું નામ, જુઓ 'भिंभिसार'
उव.(मू.-९-)वृ. दसा.(नि.१४१-)वृ.
आव.चू.२.पृ.१५८; आव.नि.१२८४.वृ.

**भंभिसार** *(भम्भिसार)* જુઓ 'भिंभीसार'
आव.(नि.१२८४-)वृ.

**भग्गइ** *(भग्नजित्)* એક ક્ષત્રિય પરિવ્રાજક
उव.४५;

**भट्टा** *(भट्टा)* જુઓ अच्चंकारियभट्टा
निसी.भा.३१९४+चू.

**भट्टिदारिगा** *(भट्टिदारिका)* (ખરેખર આ કોઈ નામ નથી પણ संबुक्क ગામના गोविंद બ્રાહ્મણ ની પત્ની માટે કરાયેલ સંબોધન છે.) તે બ્રાહ્મણીને પુત્રનું અકૃત્ય જોઈ વૈરાગ્ય થયો. પૂર્વ જન્મ યાદ આવ્યો, સંસારની અસારતા સમજાઈ, બધાંને પ્રતિબોધ કર્યા, તેને પૂર્વભવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલ માયાથી સ્ત્રીપણું પામી, મોક્ષે ગઈ.
महानि.१४८४-१५१३;

**१-भद्द** *(भद्र)* ભરતક્ષેત્રમાં થયેલ ત્રીજા બલદેવ અને **सयंभू** વાસુદેવ ના ભાઈ, **बारावई** ના રાજા **सोम** અનેરાણી **सुप्पभा** ના પુત્ર, છેલ્લે દીક્ષા લઈ મોક્ષે ગયા.
सम. ३२१-३३७,३४४,३४५;
आव.नि.४०३-४१४;

**२-भद्द** *(भद्र)* રાજા **सेणिअ** ના પુત્ર **महाकाल** નો પુત્ર ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ સનત્કુમાર કલ્પે દેવ થયા.
कप्प. १,२;

**३-भद्द** *(भद्र)* વાણારસીનો એક સાર્થવાહ, તેની પત્નીનું '**सुभद्दा**' નામ હતું.
ठा.(मू.९७५-)वृ. पुप्फि.८;

**४-भद्द** *(भद्र)* જુઓ '**थूलभद्द**'
मरण. ५०३;

**५-भद्द** *(भद्र)* ભરતક્ષેત્રના એક આચાર્ય, જેના હાથ નીચે ૫૦૦ સાધુ-૧૨૦૦ સાધ્વી હતા. કથા જુઓ '**रज्जा आर्या**'
महानि.११४१;

**६-भद्द** *(भद्र)* શ્રાવસ્તીના રાજા **जियसत्तु** નો પુત્ર તેણે દીક્ષા લીધી. તૃણ પરીષહથી પીડાયા.
उत्त.नि.११६+वृ. उत्त.चू.पृ.७९;

**भद्दकणगा** *(भद्रकन्यका)* **असगडा** નું બીજું નામ. કથા જુઓ '**असगडा**'
उत्त.चू.पृ.८५; उत्त.(नि.१२१-)वृ.

**भद्दगमहिसी** *(भद्रकमहिषी)* રાણી જેવી દેખાતી એક સ્ત્રી, જે ક્ષમાપનાથી દેવ થઈ
मरण. ५२४;

**भद्दगुत्त** *(भद्दगुप्त)* આર્ય **वइर** ને દૃષ્ટિવાદ ભણાવનાર એક આચાર્ય
आव.नि.७७७ आव.चू.१-पृ.३९४,४०३
उत्त. नि.९७+वृ.

**भद्दजस** *(भद्रयशस्)* ભ.પાર્શ્વના એક ગણધર, **समवाओ** માં તેનું નામ **जस** છે.
ठा. ७२८-वृ

**१-भद्दनंदी** *(भद्रनन्दी)* ઋષભપુર નગરના **धनावह** રાજા અને રાણી **सरस्सई** નો પુત્ર, તેના **सिरीदेवी** આદિ ૫૦૦ કન્યા સાથે વિવાહ થયા. તેણે શ્રાવક ધર્મ સ્વીકાર્યો, પછી દીક્ષા લીધી. પંરપરાએ મોક્ષે ગયા, પૂર્વભવમાં તે **विजय** નામે કુમાર હતો. **जुगबाहु** તીર્થંકરને શુદ્ધ આહાર દાન કરી મનુષ્યનામકર્મ બાંધેલુ.
विवा. ३६,३८;

**२-भद्दनंदी** *(भद्रनन्दी)* સુઘોષનગરના રાજા '**अज्जुन**' અને રાણી '**तत्तवई**' નો પુત્ર ૫૦૦ કન્યા સાથે વિવાહ થયેલા, ભ.મહાવીર પાસે શ્રાવકપણું અને પછી દીક્ષા લીધી. તે પૂર્વભવમાં **धम्मघोस** નામે ગાથાપતિ હતો. તેણે **धम्मसीह** સાધુને શુધ્ધ આહારદાન કરી મનુષ્યાયુ બાંધેલ.
विवा. ३६,४४;

**भद्दबाहु** *(भद्रबाहु)* **दसा-कप्प-ववहार** ના કર્તા, આચાર્ય **जसभद्द** ના શિષ્ય, **थूलभद्द** તેમની પાસે ચૌદ પૂર્વ ભણેલા, તેમણે કેટલાંક આગમોની નિર્યુક્તિ પણ કરેલી.
निसी(भा.५७१३-)चू.
वव.(भा.१८६१,२६९९,४४२८-)वृ.
जिय.भा. २५८३-८७; दसा.(नि.१-चू.
आव.चू.२-पृ.१८७,२३३; उत्त.नि.९१+वृ.
उत्त.चू.पृ.५६; नंदी.४;
नंदी.(मू. २४-)वृ.

**भद्दबाहुस्सामि** *(भद्रबाहुस्वामिन्)* જુઓ '**भद्दबाहु**'
आव.चू.२-पृ. १८७;

**भद्दसेन** *(भद्रसेन)* વાણારસીનો એક વેપારી તેની પત્નીનું નામ **नंदा** અને પુત્રીનુંનામ **सिरिदेवी** હતું. **जुण्णसेट्ठि** નામે પણ ઓળખાતા.
आव.नि.१३०७; आव.चू.२-पृ.२०२;

**१-भद्दा** *(भद्रा)* શતદ્વારા નગરના **संमुइ** કુલકર ની પત્ની, જેની કુક્ષીમાં શ્રેણિક રાજાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ ભાવિ તીર્થંકર રૂપે જન્મ લેશે. જેનું નામ महापउम હશે.
*भद्दा-१ અને ३ માં કથાના બધાં નામે સમાન છે.
ठा. ८७२;

२-भद्दा *(भद्रा)* ગોશાળાની માતા અને મંખલિની પત્ની,કથા જુઓ 'गोसाल' તે 'सुभद्दा' નામથી પણ ઓળખાય છે.
ठा.(मू.१०००-)वृ. भग. ६३८;
आव.नि.४७४; आव.चू.१-पृ.२८२;

३-भद्दा *(भद्रा)* શતદ્વાર નગરના ભાવિ રાજવી संमुइ ની પત્ની અને ગોશાળાના ભાવિ જીવ 'महापउम' ની માતા.
भग. ६५७;

४-भद्दा *(भद्रा)* રાજગૃહ નગરના સાર્થવાહ धन ની પત્ની देवदिन्न તેનો પુત્ર હતો. તેને विजय ચારે મારી નાંખેલ.
नाया. ४३,४६,४७,५१,५२;

५-भद्दा *(भद्रा)* રાજગૃહનગરના સાર્થવાહ 'धन-२' ની પત્ની,તેને ધનપાલ, ધનદેવ, ધનગોપ, અને ધનરક્ષિત ચાર પુત્રો હતા.
नाया. ७५;

६-भद्दा *(भद्रा)* ચંપાનગરીના સાર્થવાહ मायंदी ની પત્ની, તેને જિનપાલિત અને જિનરક્ષિત બે પુત્રો હતા.
नाया. ११०;

७-भद्दा *(भद्रा)* તેતલિપુરના એક સોની कलाद ની પત્ની અને पोट्टिला ની માતા,
नाया.१४८

८-भद्दा *(भद्रा)* તેતલિપુરના મંત્રી तेयलि ની પત્ની અને तेयलिपुत्त ની માતા.
नाया. १५५;

९-भद्दा *(भद्रा)* ચંપાનગરીના सागरदत्त સાર્થવાહની પત્ની અને 'सुकुमालिया' ની માતા. કથા જુઓ 'सुकुमालिया'
नाया. १६१-१६३,१६५;

१०-भद्दा *(भद्रा)* ચંપાનગરીના 'जिनदत' નામના સાર્થવાહની પત્ની, તેને 'सागर' નામનો પુત્ર હતો. કથાજુઓ 'सुकुमालिय'
नाया. १६२;

११-भद्दा *(भद्रा)* ચંપાનગરીના શ્રાવક कामदेव ની પત્ની કથા જુઓ 'कामदेव'
उवा. २०,६३;

१२-भद्दा *(भद्रा)* વાણારસીના चुलनीपिया શ્રાવક ની માતા, જેણે ચુલનીપિતાને દેવ ઉપદ્રવ બાદ ધર્મમાં નિશ્ચલ કર્યો.
उवा.३०;

१३-भद्दा *(भद्रा)* રાજા શ્રેણિકની એક પત્ની ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, મોક્ષે ગયા.
अंत.४३,४५;

१४-भद्दा *(भद्रा)* કાકંદીનગરીની એક સાર્થવાહિની, જેનો પુત્ર 'धन्न' હતો. તેના सुनक्खत्त પુત્ર એ પણ દીક્ષા લીધી.
ठा.(मू.९७४-)वृ. अनुत्त. १०,१३;

१५-भद्दा *(भद्रा)* રાજગૃહીની સાર્થવાહિની તેના પુત્ર इसिदास,पेल्लअ અને वेहल्ल એ ત્રણે એ ભ.મહાવીર પાસે દીક્ષા લીધી.
अनुत्त. १३

१६-भद्दा *(भद्रा)* સાકેતનગરની એક સાર્થવાહીની જેના પુત્ર चंदिम અને रामपुत्त એ ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી.
अनुत्त.१३;

१७-भद्दा *(भद्रा)* વાણિજય ગ્રામની એક સાર્થવાહિની જેના પુત્ર पिट्ठिमाइअ અને पेढालपुत्त ભ૦મહાવીર પાસે દીક્ષા લીધી.
अनुत्त १३;

१८-भद्दा *(भद्रा)* હસ્તિનાપુરની એક સાર્થવાહિની જેના પુત્ર पुट्टिले ભ.મહાવીર પાસે દીક્ષા લીધી.
ठा.(मू.८७०-)वृ. अनुत्त.१३;

१९-भद्दा *(भद्रा)* સાહંજણીના સાર્થવાહ सुभद्द ની પત્ની, सगड તેનો પુત્ર હતો.
ठा.(मू.९६८-)वृ. विवा.२४,२५;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२०-भद्दा *(भद्रा)* વિજયપુરના રાજા वासवदत्त ના પુત્ર सुवासव કુમારની ૫૦૦ પત્નીમાં મુખ્ય પત્ની.
विवा. ४०;

२१-भद्दा *(भद्रा)* વાણારસીના રાજા कोसलिअ ની પુત્રી, જે (रुद्ददेव) પુરોહીતની પત્ની હતી. તેને हरिएसबल મુનિ પરત્વે ઘણું જ માન હતું.
उत्त. ३७९-३८०; उत्त. चू.पृ.२०३;
उत्त. (नि.३२६-)वृ.

२२-भद्दा *(भद्रा)* तगर ના સાર્થવાહ दत्त ની પત્ની 'अर्हन्नअ' ની માતા
उत्त.नि.९२+वृ. उत्त.चू.पृ ५८;

२३-भद्दा *(भद्रा)* પોતનપુરના રાજા पयावइ ની પ્રથમ પત્ની બળદેવ 'अयल' ની માતા
सम.३२६; आव.चू.१-पृ.२३२;

२४-भद्दा *(भद्रा)* છત્રગા નગરીના રાજા जियसत्तु ની પત્ની અને नंदन ની માતા
आव.चू.१-पृ. ३२५;

२५-भद्दा *(भद्रा)* વસંતપુરના સાર્થવાહની પત્ની જે પરદેશ ધન કમાવા માટે ગયેલો, તે पुप्फसाल ના સંગીતમાં એવી તલ્લીન બનેલી કે ઉપલા માળેથી પડીને મૃત્યુ પામી.
आया.(मू.११०-)वृ.
आव.चू.१-पृ.५२९,२३०;

२६-भद्दा *(भद्रा)* રાજગૃહીના धनावह સાર્થવાહની પત્ની અને कतपुन्न ની માતા
आव.चू.१-पृ.४६९;

२७-भद्दा *(भद्रा)* ચક્રવર્તી बंभदत्त ની પત્ની અને चित्तसेन ની માતા.
उत्त. नि.३३९+वृ.

२८-भद्दा *(भद्रा)* બીજા ચક્રવર્તી सगर ની મુખ્ય પત્ની (સ્ત્રીરત્ન)
सम. ३२०;

२९-भद्दा *(भद्रा)* રાજા समुद्दविजय ની પત્ની અને મઘવા ચક્રવર્તીની પત્ની
सम.३१८; आव.नि.३९८-४००;

३०-भद्दा *(भद्रा)* પુરિમતાલના સાર્થવાહ वग्गुर ની પત્ની, તેને વ્યંતર દેવની કૃપાથી એક પુત્ર થયો, તેણે વ્યંતરના ચૈત્યનો જિર્ણોદ્ધાર કરાવેલો
आव.चू.१-पृ. २९४,२९५;

३१-भद्दा *(भद्रा)* धन સાર્થવાહની પત્ની, भद्दा ની માતા
नीसी.(भा.३१९४-)चू.

३२-भद्दा *(भद्रा)* ઉજ્જૈનીની સાર્થવાહી, अवंतिसुकुमाल તેનો પુત્ર હતો. તેણે આચાર્ય सुहत्थि પાસે દીક્ષા લીધી.
आव.चू.२-पृ. १५७;

भद्दियायरिअ *(भद्रिकाचार्य)* એક આચાર્ય
दस.चू.पृ.४;

भद्दिला *(भद्रिला)* ભ.મહાવીરના પાંચમાં ગણધર सुहम्म ની માતા અને कोल्लाग સંનિવેશના એક બ્રાહ્મણ 'धम्मिल' ની પત્ની
आव.नि.६४४,६४८,६४९;

भयंतमित्त *(भदन्तमित्र)* એક બુદ્ધ સાધુ, જે ભરુચ નગરે વાદમાં આચાર્ય जिनदेव સામે હારી ગયેલ.
आव.नि.१२९९; आव.चू.२.-पृ.२०१;

भयालि *(भयालि)* આવતી ચોવીસમાં ભરતક્ષેત્રમાં થનારા ઓગણીસમાં તીર્થંકર, संवर નો પુર્વભવનો જીવ.
सम.३५८,३६३;

१-भरह *(भरत)* ભરતક્ષેત્રના પહેલા ચક્રવર્તી, તીર્થંકર उसभ અને રાણી सुमंगला ના પુત્ર
ભરત ચક્રીનું સમગ્ર જીવન વૃતાંત, તેના ગુણ-સામર્થ્ય, ચક્રરત્નની ઉત્પત્તિ, છ ખંડની સાધના सुभद्दा સ્ત્રી રત્નની પ્રાપ્તિ, ચૌદ રત્ન અને નવનિધિ, ૬૦૦૦૦ વર્ષની વિજય યાત્રા, તેની ઋદ્ધિ-સમૃદ્ધિ, સૈન્ય-ઘોડા-હાથી આદિની સંખ્યા, વિનિતામાં પ્રવેશ આદિ વર્ણન जंबूद्दीपन्नत्ति માં છે
ભરતક્ષેત્ર અને કામરાગ છોડી, કેવળી થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीक्षा लीधी, અષ્ટાપદ તીર્થે મોક્ષે ગયા.
ठा. ४१३,५७०,९०७; ठा.(मू.४७९-)वृ.
सम. १५६,१६२,१६३,१८७,३१३-३२०;
जंबू.५५-१२६; जंबू.(मू.१२२-)वृ.
निसी.भा.२४९८; बुह.भा.४२१८,६३८३;
बब.भा(२४०४-)वृ. आव.नि.१९६,१९७;
३४९,३७४,३९२,३९५,३९८,३९९,४३९;
आव.भा. ४,३२,३३,३६;
आव.चू. १-पृ.१६०,१८०-,१८६,२१५,२२७;
पिंडनि. ५१७, दस(नि.७४-)वृ.

**२-भरह** *(भरत)* રોહગ નામના ઘણા બુદ્ધિમાન પુત્ર ના પિતા
आव.नि.९३५; आव.चू.१,पृ.४५४;
नंदी (मू.९८-)वृ.

**३-भरह** *(भरत)* આગામી ચોવીસીમાં થનારા પ્રથમ તીર્થંકર महापउम પાસે દીક્ષા લે નારા આઠ યુગપુરષ રાજાઓ માંનો એક રાજા.
ठा. ७३७;

**भरहग** *(भरतक)* જુઓ 'भरह-२'
आव.चू.१-पृ.५४५

**भसअ** *(भसक)* વાણારસીના રાજા जियसत्तु ના પુત્ર અને जराकुमार ના પૌત્ર, તેને ससअ નામે ભાઈ હતો. सुकुमालिया બહેન હતી. ત્રણેએ દીક્ષા લીધી
गच्छा.(मू.८४-)वृ. निसी.(भा.२३५१-)चू.
बुह. भा.५२५४,५२५५+वृ.

**भानु** *(भानु)* પંદરમાં તીર્થંકર ભ.धम्म ના પિતા
सम. २६५;

**१-भानुमित्त** *(भानुमित्रा)* ભ૦મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજકુમાર
नाया. १०७;

**२-भानुमित्त** *(भानुमित्रा)* ઉજ્જૈનીના રાજા 'बलमित्त' ના નાનાભાઈ
निसी.(भा.३१५३-)चू. दसा (नि.७०-)चू.

**भानुसिरी** *(भानुमित्रा)* ઉજ્જૈનીના 'बलमित्त' અને भानुमित्त ની બહેન અને बलभानु ની માતા
निसी.(भा.३१५३-)चू.

**भारद्दाइ/ज** *(भारद्वाज)* ગોશાળાના મતે તેનો પાંચમો શરીરાન્તર પ્રવેશ જેના મૃત શરીરમાં થયો તે. કથા જુઓ 'गोसाल'
भग. ६४८

**भारद्दाय** *(भारद्वाज)* સેયવિયા નગરીનો એક બ્રાહ્મણ, ભ.મહાવીરનો એક પૂર્વ ભવ
आव.चू.१-पृ.२३०

**भारिया** *(भार्या)* જુઓ 'तारया'
नाया. २३०.

**भिउ** *(भृगु)* જુઓ 'भिगु'
उव.४५,४८+वृ.

**भिंभीसार** *(बिम्भिसार)* જુઓ 'सेणिअ-१' તેનું भंभसार અને भंभिसार નામ પણ છે તેનું જીવન ચરિત્ર 'ठाणं' માં અને ભ.મહાવીર ના વંદતાર્થે જવું - શરીર સુશોભન-રથયાત્રા-ભ.નું આગમન-વસતિપ્રદાન આદિ વર્ણન दसा માં છે
ठा. ८७२ दसा. ९४-१०३
आव.चू.२-पृ.१५८

**भिंभीसारपुत्त** *(बिम्भिसारपुत्रा)* જુઓ 'कूणिअ' રાજા 'सेणिअ' નું બીજું નામ भिंभिसार હોવાથી તેનો પુત્ર 'कूणिअ' भिंभिसारपुत्त નામે ઓળખાતો
उव.११,१२,२८-३२,१४,४२

**भिकुंडी** *(भिकुण्डी)* ચક્રવર્તી बंभदत्त નો એક સમકાલીન રાજા
उत्त.नि.३५३;

**भिगु** *(भृगु)* उसुयार નગરનો પુરોહીત जसा તેની પત્ની હતી, તેને બે પુત્રો હતા. બંને પુત્રોને દીક્ષા લેવા ઈચ્છા થઈ भिगु પુરોહીત સાથે તે સંબંધે સંવાદ થતાં બધાંએ દીક્ષા લીધી. તે મોક્ષે ગયા. (भिउ પણ જોવું)
उत्त.४४२-४७८,४९४; उत्त.नि.३९४;
उत्त.चू.पृ.२२०,२२१; उत्त.(नि.३६६-)वृ.

**१-भिसग** *(भिसक)* ભ.મલ્લિના મુખ્ય શિષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથા જુઓ **मल्लि** (समवाओ માં તેનું નામ 'इंद' છે.)
सम. ३०६+वृ. नाया. १०८;

**२-भिसग** *(भिसक)* જુઓ 'भसअ'
बुह(भा.५२५५-) वृ.

**१-भीम** *(भीम)* હસ્તિનાપુરનો એક મહા અધર્મી કુટગ્રાહ, **उप्पला** તેની પત્ની હતી. **गोत्तास** પુત્ર હતો.
ठा.(मू.९६८-)वृ. विवा. १३,१४;

**२-भीम** *(भीम)* પાંડુરાજાનો પુત્ર, પાંચે ભાઈઓએ **सुट्ठिय** પાસે દીક્ષા લીધી. ઘોર અભિગ્રહ કર્યો, શત્રુંજય પર્વતે મોક્ષે ગયા. તે ભીમસેન પણ કહેવાય છે.
मरण.४५९,४६२ निसी.चू.१-पृ.४३,१०५

**भीमसेन** *(भीमसेन)* જુઓ 'भीम-२'
नाया.१७०-१८२; मरण. ४५९,४६२; निसी.चू.१-पृ.४३,१०५;

**भुयंग** *(भुजङ्ग)* નાગપુરનો એક સાર્થવાહ, તેની પત્ની भूयंगसिरी પુત્રી भूयंगा હતી.
नाया. २३२;

**भुयंगसिरी** *(भुजङ्गश्री)* નાગપુરના સાર્થવાહ भूयंग ની પત્ની અને भूयंगा ની માતા.
नाया. २३२;

**भुयंगा** *(भुजङ्गा)* જુઓ भूयगा
ठा. २८७; भग. ४८९;

**भुयगा** *(भुजगा)* નાગપુરના ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વપાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની અગ્રમહીષી બની.
नाया. २३२;

**भुयगावई** *(भुजगावती)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી. ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની દેવી બની.
नाया.२३२;

**भूइल** *(भूतिल)* એક જાદુગર
आव.नि.५१०; आव.चू.१-पृ.३१२;

**भूइक्ख** *(भूतीक्ष)* કોઈ ચોવીસીના એક તીર્થંકરના તીર્થના એક આચાર્ય, आसाड તેનો શિષ્ય હતો. કથા જુઓ 'आसड'
महानि. ८७६;

**१-भूयदिन्न** *(भूतदिन्न)* नागज्जुन ના શિષ્ય અને लोहिच्च ના ગુરુ
नंदी.४२+वृ. नंदी.चू.पृ. १०;

**२-भूयदिन्न** *(भूतदिन्न)* વાણારસીનો એક ચંડાલ 'संभूय' ના પિતા
उत्त. ४०८+वृ.

**१-भूयदिन्ना** *(भूतदिन्ना)* રાજા શ્રેણિકની એક પત્ની (રાણી) ભ૦ મહાવીર પાસે દીક્ષા લીધી, મોક્ષે ગયા.
अंत. ४३;

**२-भूयदिन्ना** *(भूतदिन्ना)* थूलमद्द ની સાત બહેનો માંની એક બહેન, संभूइविजय પાસે દીક્ષા લીધી.
आव.चू.२-पृ.१८३;

**भूयसिरी** *(भूतश्री)* ચંપાનગરીના 'सोमदत्त-१' બ્રાહ્મણની પત્ની, કથા જુઓ 'नागसिरि-१'
नाया. १५८;

**१-भूया** *(भूता)* રાજગૃહીના ગાથાપતિ सुदंसण અને पिया ની પુત્રી, ભ.પાર્શ્વની દેશનાથી દીક્ષા લીધી. કાળક્રમે શરીર શુશ્રુષા કરતી શિથીલપણું પામી સ્વચ્છંદમતિ બની, ઘણા તપ કરી મૃત્યુબાદ સૌધર્મ કલ્પે सिरीदेवी તરીકે ઉત્પન્ન થઈ
ठा.(मू.९७५-)वृ. पुप्फ.३;

**२-भूया** *(भूता)* थूलभद्द ની સાત બહેનો માંની એક संभूइविजय પાસે દીક્ષા લીધી.
आव.चू.२-पृ.१८३;

**भेसग** *(भीसक)* કૌડિન્ય નગરીનો રાજા, જેના પુત્રનં નામ 'रुप्पि' હતું.
नाया. १७०;

**भेसगसुय** *(भीसकसुत)* જુઓ 'रुप्पि-२' રાજા मेसग નો પુત્ર
नाया. १७०;

**भोगराय** *(भोगराज)* राईमई ના પિતા, उग्गसेन રાજની કુળને નામે ઓળખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दस.१३; दस.चू.पृ.८८;
उत्त. ८३९+वृ.

**भोगवइया** *(भोगवतिका)* રાજગૃહીના 'धन-२' સાર્થવાહ ના બીજા પુત્ર 'घनदेव' ની પત્ની.
नाया. ७५;

**मइ** *(मति)* પાંડુમથુરાના ના રાજા 'पंडुसेन' ની પુત્રી
आव.नि.१२९५; आव.चू.२-पृ.१९७;

**मंकाइ** *(मङ्काति)* રાજગૃહી નગરીનો એક ગાથાપતિ, ભ.મહાવીરની વાણીથી દીક્ષા લીધી, વિપુલપર્વતે મોક્ષે ગયા.
अंत. २४,२६;

**मंखलि** *(मङ्खलि)* ગોશાળાનો પિતા, તેની પત્ની નું નામ 'भद्दा' હતુ.
भग.६३८; आव.नि.४७४;
आव.चू.१-पृ. २८२;

**मंखलिपुत्त** *(मङ्खलिपुत्र)* ગોશાળાનું બીજું નામ,કથા જુઓ 'गोसाल' તેણે ભ.મહાવીરના શિષ્ય સુનક્ષાત્ર અને સર્વાનુભૂતિ ને તેજોલેશ્યાથી બાળી નાંખેલ.
भग. ६३७-६५६; संथा. ८७;

**मंगला** *(मङ्गला)* પાંચમા તીર્થંકર ભ.સુમઈ ની માતા, કૌશલપુરના રાજા 'मेह' ની પત્ની
सम. २६९; आव.नि. ३८२-३८७;
नंदी. (मू. १०२-) वृ.

**१-मंगलावई** *(मङ्गलावती)* દશાર્ણપુરના રાજા दसण्णभद्द ની પત્ની (રાણી)
आव.चू.१-पृ.४७९;

**२-मंगलावई** *(मङ्गलावती)* वइरसेन ની પત્ની અને वइरनाभ ની માતા, જેનું બીજું નામ धारिणी હતું.
आव.चू.१-पृ.१८०;

**मंगु** *(मङ्गु)* એક વિદ્વાન આચાર્ય, આહારની લાલચને કારણે તે મૃત્યુબાદ મથુરામાં યક્ષ થયા. તે આચાર્ય समुद्द ના શિષ્ય હતા. તેને नंदिल નામે શિષ્ય હતા.
गच्छा.(मू.९९-)वृ. निसी.भा.३२००+चू.
निसी.(भा.१११६-)चू. बुह(भा.१४४-)वृ
वव.भा.२६८१+वृ.
आव.चू.१-पृ.५८५,२-पृ.८०;
नंदी.३१; नंदी (मू.२८-) वृ.

**मंड** *(मण्ड)* मंडिय-२ નું બીજું નામ
आव.नि.६४५;

**मंडिअपुत्त** *(मण्डितपुत्र)* ભ.મહાવીરના છઠ્ઠા ગણધર, તે मंडिय નામે પ્રસિદ્ધ છે. તેણે ભગવંતને ક્રિયા આદિ સબંધે પ્રશ્નો પુછેલ.
भग. १७८-१८२;

**मंडित** *(मण्डित)* બેન્નાતટ નગરનો એક લુંટારો જે ત્યાંની ગુફામાં રહેતો હતો, કોઈ તેને પકડી શકતો ન હતો, છેલ્લે રાજા मूलदेवे તેની પલ્લી શોધી, તેની બહેન સાથે લગ્ન કરી, સંપત્તિ પાછી મેળવી.
उत्त. तू.पृ. ११८

**१-मंडिय** *(मण्डित)* ગોશાળાનાં મતે તેનો ત્રીજો શરીરાંતર પ્રવેશ જેમાં કર્યો તે
भग. ६४८;

**२-मंडिय** *(मण्डित)* તેને मंडिअपुत्त પણ કહે છે. તે ભ.મહાવીરના છઠ્ઠા ગણધર હતા. વરિષ્ઠ ગોત્રના घनदेव અને विजयदेवा ના પુત્ર હતા. તેના નાના ભાઈ मोरियपुत्त હતા. ૩૫૦ શિષ્યો સાથે મંડિતે ભ.મહાવીર પાસે દીક્ષા લીધી.
सम.९१,१६२; भग.१७८-१८२
आव.नि.५९३,५९५,६४५-६५५,९१६-९२२,९५९, आव.चू.१-पृ.३३७-३९;
नंदी. २१;

**मंडुअ** *(मण्डुक)* सेलकपुरના રાજા सेलअ અને રાણી पउमावई ના પુત્ર-જે પછી રાજા બન્યો.
नाया. ६६-६९;

**मंडुक्कलिय** *(मण्डूकिक)* એક આચાર્ય, જેને રસ્તે ચાલતા પગ નીચે એક દેડકી દબાઈને મરી ગઈ તે ભુલનો એકરાર કર્યો ન હતો.
आव.चू.१-पृ.१६१,५६१;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मंदर** *(मन्दर)* તેરમાં તીર્થંકર ભ० विमल ના પ્રથમ શિષ્ય

सम. ३०६;

**मगहसिरि** *(मगधश्री)* રાજગૃહના રાજા जरासंध ની એક મુખ્ય ગણિકા.

आव.नि.१३०९; आव.चू.२-पृ. २०९;

**मगहसुंदरी** *(मगधसुन्दरी)* રાજગૃહના રાજા जरासंध ની એક મુખ્ય ગાણિકા

आव.नि.१३०९; आव.चू.२-पृ.२०९;

**१-मगहसेना** *(मगधसेना)* એક પ્રેમકથા-જેનો ધાર્મિક કથાનકમાં ઉપયોગ થાય છે.

निसी.चू.२-पृ.४१४; वव.भा.२३१६;

**२-मगहसेना** *(मगधसेना)* રાજગૃહમાં जरासंध ના રાજયમાં થયેલ એક વેશ્યા, તેને એક સંપન્ન વેપારી તરફ બહેદ આકર્ષણ હતુ.

आया.चू.पृ.८६; आया.(मू.९६-)वृ.

**मघव** *(मघवन्)* ભરતક્ષેત્રમાં થયેલા ત્રીજા ચક્રવર્તી, સમુદ્ર વિજયરાજા અને ભદ્રા રાણીના પુત્ર, ભરતક્ષેત્રનું સામ્રાજય છોડી દીક્ષા લીધી.

सम.३१२-३२०; उत्त. ५९५;

**मघवा** *(मघवन्)* જુઓ 'मघव'

सम. ३१३, ३१५ ३१७,३२०;

आव.नि. ३७४,३८२,३९८,३९९,४०१;

आव.चू.१-पृ २१५;

**मच्छियमल्ल** *(मात्स्यिकमल्ल)* સોપારગ નગરીનો એક મલ્લ, તે फलिहमल्ल સાથે યુદ્ધમાં હારી ગયેલ.

वव.भा. १०१०; आव.नि.१२७४;

आव.चू.२-पृ.१५२,१५३ उत्त.(मू.११६-)वृ.

**मणिप्पभ** *(मणिप्रभ)* अवंतिसेन સાથે યુદ્ધ થયું धम्मजस પાસે દીક્ષા લીધી. ઉગ્ર શીલાપટ્ટકે અનશન કર્યું.

आव.चू.२-पृ.१८९,१९०;

**मणियारसेट्ठी** *(मणिकार श्रेष्ठिन्)* 'नंद' નામનો મણિકાર શ્રેષ્ઠી, દેડકા રૂપે તેણે ભગવદ્ ભક્તિ પ્રગટ કરી દેવપણું પામ્યો.

भत्त. ७५;

**मति** *(मति)* જુઓ 'मइ'

आव.नि.१२९६; आव.चू.२-पृ.१९७;

**मदना** *(मदना)* શ્રાવસ્તીના એક ગાથાપતિની પુત્રી, દીક્ષા લીધી. મૃત્યુપામી બલીન્દ્રની અગ્રમહિષી બની.

नाया. २२५;

**मद्दुअ** *(मद्दुक)* ભ.મહાવીરનો એક શ્રાવક, જે રાજગૃહીનો રહીશ હતો. કાલોદાયી નામના અન્યતીર્થિકની કેટલીક શંકાનું સમાધાન કરેલ

भग. ७४४;

**मनग** *(मनक)* આચાર્ય सेज्जंभव નો સંસારી કાળનો પુત્ર, તેના આયુની અલ્પતા જાણી શય્યંભવ સૂરિએ પૂર્વોમાંથી दसवेयालिय સૂત્રનું ઉદ્ધારણ કરેલ

महानि. ८१२-८१४; दस.नि.१०;

दस.चू.पृ.७; दस(नि.७६०-)वृ.

**मनोहरी** *(मनोहरी)* રાજા जियसत्तु ની એક રાણી, દીક્ષા માટે સંમતિ આપતા તેની સાથે શરત કરી હતી કે તેણીએ પુત્ર अयल બળદેવ ને પ્રતિબોધ કરવો. મૃત્યુ બાદ તેણી લાંતકેન્દ્ર બની. अयल ને પ્રતિબોધ કર્યો

आव.चू.१-पृ.१७६,१७७;

**मम्मण** *(मम्मण)* રાજગૃહીનો એક લોભી વેપારી, તે ઘણો શ્રીમંત હતો, તેની પાસે સોના અને હીરાનો બનેલો એક બળદ હતો. રાજા सेणिअ પાસે તેટલી સંપત્તિ ન હતી.

आया.चू.पृ.८६; सूय. चू.पृ.२३७;

सूय.(मू.४९०-)वृ. आव.नि.९२९;

आव.चू.१-पृ. ३७१,५४३;

**१-मयालि** *(मयालि)* રાજા वसुदेव અને રાણી धारिणी નો પુત્ર ભ.અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. શત્રુંજયે મોક્ષે ગયા.

अंत. १६,१७;

**२-मयालि** *(मयालि)* રાજા सेणिअ અને રાણી धारिणी નો પુત્ર, દીક્ષા લઈ અનુત્તર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમાને ગયા.
अनुत्त. १,२;
**मयुरंक** *(मयुरङ्क)* એ નામનો એક રાજા
निसी.भा. ४३१६;
**मरिइ** *(मरीचि)* જુઓ 'मरीइ'
आव.नि. ३४७; आव.चू. १-पृ.४८५;
**मरीइ** *(मरीचि)* भ.उसह ના પુત્ર ચક્રવર્તી भरह નો પુત્ર અને ભ૦ મહાવીરનો પૂર્વભવનો જીવ તેણે ભ૦उसह પાસે દીક્ષા લીધી, અગિયાર અંગ ભણ્યા, સાધુપણું પાળવું અશક્ય લાગતા તાપસ પ્રકારનું જીવન શરૂ કર્યુ. તેને कविल નામે શિષ્ય થયો.
आया.चू.पृ.३७४; आव.नि.१४८,१४९ ३१३,३४४,४२३,४२४,४३३,४३८;
आव.भा.३६,३७; आव.चू.१.पृ.१२५ १८२,२११,२२१,२२८ आव.(नि.३४३-)वृ.
**मरिचि** *(मरीचि)* જુઓ 'मरीइ'
आया.चू.पृ.३७४;
**मरुंड** *(मरुण्ड)* પાડલિપુત્રનો એક રાજા
बुह.भा.२२९१,२२९३, नंदी.(मू.१०२-)वृ.
**मरुदेव** *(मरुदेव)* ભરતક્ષેત્રમાં થયેલ તેરમાં કુલકર, 'सिरंकता' તેની પત્નીહતી. જેના શાસનમાં धिक्कार દંડનિતિ હતી.
ठा. ६४९, सम. २६०;
जंबू.४१,४२; आव.नि. १५५-१५९;
**१-मरुदेवा** *(मरुदेवा)* શ્રેણિક રાજાની એક પત્ની (રાણી) ભ.મહાવીર પાસે દીક્ષા લઈ મોક્ષે ગયા.
अंत. ४२,४५;
**२-मरुदेवा** *(मरुदेवा)* જુઓ 'मरुदेवी'
जंबू.४३; आव.नि. ३४४;
आव.चू.१-पृ.४८८; उत्त.चू.पृ.१०८;
**मरुदेवी** *(मरुदेवी)* नामि કુલકરની પત્ની, ભ.उसह ના માતા, હાથીની પીઠ ઉપરબેઠા બેઠા તેને કેવળજ્ઞાન થયું, તુરંત મોક્ષે ગયા.
ठा.२४९,६५१; सम.२६२,२६९;
जंबू.४३; आव.नि.१५९,१६६,१७०;
आव.चू. १-पृ.१८१,४८८,२-पृ.२१२;
उत्त.(मू.१५१२-) वृ. नंदी.(मू.८७-) वृ.
**मरुया** *(मरुता)* શ્રેણિકની એક પત્ની (રાણી) ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મોક્ષે ગયા. તેનું વૃત્તિમાં 'मह्या' નામ છે.
अंत. ४२,४५+वृ.
**१-मलयवई** *(मलयवती)* ચક્રવર્તી बंभदत्त ની પત્ની અને कंपिल्ल નીપુત્રી
उत्त.नि.३५३;
**२-मलयवई** *(मलयवती)* એક કથા કે જે ધર્મકથા કે આખ્યાયિકા તરીકે પ્રસિદ્ધ છે.
निसी.चू.२-पृ.४१५ बुह.(भा.२५६४-) वृ. वव.(भा.२३१६-) वृ.
**मल्लदिन्न** *(मल्लदत्त)* ભ.મલ્લિનો ભાઈ, મિથિલા ના રાજા कुंभ અને રાણી पभावई નો પુત્ર તેણે એક વખત ચિત્રકારોને ચિત્રસભા શણગારવા બોલાવેલા મલ્લિ નું આબેહુબ ચિત્ર જોઈ તે ચિત્રકારનો અંગુઠો કાપી લીધેલ.
ठा.(मू.६६४-)वृ. नाया.९१;
**मल्लदिन्नअ** *(मल्लदत्तक)* જુઓ 'मल्लदिन्न'
नाया.९१;
**मल्लमंडिय** *(मल्लमण्डित)* ગોશાળાના કથન મુજબ તેના ત્રીજો શરીરાંતર પ્રવેશ જેનામાં થયો તે.
भग. ६४८;
**मल्लराम** *(मल्लराम)* ગોશાળાના કથન મુજબ તેનો બીજો શરીરાંતર પ્રવેશ જેનામાં થયો તે
भग. ६४८;
**मल्लि** *(मल्लि)* ભરત ક્ષેત્રની આ ચોવીસીના ઓગણીસમાં તીર્થંકર, મિથિલાના રાજા कुंभ ને રાણી पभावई ની પુત્રી, તેણે પોતાની આબેહુબ સુવર્ણ પ્રતિમા બનાવી તેના દ્વારા તેણીને પરણવા ઇચ્છતા છ રાજાને પ્રતિબોધ કરેલા. તેને ૨૮ ગણ અને ૨૮ ગણધર થયા. ૫૫૦૦૦ વર્ષનું આયુ પૂર્ણ કરી મોક્ષે ગયા.
ठा.१००२+वृ. सम.२६३-३११;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नाया.७६-१०९; आव.नि.२५९,२३९-३०५

**१-महचंद** *(महाचन्द्र)* સાહંજણી નગરીનો રાજા, તેને **सुसेण** નામનો મંત્રી હતો
विवा. २४,२५;

**२-महचंद** *(महाचन्द्र)* સૌગંધિકા નગરીના રાજા **अप्पडिहअ** અને રાણી **सुकण्णा** નો પુત્ર, જેની પત્નીનું નામ **अरहदत्ता** હતું. તેને **जिनदास** પુત્ર હતો.
विवा.४१;

**२-महचंद** *(महाचन्द्र)* ચંપાનગરીના રાજા **दत्त** અને રાણી **रत्तवती** નો પુત્ર, જેને **सिरिकंता** આદી ૫૦૦ પત્નીઓ હતી. ભ.મહાવીર પાસે શ્રાવકવ્રત સ્વીકાર્યા, પછી દીક્ષા લીધી. તે પૂર્વજન્મમાં તિગિંછી નગરીનો **जियसत्तु** નામે રાજા હતો, તેણે '**धम्मवीरिअ**' સાધુને શુદ્ધ આહારદાન કરી મનુષ્યાયુ ઉપાર્જન કરેલ
विवा. ३६,४५;

**महपीठ** *(महापीठ)* પૂર્વવિદેહની પુષ્કલાવતી ના રાજા **वइरसेन** ના પુત્ર,ભ૦**उसह** નો જીવ જે **वइरनाभ** હતો તે ભવના ભાઈ.
आव.नि.१७६, आव.चू.१-पृ.१३३;

**१-महब्बल** *(महाबल)* જુઓ **महाबल-१**
રાજા **बल** અને રાણી '**पभावई**' નો પુત્ર
भग. ५२१-५२३; नाया. ८१;
नाया. (मू.८२-) वृ.
आव.चू.१-पृ.२५१,२६९; उत्त. ६१०;

**२-महब्बल** *(महाबल)* વીતશોકા નગરીના રાજા **बल** અને રાણી **धारिणी** નો પુત્ર ભ.મલ્લિનો પૂર્વભવનો જીવ તેને કમલશ્રી સહિત ૫૦૦ પત્નીઓ હતી. છ મિત્રો સહિત દીક્ષા લીધી. ત્યાં તેણે તીર્થંકર નામ કર્મ બાધ્યુ
ठा.(मू.६६४-)वृ. नाया. ७६,८०,८१;

**३-महब्बल** *(महाबल)* પુરિમતાલનો રાજા **अभग्गसेन** નામના ચોરને પકડેલ અને કુરતાપૂર્વક તે ચોરની તેના સ્વજનો સહિત હત્યા કરી.
विवा. १८,१९,२२,२३;

**४-महब्बल** *(महाबल)* મહાપુરના રાજા '**बल**' અને રાણી **सुभद्दा** નો પુત્ર, તેને **रत्तवई** આદિ ૫૦૦ પત્નીઓ હતી, ભ.મહાવીર પાસે શ્રાવકના વ્રત લીધા. પછીથી સાધુ બન્યા પૂર્વભવમાં તે **नागदत्त** નામે ગાથાપતિ હતો, તેણે **इंदपुत्त** સાધુને શુદ્ધ આહારદાન કરી મનુષ્યાયુ ઉપાર્જન કરેલ.
विवा. ३६,४३;

**५-महब्बल** *(महाबल)* રોહિડગ નગરનો રાજા તેની પત્ની (રાણી) નું નામ '**पउमावई**' હતુ તેને **वीरंगअ** નામે પુત્ર હતો.
वण्हि.३;

**६-महब्बल** *(महाबल)* ભ.ઉસભ નો એક પૂર્વભવ. સમૃદ્ધ નગરના રાજા **सयबल** ના પુત્ર **अइबल** ના પુત્ર હતા. **सयंबुद्ध** તેના મિત્ર અને મંત્રી હતા.મરીને **ललियंग** દેવ થયા.
आव.नि.१७१+वृ.
आव.चू.१.पृ. १६५, १७१, १७९;

**७-महब्बल** *(महाबल)* આગામી ચોવીસીમાં ઐરવત ક્ષેત્રમાં થનારા તેવીસમા તીર્થંકર
सम. ३८०;

**महमरुया** *(महामरुता)* શ્રેણિક રાજાના એક પત્ની (રાણી) ભ. મહાવીર પાસે દીક્ષા લઈ મોક્ષે ગયા.
अंत. ४२,४५;

**महया** *(महती)* જુઓ '**मरुया**'
अंत. ४२,४५;

**१-महसेन** *(महसेन)* સુપ્રતિષ્ઠ નગરનો રાજા, તેને '**धारिणी**' આદિ ૧૦૦૦ રાણી હતી, તેનો પુત્ર સીહસેન કુમાર હતો.
विवा. ३३;

**२-महसेन** *(महसेन)* **उद्दायन** રાજાના હાથ નીચેના દશ રાજાઓમાંનો એક રાજા
भग.५८७;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३-महसेन** *(महसेन)* નગરી बारावई ના ૫૬૦૦૦ યોદ્ધાઓમાં મુખ્ય યોદ્ધા
नाया.६३,१६९; अंत.३;
आव.चू. १-पृ.३५६;

**४-महसेन** *(महसेन)* આઠમાં તીર્થંકર ભ૰ 'चंदप्पभ' ના પિતા
सम.२६४; आव.नि. २५१;

**५-महसेन** *(महसेन)* આગામી ચોવીસીમાં ઐરવત ક્ષેત્રમાં થનારા ચૌદમાં તીર્થંકર
सम. ३७८;

**६-महसेन** *(महसेन)* જુઓ 'महासेन-२'
अनुत्त.४;

**७-महसेन** *(महसेन)* ભ.મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજા
नाया.१०७;

**महाकच्छ** *(महाकच्छ)* ભ૰ 'उसभ'નો પુત્ર विनमि ના પિતા, તેણે कच्छ સાથે સાધુપણું અંગીકાર કરેલ, પણ પછી છોડી દીધેલ.
आव.चू.१-पृ.१६०,१६१;

**महाकच्छा** *(महाकच्छा)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુ બાદ એક વ્યંતરેન્દ્રની દેવી બની.
नाया. २३२;

**महाकण्ह** *(महाकृष्ण)* રાજા सेणिअ અને રાણી 'महाकण्हा' નો પુત્ર રાજા 'चेडग' સાથે યુદ્ધમાં મૃત્યુ પામી નરકે ગયો.
निर. ४,२१;

**महाकण्हा** *(महाकृष्णा)* રાજા सेणिअ ની એક પત્ની ભ૰ મહાવીર પાસે દીક્ષા લીધી. વિવિધ તપ કર્યા, અનશન કરી મોક્ષે ગયા.
अंत. ४७,५५;

**महाकाल** *(महाकाल)* રાજા सेणिअ અને રાણી महाकाली નો પુત્ર, રાજા 'चेडग' સાથે યુદ્ધમાં મૃત્યુ પામી નરકે ગયો.
निर. ४,२१;

**महाकाली** *(महाकाली)* રાજા सेणिअ ની એક પત્ની ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, વિવિધ તપ કર્યા. અનશન કરી મોક્ષે ગયા.
अंत. ४७,५२;

**महागिरि** *(महागिरि)* આચાર્ય मूलचंदના મુખ્ય શિષ્ય, તેમને આઠ શિષ્યો હતા. તેમણે जिनकल्प અંગીકાર કરેલ.
ठा.(मू.६८८-) वृ. निसी.भा.५६००,५७४४
निसी.(भा.२१५४-)चू. बुह.भा.३२८१;
आव.नि.१२७८ आव.भा.१३२-१३४
आव.चू.१-पृ. ४२३,२-पृ. १५५,१५७
उत्त.नि.१७१+वृ. नंदी.मू.२५+वृ

**महाघोस** *(महाघोष)* આગામી ચોવીસીમાં ઐરવત ક્ષેત્રમાં થનારા અગિયારમાં તીર્થંકર
सम. ३७७;

**१-महाजस** *(महायशस्)* अइच्चजस નો પુત્ર अइबल ના પિતા, ચક્રવર્તી ભરત પછી મોક્ષે જનારા આઠ યુગપુરુષ રાજાઓમાંના એક
ठा. ७२७; आव.नि. ३६३;

**२-महाजस** *(महायशस्)* ભાવી ચોવીસીમાં ઐરવત ક્ષેત્રમાં થનારા ચોથા તીર્થંકર
सम. ३७७;

**महातवस्सि** *(महातपस्विन्)* ભ૰મહાવીરનું એક બીજું નામ (વિશેષણ)
आव.चू.१-पृ. ३२२;

**महादुमसेन** *(महादुमसेन)* રાજા सेणिअ અને રાણી धारिणी નો પુત્ર. ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ અનુત્તરવિમાને ગયા.
अनुत्त. ४,६;

**महाधनु** *(महाधनु)* રાજા बलदेव અને રાણી रेवई નો પુત્ર, કથા निसढ મુજબ.
वण्हि,२,४;

**१-महापउम** *(महापद्म)* શ્રેણિક રાજાનો જીવ, જે ભાવિ ચોવીસીમાં તીર્થંકર થનાર છે તે, તેના विमलवाहन અને देवसेन એવા બીજા બે નામો પણ છે. કથા જુઓ 'सेणिय'
ठा.८७२-८७६; सम.३५४,३६१;
महानि. १२३४;
*महापउम-१ અને ३ ના બધાનામે સરખાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કથામાં ક્યાંક કંઈક ભેળસેળ થઈ હોવાનો સંભવ છે.

**२-महापउम** *(महापद्म)* ભરતક્ષેત્રમાં થયેલા નવમાં ચક્રવર્તી, રાજા **पद्मोत्तर** અને રાણી **ज्वाला** ના પુત્ર, તે **पउमनाभ** નામે પણ પ્રસિદ્ધ છે. તેણે દીક્ષા લીધી. અને મોક્ષે ગયા.
ठा. ९०७; सम.३१२-३२०;
आव.नि.३७४,३७५,३९३,३९६-४०१,४१९;
उत्त. ६००;

**३-महापउम** *(महापद्म)* ગોશાળાનો આગામી ભવ જેમાં તે શતદ્વાર નગરના રાજા **संमुइ** અને રાણી **भद्दा** ના પુત્ર થશે. તેને બીજા બે નામ **देवसेन** અને **विमलवाहन** હશે. તેને **सुमंगल** સાધુ બાળીને ભસ્મ કરી દેશે.
भग. ६५७,६५८;
(મહાપઉમ ૧ અને ૩ માં મુખ્ય પાત્ર સિવાય બધાં નામો સરખા છે, ક્યાંક કંઈ ભેળસેળ કથાનકોમાં થઈ હોવાનો સંભવ છે.)

**४-महापउम** *(महापद्म)* તેતલિપુત્રનો જીવ જે પૂર્વભવમાં પુંડરીકિણી નગરીનો રાજા હતો, તેણે દીક્ષા લીધી, સમાધિમરણ પામી. મહાશુક્રકલ્પે દેવ થયો, પછી તેતલિપુત્ર થયો.
नाया. १५५; आव.चू.१-पृ. ५०१;

**५-महापउम** *(महापद्म)* પુંડરિકીણીનગરીનો રાજા, જેની પત્ની (રાણી) '**पउमावई**' હતી. તેને '**पुंडरिअ**' અને '**कंडरिअ**' નામના બે પુત્રો હતા. રાજાએ દીક્ષા લીધી. મોક્ષે ગયા.
नाया.२१३; आव.चू.१-पृ.३८४;
उत्त.(नि.२९४-)वृ.

**६-महापउम** *(महापद्म)* રાજા **सेणिअ** ના પુત્ર **सुकाल** અને પુત્રવધૂ **महापउमा** નો પુત્ર ભ. મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ઈશાન કલ્પે દેવતા થયો.
कप्प-२;

**७-महापउम** *(महापद्म)* નંદકુળનો નવમો રાજા, તેના મંત્રી '**सगडाल**' હતા.
आव.चू.२-पृ.१८३

**महापउमा** *(महापद्मा)* રાજા **सेणिअ** ના પુત્ર **सुकाल** ની પત્ની **महापउम** ની માતા
कप्प.२

**१-महाबल** *(महाबल)* હસ્તિનાપુરના રાજા '**बल**' અને રાણી '**पभावई**' નો પુત્ર, સુદર્શન શેઠનો પૂર્વભવનો જીવ, તેને મહબ્બલ પણ કહે છે. જુઓ '**महब्बल-१**'
भग. ५२१-५२३;

**२-महाबल** *(महाबल)* ચક્રવર્તી **भरह** પછી મોક્ષે જનાર આઠ યુગપુરુષ રાજામાંના એક, તેને **बलभद्द** પણ કહે છે
ठा. ७२७; आव.नि.२६३;

**महाबाहु** *(महाबाहु)* અવરવિદેહના એક વાસુદેવ
आव.नि.१२९१ आव.चू.२-पृ.१९४;

**महाभाग** *(महाभाग)* ભ.મહાવીરનું એક બીજું નામ
आव.नि.८१;

**महामुनि** *(महामुनि)* ભ.મહાવીરનું એક બીજું નામ
आव.नि.८१;

**महारह** *(महारथ)* વાસુદેવ નું બીજું નામ
सूय.१६५;

**महावीर** *(महावीर)* ભરતક્ષેત્રના ચોવીસમાં તીર્થંકર, રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલા નાપુત્ર (ભ.મહાવીરના ના નામનો ઉલ્લેખ અનેક સ્થાને આવે છે. તેમના જીવનની વિવિધ ઘટના પણ આગમમાં અનેક સ્થાને નોંધાયેલી છે. તે તમામ ઘટના અને સંદર્ભનું સંક્ષિપ્ત વર્ણન ગ્રન્થગૌરવ ભયે ન કરતા અહી ફક્ત વિશિષ્ટ સંદર્ભોનો જ એકત્રીત ઉલ્લેખ કરેલ છે.)
आया. २६५-३३४,५०९-५३६;
सूय.६,३५३-३५९; सूय.नि.१९९;
सूय.चू.पृ.४१७; ठा,५३,४४९,५८२,६६१;
सम.७,५४,९९,१४८,२६६,२७०,२७१,२७५,
२९६,२८४-२८७,२९२,२९४,३००,३०१,३०६;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भग. ६,११२,१७२,४६१,६१८,६३९,६४६,६७९
नाया.५; अनुत्त. १३;
पण्हा. ८,३५; उव.१०-२८,३४-४०;
राय. ५-९,१८-२१; दसा.५३,९५,९३
९९,१०३-११२; महानि.५६२,५८५
आव.नि. ८१,२२४,२२५,२७७,३२९,३७७,
४५८,४६९-४७२,४७६-४७९,४९४;
आव.भा.७७,८०;
आव.चू. १-पृ.२३६,२३९,२४२,२४३,२४५,
२४९,२६५,२६८,२७५,२९०,२९४,२९५,२९७,
नंदी. १-३,१९;

**महासउनि** *(महाशकुनि)* એક વિદ્યાધરી, વાસુદેવ-બળદેવ જેના વૈરી હતા.
पण्हा. १९;

**महासतअ** *(महाशतक)* ભ.મહાવીરના દશ ઉપાસકમાંનો આઠમો ઉપાસક, રાજગૃહીનો એક ધનાઢ્ય ગૃહપતિ, તેની रेवती આદિ પત્ની હતી તેણે ભ.મહાવીર પાસે શ્રાવકધર્મ સ્વીકાર્યો એક વખત પૌષધશાળામાં આરાધનામગ્ન હતો. ત્યારે તેની પત્ની રેવતીએ તેને આકર્ષવા પ્રયત્ન કર્યો. તેણે અવધિજ્ઞાનથી રેવતીના મૃત્યુની વાત કરી ગૌતમસ્વામીએ તેને પ્રાયશ્ચિત કરાવ્યું. તેણે અનશન કર્યું. મૃત્યુબાદ સૌધર્મ કલ્પે ગયો.
उवा. ४,४८-५६;

**महासतग** *(महाशतक)* જુઓ 'महासतअ'
उवा. ५२;

**महासयअ** *(महाशतक)* જુઓ 'महासतअ'
उवा.४९;

**महासाल** *(महाशाल)* પૃષ્ઠિચંપાના રાજા 'साल' નો ભાઈ, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી.
आव.चू.१-पृ.३८१; उत्त.नि.२८४+वृ.

**महासीह** *(महासिंह)* ભરતક્ષેત્રના છઠ્ઠા વાસુદેવ અને છઠ્ઠા બળદેવના પિતા, 'महासिव' પણ જુઓ
ठा. ८१२;

**महासीहसेन** *(महासिंहसेन)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** નો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ અનુત્તર વિમાને ઉત્પન્ન થયા
अनुत्त. ५,६;

**महासुव्वया** *(महासुव्रता)* ભ.અરિષ્ટનેમિના મુખ્ય સાધ્વી
आव.चू.१.पृ.१५९;

**१-महासेन** *(महासेन)* કૃષ્ણ વાસુદેવના આધિપત્ય માં રહેલા ૫૬000 બળવાન પુરુષોમાં મુખ્ય. તેને दोवई ના સ્વયંવરમાં નિમંત્રણ મળેલ
नाया. ६३,१६९; अंत.३;

**२-महासेन** *(महासेन)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** નો પુત્ર ભ० મહાવીર પાસે દીક્ષા લીધી મૃત્યુબાદ અનુત્તર વિમાને ગયા
अनुत्त. ४,६;

**३-महासेन** *(महासेन)* જુઓ 'महसेन'
विवा. ३३

**महासेनकण्ह** *(महासेनकृष्ण)* રાજા **सेणिअ** અને રાણી महासेनकण्हा નો પુત્ર, જે **चेडग** રાજા સાથે યુદ્ધમાં હણાઈ નરકે ગયો.
निर. ४,२१;

**महासेनकण्हा** *(महासेनकृष्णा)* રાજા **सेणिअ** ની પત્ની ભ.મહાવીર પાસે દીક્ષા લીધી, વિવિધ તપ કર્યા, અનશન કરી મોક્ષે ગયા.
अंत. ४७,५९;

**महाहरि** *(महाहरि)* ભરતક્ષેત્રમાં થયેલ દશમાં ચક્રવર્તી **हरिसेण** ના પિતા.
सम. ३१४;

**महिंद** *(महेन्द्र)* સાતમાં ભ०'सुपास' ના પ્રથમ ભિક્ષા દાતા.
सम. २९१, आव.नि. ३२७;

**महिस्सर** *(महेश्वर)* વિદ્યાધર **पेढाल** સાધ્વી **सुजेट्ठा** દ્વારા ઉત્પન્ન કરેલ પુત્ર, તેનું નામ 'सच्चई' હતુ. દેવતાએ તેનું નામ મહેશ્વર આપેલું. રાજા **पज्जोअ** દ્વારા ગણિકાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદદથી તેને મારી નાંખેલ.
आव.चू.२-पृ.१७४-१७६;

**महुकेढव** *(मधुकैतभ)* ભરતક્ષેત્રમાં થયેલ ચોથા પ્રતિવાસુદેવ તેને पुरिसुत्तम વાસુદેવે હણ્યો.
सम. ३४१;

**महुर** *(माथुर)* મથુરાના એક સાધુ, જેણે આક્રોશ પરીષહ સહન કરેલ
मरण. ४९५;

**महेसरदत्त** *(महेश्वरदत्त)* સર્વતોભદ્ર નગરના રાજા जियसत्तु નો પુરોહીત, તે રાજાના બળની વૃદ્ધિ માટે બાળકોનો હોમ કરતો, અનેક પાપકર્મો કરી તે નરકે ગયો, ત્યાંથી કૌશાંબીમાં તે बहस्सइदत्त નામે જન્મ્યો, કથા જુઓ 'बहस्सइदत्त'
ठा. (मू.९७५-)वृ. विवा.२७,२८;

**महेस्सर** *(महेश्वर)* જુઓ 'महिस्सर'
आव.चू.२-पृ.१७६;

**मागंदियपुत्त** *(माकन्दिकपुत्र)* ભ. મહાવીર ના એક શિષ્ય, ભગવંતને તેણે કર્મબંધ-વેદન-નિર્જરા આદિ સંબંધે કેટલાંક પ્રશ્નો પૂછી સમાધાન મેળવેલ.
भग. ७२८-७३२;

**मागंदी** *(माकन्दी)* ચંપાનગરીનો એક સાર્થવાહ તેને જિનપાલીત અને જિનરક્ષિત પુત્રો હતા.
नाया.११०-वृ.
नाया. ११०;

**मागह** *(मागध)* ક્ષત્રિય સ્ત્રી અને વૈશ્ય પુરુષ દ્વારા જન્મેલ એક વ્યક્તિ
आया.नि.२३; आया.(मू.१-)वृ.

**माणिभद्द** *(माणिभद्र)* મણિવતી નગરીનો એક ગાથાપતિ, સ્થવિરમુનિ પાસે દીક્ષા લીધી. માસિક સંલેખના કરી, સૌધર્મકલ્પે माणिमद्द દેવ થયો.
पुप्फि.१०;

**मायंदिय** *(माकन्दिक)* જુઓ 'मागंदियपुत्त'
भग.७३०;

**मायंदी** *(माकन्दी)* જુઓ 'मागंदी'

**मालुका** *(मालुका)* ઉજ્જેનીના 'अंबरिसि' ની પત્ની
आव.नि.१३००+वृ.
आव.चू.२-पृ.१९६;

**माहण** *(ब्राह्मण)* ભ૦મહાવીરનું બીજું નામ
आया. २८७,३०३,३१७,३२४;

**माहिंद** *(माहेन्द्र)* ભોગપુરમાં ભ.મહાવીરને ઉપસર્ગ કરનાર એક ક્ષત્રિય.
आव.नि.५१९; आव.चू.१-पृ.३१६;

**माहिंदर** *(माहेन्द्र)* ચોદમાં તીર્થંકર ભ.अनंत નો પૂર્વભવનો જીવ.
सम. २७३;

**माहुर** *(माथुर)* મથુરાન એક વાણિક, જે ચક્ષુઈન્દ્રિયના રાગથી મરણ પામ્યો.
भत्त. १४५;

**मिगदेवी** *(मृगदेवी)* જુઓ 'मिया' રાજા बलभद्द ની પત્ની
उत्त.नि.४०८+वृ.

**मिगावई** *(मृगावती)* જુઓ 'मिगावती'
भत्त. ५०; निसी.भा.६६०६;
आव.नि.१०५५; आव.चू.१-पृ. ६१५;
दस.चू.पृ.५०; उत्त.नि.४५२;

**मिगावती** *(मृगावती)* શતાનીક રાજાની પત્ની ચેડા રાજાની પુત્રી, ઉદાયનની માતા. (દીક્ષા લીધી, કેવળ પામી મોક્ષે ગયા.)
भग. ५३४;

**१-मित्त** *(मित्र)* વાણિજયગ્રામનો રાજા, તેની પત્નીનું નામ 'सिरी' હતું.
विवा. ११,१६;

**२-मित्त** *(मित्र)* નંદિપુરનો રાજા, તેને 'सिरिअ' નામનો રસોઈયો હતો.
विवा. ३२;

**२-मित्त** *(मित्र)* મણિપદાનગરી નો રાજા, જેણે संभूतिविजय સાધુને શુદ્ધ આહારદાન દ્વારા મનુષ્યાયુ બાંધેલ,મરીને 'धनवइ' થયો.
विवा.४२;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मित्तनंदी** *(मित्रनन्दी)* સાકેતનગરનો રાજા, 'सिरिकंता' પત્ની હતી, वरदत्त પુત્ર હતો.
विवा. ४६;

**मित्तपभ** *(मित्रप्रभ)* ચંપાનગરીનો રાજા, તેની પત્ની धारिणी હતી. धम्मघोस તેનો મંત્રી હતો.
आव.नि.१२९७; आव.चू.२-पृ.१९७;

**मित्तवती** *(मित्रावती)* ચંપાનગરી सुदंसण શ્રેષ્ઠીની પત્ની.
आव.चू.२-पृ.२७१

**मित्तसिरी** *(मित्रश्री)* આમલકલ્પાની એક શ્રાવિકા, તેણે નિહ્નવ 'तिसगुत्त' ના મતને ખોટો સાબીત કરી સત્યની પ્રતિની કરાવી
ठा.(मू.६८८-वृ) निसी.भा.५५९८;
आव.भा.१२६ आव.चू.२-पृ.४२०;
उत्त.(नि.१६७-)वृ.

**मियउत्त** *(मृगापुत्रा)* જુઓ 'मियापुत्त'
विवा.३;

**१-मिया** *(मृगा)* મિયાગામના રાજા 'विजय-६' ની પત્ની (રાણી) તેના પુત્રનું નામ 'मियापुत्त'' હતુ. કથા જુઓ 'मियापुत्त'
विवा. ४,६,९;

**२-मिया** *(मृगा)* સુગ્રીવનગરના રાજા 'बलभद्द' ની પત્ની તેને 'बलसिरी' નામે પુત્ર હતો, જે 'मियापुत्त' નામે પ્રસિદ્ધ હતો.
उत्त.६१४,६१५; उत्त.नि.४०८+वृ.

**मियादेवी** *(मृगादेवी)* જુઓ मिया-१
विवा. ६,९;

**१-मियापुत्त** *(मृगापुत्रा)* મિયાગામ ના રાજા 'विजय-६' અને રાણી मिया નો એક જન્માંધ અને અતિ ખેદજનક શારીરીક સ્થિતિમાં રહેલ પુત્ર જેને હાથ પગ આદિ કશું ન હતા. માત્ર આકારરૂપ બાળક હતો. તે પૂર્વભવમાં **एक्काइ** નામે રાષ્ટ્રકૂટ હતો.
आया.चू.पृ.२३; सूय.(मू.३८४-)वृ.
ठा.(मू.९६८-)वृ. विवा. ४,६,१०;
निसी.(भा.३७३९-) चू.

**२-मियापुत्त** *(मृगापुत्रा)* સુગ્રીવનગરના રાજા 'बलभद्द' અને રાણી 'मिया' નો પુત્ર જેનું, નામ 'बलसिरि' હતું, 'मियापुत्त' નામે પ્રસિદ્ધ હતો. સાધુ દર્શનથી જાતિ સ્મરણ જ્ઞાન થયું. પૂર્વજનમાં લીધેલ દીક્ષાનું સ્મરણ થયું. દીક્ષાની સંમતિ માટે માતા-પિતા સાથે ઘણોજ લાંબે સંવાદ થયો. છેલ્લે દીક્ષા લીધી. અનશન કરી મોક્ષે ગયા.
उत्त.६१५-७११; उत्त.नि.४०८+वृ.

**१-मियावई** *(मृगावती)* જુઓ 'मिगावती' વંદન ક્ષમાપન દ્વારા કર્મક્ષય કરી કેવળી થયા.
भग.५३४; विवा.२७;
भत्त.५०; आव.नि.५२०-५२२;
आव. चू.१-पृ. ८८,३१७,३२०, २-पृ. १६४;

**२-मियावई** *(मृगावती)* પોતનપુરના રાજા 'पयावई' ની પુત્રી અને પત્ની, ત્રિપૃષ્ઠ વાસુદેવ ની માતા.
सम. ३२४; आव.नि. ४४८;
आव.चू.१-पृ. २३२;

**मियावती** *(मृगावती)* જુઓ मियावई-१
विवा.२७; आव.चू.१-पृ.२३२;

**मुंडिअंबय** *(मुण्डिकाम्रक)* જુઓ 'मुंडिंबग'
आव.नि. १३१७;

**मुंडिंबग** *(मुण्डिकाम्रक)* સિંબવર્દ્ધન નગરના રાજા, તે મુનિ पूसभूति ના ઉપદેશથી શ્રાવક બન્યો
वव.भा.२६५३; आव.नि. १३१७+वृ.
आव.चू. २-पृ. २१०;

**मुंडिवअ** *(मुण्डिबक)* જુઓ 'मुंडिबग'
वव.(भा.२६५३-)वृ. आव.चू.२-पृ.२१०;

**मुग्गरपाणी** *(मुद्गरपाणि)* જુઓ मोग्गरपाणि
अंत.२७; उत्त.नि.११०+वृ.
उत्त.चू.पृ.७०;

**१-मुनिचंद** *(मुनिचन्द्र)* રાજગૃહીમાં ઘોર પરીષહ સહન કરનાર.
मरण.४८८;

**२-मुनिचंद** *(मुनिचन्द्र)* સાકેતનગરના રાજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चंडवडेंसअ અને રાણી धारिणी નો પુત્ર તેને ઉજ્જેનીમાં રાજ વહીવટ ચલાવવા નિમેલ
आव.चू.१-पृ.४९२,४९३;

**३-मुनिचंद** *(मुनिचन्द्र)* ભ૰પાર્શ્વના શાસનના એક આચાર્ય, કુમારક સંનિવેશમાં હતા. ત્યારે એક કુંભારે તેને મરણાંત કષ્ટ આપ્યુ, તે મોક્ષે ગયા.
आव.नि.४७७, आव.चू.१.पृ.२८५,२८६,२९१

**४-मुनिचंद** *(मुनिचन्द्र)* એક આચાર્ય, તેમણે सागरचंद પાસે દીક્ષા લીધી. વિચરણમાં એક વખત માર્ગ ભૂલ્યા. જંગલમાં ભૂખ-તરસથી પીડાતા હતા. ત્યારે ગોવાળોએ ભક્તિ કરી.
उत्त.नि.३३३+वृ. उत्त.चू.पृ.२१३;

**मुनिसुव्वय** *(मुनिसुव्रत)* ભરતક્ષેત્ર માં થયેલ વીસમાં તીર્થંકર, રાજાગૃહીના રાજા सुमित्त અને રાણી पउमावई ના પુત્ર, તેના દેહનો વર્ણ કૃષ્ણ હતો, તેમને ૧૮ ગણ અને ૧૮ ગણધર થયા. ૩૦૦૦૦ વર્ષનું આયુ ભોગવી મોક્ષે ગયા. વગેરે....વગેરે....
ठा.४४८; सम.५०,१२८,२६३-३११;
भग.६७६,७२७; वव.भा. ४४१४+वृ.
जीय.भा.५२८,२४९८; आव.६,४३;
आव.नि.२२५,२५९,२६९,२७८,२९९,३०५;
३२५,३२९,३७१,३७७,३७९,३८३,१०९५,
आव.चू.२-पृ.२७७, उत्त.चू.पृ.५३;
नंदी. १९;

**२-मुनिसुव्वय** *(मुनिसुव्रत)* આવતી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થનાર અગીયારમાં તીર્થંકર જે देवई નો જીવ છે.
सम. ३५६,३६२;

**३-मुनिसुव्वय** *(मुनिसुव्रत)* ધાતકીખંડ ના એક તીર્થંકર ભગવંત, જયારે અહીં ભ૰ અરિષ્ટનેમિ હતા.
ठा.(मू.१००२-)वृ. नाया.१७७

**मुनिसेन** *(मुनिसेन)* ચક્રવર્તી वइरजंघ અને તેની પત્ની (રાણી) सिरिमती જેમને જંગલમાં મળેલા તે, એક સાધુ ભગવંત
आव.चू.१-पृ.५६७; नंदी. (मू.१०९-)वृ.

**मुरुंड** *(मुरुण्ड)* કુસુમપુરનો રાજા, તેની વિધવા બહેનને દીક્ષા લેવા પ્રેરણા કરી. એક વખત તેને મસ્તકશૂળ થયું. આચાર્ય पालित દ્વારા તેનું નિવારણ થયું. તેને खुड्डगगणि સાથે સમયના સાપેક્ષ મૂલ્ય વિષયક ચર્ચા થયેલી.
निसी.भा.४२१५,४४६०;
बुह.भा. ४१२३-४१२६,५६२५;
बुह.भा. ४१२३वृ. वव.भा.१४९६+वृ.
आव.चू.२-पृ.२९१ आव.(नि.९४४-) वृ.
पिंडनि. ५३६+वृ.

**मूय** *(मूक)* કોસાંબીનો એક પરિવ્રાજક
उत्त.चू.पृ.६३;

**मूलदत्त** *(मूलदत्त)* વાસુદેવ कण्ह ના પુત્ર संब કુમારની પત્ની, ભ૰અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, કેવળપામી, મોક્ષે ગયા.
अंत. १९,२२;

**मूलदेव** *(मूलदेव)* ધૂર્તાખ્યાતની કથાના ચાર પાત્રોમાંનું મુખ્ય પાત્ર, બેન્નાતટ નગરનો રાજા, રાજા થયા પૂર્વે, પણ તે બુદ્ધિ અને આવડતમાં ઘણો નિપુણ હતો. ઉજ્જેનીની देवदत्ता ગણિકા તેના ગાઢ પ્રેમમાં હતી, તેની સાથે પછીથી લગ્ન પણ થયેલા
निसी.भा.२९४,६५१७; निसी.(भा.२९४-)चू.
बुह.भा.९६०; वव.भा.४५४,३६०५+वृ.
आव.चू.१-पृ.,५४९ दस.चू.पृ.५६,१०५,१०९
उत्त.मू.१२२+वृ उत्त.चू.पृ.११८-१२१;
नंदी. मू.९८+वृ.

**मूलसिरि** *(मूलश्री)* વાસુદેવ કૃષ્ણના પુત્ર संब કુમારની પત્ની, ભ. અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, કેવળ પામી મોક્ષે ગયા.
अंत. १९,२२;

**मूला** *(मूला)* કોસાંબીનો સાર્થવાહ धनावह ની પત્ની, તેણીએ चंदना ને કારાગૃહમાં નાંખી તેના ઉપર ત્રાસ ગુજારેલો
आव.नि.५२१; आव.चू.१-पृ.३१७;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मेघमाला** *(मेघमाला)* ભ.વાસુપૂજ્યના શાસનના એક સાધ્વી, મન વડે જ કરેલ અલ્પ વિરાધના ને કારણે પહેલી નરકે ગયા.
महानि. १०५२-१०५७;

**मेतज्ज** *(मेतार्य)* જુઓ *'मेयज्ज-१'*
आव.चू.१.पृ.४९४,४९५;

**१-मेयज्ज** *(मेतार्य)* રાજગૃહીના એક સાધુ,જેને મસ્તકે ચામડું વીંટાવાથી બંને આંખો બહાર નીકળી ગઈ તેવો ભયંકર ઉપસર્ગ થયો તો પણ સંયમથી ચલિત ન થયા. ક્રૌંચ પક્ષીને બચાવ્યુ.
आव.चू.१-पृ.४९४,४९५;

**२-मेयज्ज** *(मेतार्य)* ભ०મહાવીરના દશમાં ગણધર, તે તુંગીય નગરીના **दत्त** અને તેની પત્ની **वरुणदेवा** ના પુત્ર હતા. તેને સ્વર્ગ-નર્ક વિશે શંકા હતી, ભ.મહાવીર દ્વારાતેની શંકાનું નિવારણ થતાં પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી
आव.नि. ५९५,६१६,६३५,६४६,६५१;
आव.चू.१-पृ.३२७; नंदी. २१;

**मेरअ** *(मेरक)* ભરતક્ષેત્રમાં થયેલ ત્રીજા પ્રતિ વાસુદેવ, તે **सयंभू** વાસુદેવ દ્વારા હણાયા
सम. ३४१;

**मेरा** *(मेरा)* ચક્રવર્તી **हरिसेण** ની માતા
सम. ३१५; आव.नि. ३९८;

**मेरुप्पभ** *(मेरुप्रभ)* મેઘકુમારનો જીવ જે પૂર્વભવમાં હાથી હતો. તે, તેને તે ભવમાં જાતિ સ્મરણ જ્ઞાન થયેલું. પ્રાણી અનુકંપાથી સસલા ને બચાવવા દ્વારા મનુષ્યાયુ બાંધ્યુ. કથા જુઓ 'मेह'
नाया.२७;

**१-मेह** *(मेध)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** નો પુત્ર. આઠ કન્યા સાથે લગ્ન થયેલા. ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. દીક્ષા છોડવાનો વિચાર આવ્યો. ભગવંતે તેને સ્થિર કર્યા, મૃત્યુ પામી અનુત્તર વિમાને ગયા. (मेहकुमार પણ જોવું)
नाया.२५-२८,३०-४१ विवा.(मू.३७-)वृ.
आव.चू.१-पृ.२५८,३५८

**२-मेह** *(मेध)* આમલકલ્પાનો ગાથાપતિ તેની પત્ની **'मेहसिरि'** અને પુત્રી **'मेहा'** હતી.
नाया. २२४;

**३-मेह** *(मेध)* રાજગૃહીનો એક ગાથાપતિ ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. વિપુલ પર્વતે મોક્ષે ગયા.
अंत. २५,३८;

**४-मेह** *(मेध)* આ ચોવીસીના પાંચમાં તીર્થંકર ભ.'सुमइ' ના પિતા
सम.२६४; आव.नि.३२७;

**५-मेह** *(मेध)* **'कालहत्थि'** કે જેણે ભ० મહાવીર અને **गोसाला** ને બાંધેલા તેનો ભાઈ
आव.चू.१-पृ.२९०;

**मेहकुमार** *(मेधकुमार)* જુઓ 'मेह-१'
नाया.२५-३६; आव.चू.१-पृ.२५८;

**१-मेहरह** *(मेघरथ)* આ ચોવીસીના સોળમાં તીર્થંકર ભ.**संति** નો પૂર્વભવ
सम.२७४;

**२-मेहरह** *(मेघरथ)* મધ્યમિકા નગરીનો રાજા, જેણે **सुधम्म** અણગાર ને શુદ્ધ આહારદાન કરી મનુષ્યાયુ બાંધેલ પછી **जिनदास** નામે સૌગંધિકા નગરીમાં જન્મ્યો.
विवा.४१;

**३-मेहरह** *(मेघरथ)* વિદ્યાધર શ્રેણીનો એક વિદ્યાધર રાજા, તેની પુત્રી **पउमसिरि** હતી.
आव.पू. १-पृ.५२१;

**मेहसिरी** *(मेघश्री)* આમલકલ્પા ના ગાથાપતિ ની પત્ની, તેની પુત્રીનું નામ **मेहा** હતું.
नाया. २२४;

**मेहा** *(मेघा)* આમલકલ્પાના 'मेह' ગાથાપતિની પુત્રી. ભ. પાર્શ્વપાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ તે ચમરેન્દ્રની અગ્રમહિષી બની.
नाया. २२०,२२४;

**मेहिल** *(मैथिल)* ભ.પાર્શ્વની શાખાના એક સ્થવિર- જેણે તુંગિકાનગરીના શ્રાવકની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકાનું સમાધાન કરેલ.
भग. १३३;

**मोग्गरपाणि** *(मुद्गरपाणि)* એક યક્ષ. કુળ પરંપરાથી अज्जुनमालागार તેની પૂજા કરતો હતો. રાજગૃહના પુષ્પારામમાં તેનું મંદિર હતુ. તેણે अज्जुन ના શરીરમાં પ્રવેશ કરેલો
अंत. २७; उत्त.चू.पृ.७०;

**मोग्गल** *(मुदगल)* બુદ્ધનો એક અનુયાયી
आया.चू.पृ.८२; आया.(मू.९३-)वृ.

**१-मोरिअ** *(मौर्य)* ભ૦મહાવીરના સાતમાં ગણધર मोरियपुत्त ના પિતા. તે कासव ગોત્રના હતા. विजयदेवा તેની પત્ની હતી.

**२-मोरिअ** *(मौर्य)* જુઓ 'मोरियपुत्त-२'
आव.नि.६२३;

**१-मोरियपुत्त** *(मौर्यपुत्र)* તામલિ તાપસનું બીજું નામ જુઓ 'तामलि'
भग. १६०;

**२-मोरियपुत्त** *(मौर्यपुत्र)* ભ.મહાવીરના સાતમાં ગણધર, તેને ૩૫૦ શિષ્યો હતા. તે मौर्य સંનિવેશ રહીશ હતા.
सम.१४३,४७४; आव.नि.५९३,६२३, ६४५,६४८; नंदी. २१;

**रइ** *(रति)* છઠ્ઠા તીર્થંકર ભ૦पउमप्पभ ના પ્રથમ શિષ્યા
सम. ३०६;

**रइप्पिया** *(रतिप्रिया)* નાગપુરના ગાથાપતિની પુત્રી, ભ૦પાર્શ્વ પાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની અગ્રમહિષી બની.
नाया. २३१;

**रंडापुत्त** *(रण्डापुत्र)* સંખેડ નામના ખેડકમાં રહેતો કુબેર સમાન એક પુરુષ, જેની સાથે खंडोड्डा પત્ની રૂપે રહી તે પુરુષે પછી દીક્ષા લીધી. કથા જુઓ 'खंडोड्डा'

**रंभा** *(रम्भा)* શ્રાવસ્તીના એક ગૃહપતિની પુત્રી, દીક્ષા લીધી, મૃત્યુબાદ બલીન્દ્રની અગ્રમહિષી બની.
नाया. २२५;

**रक्खतिया** *(रक्षिता)* રાજગૃહીના સાર્થવાહ धन ના પુત્ર धनगोव ની પત્ની
नाया. ७५

**रक्खिअज्ज** *(रक्षितार्य)* જુઓ 'रक्खिवय'
उत्त.(नि.१७५-)वृ.

**रक्खित** *(रक्षित)* જુઓ 'रक्खिय'
आया.चू.पृ.२; सूय.चू.पृ.५;
आव.चू.१-पृ. ३९७

**रक्खिय** *(रक्षित)* દશપુર નગરના બ્રાહ્મણ सोमदेव અને रुद्दसोमा નો પુત્ર. આચાર્ય फग्गुरक्खिय તેના નાના ભાઈ હતા. તેણે આચાર્ય तोसलिपुत्त પાસે દીક્ષા લીધી, આચાર્ય 'वइर' પાસે તે સાડા નવ પૂર્વો ભણ્યા. ચાર અનુયોગ અલગ કરવાનુ હોય શ્રેય પણ તેમનું જ છે. તેઓને ચાર શિષ્યો થયા.
आया.चू.पृ.२ सूय.चू.पृ.५;
ठा.(मू.३८२,६८८-)वृ. मरण.४९०;
निसी.भा.४५३६,५६०७;
वव.भा.२३६१,३६००-३६०५+वृ.
आव.नि.७७५-७७७; आव.भा.१४२;
आव.चू.१-पृ.३९७,४०१,४०६,४०९,४११;
उत्त.नि.९७+वृ. उत्त.चू.पृ.६१,८४;

**रक्खियखमण** *(रक्षितश्रमण)* જુઓ 'रक्खिय'
आव.नि.७७७;

**१-रक्खिया** *(रक्षिता)* અઢારમાં તીર્થંકર ભ૦ अर ના પ્રથમ શિષ્યા
सम. ३१०

**२-रक्खिया** *(रक्षिता)* રાજગૃહીના 'धन-२' સાર્થવાહ ના ત્રીજા પુત્ર 'धनगोव' ની પત્ની,
नाया. ७५;

**रज्जवद्धन** *(राज्यवर्धन)* ઉજ્જેનીના રાજા पालअ નો પુત્ર, 'अवंतिवद्धन' તેનો મોટોભાઈ હતો.
आव.नि.१२८२; आव.चू.२-पृ.१८९;
आव.(नि.१२८७-) वृ.

**रज्जा** *(रज्जा)* અગીતાર્થપણાથી ભવભ્રમણ વધારનાર એક સાધ્વી, તે भद्द આચાર્યની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્રામાં હતા, તેને કુષ્ઠ રોગ થયોત્યારે તેણે પ્રરૂપણા કરી કે અચિત્ત પાણીથી જ આ રોગ થાય, ઘણાં સાધ્વીજીને શંકિત કર્યા, પ્રત્યક્ષ કેવલિએ પણ તેને પ્રાયશ્ચિત્ત ન આપ્યું.
महानि. ११३९-११४३;

**रट्ठकूड** *(राष्ट्रकूट)* बिमेल ગામમાં જન્મેલ એક બ્રાહ્મણપુત્રીના જેની સાથે લગ્ન થયેલા તે. કથા જુઓ 'सोमा'
पुप्फि.८;

**रट्ठवद्धन** *(राष्ट्रवर्धन)* જુઓ 'रज्जवध्धन'
आव.नि.१२८२; आव.चू.२-पृ.१८९;

**१-रत्तवई** *(रक्तवती)* મહાપુરના રાજા बल ના પુત્ર 'महब्बल' ની પત્ની.
विवा.४३;

**२-रत्तवई** *(रक्तवती)* ચંપાનગરીના રાજા 'दत्त' ની પત્ની (રાણી) महचंद કુમાર તેનો પુત્ર હતો.
विवा.४३;

**रत्तसुभद्दा** *(रक्तसुभद्र)* 'अज्जुन' ની પત્ની જેનું બીજું નામ 'सुभद्रा' છે. તેને કારણે એક યુદ્ધ લડાયેલું.
पण्हा.२०+वृ

**रयणवई** *(रत्नवती)* ચક્રવર્તી बंभदत्त ની પત્ની અને जक्खहरिल ની પુત્રી.
उत्त.नि.३४०+वृ.

**रयणसिरी** *(रत्नश्री)* આમલકલ્પાના ગાથા-यतिरयणी ની પત્ની
नाया. २२२;

**१-रयणी** *(रजनी)* આમલકલ્પાનો એક ગાથા-પતિ रयणसिरी તેની પત્ની હતી. रयणी પુત્રી હતી.
नाया. २२२;

**२-रयणी** *(रजनी)* આમલકલ્પાના ગાથાપતિ 'रयणी' ની પુત્રી. ભ. પાર્શ્વપાસે દીક્ષા લીધી. મરીને ચમરેન્દ્રની પટ્ટરાણી બની.
नाया. २२०,२२२;

**रविगुत्त** *(रविगुप्त)* ક્ષમાશ્રમણ जसवध्धण ના વિદ્વાન્ શિષ્ય, જેને महानिसीह સૂત્રના જિર્ણોદ્ધારને બહુમાન્ય કરેલો.
महानि. ५९१;

**रसदेवी** *(रसदेवी)* સૌધર્મકલ્પની એક દેવી.ભ. મહાવીર સન્મુખ નાટય વિધિ દેખાડી, વંદના કરી, પૂર્વભવમાં તે કોઈ ગાથાપતિની પુત્રી હતી. ભ. પાર્શ્વપાસે દીક્ષા લીધેલી.
पुप्फ-२;

**रहनेमि** *(रथनेमि)* રાજા समुद्दविजय અને રાણી सिवा ના પુત્ર તથા ભ૦ અરિષ્ટનેમિના ભાઈ, તેણે દિક્ષા લીધી. એક વખત સાધ્વી राईमई ને વર્ષાથી ભિંજાયેલા અને વસ્ત્ર નીચોવતા જોઈને તેના સૌંદર્યમાં મુગ્ધ બન્યા. પણ राईमई ના પ્રતિબોધથી સ્થિર થઈ તેજ ભવે મોક્ષે ગયા.
दस.चू.पृ.८७,८८ उत्त. ८३०-८४५;
उत्त.नि.४४४+वृ.

**१-राइ** *(राजि)* આમલકલ્પાનો ગાથાપતિ, 'रायसिरी' તેની પત્ની હતી, राइ પુત્રી હતી.
नाया. २२१;

**२-राइ** *(राजि)* આમલકલ્પાના ગાથાપતિ 'राइ' ની પુત્રી, ભ૦ પાર્શ્વપાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ ચમરેન્દ્રની પટ્ટારાણી બની
नाया. २२०,२२१;

**राइमई** *(राजीमती)* રાજા 'उग्गसेन' ની પુત્રી તેના લગ્ન અરિષ્ઠનેમિ સાથે નક્કી થયેલ પણ અરિષ્ટનેમિએ દીક્ષા લીધી. એટલે તેણીએ પણ દીક્ષા લીધી. સૌંદર્યમુગ્ધ બનેલા रहनेमि ને તેણીએ પ્રતિબોધ કરેલા, તેણી એ જ ભવે મોક્ષે ગયેલા, તેણીનું राईमई અને रायमई નામ પણ આવે છે.
उत्त.८२४,८२५;

**राईमई** *(राजीमती)* જુઓ 'राइमई'
उत्त. ८०२-४८५;

**१-राम** *(राम)* ભરતક્ષેત્રના નવમાં બળદેવ, તે વાસુદેવ कण्ह ના ભાઈ હતા. તે बलदेव નામે પ્રસિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ठा.८७१; सम.२५,३२१-३४५;
अंत.२०; पण्हा.१९;
मरण.४९८; आव.नि.४०३,४१४;
उत्त.७९८,८२३;

**२-राम** *(राम)* વાણારસીનો એક ગાથાપતિ, તેની પત્નીનું નામ **धम्मा** હતું. **कण्हा** અને **कण्हराई** નામે બે પુત્રીઓ હતી.
नाया.२४०;

**३-राम** *(राम)* રાજગૃહી નગરનો એક ગાથા - પતિ, તેની પત્નીનું નામ **धम्मा** હતું. **रामा** અને **रामक्खिया** તેની પુત્રીઓ હતી.
नाया. २४०;

**४-राम** *(राम)* શ્રાવસ્તીનો એક ગાથાપતિ તેની પત્ની **धम्मा** હતી, **वसू** અને **वसुगुत्ता** બે પુત્રી હતી.
नाया. २४०;

**५-राम** *(राम)* કોસાંબીનો એક ગાથાપતિ તેની પત્ની **धम्मा** અને પુત્રી **वसुमित्ता**, **वसुंधरा** હતી.
नाया. २४०;

**६-राम** *(राम)* જમદગ્નિનો પુત્ર 'परसुराम' નામે પ્રસિદ્ધ હતો. મરીને સાતમી નરકે ગયો.
आया.चू.पृ.४९; जीवा. १०५;
आव.चू.१-पृ.५२०;

**रामउत्त** *(रामगुप्त)* જુઓ 'रामगुप्त'
सूय.मू.२२६;

**रामकण्ह** *(रामकृष्ण)* રાજા **सेणिअ** અને રાણી **रामकण्हा** નો પુત્ર, રાજા **चेडग** સાથે યુદ્ધમાં હણાઈને નરકે ગયો.
निर.४,२१;

**रामकण्हा** *(रामकृष्णा)* રાજા **सेणिअ** ના એક પત્ની ભ. મહાવીર પાસે દીક્ષા લીધી વિવિધ તપ કર્યા, અનશન કરી,મોક્ષે ગયા.
अंत.४७,५७;

**रामगुत्त** *(रामगुप्त)* એક અન્યતીર્થિ સાધુ જે પહેલા રાજા હતો, તેનું લઘુ-દૃષ્ટાંત
सू.२२६+वृ.

**रामपुत्त** *(रामपुत्रा)* સાકેત નગરીની **भद्दा** સાર્થવાહિની નો પુત્ર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.
अनुत्त. ८,१३;

**रामरक्खिया** *(रामरक्षिता)* રાજગૃહીના **राम** ગાથાપતિની પુત્રી, ભ.પાર્શ્વપાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ઈશાનેન્દ્રની દેવી બની.
नाया. २६९,२४०;

**रामा** *(रामा)* રાજગૃહીના ગાથાપતિ 'राम' ની પુત્રી ભ.પાર્શ્વપાસે દીક્ષા લીધી. મૃત્યુબાદ ઈશાનેન્દ્રની અગ્રમહિષી બની.
नाया.२३९,२४०

**रामा** *(रामा)* કાગંદીનગરીના રાજા **सुग्गीव** ની પત્ની (રાણી) નવમાં તીર્થંકર ભ. **सुविहि** ની માતા
ठा.(मू.४४९-)वृ. सम.२६९;
आव.नि.३८५

**रायमई** *(राजमति)* જુઓ 'राईमई'
उत्त.नि.४४७+वृ.

**रायललिअ** *(राजललित)* વાસુદેવ **कण्ह** ના મોટાભાઈ બલદેવ 'राम' નો પૂર્વભવનો જીવ તે હસ્તિનાપુરના એક વેપારી નો પુત્ર હતો અને 'गंगदत्त' નો ભાઈ હતો.
सम.३३२; आव.चू.१-पृ.४७४;

**रायवल्लभ** *(राजवल्लभ)* એક પુરોહીત પુત્ર, તેને એક વેશ્યા પ્રત્યે અતિ આકર્ષણ હતું.
उत्त.मू.१२०+वृ. उत्त.चू.पृ.११४;

**रायसिरी** *(राजश्री)* આમલકલ્પાના ગાથાપતિ 'राइ' ની પત્ની,પુત્રી 'राइ' ની માતા
नाया. २२१;

**रायाराम** *(राजाराम)* એક ક્ષત્રિય પરિવ્રાજક
उव. ४५;

**रायाराय** *(राजाराज)* એક ક્ષત્રિય પરિવ્રાજક
उव.४५;

**रायि** *(राजि)* જુઓ 'राइ'
भग. ४८८,४८९;

**रावण** *(रावण)* ભરતક્ષેત્રમાં થયેલ આઠમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિવાસુદેવ, તેને વાસુદેવ नारायणे હણેલ
सम. ३४१; आव.भा.४२,४३;

**राहाखमण** *(राघश्रमण)* આચાર્ય राहायरिय ના શિષ્ય
उत्त.नि.९८+वृ. उत्त.चू.पृ.६२;

**राहयरिय** *(राधाचार्य)* એક આચાર્ય, જેણે અચલપુરના રાજકુમાર अपराइय ને દીક્ષા આપેલ. राहक्खमण પણ તેના શિષ્ય હતા.
उत्त.नि.९८+वृ. उत्त.चू.पृ.६२;

**रिट्ठ** *(रिष्ट)* કુલાલનગરના રાજા, वेसमणदास નો મંત્રી તેણે सीहसेन નામના સાધુને બાળી નાંખેલ
संथा.८०-८३;

**रिवुपडिसत्तु** *(रिपुप्रतिशत्रु)* રાજાपयावई નું મૂળનામ જે तिविट्ठ વાસુદેવ ના પિતા હતા.
आव.चू.१.पृ.२३२; आव.(नि.४४४-)वृ.

**रुद्द** *(रुद्र)* વર્તમાન અવસર્પિણીના ત્રીજા બળદેવ અને ત્રીજા વાસુદેવના પિતા
सम.३२२; आव.नि.४११;

**रुद्दअ** *(रुद्रक)* कोसिअ ના એક શિષ્ય, તે ઘણાં ક્રોધી હતા. તેણે जोगजसा નામની સ્ત્રીને મારી નાંખેલ, પછીથી તે पत्तेयबु થયા.
आव.नि.१२९३+वृ. आव.चू.२-पृ.१९३;

**रुद्दसोमा** *(रुद्रसोमा)* દશપુરના સોમદેવની પત્ની આચાર્ય रक्खिय તથા फग्गुरक्खिय ની માતા
आव.नि.७७६; आव.चू.१-पृ.३९७,४०१;
उत्त.नि.९७+वृ.

**रुप्पनाभा** *(रुप्यनाभा)* પ્રભંકરા નગરના પુરોહીતનો બીજો જન્મ, તેનું બીજું નામ सुबाहु હતું.
आव.चू.१-पृ.१७९,१८०;

**१-रुप्पि** *(रुक्मिन्)* કુણાલ દેશનો રાજવી. ભ. મલ્લિ પાસે દીક્ષા લીધી. કેવળી થઈ મોક્ષે ગયા કથા જુઓ 'मल्लि'
ठा. ६६४, नाया. ८१,८९;

**२-रुप्पि** *(रुक्मिन्)* સત્તરમાં તીર્થંકર ભ. કુંથુનો પૂર્વભવનો જીવ
सम. २७४;

**३-रुप्पि** *(रुक्मिन्)* કૌડિન્ય નગરીનો રાજા भेसग નો પુત્ર, दोवई ના સ્વયંવરમાં તેને નિમંત્રણ મળેલ
नाया. १७०; पण्हा. (मू.२०-) वृ.

**रुप्पिणी** *(रुक्मिणी)* કૃષ્ણ વાસુદેવની બત્રીશ હજાર રાણીઓમાં મુખ્ય રાણી, તે કોંડિન્યના રાજા भेसग ની પુત્રી અને रुप्पि ની બહેન હતી. તેને पज्जुन्न નામે પુત્ર હતો. તેણી દીક્ષા લઈ મોક્ષે ગયા.
ठा.७३८; नाया. ६३
अंत.३,१७,२१; पण्हा. (मू.२०-) वृ.
आव.चू.१-पृ.५६३; दस.चू.पृ.१०६
दस.(नि.१९३-)वृ.

**रूयंसा** *(रूपांशा)* ચંપાનગરીના એક ગાથાપતિની પુત્રી, દીક્ષા લીધી મૃત્યુબાદ ભૂતાનદેન્દ્રની અગ્રમહિષી થયા.
नाया. २२७;

**रूयकंता** *(रूपकान्ता)* બધું रूयंसा મુજબ
नाया. २२७;

**रूयग** *(रूचक)* ચંપાનગરીનો એક ગાથાપતિ, તેની પત્ની रूयगसिरि અને પુત્રી रूया હતી.
नाया. २२७

**रूयगसिरी** *(रुचकश्री)* ચંપાનગરીના એક ગાથાપતિ रूयग ની પત્ની, रूया ની માતા
नाया. २२७;

**रूयगावई** *(रुचकावती)* એક ગાથાપતિ-પત્ની
नाया. २२७;

**रूयप्पभा** *(रूपप्रभा)* એક ગાથાપતિની પત્ની
नाया. २२७;

**रूयवई** *(रूपवती)* નાગપુરના એક ગાથાપતિની પુત્રી દીક્ષા લીધી, મૃત્યુબાદ કાળ પિશાચેન્દ્ર ની અગ્ર મહિષી બની.
नाया. २२९;

**रूया** *(रूचा)* ચંપાના ગાથાપતિ रूयग ની પુત્રી, દીક્ષા લીધી. મૃત્યુબાદ ભૂતાનદેન્દ્ર ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્રમહિષી બની
नाया. २२७;

**रूविणी** *(रूपिणी)* ચંપાનગરીના શ્રાવક पालिय ના પુત્ર समुद्दपाल ની પત્ની. કથા
उत्त. ७७९;

**रेणा** *(रेणा)* थूलभद्द ની સાત બહેનોમાંની એક જેણે આચાર્ય संभूहविजय પાસે દીક્ષા લીધી
आव.चू.२.पृ.१८२; आव.(नि.१२९४-)वृ.

**रेणुगा** *(रेणुका)* મૃગકોષ્ઠગ ના રાજા जियसत्तु ની પુત્રી, जमदग्गि ની પત્ની, परसुराम ની માતા
आया.चू.पृ.४९ आया. (मू.६३-) वृ.
आव.चू.१.पृ.५२०; आव.(नि.९१८-)वृ.

**रेवइनक्खत्त** *(रेवतीनक्षत्र)* આચાર્ય नागहत्थि ના શિષ્ય, सीह અણગારના ગુરુ ભ०
नंदी. ३,३४;

**१-रेवई** *(रेवती)* જુઓ 'रेवती-१'
ठा.(मू.८७०-वृ) भग. ६६५;

**२-रेवई** *(रेवती)* જુઓ 'रेवती-२'
ठा.(मू.९७०-)वृ. उवा.४८,६३;

**३-रेवई** *(रेवती)* વાસુદેવ કૃષ્ણના મોટાભાઈ બળદેવની પત્ની, તેનો પુત્ર 'निसढ' હતો.
पण्हा.(मू.२०-)वृ. वण्हि. ३;

**१-रेवती** *(रेवती)* ભ०મહાવીરના મુખ્ય શ્રાવિકા ભ०મહાવીરને તેજો લેશ્યાથી લોહી ખંડવા થયો ત્યારે બીજોરા પાક વહોરાવેલ ભાવી ચોવીસીમાં સત્તરમાં તીર્થંકર થશે
ठा. ८७०; भग.६६५;

**२-रेवती** *(रेवती)* રાજગૃહીના महाशतक શ્રાવક ની પત્ની તેણી બાર શૌક્યની હત્યા કરેલી. માંસ-દારુમાં ઉન્મત્ત રહેતી મરીને નરકે ગઈ. કથા જુઓ 'महासतअ'
उवा.४८-५५;

**रोद्दसोमा** *(रुद्रसोमा)* જુઓ 'रुद्दसोमा'
आव.चू.१-पृ.३९७;

**१-रोह** *(रोह)* ભ०મહાવીર ના એક શિષ્ય, જેને ભગવંત સાથે લોક-અલોક આદિ સંબંધે પ્રશ્નોત્તર થયેલા
भग. ७२-७५;

**२-रोह** *(रोह)* ગોશાળાના મતે તેનો ચોથો શરીરાંતર પ્રવેશ જેનામાં થયો તે
भग.६४८;

**रोहग** *(रोहक)* भरह નો પુત્ર, તે ઘણો બુદ્ધિ શાળી હતો. રાજાએ તેનાથી પ્રભાવીત થઈને તેને મુખ્યતંત્રી બનાવેલ
नंदी.(मू.९७-)वृ.

**१-रोहगुत्त** *(रोहगुप्त)* આચાર્ય सिरिगुत्त ના પુત્ર તે महागिरि ના શિષ્ય પણ કહેવાય છે. તે છઠ્ઠો નિહ્નવ થયો. તેણે છ સૂત્રો કાઢેલા તેથી ષડ્લુક પણ કહેવાયો, તેણે જીવ-અજીવ નોજીવ નામે ત્રૈરાશીક મતકાઢેલો.
ठा.(मू.६८-)वृ. निसी. भा.५६०२;
बुह(भा.७५६-)वृ. आव.भा.१३६;
आव.चू.१-पृ.४२४-४२६ उत्त.नि.१७२+वृ

**२-रोहगुत्त** *(रोहगुप्त)* પાડલિપુત્ર ના રાજા जियसत्तु નો મંત્રી
आव.चू.पृ. १३२;

**रोहा** *(रोहा)* એક પરિવ્રાજિકા
बुह.भा.६१६९;

**रोहिणिय** *(रौहिणिक)* રાજગૃહીમાં રહેતો એક ચોર, ભ.મહાવીર પાસે દીક્ષા લીધી.
वव.(भा.१२७१-१२७२) वृ.

**रोहिणिया** *(रोहिणिका)* રાજગૃહીના 'धन-२' સાર્થવાહ ના ચોથા પુત્ર 'धनरक्खिय' ની પત્ની, તેને ચોખાના પાંચ દાણામાંથી સેંકડો ઘડા ભરાય તેટલા ચોખા ઉપજાવી પોતાની જાતને શ્રેષ્ઠ બુદ્ધિશાળી સાબિત કરી, તે વ્યવહારમાં रोहिणी નામે પ્રસિદ્ધ છે.
नाया. ७५;

**१-रोहिणी** *(रोहिणी)* 'नायाधम्मकहा' નું સાતમું અધ્યયન છે, रोहिणिया કે જે વ્યવહારમાં रोहिणी નામથી પ્રસિદ્ધ છે. તેને નામે આ અધ્યયન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नाया. ७५;

**२-रोहिणी** *(रोहिणी)* નાગપુરના ગાથાપતિની પુત્રી, ભ. પાર્શ્વપાસે દીક્ષા લીધી, મૃત્યુબાદ એક વ્યંતરેન્દ્રની અગ્રમહિષી બની
नाया. २३१;

**३-रोहिणी** *(रोहिणी)* કંપિલપુરના 'पउम' ગાથાપતિની પુત્રી ભ.પાર્શ્વ પાસે દીક્ષા લીધી મૃત્યુબાદ શક્રેન્દ્રની અગ્રમહિષી બની.
नाया. २३७;

**४-रोहिणी** *(रोहिणी)* રાજા **वासुदेव** ની પત્ની અને **बलदेव** ની માતા
सम. ३२६; पण्हा. २०+वृ.
उत्त. ७९८;

**५-रोहिणी** *(रोहिणी)* આગામી ચોવીસીમાં પંદરમાં તીર્થંકર **निप्पुलाअ** નો જીવ
सम. ३५७,३६२;

**६-रोहिणी** *(रोहिणी)* રોહીડગ નગરની એક વૃદ્ધ વૈશ્યા
आव.नि.१३१८+वृ. आव.चू.२-पृ.२११;

**लक्खण** *(लक्ष्मण)* વાસુદેવ **नारायण** નું બીજુ નામ
पण्हा.(मू.२०-)वृ. महानि.७९५;

**लक्खणज्जा** *(लक्ष्मणार्या)* અગીતાર્થપણાના દોષથી ભયકંર ભવભ્રમણ કરનારા એક સાધ્વી. આ ચોવીસી પૂર્વેની એંસીમી ચોવીસી માં છેલ્લા તીર્થંકર ના શાસનમાં થયેલા ચકલા ચકલીનું મૈથુન જોઈ તેને વિષય સુખની ઇચ્છા થઈ. પશ્ચાતાપ થતા પ્રાયશ્ચિત માટે તૈયાર થયા. શલ્ય યુક્ત પ્રાયશ્ચિતને કારણે આકરા તપ કરવા છતાં તેની શુદ્ધિ ન થઈ.તે અતિ કિલષ્ટ ભવોમાં ભ્રમણ કરશે
महानि. ११४५-१२४३;

**१-लक्खणा** *(लक्षणा)* વાસુદેવ **कण्ह** ના આઠમાંના એક પટ્ટરાણી, કથા જુઓ 'पउमावई' મજુબ
ठा. ७३८; अंत. १९,२१;

**२-लक्खणा** *(लक्षणा)* ચંદપુરના રાજા **महसेन** ની પત્ની ભ.**चंदप्पभ** ની માતા.
सम. ३६९; आव.नि. ३८३;

**३-लक्खणा** *(लक्षणा)* જુઓ 'लक्खणज्जा' રાજા **जंबूदाडिम** અને રાણી **सिरिया** ની પુત્રી
महानि.११४५-१२४३;

**लच्छइ** *(लक्ष्मी)* 'दढाउ' ની માતા
जीवा. १०५

**लच्छिमई** *(लक्ष्मीमती)* ભરતક્ષેત્રમાં થયેલા છઠ્ઠા વાસુદેવ **पुरिसपुंडरीअ** ની માતા
सम.३२६; आव.नि.४०८;

**लच्छी** *(लक्ष्मी)* સૌધર્મકલ્પની એક દેવી, ભ. મહાવીર સમક્ષ નાટ્યવિધિ દેખાડી વંદના કરી તે પૂર્વજન્મમાં એક ગાથાપતિની પુત્રી હતી.તેણીએ ભ૦પાર્શ્વના શાસનમાં દીક્ષા લીધેલી.
पुप्फ.२;

**१-लट्ठदंत** *(लष्टदन्त)* રાજા **सेणिअ** અને રાણી **धारिणी** ના પુત્ર, દીક્ષા લઈ. મૃત્યુબાદ અનુત્તર વિમાને ગયા કથા 'जालि-२' મુજબ
अनुत्त.१,२;

**२-लट्ठदंत** *(लष्टदन्त)* કથા ઉપર મુજબ
अनुत्त-४;
लट्ठदंत १ અને २ મા તફાવત એ છે કે लट्ठदंत-१ નો ચારિત્ર પર્યાય બાર વર્ષનો છે અને તે અપરાજિય વિમાને ઉત્પન્ન થયેલ જ્યારે **लट्ठदंत-२** નો ચારિત્ર પર્યાય સોળ વર્ષનો છે. તે વૈજયંત વિમાને ઉત્પન્ન થયેલ

**लट्ठबाहु** *(लष्टबाहु)* દશમાં તીર્થંકર ભ.**सियल** નો પૂર્વભવનો જીવ
सम.२७३;

**ललितंगय** *(ललिताङ्गक)* જુઓ 'ललियंग'
आव.चू.१-पृ.१६५;

**ललियंग** *(ललिताङ्ग)* ભ.'उसभ' નો પૂર્વ-ભવ નો જીવ, ઈશાનકલ્પે તે એક દેવ હતા તેની પટ્ટારાણી 'सयंपभा' હતી. તેઓ આચાર્ય **जुगंधर** ને વંદનાર્થે ગયેલ
आव.चू.१-पृ.१६५,१७४,१७७;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ललियमित्त** *(ललितमित्रा)* ભરતક્ષેત્રમાં થયેલ સાતમાં વાસુદેવ 'दत्त' નો પૂર્વભવ, આચાર્ય आसागर તેમના ધર્માચાર્ય હતા.
सम.३३०;

**लुद्धनंद** *(लुब्धनन्द)* પાડલિપુત્રમાં રહેતો વણિક તે 'नंद' નામે પણ ઓળખાતો હતો.
आव.चू.१-पृ.५२८;

**लेइयापिता** *(लेपितापितृ)* ભ.મહાવીરના દશ ઉપાસક માંના દશમાં ઉપાસક, શ્રાવસ્તીનો એક ધનાઢ્ય અને બારવ્રતધારી શ્રાવક, તેની પત્નીનું નામ फग्गुणी હતું તેણે શ્રાવકની અગિયાર પ્રતિમાનું વહન કરેલ, સમાધિ પામી સૌધર્મકલ્પે ગયા, (તેનું નામ વૃત્ત્યાદિ માં सालिहीपिया નોંધાયેલ છે.)
उवा. ३,५८;

**लेव** *(लेप)* નાલંદા નો એક ગૃહસ્થ,ભ० મહાવીરનો શ્રમણોપાસક
सूय.७९४,७९५; सूय.चू.पृ.४५०,४५१;

**लोयणा** *(लोचना)* ઉજ્જેની ના રાજા 'देविलासुत्त' ની પત્ની (રાણી) તેણે ગર્ભવતી સ્થિતિમાં દીક્ષા લીધી તે अनुत्तरलोयणा પણ કહેવાય છે.
आव.चू.२-पृ.२०२;

**लोह** *(लोह)* જુઓ 'लोहज्ज'
वव.(भा.२६६७-) वृ.

**लोहजंघ** *(लोहजङ्घ)* ઉજ્જેનીના રાજા पज्जोअ 'નો સંદેશ વાહક, તે એક દિવસમાં ૨૫ યોજન જઈ શકતો હતો.
आव.चू.२.पृ.१६०;

**लोहज्ज** *(लोहार्य)* ભ.મહાવીરના એક શિષ્ય
वव.भा.२६६७+वृ.

**लोहनंद** *(लोभनन्द)* લોભથી દુઃખી થનાર
भत्त. १५३;

**लोहिच्च** *(लौहित्य)* આચાર્ય भूयदिन्न ના શિષ્ય
नंदी.४२+वृ. नंदी.चू.पृ.११;

**वइदेही** *(वैदेहिन)* વિદેહના રાજા, તેનુ બીજું નામ 'नमि' હતુ.
उत्त.२८९,६०५;

**१-वइर** *(वज्र)* તુંબવન સંનિવેશના સાર્થવાહ धनगिरि અને सुनंदा નો પુત્ર, આર્ય 'समिय' તેના મામા હતા. પૂર્વભવમાં તે वेसमण દેવ હતા ત્યારે ગૌતમસ્વામીએ તેને દીક્ષા ની મહત્તા સમજાવેલી, જન્મતાંજ દીક્ષા લેવા તૈયાર થયા, આઠમે વર્ષે આચાર્ય સિંહગિરિના શિષ્ય થયા. ૫૦૦ શિષ્યો સાથે રથાવર્ત્ત પર્વતે અનશન કરી સ્વર્ગે ગયા, તેઓ પદાનુસારી લબ્ધિ અને દ્વાદશાંગીના ધારક હતા. મહાનિસીહ માં પંચમંગલ શ્રુતસ્કંધના ઉદ્ધારક હતા.
आया.(मू.१,५०९ तथा नि.३३५-) वृ.
आया.चू.पृ.२४७ मरण. ४६९-४७४;
निसी.भा.३२; निसी.(भा.४४७१-)वृ.
महानि.५९०; आव.नि. ७४४,७६४-७६६, ७७५,११८८; आव.चू.१-पृ.३८१,४०१; ४०५,४०६,४११,५४३ ओह.नि. ७१५;
दस.चू.पृ.९७ उत्त.नि.९७+वृ.

**२-वइर** *(वज्र)* ભ.ઋષભદેની પૂર્વે ત્રેવીશ ચોવીસી પૂર્વેની ચોવીસીના છેલ્લા તીર્થંકરના શાસનમાં થેયલ એક ગચ્છાધિપતિ આચાર્ય જેને ૫૦૦ શિષ્યો હતા. સુવિશુદ્ધ આચારના પાલક અને શિષ્યોને સારણાદિ કરવામાં કુશળ હતા. તેને એક સિંહે માર્ગમાં મારી નાંખતા તે અંતકૃત્ કેવલી થયા.
महानि. ८१५-८१८;

